સાપ્તાહિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1689/57
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 40 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ - ૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ REGD.No. MCS/121/2024-26
રવિવાર, ૪ ઑક્ટોબર ૨૦૨૬, (૧૮ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
ઉત્સવ પૂર્તિ ૭ થી ૧૩
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ગોલ્ડન પંચ

**મેન્સ હૉકી - ક્રિકેટ સહિત શનિવારે પાંચ સુવર્ણચંદ્રકઃ બે દિવસમાં ૧૧ ગૉલ્ડ મેડલ સાથે ભારતનો ચોથા સ્થાને હનુમાન કૂદકો**

the ultimate
OLD GOLD
UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,572/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565

ચેમ્પિયન હૉકી ટીમ



ચેમ્પિયન ક્રિકેટ ટીમ



નાગોયાઃ જાપાનની એશિયન ગેમ્સમાં ગઈ કાલનો ૧૫મો દિવસ ભારત માટે સૌથી શુકનિયાળ બન્યો, કારણકે એમાં ભારતીય સ્પર્ધકોએ પાંચ ગોલ્ડ મેડલ જીતી લેવા ઉપરાંત અનેક રીતે દેશ માટે નવો ઇતિહાસ સરજ્યો હતો તો કેટલાકે ગોલ્ડ મેડલ સતત બીજી વખત જીતી લીધો હતો. સૌથી મહત્ત્વનું એ છે કે થોડા જ દિવસ પહેલાં ૧૪મા નંબર પર રહેનાર ભારત બે દિવસમાં ૧૧ સુવર્ણચંદ્રક જીતીને ગઈ કાલે ચોથા સ્થાન પર આવી ગયું હતું.

ગઈ કાલે સવારે ભારતીય ક્રિકેટ ટીમે ટી-૨૦ ટૂર્નામેન્ટનો ગોલ્ડ મેડલ (જુઓ પાનું ૨) ▸▸

## ‘તેજસમાં વિલંબથી વાયુસેનાને નુકસાન’

નવી દિલ્હીઃ તેજસ લડાકુ વિમાનોને વાયુસેનાના કાફલામાં સમાવેશ કરવામાં થઇ રહેલા ભારે વિલંબથી ભારતીય વાયુસેના(આઇએએફ)ને નુકસાન થઇ રહ્યું હોવાનું વાયુસેનાના વડા એર ચીફ માર્શલ એ.પી. સિંહે શનિવારે જણાવ્યું હતું.તેમણે કહ્યું કે આ વિલંબ એવા સંજોગોમાં થઇ રહ્યો છે જ્યારે સુરક્ષા પડકારોનો સામનો કરવા માટે હવાઇ શક્તિ ઝડપથી મહત્ત્વપૂર્ણ બની રહી છે અને ફાઇટર જેટ સ્ક્વોડ્રનની સંખ્યા ઘટી રહી છે.

એર ફોર્સ ડે પહેલા એક પત્રકાર પરિષદને સંબોધતા આઇએએફના (જુઓ પાનું ૨) ▸▸

## ‘પાકિસ્તાનના ફિફ્થ-જનરેશન જેટ્સ ભારત માટે ચિંતાજનક’

### આવું કહી ઍરફૉર્સના વડાએ જણાવ્યું કે દેશને દર વર્ષે ૩૦-૪૦ નવા ફાઇટર જેટની જરૂર

નવી દિલ્હીઃ ભારતીય હવાઇ દળના વડા અમર પ્રીત સિંહે શનિવારે જણાવ્યું હતું કે પાકિસ્તાન દ્વારા ચીનના સહકારમાં તૈયાર કરાઇ રહેલા ફિફ્થ-જનરેશન ફાઇટર જેટ્સ ભારત માટે ચિંતાનો વિષય છે.

તેમણે અહીં વાર્ષિક પત્રકાર પરિષદને સંબોધતા જણાવ્યું હતું કે ભારતીય હવાઇ દળ દુશ્મનોનું કોઇ પણ જોખમ થોડા સમય માટે ટાળી શકે છે અને તેનો સામનો કરવા સક્ષમ છે, પરંતુ ભારતે જલદી પોતાના હવાઇ દળના કાફલામાં ફિફ્થ-જનરેશન ફાઇટર જેટ્સનો સમાવેશ કરવો (જુઓ પાનું ૨) ▸▸

## એફઆઈઆર નોંધાવ્યાના ત્રણ વર્ષમાં ન્યાય મળશેઃ અમિત શાહનું એલાન



ભોપાળઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે શનિવારે જણાવ્યું હતું કે ભારતનું ન્યાયતંત્ર અગાઉ (કેસના) ‘વિલંબ’ માટે કુખ્યાત હતું, પરંતુ હવે નવા ફોજદારી કાયદાના અમલ સાથે પ્રથમદર્શી અહેવાલ (એફઆઇઆર) નોંધાવ્યાથી લઇને સર્વોચ્ચ અદાલતમાં જવા સુધીની સમગ્ર પ્રક્રિયા ત્રણ વર્ષમાં પૂરી કરીને ન્યાય મળી જશે.

તેમણે ભોપાળના બીએચઇએલ (ભેલ) વિસ્તારમાં દશેરા મેદાન ખાતે નવા ફોજદારી કાયદાને લગતા પ્રદર્શનનું ઉદ્‌ઘાટન કર્યા બાદ પશુપાલકોના સંમેલનને સંબોધ્યું હતું. ગૃહ અને (જુઓ પાનું ૨) ▸▸

## ઓમાનના ‘ત્રાસવાદી’ પાઇલટ પર અગાઉ પણ પ્રતિબંધ મુકાયો હતો



હમામ અલ-હમ્મામી

### ▸ તેણે ‘ઇસ્લામિક કટ્ટરવાદ’ની તાલીમ લીધી હતી ▸ તેનું ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ ફ્લાઇટના દિવસે ડિલિટ કરાયું હતું

ન્યૂ યૉર્કઃ દુબઈથી બુધવારે ઇઝરાયલના તેલ અવીવ જતી ફ્લાયદુબઇની ફ્લાઇટમાં ભારતીય કેપ્ટન પાઇલટ સ્મિત મચ્છર પર હુમલો કરનારા પાઇલટની ઓળખ ઓમાનના નાગરિક હમામ અલ-હમ્મામી તરીકે કરાઇ હતી. આ પાઇલટ ‘ઇસ્લામિક કટ્ટરપંથી’ વિચારધારા ધરાવતો હોવાથી ઓમાનના સત્તાવાળાઓએ તેના પર અગાઉ પણ વિમાન ઉડાડવા પ્રતિબંધ મૂક્યો હતો.

અહીં મહત્ત્વની વાત એ પણ છે કે ઓમાનના આ પાઇલટનું ઇન્સ્ટાગ્રામ અકાઉન્ટ ફ્લાઇટ ઊપડવાના દિવસ સુધી સક્રિય હતું, પરંતુ બાદમાં ડિલિટ કરાયું હતું. ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુએ શુક્રવારે જણાવ્યું હતું કે ઓમાનના હુમલાખોર પાઇલટે ‘ઇસ્લામિક કટ્ટરવાદ’ની તાલીમ લીધી હતી. દુબઈથી ૧૭૩ મુસાફરને લઇ જતી ફ્લાઇટ (જુઓ પાનું ૨) ▸▸

પરદેશ પાર્સલ સેવા
Special Festival Rates
CHIPS LOGISTICS PVT. LTD
INTERNATIONAL COURIER & CARGO
M.98989 05632
M.76000 65632
Free Pickup & Free Packing | Andheri (E), Mumbai

## નાયરા એનર્જીએ પેટ્રોલના ભાવમાં પાંચ અને ડીઝલમાં ત્રણ વધાર્યા

નવી દિલ્હીઃ ભારતના સૌથી મોટા ખાનગી ઇંધણ રિટેલર, નાયરા એનર્જીએ તાત્કાલિક અસરથી પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર પાંચ રૂપિયા અને ડીઝલના ભાવમાં ત્રણ રૂપિયાનો વધારો કર્યો છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, દેશભરમાં ૭,૧૦૮ પેટ્રોલ પંપનું સંચાલન કરતી નાયરાએ શનિવારની વહેલી સવારથી પેટ્રોલ અને ડીઝલના ભાવમાં વધારો કર્યો હતો.

આ અગાઉ ૨૬ માર્ચના રોજ, તેણે પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર પાંચ રૂપિયા અને ડીઝલના ભાવમાં ત્રણ રૂપિયાનો વધારો કર્યો હતો, જેનાથી તેના આઉટલેટ્સ પર ભાવ અનુક્રમે ૧૦૦.૭૧ રૂપિયા અને ૯૧.૩૧ રૂપિયા પ્રતિ લિટર થયા હતા.

પશ્ચિમ એશિયામાં તણાવ ઘટવાને કારણે આંતરરાષ્ટ્રીય ક્રૂડના ભાવમાં ઘટાડો થતાં, પહેલી જુલાઈના રોજ કંપનીએ પેટ્રોલના ભાવમાં પ્રતિ લિટર (જુઓ પાનું ૨) ▸▸



KAAJAL ADS

## સાપ્તાહિક ભવિષ્ય - પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

### તા. ૪-૧૦-૨૦૨૬ થી તા. ૧૦-૧૦-૨૦૨૬

ગ્રહગોચરઃ સૂર્યનારાયણ આ સપ્તાહમાં કન્યા રાશિમાં ભ્રમણ કરે છે. મંગળ કર્ક રાશિમાં સમગતિએ ભ્રમણ કરે છે. બુધ તુલા રાશિમાં સમગતિએ માર્ગીભ્રમણ કરે છે. ગુરુ કર્ક રાશિમાં માર્ગીભ્રમણ કરે છે. શુક્ર તુલા રાશિમાં મંદ ગતિએ માર્ગીભ્રમણ કરે છે. વક્રી શનિ મીન રાશિમાં ભ્રમણ કરે છે. રાહુ કુંભ રાશિમાં ભ્રમણ કરે છે. ચંદ્ર પ્રારંભે મિથુનમાંથી કર્કમાં પ્રવેશે છે. તા. ૬ઠ્ઠીએ સિંહ રાશિમાં, તા. ૯મીએ કન્યા રાશિમાં પ્રવેશે છે.

મેષ (અ, લ, ઈ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સાવધાની રાખવી જરૂરી છે. નોકરી માટે આ સપ્તાહ પરિવર્તનશીલ છતાંય ઉત્સાહપ્રેરક જણાય છે. આ સપ્તાહમાં મકાન મિલકત, સ્થાવર મિલકતના નિર્ણય લઈ શકશો. નાણાંની આવક જળવાઈ રહેશે. પ્રવાસ દ્વારા નાણાં ઉઘરાણીના કામકાજ પૂર્ણ થાય. મહિલાઓને સંતાનની જવાબદારીના કામકાજમાં અનુકૂળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શાળા કૉલેજના અભ્યાસમાં નિયમિતતા દાખવવી જરૂરી જણાય છે.

વૃષભ (બ, વ, ઉ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ શક્ય જણાય છે. નોકરી માટે તા. ૫, ૭, ૮ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ જણાશે. ભાઈ–બહેનો સાથેના આર્થિક વ્યવહાર સંપન્ન થશે. મુસાફરી દ્વારા કારોબારના કામકાજ સરળતાથી પૂર્ણ કરી શકશો. આ સપ્તાહમાં નવા કામકાજનો પ્રારંભ કરવા માટે મહિલાઓને પતિનો સહયોગ પ્રાપ્ત થશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નવા અધ્યયન માટે જરૂરી સાધનો પ્રાપ્ત કરશે.

મિથુન (ક, છ, ઘ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના વેપારથી લાભ થશે તથા લાંબા સમયના નાણાંનું રોકાણ પણ શક્ય જણાય છે. આ સપ્તાહમાં પરિવારના કારોબારમાં પ્રગતિ જણાશે. સામાજિક રાજકીય પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. કારોબારના મિત્રોથી નાણાલાભ મેળવશો. વ્યવસાયની પ્રગતિ જળવાશે. મહિલાઓને આ સપ્તાહમાં નવા કામકાજ માટે પરિવારજનો ઉપયોગી થતાં જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં શિક્ષકનું અપેક્ષિત માર્ગદર્શન પ્રાપ્ત કરશે.

કર્ક (ડ, હ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવીન કાર્યપદ્ધતિ અપનાવી શકશો તથા નાણારોકાણ પણ સફળ બનતું જણાશે. ભાગીદાર સાથેનો મતભેદ દૂર થશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થતાં જણાશે. મકાન–મિલકત વાહનનો નિર્ણય લઈ શકશો. નાણાઆવકની વૃદ્ધિ થશે. મહિલાઓને આ સપ્તાહમાં પ્રાસંગિક જવાબદારીમાં સફળતા જણાશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે પ્રોત્સાહન, માર્ગદર્શન પ્રાપ્ત થતું જણાશે.

સિંહ (મ, ટ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવું નાણારોકાણ તથા દૈનિક સાપ્તાહિક વેપાર સફળતા દર્શાવે છે. તા. ૪, ૭, ૮ નોકરીની પ્રવૃત્તિઓમાં સફળતા દર્શાવે છે. ભાગીદાર સાથેનો મતભેદ પણ આ સપ્તાહમાં દૂર થશે. સામાજિક પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થશે. પ્રવાસ દ્વારા કારોબારના કામકાજ સંપન્ન થાય. ભાઈ–બહેનો સાથેના નાણાવ્યવહાર પણ સંપન્ન થતા જણાશે. મહિલાઓ પરિવારજનો સાથેના વિવાદોનો ઉકેલ લાવી શકશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવી શકશે.

કન્યા (પ, ઠ, ણ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજાર માટે આ સપ્તાહના ગોચરફળ શુભ ફળદાયી જણાય છે. પ્રવાસ દ્વારા તા. ૪, ૭, ૯ના રોજ નોકરીના કામકાજ સંપન્ન થતાં જણાશે. કાર્યક્ષેત્રે ઉત્સાહ જણાશે તથા નાણાઆવકની વૃદ્ધિ થાય. નવા કામકાજનો પ્રારંભ થઈ શકશે. જૂનાં લેણાંની રકમની વસૂલી પણ સંપન્ન થતી જણાશે. મહિલાઓને કુટુંબીજનોનો કાર્યક્ષેત્રે પ્રોત્સાહન પ્રાપ્ત થતું જણાશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં રમતગમત ક્ષેત્રે પણ પ્રતિષ્ઠા મેળવશે.

તુલા (ર, ત)ઃ ભાઈશ્રી! આ સપ્તામાં શૅરબજારમાં વાયદાના વેપારમાં સફળતા જણાય છે તથા નવું નાણારોકાણ પણ શક્ય થતું જણાય છે. નોકરી માટે તા. ૪, ૫, ૮, ૯ શુભ જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં વિવાદો દૂર થશે તથા હસ્તગત કાર્યો સફળતાથી પૂર્ણ કરી શકશો. નાણાઆવકના સાધનોની વૃદ્ધિ થશે. પ્રવાસ યશસ્વી પુરવાર થશે. આ સપ્તાહમાં મહિલાઓને સંતાનની જવાબદારીમાં રાહત જણાશે. સંતાનના શૈક્ષણિક પ્રશ્નોમાં પણ ઉકેલ આવશે. વિદ્યાર્થીઓ આ સપ્તાહમાં નિત્ય વાંચન અભ્યાસમાં નિયમિતતા દાખવશે.

વૃશ્ચિક (ન, ય)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં વાયદાના વેપારમાં સાવધાની દાખવવી જરૂરી છે, પરંતુ નવું નાણારોકાણ આ સપ્તાહમાં શક્ય જણાય છે. તા. ૫, ૭, ૮ નોકરીના કામકાજ માટે શુભ ફળદાયી જણાય છે. નોકરીમાં યશ મેળવશો. રાજકીય પ્રવૃત્તિઓમાં પણ સફળતા અનુભવશો. કારોબારની નાણાઆવક જળવાઈ રહેશે. મહિલાઓને આ સપ્તાહમાં સંતાનની જવાબદારીમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસ માટે અનુકૂળતાઓ પ્રાપ્ત થતી જણાશે.

ધનુ (ભ, ધ, ફ, ઢ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં સફળતા અને નાણાંલાભ માટે ગોચરફળ શુભ જણાય છે. ઉપરાંત નવું નાણારોકાણ પણ શક્ય જણાય છે. કુટુંબમાં તા. ૪, ૭, ૯ શુભ જણાય છે. કુટુંબીજનો સાથેના વ્યવહાર પણ સુખદ પુરવાર થશે. જાહેર જીવનની પ્રવૃત્તિઓમાં યશ મેળવશો. સફળતા અને ઉત્સાહનો અનુભવ થાય. મહિલાઓની નાણાઆવકમાં વૃદ્ધિ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં નવા અભ્યાસના પ્રારંભ માટે અનુકૂળતા જણાશે.

મકર (ખ.જ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં આ સપ્તાહમાં વાયદાના વેપારમાં તથા દૈનિક સાપ્તાહિક વેપાર ઉપરાંત નવું નાણારોકાણ પણ શક્ય જણાય છે. નોકરીમાં તા. ૪, ૫, ૯ શુભ જણાય છે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. ભાગીદાર તથા કારોબારના મિત્રો ઉપયોગી થશે. મુસાફરીઓ આ સપ્તાહમાં લાભદાયી પુરવાર થશે. મહિલાઓને હસ્તગત કામકાજમાં સફળતાનો અનુભવ થાય. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં શિક્ષકનું જરૂરી માર્ગદર્શન પ્રાપ્ત થશે.

કુંભ (ગ, શ, સ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારના કામકાજમાં આત્મવિશ્વાસ દૃઢ બનશે. વેપારથી લાભ મેળવશો. નવી કાર્યપદ્ધતિ અને અપેક્ષિત માર્ગદર્શનથી સફળતાનો અનુભવ થશે. નોકરી માટે તા. ૪, ૫, ૮ સફળતાસૂચક છે તથા નોકરીના સહકાર્યકરો પણ ઉપયોગી થશે. કારોબારની નાણાઆવકની વૃદ્ધિ થશે. કારોબારમાં વૈવિધ્યતા, પરિવર્તનો લાવી શકશો. મહિલાઓ પરિવારજનો માટે કિંમતી ચીજોની ખરીદી માટે સફળતા મેળવશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં જરૂરી સાધન સામગ્રી મેળવવા માટે અનુકૂળતા જણાશે.

મીન (દ, ચ, ઝ, થ)ઃ ભાઈશ્રી! આ સપ્તાહમાં શૅરબજારમાં નવા નાણારોકાણ અને દૈનિક સાપ્તાહિક વેપાર માટે અનુકૂળતા જણાશે. તા. ૭, ૮, ૯ નોકરી માટે શુભ ફળદાયી જણાય છે. નોકરીના સહકાર્યકરોમાં સંપ એકવાક્યતા જણાશે. નવા કારોબારનો પ્રારંભ શક્ય જણાય છે. નાણાંની આવક જળવાઈ રહેશે. મહિલાઓને પરિવારના પ્રસંગોમાં સફળતાનો અનુભવ થશે. વિદ્યાર્થીઓને આ સપ્તાહમાં અધ્યયન માટે જરૂરી સાધનો પ્રાપ્ત થતા જણાશે.

## આજનું પંચાંગ

### દક્ષિણાયન - સૌર શરદઋતુ, રવિવાર, તા. ૪-૧૦-૨૦૨૬, નવમું શ્રાદ્ધ, અવિધવા નવમી

ભારતીય દિનાંક ૧૨, માહે આશ્વિન, શકે ૧૯૪૮

વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ–૯

જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ–૯

પારસી શહેનશાહી રોજ ૨૧મો રામ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬

પારસી કદમી રોજ ૨૧મો રામ, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬

પારસી ફસલી રોજ ૧૮મો રશ્ને, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫

મુસ્લિમ રોજ ૨૨મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮

મીસરી રોજ ૨૩મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮

નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રે ક. ૨૪–૧૩ સુધી, પછી પુષ્ય

ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮–૩૧ સુધી, પછી કર્કમાં

ચંદ્ર રાશિ નામાક્ષર મિથુન (ક, છ, ઘ), કર્ક (ડ, હ)

સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૦, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૩, સ્ટા.ટા.,

સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૪, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૩, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

ભરતી : સાંજે ક. ૧૭–૨૩

ઓટઃ બપોરે ક. ૧૨–૨૩, મધ્યરાત્રિ પછી ક. ૦૦–૧૫ (તા. ૫)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, ‘પિંગલ’ નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, ‘પરાભવ’નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ – નવમી. નવમું શ્રાદ્ધ, અવિધવા નવમી (સૌભાગ્યવતીનું શ્રાદ્ધ). સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.

મુહૂર્ત વિશેષઃ સૂર્ય–ગુરુ દેવતાનું પૂજન, નિત્ય થતા ગાયત્રી જાપ–હવન, વાંસ વાવવા, નિત્ય થતાં દુકાન–વેપાર, સ્થાવર લેવડદેવડ, પશુ લે–વેંચ, ઉપવાટિકાના કામકાજ, વૃક્ષ વાવવા, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન.

શ્રાદ્ધ મહિમાઃ આજરોજ નવમી તિથિએ દિવંગતનું શ્રાદ્ધ કરવું. જે વિધવા નથી તે દિવંગત સૌભાગ્યવતીનું શ્રાદ્ધ આજરોજ કરવું. નવમી તિથિનું શ્રાદ્ધ સદ્ગુણી સ્ત્રીની પ્રાપ્તિ કરાવે છે. પ્રતિભા ઐશ્વર્યમાં વૃદ્ધિ કરાવે છે. જે વ્યક્તિ શ્રાદ્ધ નથી કરતી તેની નિત્ય પૂજા, સૂર્યાદિ ગ્રહો, અન્ય દેવતા માન્ય નથી કરતા. શ્રાદ્ધ ન કરનારને મોક્ષ પ્રાપ્તિ, સ્વર્ગ પ્રાપ્તિ થતી નથી. જેમ રાષ્ટ્ર પરત્વેની ફરજ છે તેમ શ્રાદ્ધએ નૈમિતિક ફરજ છે. સમાજ પરત્વેની ફરજ છે તેમ કુટુંબ પરત્વેની ફરજ શ્રાદ્ધ વિધાનથી દર્શાવાય છે એટલે કે દિવંગતના આત્માની શાંતિ માટે શ્રાદ્ધવિધિ કરવાથી મનુષ્ય દિવંગત પરત્વેની ફરજ અદા કરે છે.

આચમનઃ સૂર્ય–શનિ પ્રતિયુતિ મહત્ત્વકાંક્ષાઓમાં અવરોધો આવે.

ખગોળ જ્યોતિષઃ સૂર્ય–શનિ પ્રતિયુતિ. ચંદ્ર પુનર્વસુ યુતિ, કેતુ મઘામાં, પ્રથમ ચરણ પ્રવેશ.

ગ્રહગોચરઃ સૂર્ય– કન્યા, મંગળ–કર્ક, માર્ગી બુધ–તુલા, માર્ગી ગુરુ–કર્ક, વક્રી શુક્ર–તુલા, વક્રી શનિ–મીન, રાહુ–કુંભ, કેતુ–સિંહ, વક્રી હર્ષલ–વૃષભ, વક્રી નેપ્ચ્યુન–મીન, વક્રી પ્લુટો–મકર.

## સાપ્તાહિક દૈનંદિની

### તા. ૪-૧૦-૨૦૨૬ થી તા. ૧૦-૧૦-૨૦૨૬

રવિવાર, ભાદ્રપદ વદ–૯, વિ. સં. ૨૦૮૨, તા. ૪થી ઓક્ટોબર, ઈ. સ. ૨૦૨૬, નક્ષત્ર પુનર્વસુ મધ્યરાત્રે ક. ૨૪–૧૩ સુધી, પછી પુષ્ય. ચંદ્ર મિથુનમાં સાંજે ક. ૧૮–૩૧ સુધી, પછી કર્ક રાશિ પર જન્માક્ષર. નવમું શ્રાદ્ધ, અવિધવા નવમી (સૌભાગ્યવાતીનું શ્રાદ્ધ).

સોમવાર, ભાદ્રપદ વદ–૧૦, તા. ૫મી, નક્ષત્ર પુષ્ય રાત્રે ક. ૨૩–૦૮ સુધી, પછી આશ્લેષા. ચંદ્ર કર્ક રાશિ પર જન્માક્ષર. દશમું શ્રાદ્ધ, ભદ્રા બપોરે ક. ૧૪–૫૮ થી ૨૬–૦૭

મંગળવાર, ભાદ્રપદ વદ–૧૧, તા. ૬ઠ્ઠી, નક્ષત્ર આશ્લેષા રાત્રે ક. ૨૨–૧૭ સુધી, પછી મઘા. ચંદ્ર કર્કમાં રાત્રે ક. ૨૨–૧૭ સુધી પછી સિંહ રાશિ પર જન્માક્ષર. એકાદશી શ્રાદ્ધ, ઈન્દિરા એકાદશી (કલાકંદ).

બુધવાર, ભાદ્રપદ વદ–૧૨, તા. ૭મી, નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૧–૪૦ સુધી, પછી પૂર્વાફાલ્ગુની. ચંદ્ર સિંહ રાશિ પર જન્માક્ષર. દ્વાદશી શ્રાદ્ધ, મઘા શ્રાદ્ધ, સંન્યાસીઓના મહાલય.

ગુરુવાર, ભાદ્રપદ વદ–૧૩, તા. ૮મી, ૨૦૨૬, નક્ષત્ર પૂર્વાફાલ્ગુની રાત્રે ક. ૨૧–૧૯ સુધી, પછી ઉત્તરા ફાલ્ગુની. ચંદ્ર સિંહમાં મધ્યરાત્રિ પછી ક. ૨૭–૧૭ (તા. ૯) પછી કન્યા રાશિ પર જન્માક્ષર. પ્રદોષ, શિવરાત્રિ, કલિયુગાદિ, ભદ્રા પ્રારંભ સવારે ક. ૨૨–૧૫. તેરસનું શ્રાદ્ધ.

શુક્રવાર, ભાદ્રપદ વદ–૧૪, તા. ૯મી, નક્ષત્ર ઉત્તરા ફાલ્ગુની રાત્રે ક. ૨૧–૧૯ સુધી, પછી હસ્ત. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. ચતુર્દશી શ્રાદ્ધ, અકસ્માતે – શસ્ત્ર – અપમૃત્યુથી મરેલાનું શ્રાદ્ધ, ભદ્રા સમાપ્તિ સવારે ક. ૦૯–૫૨.

શનિવાર, ભાદ્રપદ વદ–૩૦, તા. ૧૦મી, નક્ષત્ર હસ્ત ૨૧–૪૨ સુધી, પછી ચિત્રા. ચંદ્ર કન્યા રાશિ પર જન્માક્ષર. દર્શ અમાવસ્યા,મહાલય, શ્રાદ્ધ સમાપ્ત, સર્વપિત્રી અમાવસ્યા, પૂનમ અમાવસ્યા, અન્વાધાન, ગજજછાયા પર્વ સૂર્યોદયથી સૂર્યાસ્ત, સૂર્ય ચિત્રામાં મધ્યરાત્રિ પછી ક. ૨૬–૨૧. સંયોગિયું નથી, વાહન ઘોડો.

# આઠ મહિનામાં ૨૫૪ હિંદુઓની હત્યા કરાઈઃ વીએચપી

નવી દિલ્હીઃ વિશ્વ હિંદુ પરિષદ (વીએચપી) એ શનિવારે ‘‘કટ્ટરપંથી તત્ત્વો’’ સામે કડક પગલાં લેવાની માગ કરી હતી અને દાવો કર્યો હતો કે આ વર્ષે ઓગસ્ટ સુધીમાં કથિત હુમલાઓમાં ૨૫૪ હિંદુઓની હત્યા કરવામાં આવી છે.

આરએસએસ સાથે સંકળાયેલા આ સંગઠને માગ કરી હતી કે ધાર્મિક દ્વેષથી પ્રેરાઈને હિંદુઓ પર કરવામાં આવતા હુમલાના કેસોને વિલંબ કર્યા વિના ફાસ્ટ-ટ્રેક કોર્ટમાં સોંપવામાં આવે અને દોષિત ઠરેલા લોકોને ઝડપથી કડક સજા આપવામાં આવે.

પ્રેસ કોન્ફરન્સને સંબોધતા વીએચપીના સંયુક્ત મહાસચિવ સુરેન્દ્ર જૈને એવી માગ પણ કરી હતી કે ધાર્મિક દ્વેષથી પ્રેરાઈને કરવામાં આવેલી હિંસા કે હત્યાના કેસોમાં સામેલ સગીરો સામે પુખ્ત વયની વ્યક્તિઓ સમાન કાર્યવાહી થવી જોઈએ.

તેમણે આક્ષેપ કર્યો હતો કે, ‘‘ભારત જેટલો સંઘર્ષ કટ્ટરપંથી માનસિકતા સામે અન્ય કોઈ દેશે કર્યો નથી. જોકે દેશના પીડાદાયક અને ધર્મ-આધારિત વિભાજન બાદ ભારત આ માનસિકતામાંથી મુક્ત થઈ જવું જોઈતું હતું, પરંતુ બિનસાંપ્રદાયિક રાજકારણના નામે અપનાવવામાં આવેલી તુષ્ટિકરણની નીતિએ ભારતની મુશ્કેલીઓમાં માત્ર વધારો જ કર્યો છે.’’

જૈને દાવો કર્યો હતો કે હિંદુ ધાર્મિક કાર્યક્રમો પર કટ્ટરપંથીઓના હુમલા, ‘‘લવ જેહાદ’’ના નામે બળજબરી કે છેતરપિંડી દ્વારા હિંદુ મહિલાઓનું અપહરણ અને હિંદુ વસાહતો પર હુમલા હવે ‘‘રોજિંદી’’ ઘટનાઓ બની રહી છે. ૧ જાન્યુઆરીથી ૩૧ ઓગસ્ટ દરમિયાન ૨૫૪ હિંદુઓ પર થયેલા કથિત હુમલા અને હત્યાઓની યાદી જાહેર કરતી વખતે તેમણે કહ્યું કે, ‘‘કોઈને કોઈ બહાને કટ્ટરપંથીઓ દ્વારા હિંદુઓની હત્યા કરવાનો સિલસિલો અટકતો જણાતો નથી.’’

તેમણે કહ્યું, ‘‘છેલ્લા એક દાયકામાં અનેક રાજ્યોમાં ‘રામ-ભક્ત’ સરકારો દ્વારા આ ઘાતક વલણને રોકવાના પ્રયાસો છતાં આટલી મોટી સંખ્યામાં હિંદુઓની હત્યા થઈ છે, તે બાબત તમામ દેશભક્ત અને રાષ્ટ્રવાદી ભારતીયો માટે ચિંતાનો વિષય હોવો જોઈએ.’’ જૈને લોકોને ‘‘પક્ષપાતી માનસિકતા અને સ્વાર્થ’’થી ઉપર ઊઠીને દેશને આ સંકટમાંથી બચાવવા પ્રયાસ કરવા અપીલ કરી હતી.હિંદુઓને સતર્ક રહેવાની હાકલ કરતા જૈને દાવો કર્યો હતો કે તેઓ ભારતમાં કટ્ટરપંથી તત્ત્વોના ‘‘મુખ્ય નિશાન’’ છે અને કહ્યું હતું કે લોકોએ સાવચેતી રાખવી જોઈએ અને સ્વ-બચાવ માટે તૈયાર રહેવું જોઈએ. તેમણે મદરસા નિયમન માટે કડક પગલાંની પણ માગ કરી હતી અને આરોપ લગાવ્યો હતો કે તે ‘‘ધાર્મિક કટ્ટરવાદ અને નફરત ફેલાવવાના કેન્દ્રો’’ તરીકે કામ કરે છે.(એજન્સી)

## લશ્કરે એલઓસી પાર કરનાર પાકિસ્તાની મહિલાને પકડી

**સુરેશ એસ. ડુગ્ગર**

જમ્મુઃ ભારતીય લશ્કરે પાકિસ્તાનના અંકુશ હેઠળની કાશ્મીરની મહિલા અંકુશરેખાની નજીક રાજૌરી જિલ્લાના નૌશહરા વિસ્તારમાં પકડી હતી. અધિકારીઓએ માહિતી આપી હતી કે લશ્કરની પેટ્રોલિંગ ટીમે નૌશહરાના લામ સેક્ટરમાં એલઓસી પાસે એક યુવતીની હલનચલન જોઈ હતી અને તેને અટકમાં લીધી હતી.

યુવતીની ઓળખાણ મોહમ્મદ અજીમની પુત્રી સામિયા અજીમ (૧૭) તરીકે થઈ હતી.

લશ્કરે તેની પ્રાથમિક પૂછપરછ પછી તેને પોલીસ અધિકારીઓને સોંપી દીધી હતી.

સૂત્રોના જણાવ્યા મુજબ નૌશહરાના લામ સેન્ટર આગળની વાડમાં લશ્કરની પેટ્રોલિંગ ટીમે અમુક શંકાસ્પદ હિલચાલ જોઈ હતી. નજીક જઈને જોયું તો એ કિશોરી હતી અને એની ઓળખાણ કાશ્મીરના ખુઈરેટાની રહેવાસી તરીકે થઈ હતી. કિશોરીએ અધિકારીઓને કહ્યું કે તે ભૂલથી ભારતીય સીમામાં આવી ગઈ. લશ્કરે તેને નૌશહરા પોલીસને સોંપી દીધી.

સુરક્ષા એજન્સીઓ તેના નિવેદનને અને સીમા પાર કરવાના સંજોગોની તપાસ કરી રહી છે. એજન્સી એ પણ તપાસી રહી છે કે આ કઈ કાવતરું તો નથી ને. અહેવાલો પ્રમાણે તેની પાસે કોઈ આપત્તિજનક વસ્તુ મળી નથી. થોડા મહિના પહેલાં આવો જ અનોખો બનાવ બન્યો હતો. આમાં પાકિસ્તાન કબજા હેઠળનો બાવીસ વર્ષનો યુવાન ભારતીય તાબા હેઠળના કાશ્મીરમાં એક મહિલાને મળવા આવ્યો હતો. તે તેની સાથે સોશ્યલ મીડિયાના માધ્યમથી વાતચીત કરતો હતો.

## ડ્રગ્સ તસ્કર નવપ્રીતસિંહને ભારત લવાયો

નવી દિલ્હીઃ કુખ્યાત ડ્રગ્સ તસ્કર નવપ્રીત સિંહને તૂર્કીથી ભારત લાવવામાં આવ્યો હોવાનું કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું. તેમણે આને મોદી સરકારની ઐતિહાસિક ઉપલબ્ધિ ગણાવી હતી.કોર્ટના સૂત્રોના જણાવ્યા મુજબ દિલ્હી પોલીસના સ્પેશ્યલ સેલ દ્વારા સિંહની ઇન્દિરા ગાંધી આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર પહોંચ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે તેને શનિવારે ૧૦ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી દીધો હતો.અમિત શાહે કહ્યું કે મોદી સરકાર ડિસેમ્બર ૨૦૨૯ પહેલા તમામ નાર્કો-કાર્ટેલને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે. શાહે સોશિયલ મીડિયા પર કહ્યું કે સિંહે નવાબ વિર્ક નામની નકલી ઓળખના આધારે તુર્કીયેની નાગરિકતા મેળવી લીધી હતી અને અફઘાનિસ્તાનથી ભારતમાં હેરોઇન અને મેથામ્ફેટામાઇનની દાણચોરી ચાલુ રાખી હતી.શાહે વધુમાં કહ્યું કે આપણી એજન્સીઓએ તેની વાસ્તવિક ઓળખની ભાળ મેળવવા માટે એક પછી એક બધા રહસ્યો ખોલ્યા હતા અને તેને ભારત પરત લાવવામાં સફળતા પ્રાપ્ત કરી હતી. (એજન્સી)

## ખંડણી સહિતના આરોપોઃ કૅનેડામાં પાંચ ભારતીયની ધરપકડ કરાઈ

ટોરન્ટોઃ કૅનેડામાં ખંડણી સહિતના આરોપસર ભારતીય મૂળના પાંચ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આ કેસમાં ગોળીબાર, આગચંપી, હથિયારોની હેરાફેરી અને ડ્રગ્સ સંબંધિત ગુનાઓનો સમાવેશ થાય છે. આ માહિતી પોલીસ અને મીડિયા અહેવાલોમાં સામે આવી છે.પોલીસના જણાવ્યા અનુસાર એક ઓટો ડીલરશિપની ૧૬ મહિના સુધી તપાસ ચાલ્યા બાદ આ ધરપકડ કરવામાં આવી છે. આ ડીલરશિપના સહ–માલિકોએ જૂન ૨૦૨૫માં ખંડણીની ફરિયાદ કરી હતી. ત્યારબાદ લેંગલી અને સરેમાં આવેલી ડીલરશિપ પર આગચંપી અને ગોળીબારની બે ઘટનાઓ ઘટી હતી. પોલીસે આ પાંચ આરોપીઓને વિદેશી નાગરિકો તરીકે વર્ણવ્યા છે.પોલીસે જણાવ્યું કે પાંચ પૈકીનો એક ૨૩ વર્ષીય સંકેત સિંગળા ભારતનો રહેવાસી છે. કૅનેડિયન અધિકારીઓએ રાષ્ટ્રીય સ્તરે સંકલિત કાર્યવાહી અંતર્ગત તેને કેનેડા બોલાવ્યો હતો. ૧લી ઓક્ટોબરના રોજ ટોરોન્ટો એરપોર્ટ ખાતે પહોંચતા જ તેની ધરપકડ કરવામાં આવી હતી. ઉપરાંત ધરપકડ કરાયેલા અન્ય આરોપીઓમાં સાહિલ(૨૪), સિમરનજીત સિંહ(૨૪) અને હર્ષ(૨૧)ના નામનો સમાવેશ થાય છે, આ બધા બ્રિટિશ કોલંબિયાના રહેવાસી છે. જ્યારે જગદીપ સિંહ(૨૪) ઓન્ટેરિયોનો રહેવાસી છે. હાલમાં પાંચેય આરોપીઓ કસ્ટડીમાં હોવાનું પોલીસે જણાવ્યું હતું. (એજન્સી)

## નેસ્લેના ‘લો-ફેટ ડેરી વ્હાઇટનર’ના નમૂના હલકી ગુણવત્તાના નીકળ્યા

નવી દિલ્હીઃ રાષ્ટ્રીય રાજધાનીના કનોટ પ્લેસમાં આવેલી હોટલ લલિતમાંથી એકત્રિત કરવામાં આવેલા નેસ્લે ઇન્ડિયાના ‘લો-ફેટ ડેરી વ્હાઇટનર’ના નમૂના અસુરક્ષિત અને હલકી ગુણવત્તાવાળા હોવાનું તપાસમાં સામે આવ્યું છે. આ માહિતી ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ ઓથોરિટી ઓફ ઇન્ડિયા (એફએસએસએઆઇ)એ આપી હતી. ફૂડ રેગ્યુલેટરએ સોશિયલ મીડિયા પર જણાવ્યું કે આ નમૂના નવી દિલ્હીના કનોટ પ્લેસ સ્થિત ભારત હોટેલ્સ લિમિટેડ(ધ લલિત)માંથી લેવામાં આવ્યા હતા. એફએસએસએઆઇ અનુસાર ફૂડ એનાલિસ્ટના લેબ રિપોર્ટમાં આ પ્રોડક્ટને હલકી ગુણવત્તાવાળી અને અસુરક્ષિત જાહેર કરવામાં આવી છે, જે ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ(એફએસએસ) એક્ટ, ૨૦૦૬ના નિયમોનું ઉલ્લંઘન દર્શાવે છે. રેગ્યુલેટરએ જણાવ્યું કે લેબ વિશ્લેષણ રિપોર્ટની એક નકલ ફૂડ બિઝનેસ ઓપરેટર(એફબીઓ)ને માહિતી અને જરૂરી કાર્યવાહી માટે આપવામાં આવી હતી. નિયમોનું ઉલ્લંઘન કરનાર આ પ્રોડક્ટ અંગે ભારત હોટેલ્સ લિમિટેડને એક નોટિસ પણ ફટકારવામાં આવી છે. (એજન્સી)

## અમેરિકાની જીત માત્ર તેના કલ્પના વિશ્વમાંઃ ઈરાનનો વળતો જવાબ

તહેરાનઃ ઇરાનની સુરક્ષા પરિષદના અધિકારી મોહસીન રેઝાઈએ શનિવારે અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પનો એ દાવો કે તહેરાન શરણાગતિ સ્વીકારવાની તૈયારીમાં છેનો વળતો જવાબ આપતા કહ્યું હતું કે અમેરિકા માત્ર પોતાની કલ્પનામાં જ જીતી શકશે

તહેરાન ઘૂંટણ ટેકવવા તૈયાર છે તેવા ટ્રમ્પના દાવાનો જવાબ આપતા, ઇરાનની સર્વોચ્ચ રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના સચિવ રેઝાઈએ પોતાના સત્તાવાર એક્સ હેન્ડલ પર એક પોસ્ટમાં કહ્યું કે, એક પછી એક નિષ્ફળતા બાદ, અમેરિકી ઈતિહાસના સૌથી ખરાબ પ્રમુખ માત્ર વાતો જ કર્યા કરે છે અને હવે તેમના શબ્દો તેમની પોતાની કલ્પનાઓને પણ વટાવી ગયા છે. તેમણે ટ્રમ્પને કહ્યું, તમે તમારી પોતાની કલ્પનામાં દરરોજ જીતી શકો છો. પરંતુ વાસ્તવિકતા ઈરાન દ્વારા ઘડાય છે - તેના લોકો, તેના સૈનિકો અને તેની મિસાઇલો દ્વારા.

પહેલા પાનાનું ચાલુ

### ગૉલ્ડન પંચ

જીતી લીધો હતો. ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં ભારતે ઋતુરાજ ગાયકવાડના નેતૃત્વમાં સુવર્ણચંદ્રક મેળવ્યો હતો અને ગઈ કાલે એ ગૌરવ શ્રેયસ ઐયરને મળ્યું હતું. તેની કૅપ્ટન્સીમાં ભારતે ફાઇનલમાં કટ્ટર હરીફ પાકિસ્તાનને રોમાંચક મુકાબલામાં ૧૯ રનથી હરાવીને ચૅમ્પિયનપદ મેળવ્યું હતું. ભારત સામે પાકિસ્તાને ૨૧૨ રનના તોતિંગ લક્ષ્યાંકના જવાબમાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા.

મેન્સ હૉકીમાં પણ ભારતે ગોલ્ડ મેડલ ડિફેન્ડ કર્યો હતો. ફાઇનલમાં હરમનપ્રીત સિંહના સુકાનમાં ભારતે મલયેશિયા સામે પહેલાં બરાબરીના પર્ફોર્મન્સ જોયા બાદ છેવટે મુકાબલો ૫-૧થી જીતી લીધો હતો.

ભારતે એશિયાના દેશો વચ્ચે રમાતી એશિયન ગેમ્સમાં મેન્સ અને વિમેન્સ, બન્નેમાં હૉકીનો ગોલ્ડ મેડલ જીતી લીધો હોય એવું પહેલી જ વખત બન્યું છે. શુક્રવારે સલિમા ટેટેના સુકાનમાં ભારતની મહિલા હૉકી ટીમે ચડિયાતા રૅન્કવાળા ચીનની ટીમને ફાઇનલમાં ૧-૦થી હરાવીને ૪૪ વર્ષે પહેલી વખત દેશને સુવર્ણચંદ્રક અપાવ્યો ત્યાર બાદ ગઈ કાલે સતત બીજી ટૂર્નામેન્ટમાં સુવર્ણચંદ્રક પર કબજો કર્યો હતો. ભારતની મેન્સ હૉકી ટીમ ૧૯૬૬, ૧૯૯૮, ૨૦૧૪ અને ૨૦૨૨ પછી પાંચમી વખત ગોલ્ડ મેડલ જીતી છે.

વધુ ખુશીની વાત એ છે કે ભારતની મહિલા અને પુરુષ, બન્ને ટીમે એશિયાડનો ગોલ્ડ જીતીને ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં સીધો પ્રવેશ મેળવ્યો છે. પુરુષોની હૉકીમાં સતત બે વખત ગોલ્ડ મેડલ જીતનાર પાકિસ્તાન પછી ભારત બીજો દેશ છે. હરમનપ્રીત સતત બે ગોલ્ડ જીતનાર ભારતનો પ્રથમ કૅપ્ટન છે.

એ પહેલાં, મહિલાઓની વ્યક્તિગત રિકર્વ ઇવેન્ટમાં મહારાષ્ટ્રની કુમકુમ મોહોડ ઐતિહાસિક ગોલ્ડ મેડલ જીતી હતી. ગૉલ્ફમાં પ્રણવી ઉર્સે ઐતિહાસિક સુવર્ણચંદ્રક જીત્યો હતો. આજે એશિયન ગેમ્સનો અંતિમ દિવસ છે અને ગઈ કાલ મોડી સાંજ સુધીમાં ભારત ૨૧ ગોલ્ડ મેડલ સહિત કુલ ૮૫ ચંદ્રક સાથે (ગયા વખતની જેમ) ચોથા નંબર પર હતું.

### ‘પાકિસ્તાનના

જોઇએ. આપણે વિવિધ જગ્યાએથી વિમાનો અને શસ્ત્રો ખરીદીને આપણા સૈન્યની ક્ષમતા સતત વધારીએ છીએ. આપણે સલામતી માટે ભવિષ્યનું વિચારવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે આપણે ઍડવાન્સ્ડ મિડિયમ કૉમ્બેટ ઍરક્રાફ્ટ્સનો હવાઇદળના કાફલામાં જલદી સમાવેશ કરવા પગલાં ભરવા જોઇએ. ભારતીય હવાઇદળને ૪૨ ફાઇટર સ્ક્વૉડ્રન રાખવાની પરવાનગી છે, પરંતુ હાલમાં તેની પાસે ફક્ત ૨૯ ફાઇટર સ્ક્વૉડ્રન જ છે.

ભારતીય હવાઇદળના વડા અમર પ્રીત સિંહે જણાવ્યું હતું કે ભારતીય હવાઇદળે યુદ્ધ વિમાનોની અછત દૂર કરવા માટે દર વર્ષે પોતાના કાફલામાં ૩૦થી ૪૦ ફાઇટર ઍરક્રાફ્ટ સમાવવાની જરૂર છે. જો કાફલામાં ફિફ્થ-જનરેશન ફાઇટર જેટ્સનો સમવેશ કરવામાં વિલંબ થાય એમ હોય તો આપણે અન્ય વિમાનો પ્રાપ્ત કરવા અંગે વિચારવું જોઇએ.

તેમણે જણાવ્યું હતું કે રશિયાએ ભારતને સુ-૫૭ જેટ્સ વેચવાની ઑફર કરી હતી, પરંતુ તે અંગે હજી કોઇ નિર્ણય નથી લેવાયો.

રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિને સુ-૫૭ જેટ્સનું ભારત સાથે સંયુક્ત રીતે ઉત્પાદન કરવાની ઑફર કરી હતી.

સંરક્ષણ સચિવ રાજેશકુમાર સિંહે ગયા અઠવાડિયે જણાવ્યું હતું કે ભારત સ્વદેશમાં જ બનેલા ફિફ્થ-જનરેશન ફાઇટર જેટ્સનો કાફલામાં સમાવેશ કરવાની યોજના ધરાવે છે. (એજન્સી)

### એફઆઈઆર

સહકારી મંત્રાલયનો અખત્યાર સંભાળતા અમિત શાહે જણાવ્યું હતું કે દેશમાં ભારતીય ન્યાયસંહિતાના સંપૂર્ણ અમલ બાદ દેશની ફોજદારી ન્યાય પદ્ધતિ વિશ્વમાં સૌથી વધુ અત્યાધુનિક પ્રણાલીમાંની એક ગણાશે.

તેમણે કેફી પદાર્થો વિરોધી અભિયાનનો ઉલ્લેખ કરતા જણાવ્યું હતું કે સરકાર મધ્ય પ્રદેશમાં ૨૦૨૯ની ૩૧ ડિસેમ્બર પછી કેફી પદાર્થોનું દૂષણ નાબૂદ કરવાનો ઇરાદો ધરાવે છે.

તેમણે જણાવ્યું હતું કે દેશમાં ભારતીય ન્યાયસંહિતા, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા અને ભારતીય સાક્ષ્ય અધિનિયમનો અમલ ૨૦૨૪ની પહેલી જુલાઇથી શરૂ થયો હતો. આ ત્રણ કાયદાને ફોરેન્સિક ઇન્વેસ્ટિગેશનમાં વિજ્ઞાન અને ટૅક્નોલૉજીની સાથે સાંકળીને મહિલાઓની સલામતી, ટોળા દ્વારા માર મારીને કરાતી હત્યાની ઘટના રોકવા, ગુમ થયેલા બાળકોને શોધવા અને ત્રાસવાદ સામે નાગરિકોની સુરક્ષાનું ખાસ ધ્યાન રાખવામાં આવ્યું છે.

અમિત શાહે જણાવ્યું હતું કે આ ત્રણે કાયદાનો મૂળભૂત સિદ્ધાંત દંડ કે સજા કરવાનો નહિ, પરંતુ ન્યાય કરવાનો છે. (એજન્સી)

### નાયરા એનર્જી

પાંચ રૂપિયા અને ડીઝલના ભાવમાં ત્રણ રૂપિયાનો ઘટાડો કર્યો હતો.

બે વર્ષથી વધુ સમયમાં કોઈ ઇંધણ રિટેલર દ્વારા કરવામાં આવેલો આ પ્રથમ ઘટાડો હતો અને તેનાથી નાયરાના ભાવ ફરીથી સરકારી માલિકીના રિટેલર્સના ભાવની સમકક્ષ આવી ગયા હતા.

રેટિંગ એજન્સી ઇક્રાએ ગયા મહિને અંદાજ લગાવ્યો હતો કે સપ્ટેમ્બરમાં ઓઇલ માર્કેટિંગ કંપનીઓને પેટ્રોલ પર પ્રતિ લિટર આશરે આઠ રૂપિયા અને ડીઝલ પર પ્રતિ લિટર નવ રૂપિયાનું નકારાત્મક માર્કેટિંગ માર્જિન ભોગવવું પડી રહ્યું છે. આ ભાવ વધારાથી નજીકના ભવિષ્યમાં ખાનગી અને સરકારી માલિકીના ઇંધણ આઉટલેટ્સ વચ્ચે ભાવ તફાવત વધી શકે છે.

### ઓમાનના

એફઝેડ૧૦૭૩માં પાઇલટ હમામ અલ-હમ્મામીએ સાથી પાઇલટ સ્મિત મચ્છર પર હુમલો કર્યો હતો, પરંતુ ઘાયલ સ્મિતે કૉકપિટનો દરવાજો ખોલીને તેને પકડાવી દીધો હતો.

પાઇલટ હમામ અલ-હમ્મામીના પિતા ઓમાનના નાગરિક છે જ્યારે માતા સિરિયાની છે.

સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)ના એટર્ની જનરલ હમદ સૈફ અલ શામ્સીએ જણાવ્યું હતું કે ઓમાનના પાઇલટનું ‘ત્રાસવાદી’ કૃત્ય જ હતું. તેણે સ્મિત મચ્છરને કુહાડી મારી હતી અને વિમાનનો જાતે જ અંકુશ લેવાનો પ્રયાસ કર્યો હતો.

હુમલાખોર પાઇલટને પકડીને વિમાનનું સઉદી અરેબિયામાં તાકીદે ઉતરાણ કરાવાયું હતું.

ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદી, અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ અને ઇઝરાયલના વડા પ્રધાન બેન્જામિન નેતન્યાહુ સહિતના વિશ્વભરના નેતાઓએ પાઇલટ સ્મિત મચ્છરની બહાદુરીને બિરદાવી હતી. (એજન્સી)

### તેજસમાં

વડાએ જણાવ્યું કે આગામી કેટલાક વર્ષો સુધી દર વર્ષે ઓછામાં ઓછા ૩૦-૪૦ ફાઇટર જેટનો સમાવેશ કરવાની જરૂર છે.

તેમણે દેશમાં નિર્મિત તેજસ માર્ક-૧એ એરક્રાફ્ટ અને મલ્ટી-રોલ ફાઇટર એરક્રાફ્ટ(એમઆરએફએ) પ્રોગ્રામ હેઠળ ખરીદવામાં આવી રહેલા રાફેલ કોમ્બેટ જેટના સમાવેશથી પરિસ્થિતિમાં સુધારો થવાની આશા વ્યક્ત કરી હતી.

એર ચીફ માર્શલ સિંહે કહ્યું કે જો બધું યોજના અનુસાર ચાલશે તો ભારત ચાલુ નાણાકીય વર્ષ સુધીમાં એમઆરએફએ ડીલને અંતિમ સ્વરૂપ આપવાની વિચારણા કરી રહ્યું છે.




Diamond Sponsor

adani | Anchor | GreatWhite Electricals | दीनदयाल पत्तन प्राधिकरण DEENDAYAL PORT AUTHORITY KANDLA | Welspun | Gujarat Tourism

Silver Sponsor

V-TRANS Driving Excellence | SPMGROUP SINCE 1967 | VPLY Veneer - Wood - Mica | Samyak Realties | BOSS

Supported by: ગુજરાત સરકાર Government of Gujarat

Chamber Partner

Radio Partner: BIG FM

Banking Partner: kotak Kotak Mahindra Bank

Outdoor Partner: BRIGHT OUTDOOR MEDIA PVT. LTD. | THE DZ GROUP

Hospitality Partner: Pragati caterers

### શિયાળામાં મુંબઈને પ્રદૂષણથી બચાવવા મુંબઈ મહાનગરપાલિકાએ કમર કસી

# વાયુ પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા 'એર પોલ્યુશન કંટ્રોલ એન્ડ ઈમ્પ્લિમેન્ટેશન એક્શન પ્લાન-૨૦૨૬'

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં વધતા પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા માટે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા 'એર પોલ્યુશન કંટ્રોલ એન્ડ ઈમ્પ્લિમેન્ટેશન એક્શન પ્લાન-૨૦૨૬' તૈયાર કરવામાં આવ્યો છે. પ્રશાસને વાતાવરણમાં પ્રદૂષણ નિર્માણ કરનારા મુખ્ય સ્રોતને ઓળખીને તેને નિયંત્રણમાં લાવવા માટે તેમ જ નિયમોનું ઉલ્લંઘન કરનારા સામે આકરાં પગલાં લેવાનો પણ નિર્દેશ આપ્યો છે, જે અંતર્ગત દરેક પ્રશાસકીય વોર્ડમાં ઓછામાં ઓછા ૧૦ વાયુ પ્રદૂષણ કરનારા હોટસ્પોટ્સને ઓળખી કાઢવાના રહેશે. સાર્વજનિક સ્થળે કચરો બાળનારાથી લઈને કન્સ્ટ્રક્શન સાઈટને કારણે પ્રદૂષણ વધી ગયું તો આ લોકોની સામે આકરી કાર્યવાહી કરવાની સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી પણ આપવામાં આવી છે.

દર વર્ષે મુંબઈમાં સામાન્ય રીતે ચોમાસાની વિદાય સાથે જ ખાસ કરીને શિયાળાના આગમન સાથે જ વાયુ પ્રદૂષણનું પ્રમાણ વધી જતું હોય છે. તેથી પ્રદૂષણને નિયંત્રણમાં લાવવા ૨૨ મુદ્દાની સાથેની ગાઈડલાઈન પર અમલમાં મૂકવામાં આવી છે અને હવે પાલિકા કમિશનર અશ્વિની ભીડેના માર્ગદર્શનમાં 'એર પોલ્યુશન કંટ્રોલ એન્ડ ઈમ્પ્લિમેન્ટેશન એક્શન પ્લાન-૨૦૨૬' ને અમલમાં મૂકવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે.

આ એક્શન પ્લાન અનુસાર દરેક પ્રશાસકીય વોર્ડમાં ઓછામાં ઓછા ૧૦ વાયુ પ્રદૂષણ નિર્માણ કરનારા હોટ સ્પોટ નક્કી કરીને તેની યાદી અને નકશા તૈયાર કરવામાં આવશે. મોટી કન્સ્ટ્રકશન સાઈટ, રિડેવલપમેન્ટ પ્રોજેક્ટ, માળખાકીય પ્રોજેક્ટના કામ, જાહેરમાં કચરો બાળવાનાં સ્થળો, કાટમાળ નાખવાના સ્થળ તેમ જ ટ્રાફિક જૅમ થતો હોય એવાં સ્થળોનો હોટ સ્પોટમાં સમાવેશ કરવામાં આવવાનો છે. દરેક હોટ સ્પોટ માટે જવાબદાર અધિકારી નિશ્ચિત કરીને નિયમિત સ્વરૂપે ધ્યાન રાખવામાં આવશે.

### કન્સ્ટ્રક્શન સાઈટ પર પ્રદૂષણ પર નિયંત્રણ

મુંબઈમાં હાલ મોટા પ્રમાણમાં કન્સ્ટ્રકશનના કામ ચાલી રહ્યા છે, જેમાં અનેક હાઉસિંગ સોસાયટીના રિડેવલપમેન્ટથી લઈને અનેક માળખાગત પ્રોજેક્ટના કામ ચાલી રહ્યા છે ત્યારે બાંધકામ અને તોડવાનું કામ ચાલુ હોય ત્યાં ૨૮ મુદ્દા સાથેની પાલિકાની અગાઉ જાહેર થયેલી ગાઈડલાઈનનું સખતાઈપૂર્વક પાલન કરવામાં આવવાનું છે. નિયમનું ઉલ્લંઘન કરનારી કન્સ્ટ્રકશન સાઈટને શો-કોઝ નોટિસ, સ્ટોપ વર્ક નોટિસ તેમ જ આવશ્યકતા જણાઈ તો સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. દરેક ટીમને દરરોજ બે કલાક કન્સ્ટ્રકશન સાઈટની તપાસ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો છે. બાંધકામને તોડી પાડવાનું કામ ચાલુ હોય ત્યારે યોગ્ય રીતે બેરિકેડિંગ, તાડપત્રી અથવા લીલા કપડાથી ઢાંકવાનું તેમ જ પાણીનો છંટકાવ કરવાનું આવશ્યક રહેશે.

### રસ્તા પર ધૂળ પર ધ્યાન અપાશે

ચોમાસા બાદ રસ્તા પર જમા થઈ રહેલા કાદવ, કીચડ અને ધૂળ હટાવવા માટે ઑક્ટોબરના પહેલા અને બીજા અઠવાડિયામાં 'પોસ્ટ-મોન્સૂન ડીપ ક્લિનિંગ ડ્રાઈવ' અમલમાં મૂકવામાં આવવાની છે. મહત્ત્વના રસ્તા, ડીવાઈડર, ચોક પર ખાસ સફાઈ કરવામાં આવશે. તેમ જ પુનર્વપરાશ કરવામાં આવેલા પાણીનો ઉપયોગ રસ્તાના ધોવા માટે અને પાણીનો છંટકાવ કરવા માટે કરાશે.

### ડેવલપરની જવાબદારી રહેશે

કન્સ્ટ્રકશન સાઈટ પર બાંધકામના આકાર અનુસાર સંબંધિત ડેવલપર અથવા કૉન્ટ્રેક્ટરને તેમની નજીકના રસ્તા સાફ કરવાનું ફરજિયાત રહેશે. ૪,૦૦૦ ચોરસ મીટર સુધીના પ્રોજેક્ટ માટે ૧૦૦ મીટર, ૪,૦૦૦થી ૧૦,૦૦૦ ચોરસ મીટર પ્રોજેક્ટ માટે ૨૦૦ મીટર અને ૧૦,૦૦૦ ચોરસ મીટ અને તેનાથી વધુ ક્ષેત્રફળના પ્રોજેક્ટ માટે બંને બાજુએ ૫૦૦ મીટર સુધીના રસ્તા સ્વચ્છ રાખવા પડશે.

### એક્યુઆઈ પર નજર રખાશે

વાતાવરણમાં પ્રદૂષણનું પ્રમાણ વધ્યું તો તેની અસર હવાની ગુણવત્તા પર પડે છે. એટલે એર ક્વોલિટી ઈન્ડેક્સ (એક્યુઆઈ)પર સતત નજર રાખીને પરિસ્થિતિ અનુસાર ગ્રેડેડ રિસ્પોન્સ એક્શન પ્લાન અંતર્ગત ઉપાયયોજના અમલમાં મૂકવામાં આવશે. જે વિસ્તારમાં એક્યુઆઈ ૨૦૦ કરતાં વધુ જશે તે સંબંધિત વિસ્તારમાં સફાઈ પર અને આવશ્યકતા જણાઈ તો રસ્તા ધોવા અને પાણીના છંટકાવ પર તેમ જ મિસ્ટિંગ પર અને ખુલ્લામાં કચરો બાળનારા પર ખાસ ધ્યાન આપવામાં આવશે. કોઈ પણ સ્થળે સળંગ ત્રણ દિવસ એક્યુઆઈ ૩૦૦ કરતાં વધુ રહ્યો તો તે સ્થળના બે કિલોમીટરના પરિસરમાં પ્રદૂષણ નિર્માણ કરનારા કામ બંધ કરવામાં આવશે.

### કાટમાળ લઈ જનારાં વાહનો પર નિયંત્રણ આવશે

કન્સ્ટ્રકશન સાઈટ અને બાંધકામને તોડી પાડયા બાદ નીકળનારા કાટમાળ, કચરાનું વહન કરનારાં વાહનો સંપૂર્ણરીતે ઢાંકેલા હોવા આવશ્યક રહેશે. કાટમાળનું ટ્રાન્સપોર્ટેશન અને તેના નિકાલનું નિયંત્રણ મુંબઈ ડેબ્રીસ કંટ્રોલ એન્ડ ટ્રેકિંગ સિસ્ટમ દ્વારા કરવામાં આવશે. રેડી મિક્સ કૉંક્રીટ વાહનમાંથી રસ્તા પર કૉંક્રીટ અથવા અન્ય સામાન નીચે પડે નહીં તેનું ખાસ ધ્યાન રાખવાનું રહેશે.

### કચરો બાળનારાનું આવી બનશે

મુંબઈમાં ખૂલ્લી જગ્યા પર કચરો બાળીને પ્રદૂષણ ફેલાવનારા સામે આકરી કાર્યવાહી કરવામાં આવવાની છે. વોર્ડ સ્તરે માર્શલ્સ અને સીસીટીવી માધ્યમથી આવી ઘટનાઓને રોકવામાં આવશે. તેમ જ મુખ્ય રસ્તા અને ટ્રાફિક જૅમ થતા રસ્તા પર વિશેષ પીયૂસી તપાસની ઝુંબેશ અમલમાં મૂકવામાં આવશે. તેમ જ વાહનોથી ધુમાડો છોડીને પ્રદૂષણ કરનારા વાહન સામે નિયમ અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.

# ઐરોલી-કટાઈ નાકા ફ્લાયઓવરના ગર્ડરના કામ માટે થાણે-બેલાપુર રોડ ચાર રાત બંધ રહેશે

નવી મુંબઈઃ થાણે-બેલાપુર રોડનો ઉપયોગ કરતા રહેવાસીઓ અને વાહનચાલકોને આ મહિને ચાર રાત મુશ્કેલીનો સામનો કરવો પડી શકે છે, કારણ કે ઐરોલી-કટાઈ નાકા ફ્લાયઓવર પર ગર્ડર બેસાડવાના કામ માટે રાત્રે ૧૧ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી ટ્રાફિક બંધ રહેશે. ૪ ઓક્ટોબરની રાત્રે તેમજ ૯ થી ૧૧ ઓક્ટોબર દરમિયાન આ રસ્તો બંધ રહેશે; નવી મુંબઈ ટ્રાફિક વિભાગે થાણે અને બેલાપુર વચ્ચે અવરજવર કરતા વાહનો માટે વૈકલ્પિક માર્ગો (ડાયવર્ઝન) જાહેર કર્યા છે. આરોલીમાં ભારત બિજલી અને સિમેન્સ કંપનીઓ નજીક મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા ગર્ડર બેસાડવાની કામગીરીને સરળ બનાવવા માટે આ નિયંત્રણો લાદવામાં આવ્યા છે. આ કામગીરી આરોલી-કટાઈ નાકા ફ્લાયઓવરના નિર્માણના અંતિમ તબક્કાનો એક ભાગ છે. ટ્રાફિક પોલીસે વાહનચાલકોને તેમની મુસાફરીનું આયોજન કરવા અને નિર્ધારિત વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરી છે, પરંતુ આ માર્ગ પરથી નિયમિત અવરજવર કરતા સ્થાનિક રહેવાસીઓએ રસ્તો બંધ હોવાને કારણે લાંબા અંતરના વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો પડી શકે છે. ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ટ્રાફિક) ડૉ. રાહુલ ખાડેએ જણાવ્યું હતું કે, ''રહેવાસીઓ અને વાહનચાલકોએ નિર્ધારિત સમય દરમિયાન પ્રતિબંધિત માર્ગ પર જવાનું ટાળવું જોઈએ અને સૂચવેલા વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવો જોઈએ. ગર્ડર બેસાડવાની કામગીરી દરમિયાન સુરક્ષા જાળવી રાખીને ટ્રાફિકની અવરજવર ચાલુ રહે તે રીતે આ ડાયવર્ઝનનું આયોજન કરવામાં આવ્યું છે.'' થાણેથી બેલાપુર તરફ જતા છ-પૈડાંવાળા અને તેનાથી મોટા વાહનોને દિઘા સ્થિત મુકુંદ કંપની પાસેથી આંતરિક MIDC રસ્તાઓ પર વાળવામાં આવશે. ચાર-પૈડાંવાળા વાહનોએ ભારત બિજલી ચોક ખાતે જમણી બાજુ વળીને, આરોલી ફાયર બ્રિગેડ ચોક ખાતે ડાબી બાજુ વળવું પડશે અને ખેડેકર ચોક થઈને આગળ વધવું પડશે.

## જૈન મરણ

**વિસા શ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ મુલુંડ સ્વ. મહેન્દ્રભાઇ પોપટલાલ વોરાના ધર્મપત્ની તથા પિયરપક્ષે સ્વ. છોટાલાલ હીરાચંદ ભણસાલીના દીકરી. ચંદ્રીકાબેન (ઉં. વ. ૮૧) તા. ૩૦-૯-૨૬ બુધવારના અરિહંતશરણ પામેલ છે. પ્રીતિ-તૃપ્તિ, નિલેશ-નિપુલના માતુશ્રી. નયનકુમાર-હિતેશકુમાર-બીના રાજુલના સાસુ. રીયા-ધૈર્ય, શીલ-જીયાના દાદી. ફોરમ-ભવ્યા, વૃદ્ધિ (મેહુલભાઇ) મીતીના નાની. સ્વ. યશોમતીબેન ગોરધનદાસ વસાના ભાભી. ચક્ષુદાન કરેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝાલાવાડી સ્થા વિશા શ્રીમાળી જૈન**

રાણપુર નિવાસી હાલ નાલાસોપારા, સ્વ. મનસુખલાલ માણેકચંદ ગોપાણીના પુત્ર હસમુખભાઈ (ઉં. વ. ૮૭) ૨/૧૦/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સુધાબેનના પતિ. જયંતીભાઈ, સ્વ. રસિકભાઈ, સ્વ. મનુભાઈ, સ્વ. સુશીલાબેન સવાઈલાલ વોરા, સ્વ. મહેન્દ્રભાઈ તથા સ્વ. ચંદ્રકાંતભાઈના ભાઈ. અલ્પેશ-વનિતા, નિલેશ-ગીતા, નીતા મયુરકુમાર, જયશ્રી જીતેનકુમાર તથા કિરણ પરેશકુમારના પિતા. સ્વ. મણિલાલ મોતીચંદ સંઘવીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી ગુર્જર જૈન**

ગામ કચ્છ ભુજના હાલે થાણે મુંબઈ, મનહરલાલ રાઘવજી ઝવેરી (ઉં. વ. ૭૮) ગુરૂવાર તા. ૧.૧૦.૨૦૨૬ના અરીહંતશરણ પામેલ છે. તે સુલોચનાબેન ઝવેરીના પતિ. સિદ્ધાર્થ ઝવેરી અને પૂર્વી મહેતાના પિતાશ્રી. મિનલ ઝવેરી તથા રાજીવ મહેતાના સસરા. અ.સો. પ્રતિમાબેન અનિલભાઈ વોરા, સ્વ. નિતીનભાઈ રાઘવજી ઝવેરી, સ્વ. લલિતભાઈ આણંદજી ઝવેરી, સ્વ. ભારતીબેન મહેન્દ્રભાઈ શાહના ભાઈ. ગામ ચકારના સ્વ. સૂરજમણિબેન જગજીવનભાઈ મેહતાના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે. ૨, પ્રેમા વિલા, સેક્ટર-૩, પ્લોટ નં. ૫, શ્રી નગર, થાણે પશ્ચિમ.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દામનગર નિવાસી હાલ મલાડ, સ્વ. ચંપાબેન મણીલાલ જસાણીના સુપુત્ર કિશોરભાઈ મણીલાલ જસાણી (ઉં. વ. ૮૧) તે સ્વ. ચારુલતાબેનના પતિ. પ્રતીકના પિતા. અ.સૌ. દીપ્તિના સસરા, સ્વ. ભરતભાઈ જીતેન્દ્રભાઈ તથા વિજયભાઈના મોટાભાઈ. સ્વ. અમૃતલાલ કાળીદાસ મેઘાણીના જમાઈ. તા. ૩૦/૦૯/૨૦૨૬ બુધવારના રોજ અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૦૪/૧૦/૨૦૨૬ રવિવારે બપોરે ૩ થી ૫. ઠેકાણુંઃ પાવનધામ, મહાવીરનગર, એમ સી એ ગ્રાઉન્ડની બાજુમાં, સત્યા નગર, કાંદીવલી (વેસ્ટ).

**ઘોઘારી વિશાશ્રીમાળી જૈન**

પચ્છેગામ (કંથારીયા) નિવાસી હાલ ઘાટકોપર, સલોત જગજીવનદાસ ગિરધરલાલના પુત્ર વીરેન્દ્રભાઈના ધર્મપત્ની મૃદુલાબેન (ઉં. વ. ૭૪) તા. ૦૩.૧૦.૨૬ અરિહંતશરણ પામેલ છે. તે શીરીન અને તૃપ્તિ અંકિતકુમાર શાહના માતુશ્રી. રિદ્ધિના સાસુ. જીતેન્દ્રભાઇ, ભૂપેન્દ્રભાઈ, વસંતભાઇ અને નિર્મળબોધિ વિજયજી મ.સા. ના ભાભી. પિયરપક્ષે મોટાખુંટવડા નિવાસી હાલ મુલુંડ ધનસુખરાય રતનજી ગાંધીના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સરનામુંઃ ૧૩૦૪, નીલયોગ મોનાર્ક, જૈન દેરાસરની સામે, પંતનગર, ઘાટકોપર પૂર્વ.

**દશા શ્રીમાળી દેરાવાસી ઝાલાવાડી જૈન**

વઢવાણ નિવાસી હાલ મુંબઈ, અરુણાબેન દિનેશચંદ્ર લક્ષ્મીચંદ મણિયારના સુપુત્ર હેમંતકુમાર મણિયાર, કિરણબેન સુભાષભાઈ શાહના જમાઈ, (ઉં. વ. ૫૩) તા. ૩-૧૦-૨૦૨૬, શનિવારના અરિહંતશરણ પામેલ છે. તે શલાકાબેનના પતિ. સાનિયા, સોહમના પિતાશ્રી. શ્રેયકુમારના સસરા. શીતલબેન અપુર્વભાઈ શાહ, અમીષાબેન ભાવેશભાઈ ઝવેરી અર્ચના - હાર્દિકભાઈના ભાઈ. પ્રાર્થના તા. ૪-૧૦-૨૦૨૬ને રવિવાર સમય ૪:૦૦ થી ૫૦૦.

ઈંડિયન મેડિકલ એસોસિએશન, પીવીઆર જુહુની પાછળ, રુતુંભરા કોલેજ પાસે, જુહુ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

મુળ ગામ ધોરાજી હાલ કલ્યાણ, સ્વ. લાભુબેન હિંમતલાલ દેસાઈ (ઉં. વ.૧૦૧) તા. ૦૨/૧૦/૨૬ ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. કુવરજી કલ્યાણજી હેમાણીનાં સુપુત્રી, સ્વ. હિંમતલાલ નાથાલાલ દેસાઈનાં ધર્મપત્ની, સ્વ.જ્યોતિભાઈ, સ્વ. હર્ષદભાઈ, નિલેશભાઈ, પરિન્દાબેન પ્રકાશભાઈ હપાણીના માતૃશ્રી, મીનાબેન, પ્રમિલાબેન અને શિલ્પાબેનના સાસુ, ચાની પ્રશાંત શાહ, જીનલ વિનિત શાહ, સ્વેની ભાવિક શાહ, સિની, રિની, આશિષ અને મયૂરી, અમીશ અને સુપ્રિયા, નીરવ અને શ્રદ્ધા, પુરવ અને કૃપાનાં દાદીમા, લૌકિક વ્યવહાર બંધ રાખવામાં આવેલ છે તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ મહાજન જૈન**

વાંકીના હંસા નિલેશ છેડા (ઉં. વ. ૫૪) તા. ૧-૧૦-૨૦૬ના અરિહંત શરણ પામ્યા છે. મણીબેન મોરારજી કેશવજી છેડાના પુત્રવધૂ. નીલેશના ધર્મપત્ની. ચાર્મી, સૌરભના માતુશ્રી. ગામ : લાલાના સ્વ. લક્ષ્મીબેન કલ્યાણજી શીવજી મૈશેરીના સુપુત્રી. મયુર, નલીયાના રમીલા કિરણ, બેરાજાના તરલા જયેશ માવજી ગાલાના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ફોન રૂબરૂ તુલ્ય.

ભુજપુરના ચંપકલાલ દેઢીયા (ઉં. વ. ૮૬) ૨-૧૦નાં અવસાન પામેલ છે. કેસરબેન નરશી ધનાના સુપુત્ર. ભાનુના પતિ. જીતેન્દ્ર, કેતન, રાજુલના પિતા. કાનજી, કુંવરબાઇના ભાઇ. સાડાઉ વેજબાઇ રામજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કેતન દેઢીયા, ૬૦૪, દિપ સમા સોસા., માવલી મંડળ, ચરઇ, થાણા-૬૦૧.

ભુજપુરના પ્રભાવંતી ભોગીલાલ છેડા (ઉં. વ. ૮૦) તા. ૧-૧૦નાં સંથારો સીઝેલ છે. ભોગીલાલ વીરજીના પત્ની. લાછબાઇ, કસ્તુર વીરજી હભુના પુત્રવધૂ કપાયા મણીબેન મેઘજીના સુપુત્રી. હરખચંદ, જીતેન્દ્ર, શાંતા મોરારજી, વડાલા અરૂણા લક્ષ્મીચંદના બેન. ગુણાનુવાદ સભા રાખેલ નથી. નિ. વિરલ છેડા, ૩૦૪, લક્ષ્મી વિલા, જવાહરનગર, રોડ નં. ૩, ગોરેગામ (૫), મું.૧૦૪.

## હિન્દુ મરણ

રોહિતભાઈ (રાજુભાઈ) (ઉં. વ. ૭૫) તે ઇન્દુબેનના પતિ. સ્વ. શાંતાબેન અને સ્વ. પ્રાગજી મુલજી વિઠલાણી મૂળ ગામ દિવાસા હાલ મુંબઈના દીકરા તથા હિતેશ, અમિત, અ.સો. નિવૃત્તિ તુષારકુમાર નાગ્રેચા, અ.સૌ. મોના હિરેનકુમાર સેજપાલના પિતાશ્રી, સ્વ. રંભાબેન અને સ્વ. તુલસીદાસ છગનલાલ સિરોદરિયાના જમાઈ, અ.સૌ. રોશની અને અ. સૌ. ડોલીના સસરા. આર્યન, વેદાંત, સૃષ્ટિ, રિહાન, જુબિન, દેવાંગ રિદ્ધિ વિધિના દાદા-નાના. શુક્રવાર તા. ૨/૧૦/૨૬ના રોજ શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૫/૧૦/૨૦૨૬ સોમવારના ૫ થી ૭. ચતવાણી બાગ, ગોખલે રોડ પાર્લા ઇસ્ટ.

**ઝાલાવાડી સઇ સુથાર જ્ઞાતિ**

મૂળ નિવાસી હાલ ગોરેગામ હસુમતી ઠાકરશીભાઇ પરમાર (ઉં. વ. ૮૨) તા. ૧-૧૦-૨૬ને ગુરુવારના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. ઠાકરશીભાઇના પત્ની. સ્વ. જતનબેન રુગનાથભાઇ ચૌહાણના દીકરી. ભરતભાઇ, નરેન્દ્રભાઇ, બિપીનભાઇ, નિકીતાબેન, અલ્પાબેનનાં માતુશ્રી. મોનિકાબેન, ચેતનાબેન, મનીષાબેન, નરેન્દ્રકુમાર પાટડીયા, કેતનકુમાર સોલંકીના સાસુ. હેમાંગ, ગૌરાંગ, વૈભવ, તન્વી, યશ, ફેલિસી, દિવ્યા, ખુશ્બુ, હિનલ, કેવલકુમાર, સાગર, પૂજા અને હિનાનાં દાદા-નાની. પ્રાર્થનાસભા તા. ૪-૧૦-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. બાંગુર વિદ્યા ભવન, પ્લોટ નં.૯, સ્વામી અય્યપ્પા ટેમ્પલ માર્ગ, બાંગુર નગર, ગોરેગાંવ (વેસ્ટ).

**શ્રીમાળી બ્રાહ્મણ**

હેમંતકુમાર વિનોદરાય ઓઝા તે સ્વ. વિનોદરાય પોપટલાલ ઓઝા તથા સ્વ. મંજુલાબેન ઓઝાના સુપુત્ર. કેશવલાલ ઓઝા તથા મંજુલાબેન કેશવલાલ ઓઝાના જમાઇ. મીતા હેમંત ઓઝાના પતિ. ઇશીતા ઓઝા ગાડા તથા રિશી ઓઝાના પિતા. ભરતભાઇ જયપ્રકાશભાઇ તથા સતીશભાઇના ભાઇ. તા. ૨-૧૦-૨૬ના અવસાન થયેલ છે. સાદડી તા. ૫-૧૦-૨૬ના સાંજે ૪થી ૬. ઠે. મનાલી વિલેજ કોમ્પ્લેક્સ, કાશીગાંવ, મસાયાપાડા રોડ, કાશીમીરા, મીરારોડ (પૂર્વ).

**સોરઠિયા બ્રહ્મક્ષત્રિય**

સ્વ. જયંતીભાઇ હરગોવિંદદાસ છાટબાર (ઉં. વ. ૭૬) તે મનહરભાઇ અને કિશોરભાઇનાં ભાઇ. મંછાબેન અને ગીતાબેનનાં દિયર. ચંદ્રિકા મનિષ ઠક્કર, મીના (પ્રિયા) હિરેન જગડ, યોગિતા તેજસ વ્યાસ, હેતલ જીગર મહેતા, તે કલ્પેશ, નયન અને રોનકનાં કાકા. રૂપલ અને નિરાલીનાં કાકા-સસરા. રાધિકા અને સિયાનાં દાદા. તે સ્વ. નરોતમભાઇ વ્રજલાલ ઠાઠાગરનાં ભાણેજ તા. ૨-૧૦-૨૬ શુક્રવારના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૪-૧૦-૨૬ રવિવારના સાંજે ૪થી ૬. ઠે. નયન એમ. છાટબાર, એ-૬૦૬, એન. એલ. આર્યવ્રતા, એન. એલ. કોમ્પ્લેક્સ, દહીંસર (પૂર્વ).

**કચ્છી લોહાણા**

સ્વ. કરસનદાસ રામદાસ ઠક્કરના ધર્મપત્ની ગં. સ્વ. રમાબેન (ઉં. વ. ૮૮) ગામ નારાયણ સરોવરના હાલ મુલુંડ તા. ૨-૧૦-૨૬ના રામશરણ પામેલ છે. તે સુંદરજી કાનજી તન્નાના સુપુત્રી. કિશોર, પ્રવીણ, પ્રીતિ, વસંત કતીરા, દિપ્તીના માતુશ્રી. સ્વ. કુસુમબેન, સરોજબેનના સાસુમા. લીના જીતેનના દાદીમાં. કીર્તિભાઇ, મંજુબેન, સુકન્યા બેનના બહેન. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૧૦-૨૬ના શ્રી કચ્છી લોહાણા મહાજનવાડી, આર. આર. ટી. રોડ, મુલુંડ (વેસ્ટ), સાંજે ૫થી ૭.

**લેઉવા પટેલ**

મુંબઇ નિવાસી પ્રકાશભાઇ વસંતલાલ પટેલ (ઉં. વ. ૭૭) તે શનિવાર, તા. ૩-૧૦-૨૬ના શ્રીજીચરણ પામ્યા છે. તે સોનલબેનના પતિ. અનંત અને તુલસીના પિતા. આનિકા અને આદિત્યના સસરા. તે સ્વ. રાજેન્દ્રભાઇ, અંસુબેન અને નિલાબેનના ભાઇ. તે રશ્મિબેનના દેર. સ્વ. કૃષ્ણકાંતભાઇ અને યતીનભાઇના સાળા. પ્રાર્થનાસભા સોમવાર, તા. ૫-૧૦-૨૬ના સાંજે ૫થી ૭. ઠે. સોફિયા ભાભા ઓડિટોરિયમ, બ્રિચ કેન્ડી, મુંબઇ-૪૦૦૦૨૬.

**કપોળ**

ભાવનગરવાળા હાલ અમદાવાદ સ્વ. નટવરલાલ દ્વારકાદાસ મહેતાના પત્ની ગં. સ્વ. વિમળાબેન (ઉં. વ. ૯૪) શનિવાર તા. ૩-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભરત, રાજેશ, નિલેશ, કોકિલા મહેન્દ્રકુમાર શાયર, તૃપ્તિ ભરતકુમાર મહેતાના માતુશ્રી. હિના અને આરતીના સાસુ. આકાશ, મીત, ખુશીના દાદી. સમીર, મિતેષ, જીતેન, હેમાલી, અંકિતાના નાની. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા રાખેલ નથી.

**ઝાલાવાડી સઈ-સુતાર જ્ઞાતિ**

ગામઃ વાંકાનેર, હાલ ભાયંદર, સ્વ. નંદકિશોર (મનુભાઈ) જયંતીલાલ પરમાર (ઉં.વ.૭૫) તે ગુરૂવાર તા. ૦૧/૧૦/૨૦૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. સ્વ. સુધીરભાઈ અને કીરીટભાઈ અને કુમુદબેન ચીમનલાલ સોલંકીના ભાઈ. રાકેશભાઈ, સચિનભાઈ અને કોમલબેનના પિતા. અમિતકુમાર, પ્રીતીબેન અને ભક્તિબેનના સસરા. કસ્તુરીબેન નારાયણદાસ પરમાર (ગામ ધોલેરા)ના જમાઈ. પ્રાર્થનાસભા તા. ૦૪/૧૦/૨૬ને રવિવારના રોજ સાંજના ૪ થી ૬. સ્થળઃ કપોળ વાડી, ગીતા નગર, ફાટક રોડ, આકાર ટાવરની બાજુમાં, ભાયંદર વેસ્ટ.

**કચ્છી લોહાણા**

સ્વ. નાથીબાઈ રવજીભાઈ લીલાધરભાઈના મોટાસુપુત્ર અશ્વિનભાઈ (ઉં. વ. ૮૦) કચ્છ ગામ ગુહર હાલે મુલુંડ ચેકનાકા, તે આશાબેનના પતિ. સ્વ. રામજીભાઈ રણછોડદાસ ડોડેચાના જમાઈ. મનીષભાઈ અને રાકેશભાઈના પિતાશ્રી. સ્વ. લક્ષ્મીકાંતભાઈ, સ્વ. ગિરીષભાઈ, વિનોદભાઈ, સુશીલાબેન છગનલાલ ચંદનના મોટાભાઈ. રીટાબેન મનીષભાઈ તન્ના, જીજ્ઞાબેન રાકેશભાઇના સસરાજી. તા. ૦૨/૧૦/૨૦૨૬ શુક્રવારના રામશરણ પામેલ છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૦૪/૧૦/૨૦૨૬ રવિવારના રોજ સમય ૫:૦૦ થી ૬:૩૦. ગોપુરમ હોલ, ડો. આર. પી. રોડ, જ્ઞાનસરીતા સ્કુલની બાજુમાં મુલુંડ વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

કીરિટભાઈ કાનજીભાઈ ઠક્કર (ઉં. વ. ૬૬) ગામ અંજાર કચ્છ, હાલ નાસિક તા. ૦૨/૧૦/૨૦૨૬ શુક્રવારના અવસાન થયેલ છે. તે સ્વ. મુક્તાબેન, સ્વ. કાનજીભાઈ નાનજીભાઈ ઠક્કરના સુપુત્ર. મનિષાબેનના પતિ. કાર્તિક, સ્વ. કૃતિકના પિતા. પરી અને ત્રિષ્નાના સસરા. રીટાબેન હરીશભાઈ ઠક્કર સ્વ. નિતીનભાઈ તથા ભારતીબેન સંજયભાઈ જોબનપુત્રાના મોટાભાઈ. સ્વ. જયાબેન તથા સ્વ. શંભુભાઈ નાગજીભાઈ સોમૈયા ગામ ગુંદાલા કચ્છ હાલ નાસિકના જમાઈ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મુળ સાંઢા હાલ બોરીવલી, બાબુભાઈ નારણજી જોષી (ઉં. વ. ૯૩) સ્વ. તારાબેનના જીવનસાથી, પ્રતિભા, ભરત અને ગિરીશના પિતાશ્રી, પ્રીતિ (પ્રતિભા) અને ડો. સીમાનાના સસરા, સિદ્ધિ અને નિષ્ઠાના દાદા. તા. ૨.૧૦.૨૬.શુક્રવારે કૈલાસવાસી થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૦૫-૧૦-૨૬ સોમવારે સાંજે ૪ થી ૬ . ઠે. સર્વોદય હોલ. શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી પશ્ચિમ. લૌકિક પ્રથા બંધ છે.

## પારસી મરણ

રૂસી ફરેદુન સબાવાલા તે ફ્રેની રૂસી સબાવાલાના ખાવીંદ. તે મરહુમો ફરેદુન તથા હીલ્લા સબાવાલાના દીકરા. તે તનાઝ નોશદ પાજનીગરાના બાવાજી. તે નોશાદ કેરસી પાજનીગરાના સસરાજી. તે પરસીસ ઝુબીન લીબુંવાલા તથા અરઝાન ઝુબીન બાટલીવાલાના માસાજી. (ઉં. વ. ૭૯) રે. ઠે. સુયોગ નગર-વસઇ (ઇસ્ટ), ૪૦૧૨૦૧. ઉઠમણાની ક્રિયા : તા. ૪-૧૦-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ એ ડુંગરવાડી ભાભા-૨ નંબરની બંગલીમાં કરવામાં આવશેજી.

આલુ તેમુરસ્પ સુરાલીવાલા તે મરહુમ તેમુરસ્પ આર સુરાલીવાલાના ધણીયાની. તે મરહુમો મંચેરશાહ તથા દીનામાયના દીકરી (સોંગડવાલા) તે હુફરીશ સુરાલીવાલાના માતાજી. તે હોશંગ સોંગડવાલા તથા મરહુમ હીલ્લાના બહેન. તે ઝરીર આર. સુરાલીવાલાના કાકીજી. (ઉં. વ. ૮૫) રે. ઠે. ૩-બી, ૨૧૨ સોલસેટ પારસી કો. હાઉસિંઘ સોસાયટી લિમિટેડ, જીજામાતા રોડ, અંધેરી (ઇસ્ટ), પંપ હાઉસ, મુંબઇ-૪૦૦૦૯૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૪-૧૦-૨૬ના દિવસે સાંજે ૩.૪૫ એ મીઠાઇવાલાની અગિયારીમાં કરવામાં આવશેજી.

છેલ્લા પાનાનું ચાલુ

### આઈઆઈટીએ

સંપર્ક કરીને વિદ્યાર્થીઓને આપવામાં આવેલી મૂળ રોજગાર પ્રતિબદ્ધતાઓ જાળવી રાખવા પ્રયાસ કર્યો હતો. કેટલીક કંપનીઓએ વિદ્યાર્થીઓની જોડાવાની તારીખ ઓક્ટોબર અથવા નવેમ્બર સુધી મુલતવી રાખવા સંમતિ આપી હતી અને આ અંગે લેખિત ખાતરી પણ આપી હતી. જોકે, કેટલીક અન્ય કંપનીઓએ આંતરિક વ્યવસાયિક મુશ્કેલીઓનો હવાલો આપીને ભરતી આગળ વધારવામાં અસમર્થતા વ્યક્ત કરી હતી.

એઆઈપીસીના કન્વીનર પ્રોફેસર જ્હોન જોસના જણાવ્યા અનુસાર, પ્રતિબંધિત કંપનીઓમાં મુખ્યત્વે સોફ્ટવેર, ડેટા સાયન્સ અને એડટેક ક્ષેત્રની કંપનીઓનો સમાવેશ થાય છે. તેમાં આઈટી ક્ષેત્રની કંપનીઓની સંખ્યા સૌથી વધુ છે. આમાંથી ઘણી કંપનીઓ આઈઆઈટીની જૂની અને નિયમિત ભરતી કરનાર કંપનીઓ હતી, જે સામાન્ય રીતે પ્લેસમેન્ટ સીઝનના અત્યંત સ્પર્ધાત્મક પ્રથમ સપ્તાહમાં કેમ્પસ પર આવીને સારા શૈક્ષણિક રેકોર્ડ ધરાવતા વિદ્યાર્થીઓની ભરતી કરતી હતી.

કંપનીઓએ ઓફર પાછી ખેંચવા પાછળ અલગ-અલગ કારણો આપ્યાં હતાં. તેમાં ગંભીર નાણાકીય મુશ્કેલીઓ, બિઝનેસ મોડલમાં ફેરફાર અને જે પ્રોજેક્ટ માટે ભરતી કરવામાં આવી હતી તે પ્રોજેક્ટ રદ થવા જેવા કારણો સામેલ હતા. કેટલાક કિસ્સાઓમાં કંપનીઓએ આઈઆઈટીના પ્લેસમેન્ટ વિભાગોના સંપર્કોનો જવાબ આપવાનું પણ બંધ કરી દીધું હતું. અચાનક નોકરીની ઓફર ગુમાવનારા વિદ્યાર્થીઓને વિકલ્પ શોધવા માટે તાત્કાલિક પ્રયાસો કરવા પડ્યા હતા.

વિદ્યાર્થીઓને મદદ કરવા માટે વિવિધ આઈઆઈટીના પ્લેસમેન્ટ વિભાગોએ વિકલ્પરૂપે અન્ય કંપનીઓ સાથે સંપર્ક કરાવ્યો હતો. આ પ્રયાસોના પરિણામે અસરગ્રસ્ત વિદ્યાર્થીઓમાંથી આશરે ૨૦થી ૨૫ ટકા વિદ્યાર્થીઓને વૈકલ્પિક નોકરીની તકો મેળવવામાં સફળતા મળી હતી. આ ઉપરાંત અનેક વિદ્યાર્થીઓએ પોતાના વ્યક્તિગત નેટવર્ક, રેફરલ અને લેટરલ હાયરિંગની તકોનો ઉપયોગ કરીને નવી નોકરી મેળવવાનો પ્રયાસ કર્યો હતો.

### પ્રોફેસર દુલ્લાની

દુલ્લા તથા આઇઆઇટી-બોમ્બેના ડિરેક્ટર શિરીષ કેદારેની ધરપકડની માગણી પણ કરી છે.

આ કેસની તપાસ કરી રહેલી ક્રાઇમ બ્રાન્ચે સાહિલનાં માતા-પિતા, વિદ્યાર્થીઓ, મિત્રો હોસ્ટેલ અને ઇન્સ્ટિટ્યૂટના સ્ટાફ સહિત ૪૦ લોકોનાં નિવેદન નોંધ્યાં છે. પોલીસ આ કેસમાં નિવેદન નોંધાવવા માટે કેદારેને સમન્સ પાઠવશે. (પીટીઆઇ)

### બાંદ્રામાં

સાબળેએ બાંદ્રા ટ્રાફિક વિભાગને જાણ કરી હતી. ત્યારબાદ ટ્રાફિક પોલીસના કોન્સ્ટેબલ અનિલ કોળી લગભગ સાંજે ૭.૪૦ વાગ્યે ટોઇંગ વાન સાથે ઘટનાસ્થળે પહોંચ્યા હતા. કારને ટોઇંગ કરવાની કામગીરી શરૂ થતાં જ એક વ્યક્તિ ત્યાં આવ્યો હતો અને તેણે ટ્રાફિક પોલીસકર્મીઓ તથા ટોઇંગ સ્ટાફ સાથે કથિત રીતે ગેરવર્તન શરૂ કર્યું હતું. આ દરમિયાન કારમાંથી એક મહિલા પણ બહાર આવી હતી.

પોલીસે કારમાં રાખેલી પોલીસ કેપ અને નંબર પ્લેટ વિનાના વાહન અંગે તે વ્યક્તિની પૂછપરછ કરી હતી. જોકે, તેણે સંતોષકારક જવાબ આપવાને બદલે કથિત રીતે ગોળગોળ જવાબો આપ્યા હતા. વધુ પૂછપરછ દરમિયાન તેની ઓળખ ફહાદ ફરીદ ખાન (૩૭) તરીકે થઈ હતી. તે એક મિકેનિક અને બાંદ્રાનો રહેવાસી છે, બાદમાં તે પોલીસ અધિકારી ન હોવાનું બહાર આવ્યું હતું. પોલીસે જણાવ્યું કે તે વાહન સંબંધિત કોઈપણ દસ્તાવેજ રજૂ કરી શક્યો નહોતો.

તપાસમાં પોલીસને શંકા છે કે ખાન પોતાની કારના ડેશબોર્ડ પર પોલીસ કેપ રાખીને પોતાને પોલીસકર્મી તરીકે રજૂ કરતો અને સામાન્ય લોકો તેમજ ટ્રાફિક પોલીસકર્મીઓ પર રોફ જમાવતો હતો. નંબર પ્લેટ વિનાની કાર અને પોલીસ કેપ મળી આવતા પોલીસે સમગ્ર મામલાને ગંભીરતાથી લીધો હતો. આ મામલે બાંદ્રા પોલીસે આરોપી વિરુદ્ધ કેસ નોંધી તેની ધરપકડ કરી છે.

પોલીસે હવે તપાસ શરૂ કરી છે કે નંબર પ્લેટ વિનાનું આ વાહન આરોપી પાસે ક્યાંથી આવ્યું હતું અને તેની સાથે અન્ય કોઈ બાબતો સંકળાયેલી છે કે નહીં. મુંબઈ પોલીસે જણાવ્યું છે કે આ કેસમાં તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

### મુંબઈ એરપોર્ટનું

(એનએમઆઈએ) તરફ ખસેડવામાં આવશે. મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ લિમિટેડ (એનએમઆઈએ)એ આ પ્રક્રિયા માટે સ્થાનિક તેમજ આંતરરાષ્ટ્રીય એરલાઈન્સ સાથે સંકલન શરૂ કરી દીધું છે. એનએમઆઈએના ચીફ એરપોર્ટ ઓફિસર વિષ્ણુ મોહન ઝા દ્વારા નાગરિક ઉડ્ડયન મંત્રાલયને મોકલવામાં આવેલા પત્ર મુજબ ફલાઇટ્સનું તબક્કાવાર સ્થળાંતર કરવામાં આવશે. ૧ ઓક્ટોબરથી આશરે એક તૃતીયાંશ આંતરરાષ્ટ્રીય હવાઈ ટ્રાફિક એનએમઆઈએ તરફ ખસેડવાનો પ્રસ્તાવ છે, જ્યારે ૨૫ ઓક્ટોબરથી ઝ૧ની સ્થાનિક ફલાઇટ્સને ટર્મિનલ-૨ (ઝ૨) તરફ ખસેડવામાં આવશે.

મુસાફરોને પડનારી મુશ્કેલીઓ ઘટાડવા માટે એનએમઆઈએ એ નાગરિક ઉડ્ડયન સચિવના નેતૃત્વ હેઠળ સંયુક્ત સંકલન જૂથ બનાવવાની પણ માગ કરી છે. ઝ૧નો ઉપયોગ કરતા આશરે ૧ કરોડ મુસાફરોને નવી મુંબઈ એરપોર્ટ તરફ ખસેડવામાં આવશે. બીજી તરફ ઝ૧ દ્વારા સેવા મેળવતા બાકીના આશરે ૫૦ લાખ મુસાફરોને મુંબઈના સહાર સ્થિત ઝ૨માં સમાવવામાં આવશે. વધારાના ટ્રાફિકને પહોંચી વળવા ઝ૨ની વાર્ષિક મુસાફર સંભાળવાની ક્ષમતા ૪ કરોડથી વધારીને ૪.૫ કરોડ કરવાની યોજના છે.

આ ફેરફારથી મુસાફરો માટે સૌથી મોટો પડકાર મુસાફરીના સમયમાં જોવા મળી શકે છે. નવી મુંબઈ તરફ ખસેડાયેલા મુસાફરોને મુંબઈથી એરપોર્ટ સુધી પહોંચવા માટે લાંબી રોડ મુસાફરી કરવી પડી શકે છે, જેના કારણે પ્રવાસનો સમય અને ખર્ચ વધવાની સાથે મુંબઈ-નવી મુંબઈ વચ્ચેના માર્ગો પર ટ્રાફિકનું દબાણ પણ વધી શકે છે. તેથી આગામી મહિનાઓમાં મુસાફરોએ ટિકિટ બુક કર્યા બાદ ફલાઇટ કયા ટર્મિનલ પરથી ઉપડશે તેની ખાસ ચકાસણી કરવી જરૂરી બનશે.

### પાલિકા

સમજણ બાદ છેવટે સ્થાયી સમિતિએ તેમને રકમ ચૂકવવાનો પ્રસ્તાવ મંજૂર કર્યો હતો.

ગોરેગામ-મુલુંડ ટ્વિન ટનલ પ્રોજેક્ટ ફિલ્મ સિટીને અસર કરી રહ્યો છે, તેના પરિસરમાંથી ૧.૬ કિમીનો રસ્તો પસાર થાય છે અને તેને કારણે ફિલ્મસિટીના મેદાન પરના શુટિંગને અસર થઈ રહી છે. ફિલ્મ સિટી કોર્પોરેશને ૧૭૪.૧૨ કરોડ રૂપિયાની સંભવિત ખોટ દર્શાવી છે, જ્યારે પાલિકા માર્ચ ૨૦૨૯ સુધી જોશ મેદાન અને જોકર મેદાન સહિતના કામચલાઉ મેદાનો પર ૨૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાની છે. આ પ્રસ્તાવને મંજૂરી માટે સ્થાયી સમિતિ સમક્ષ મૂકવામાં આવ્યો હતો. આટલી મોટી રકમના વળતર સામે નગરસેવકોએ સવાલ કર્યા હતા.

શિવસેના (શિંદે જૂથ)ના નેતા યામિની જાધવે પ્રશ્ન કર્યો હતો કે જ્યારે ગોરેગામ-મુલુંડ લિંક રોડ એક સાર્વજનિક પ્રોજેક્ટ છે અને તે મુંબઈ માટે મુખ્ય કનેક્ટિવિટી વધારવાની અપેક્ષા છે ત્યારે પાલિકાએ શા માટે ખર્ચ ઉઠાવવો જોઈએ. રાષ્ટ્રવાદી કૉંગ્રેસના નગરસેવિકા સઇદા ખાને ધ્યાન દોર્યું કે ફિલ્મ સિટીની જમીન સરકારી જમીન હોઈ તેમને સબસિડીવાળા દરે ફાળવવામાં આવી હતી. તો પછી તેમને પાલિકા પ્રશાસને શા માટે ભાડું ચૂકવવું જોઈએ? કોંગ્રેસે પણ આ બાબતે ચિંતા વ્યક્ત કરી હતી. સ્થાયી સમિતિના સભ્યો કરેલા સવાલના જવાબ આપતા પાલિકાના એડિશનલ કમિશનર અવિનાશ ઢાંકણેએ જણાવ્યું હતું કે ફિલ્મ સિટીની આવકનો પ્રાથમિક સ્રોત શૂટિંગ ભાડાનો છે અને ગોરેગામ-મુલુંડ લિંક રોડ પ્રોજેક્ટે ઘણા શૂટિંગ મેદાનો અને સેટ દૂર કરવાની ફરજ પાડી છે, જેના કારણે તેમને નોંધપાત્ર નુકસાન થયું છે. પ્રાદેશિક ભાષાની ફિલ્મો ખાસ કરીને મરાઠી ફિલ્મોને ફિલ્મ સિટીની શૂટિંગની આવક દ્વારા ટેકો મળે છે.ઢાંકણેએ જણાવ્યું હતું કે ફિલ્મ સિટીના નુકસાનને સરભર કરવા માટે ૨૦ કરોડ રૂપિયાનું ભાડું આવશ્યક છે. આ ખુલાસા બાદ સ્થાયી સમિતિના પ્રસ્તાવને મંજૂરી આપી હતી.

### ટેક્સટાઈલ કંપનીના

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે આરોપી અનુભવ મિત્તલ, રજની મિત્તલ, રાજેશ કુમાર, અફસર અલી અને તેમના સાથીદારોએ ફેક્ટરીના વિસ્તરણ માટે નાણાકીય સહાની વ્યવસ્થા કરી આપવા અને રાજ્ય સરકારની શાળાઓમાં સ્કૂલ યુનિફોર્મનો પુરવઠો કરવાનો કોન્ટ્રાક્ટ મેળવી આપવાનું આશ્વાસન આપીને છેતરપિંડી આચરી હતી. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે લોન પ્રાપ્ત કરવા માટે ફરિયાદીએ આપેલા હસ્તાક્ષર સાથેના કોરા ચેક, લેટરહેડ અને સિક્યુરિટી ડોક્યુમેન્ટ્સનો આરોપીઓએ દુરુપયોગ કર્યો હતો અને ૨.૯૫ કરોડની રોકડ અને ૧૭.૬૩ કરોડ રૂપિયાની બૅંક ટ્રાન્સફર દ્વારા ઉચાપત કરી હતી. જોકે તેમણે લોન કે કોન્ટ્રાક્ટ ફરિયાદીને અપાવ્યો નહોતો.

કોનગાવ પોલીસે આ પ્રકરણે આરોપીઓ વિરુદ્ધ ગુનો દાખલ કરીને તપાસ આદરી હોઇ હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી નથી, એમ અધિકારીએ કહ્યું હતું. (પીટીઆઇ)

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક**

સ્નેહભરી સ્મૃતિમાં



શ્રી પ્રકાશ પટેલ

૨૩-૦૨-૧૯૪૯ થી ૦૩-૧૦-૨૦૨૬

સત્કર્મો અને સદભાવના સભર જીવન જીવનાર, અમારા માર્ગદર્શક, પરિશ્રમ અને પરોપકારના મૂર્તિમંત સ્વરૂપને કોટિ કોટિ વંદન, સાથે શ્રધ્ધાંજલિ અર્પણ.

-: શ્રધ્ધા સુમન :-

સોનલબેનના પતિ
અનંત અને આનિકા, તુલસી અને આદિત્યના પિતા
સ્વ. રાજેન્દ્રભાઇ, અંસુબેન અને નિલાબેનના ભાઇ
રશ્મિબેનના દેર, સ્વ. કૃષ્ણકાંતભાઈ અને યતિનભાઈના સાળા
સ્વ. મમતાબેન અને સત્યેન કાપડિયાના ચાચુ
અનન્યા અને અવિરાજના દાદા
અર્નવ અને આરુષ, શિવંકા અને દર્શના નાનુ

પ્રાર્થના સભાઃ
સોમવાર, તા. ૫ ઓક્ટોબર ૨૦૨૬ સાંજે ૫ થી ૭ કલાકે
સ્થળઃ સોફિયા ભાભા ઑડીટોરિયમ, બ્રીચ કેન્ડી, મુંબઈ-૨૬



દશા શ્રીમાળી દેરાવાસી ઝાલાવાડી જૈન



હેમંતકુમાર મણિયાર

વઢવાણ નિવાસી હાલ મુંબઈ (ઉં.વ.૫૩) તા.૩-૧૦-૨૦૨૬, શનિવાર ના સમાધિપુર્વક અરિહંત શરણ પામેલ છે.

તેઓ અરુણાબેન દિનેશચંદ્ર લક્ષ્મીચંદ મણિયાર ના સુપુત્ર, કિરણબેન સુભાષભાઈ શાહ ના જમાઈ, શલાકાબેન ના પતિ, સાનિયા, સોહમ ના પિતાશ્રી, શ્રેયકુમાર ના સસરા, શીતલબેન અપુર્વભાઈશાહ, અમીષાબેન ભાવેશભાઈ ઝવેરી, અર્ચના – હાર્દિકભાઈના ભાઈ.

MANIAR - SHAH FAMILY

પ્રાર્થના સભા
રવિવાર, તા. ૦૪.૧૦.૨૦૨૬
સમય: સાંજે ૪.૦૦ થી ૫.૦૦
સ્થળ: ઈંડિયન મેડિકલ એસોસિએશન PVR જુહુ ની પાછળ, રુતુંભરા કોલેજ પાસે, જુહુ

લૌકિક વ્યવહાર બંધ છે


# સીજેપી આંદોલનમાં સગીરોઃ માનવ અધિકાર પંચની મુંબઈ પોલીસને નોટિસ

મુંબઈઃ મુંબઈમાં શિવાજી પાર્કમાં બીજી ઑક્ટોબરે યોજવામાં આવેલા સીજેપી આંદોલનમાં સગીરોને એકઠા કરવા અને તેમની સંડોવણીનો આરોપ કરતી ફરિયાદને પગલે રાષ્ટ્રીય માનવ અધિકાર પંચે (એનએચઆરસી) મુંબઈ પોલીસના વડા, મિનિસ્ટ્રી ઓફ ઇલેક્ટ્રોનિક્સ એન્ડ ઇન્ફોર્મેશન ટેક્નોલોજી તથા અન્ય સત્તાવાળાઓને નોટિસ મોકલી છે. તેમણે એક સપ્તાહમાં તેમની પાસેથી કાર્યવાહીના અહેવાલ પણ માગ્યા છે.

મુંબઈમાં યોજાયેલા આંદોલન સાથે કડી ધરાવતા આ સગીરોના ફોટોગ્રાફ્સ અને વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર સર્ક્યુલેટ થયા હોવાનો આરોપ ફરિયાદીએ કર્યો છે, એમ એનએચઆરસીએ જણાવ્યું હતું. ફરિયાદી સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરાયેલી પોસ્ટ્સનો ઉલ્લેખ કર્યો છે, જેમાં કથિત રીતે એક બાળકને રાષ્ટ્ર ધ્વજ અને પ્લેકાર્ડ સાથેના ટોળાની ઉપર ઊંચકીને રાખવામાં આવ્યું હોય તેવું દ્રશ્ય છે. એ દરમિયન સૂત્રોચ્ચાર કરવામાં આવી રહ્યા હતા અને અનેક લોકો પોતાના મોબાઇલમાં તેનું રેકોર્ડિંગ કરી રહ્યા હતા.

એવો દાવો કરવામાં આવ્યો છે કે ફરિયાદમાં કૉક્રોચ જનતા પાટી (સીજેપી) સાથે સંકળાયેલી હોવાનું વર્ણવવામાં આવેલી વ્યક્તિઓ દ્વારા બાળકોને તેમાં સામેલ કરવામાં આવ્યા હતા. આથી આયોજકો અથવા કોઓર્ડિનેટર્સ, સાથે રહેલા પુખ્ત વયના લોકો અને બાળકોને આ આંદોલનમાં લાવનાર, તેમને પ્રેરિત કરનાર, પ્રોત્સાહન આપનાર દરેક વ્યક્તિની ભૂમિકાની તપાસ કરવી જરૂરી છે, એમ જણાવાયું હતું. (પીટીઆઇ)■

# મુંબઈમાં ટોલ ટેક્સમાં વધારો

મુંબઈઃ મહારાષ્ટ્ર સ્ટેટ રોડ ડેવલપમેન્ટ કોર્પોરેશને શહેરમાં પ્રવેશવાના પાંચ મુખ્ય માર્ગો પરના ટોલ દરોમાં સુધારો કર્યો

હોવાથી પહેલી ઓક્ટોબરથી મુંબઈમાં પ્રવેશતા અને બહાર જતાં વ્યાવસાયિક વાહનો માટેના ટોલ ટેક્સમાં વધારો અમલી બન્યો છે.

સુધારેલા દરો મુજબ, મિની બસ અને હળવા વ્યાવસાયિક વાહનો માટે રૂ. ૭૫ ને બદલે ફેરા દીઠ રૂ. ૯૦ વસૂલવામાં આવશે. બસ અને ટ્રક માટેનો ટોલ રૂ. ૧૫૦ થી વધીને રૂ. ૧૮૦ થશે, જ્યારે ભારે વાહનોને રૂ. ૧૯૦ ને બદલે રૂ. ૨૨૫ ચૂકવવા પડશે. આ સુધારેલા દરો ઐરોલી, મુલુંડ એલ.બી.એસ., મુલુંડ ઈસ્ટર્ન એક્સપ્રેસવે, દહીસર અને વાશી જેવા મુંબઈના પાંચ મુખ્ય પ્રવેશ દ્વારો પર લાગુ થશે.

મુંબઈમાં આવતી-જતી ખાનગી કાર, એસયુવી, ટેક્સી, ઓટો રિક્ષા અને સરકારી બસો માટે કોઈ ટોલ ટેક્સ લાગશે નહીં. ટ્રાન્સપોર્ટરો આ વધારાથી નારાજ છે. તેમનું કહેવું છે કે ડીઝલ અને અન્ય ખર્ચ પહેલેથી વધી ગયા છે. હવે ટોલ વધવાથી માલસામાન મોકલવાનું ભાડું વધારવું પડશે, જેનાથી છેવટે બજારમાં સામાન મોંઘો થશે અને ગ્રાહકો પર બોજ પડશે.

એમએસઆરડીસીના જણાવ્યા અનુસાર, કમર્શિયલ વાહનોના માલિકો પાસે તેમના કુલ ટોલ ખર્ચને ઘટાડવા માટે અગાઉથી ટોલ કૂપન ખરીદવાનો વિકલ્પ રહેશે. ૫૦ કૂપન ખરીદનારાઓને ૨૫ ટકા ડિસ્કાઉન્ટ મળશે, જ્યારે ૧૦૦ કૂપન ખરીદનારાઓને ૫૦ ટકા ડિસ્કાઉન્ટ મળશે. ■

# ભૂમિ ત્રિવેદી 'રંગ રાસ નવરાત્રી ૨૦૨૬'માં ભારતના સૌપ્રથમ એઆઈ-સંચાલિત નવરાત્રી મ્યુઝિક વીડિયો પર પ્રસ્તુતિ આપશે

મુંબઈમાં નવરાત્રિનો ઉત્સવપૂર્ણ માહોલ નવી ઊંચાઈઓ સર કરવા જઈ રહ્યો છે, કારણ કે 'રંગ રાસ નવરાત્રિ ૨૦૨૬' તેની પાંચમી આવૃત્તિ સાથે પરત ફરી રહ્યું છે અને સંગીત, નૃત્ય, ભક્તિ તથા ઉત્સાહથી ભરેલા નવ દિવસોનું વચન આપે છે. આ ભવ્ય નવરાત્રિ મહોત્સવનું આયોજન એમએલસી શ્રી પ્રવીણ દરેકર અને 'હાઈટેક ઈવેન્ટ્સ' દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં 'મહાવીર કન્સ્ટ્રક્શન્સ'ના સ્થાપક પિનાકિન અને 'સુરભિ કન્સ્ટ્રકશન્સ'ના સ્થાપક મિતેશ શાહ પ્રાયોજક તરીકે જોડાયા છે. આ વર્ષની નવરાત્રિની ઉજવણીમાં એક નવું અને રોમાંચક પાસું ઉમેરતા, ભૂમિ ત્રિવેદી તેમનું સૌપ્રથમ એઆઈ-સંચાલિત નવરાત્રિ



ગીત રજૂ કરવા જઈ રહી છે, જે તેમની સંગીતયાત્રામાં એક નવીન અધ્યાયની શરૂઆત કરશે.

બહુમુખી પ્રતિભા ધરાવતા ગાયિકા ભૂમિ ત્રિવેદી કહે છે, હું મારી અને ભારતની સૌપ્રથમ નવરાત્રિ એઆઈ મ્યુઝિક વીડિયોને ટૂંક સમયમાં મારી યુટ્યુબ ચેનલ પર રિલીઝ કરવા તેમજ 'રંગ રાસ નવરાત્રિ'માં તેના પર પર્ફોર્મ કરવા માટે ખૂબ જ ઉત્સાહિત છું... બોરીવલી (પશ્ચિમ)ના ચીકુવાડી સ્થિત 'વિટી ઇન્ટરનેશનલ' ખાતે યોજાયેલી પત્રકાર પરિષદમાં એમએલસી પ્રવીણ દારેકર, પૂર્વ સાંસદ ગોપાલ શેટ્ટી અને ધારાસભ્ય સંજય ઉપાધ્યાય ઉપસ્થિત રહ્યા હતા.

રંગ રાસ નવરાત્રી ૨૦૨૬ની ઉજવણી ૧૧મીથી ૧૯મી ઓક્ટોબર ૨૦૨૬ દરમિયાન બાળાસાહેબ મનોરંજન ઉદ્યાન, ચીકુવાડી, બોરીવલી વેસ્ટ, મુંબઈ ખાતે યોજાશે. ■

# શિક્ષકના ઘરમાંથી ઘરેણાં-રૂપિયા ચોરાયાં

થાણેઃ થાણે જિલ્લામાં પુત્રનો જન્મદિન ઉજવવા માટે પરિવાર સાથે હૉટેલમાં ગયેલા શિક્ષકના ઘરમાંથી ૮.૯૭ લાખનાં સોનાનાં ઘરેણાં અને રોકડ ચોરાયાં હતાં. ડોંબિવલીમાં ૨૯ સપ્ટેમ્બરે ચોરીની આ ઘટના બની હતી, જેને પગલે શિક્ષકે નોંધાવેલી ફરિયાદને આધારે પોલીસે ચોરીનો ગુનો દાખલ કર્યો હતો. પોલીસ અધિકારીના જણાવ્યા અનુસાર ડોંબિવલી વિસ્તારમાં રહેતા શિક્ષક યોગેશ રમેશ ઘારેના પુત્રનો ૨૯ સપ્ટેમ્બરે જન્મદિવસ હતો. આથી પુત્રનો જન્મદિવસ ઉજવવા માટે યોગેશ ઘારે તેના પરિવાર સાથે નજીકની હૉટેલમાં ગયો હતો. જોકે એ સમયગાળામાં બેડરૂમની બારીની ગ્રીલ કાપીને ચોર અંદર ઘૂસ્યો હતો અને ચાર કબાટમાંનો સામાન અસ્તવ્યસ્ત કરીને સોનાનાં ઘરેણાં તથા રોકડ ચોરીને તે ફરાર થયો હતો. શિક્ષક તેના પરિવાર સાથે ઘરે પાછો ફર્યો ત્યારે બેડરૂમમાં સામાન અસ્તવ્યસ્ત હતો અને કબાટમાંથી ઘરેણાં-રોકડ ગાયબ હતાં. ઘરમાં ચોરી થઇ હોવાની ખાતરી થતાં તેણે સ્થાનિક પોલીસ સ્ટેશનમાં જઇને ફરિયાદ નોંધી હતી.■


આજે રાતે ૯ અસ્પી
બુ. ૯થી શરૂ. Ph. 8169845046
બુધ. તા. ૭ ઑક્ટો.રાતે ૯ પ્રબોધન ઠાકરે
Ph. 9321133145
રવિ. તા. ૧૧ ઑક્ટો. ૭.૩૦ તેજપાલ
તરોનીશ આર્ટ્સ નીલેશ દવે-સાહેબ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત લેખક: પંકજ ત્રિવેદી
સંબંધોની SECOND IINNINGS
નવી શરૂઆતની એક અનોખી સફર
નિર્માતા: મેહુલ જોશી-નીલેશ પટેલ વિનીત સોલંકી
દિગ્દર્શક: અનુરાગ પ્રપન્ન
★ નેહા પકાઈ, પ્રિયા વ્યાસ, મનીષ ગોધનિયા
લીના શાહ
પૃથ્વી પંચોલી
નીલેશ જોશી
SHOW CONTACT : 9699270184 - 9820080714 - 9821195796
Online Bkg.open on bookmyshow
KAAJAL ADS


# ગોરાઈ બીચ પર એસયુવીની અડફેટમાં ચાર મહિલાઓ ઈજાગ્રસ્ત

મુંબઈઃ મુંબઈના ગોરાઈ બીચ પર શુક્રવારે ભયાનક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. પૂરપાટ ઝડપે આવી રહેલી એક એસયુવીના ચાલકે કાબૂ ગુમાવતા પહેલા રસ્તા પર ઊભેલી રિક્ષાને ટક્કર મારી હતી અને ત્યારબાદ બીચ પર આવેલા લોકોના ટોળામાં ઘૂસી જતાં ચાર મહિલાઓ ગંભીર રીતે ઘાયલ થઈ હતી. અકસ્માત બાદ એસયુવી ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, એસયુવી ચલાવી રહેલા ૨૪ વર્ષીય શ્રેયસ શંકરલાલ ટેમ્બ્રેએ વાહન પરનો કાબૂ ગુમાવ્યો હતો. રિક્ષાને ટક્કર માર્યા બાદ પણ તેણે વાહન રોક્યું નહોતું અને પૂરપાટ ઝડપે આગળ વધતાં બીચ પર આવેલી મહિલાઓને અડફેટે લીધી હતી.

આ અકસ્માતમાં ચાર મહિલાઓને ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોમાં ૨૯ વર્ષીય દીપાલી ઉર્ફે જાસ્મિન સલીમ કુરેશીને જાંઘમાં ગંભીર ઈજા થઈ છે. જ્યારે ૩૧ વર્ષીય વિજેતા દીપચંદ ગુપ્તાના જમણા પગ અને કરોડરજ્જુમાં ગંભીર ઈજા થઈ હોવાનું જણાવાયું છે.

આ ઉપરાંત ૩૫ વર્ષીય જેનિફર પ્રદીપ સરકારને માથામાં ઈજા થઈ હતી અને તેમના માથામાંથી લોહી વહી રહ્યું હતું. જ્યારે ૨૫ વર્ષીય હેમા જયંતી સિંહના જમણા ખભા અને કોણીમાં ઈજા થઈ છે. ■

# 'ભારતને એક નવો હીરો મળ્યો'

## ઈઝરાયલના કોન્સ્યુલેટ જનરલે કેપ્ટન મચ્છરની પ્રશંસા કરતું બિલબોર્ડ લગાવ્યું

મુંબઈઃ મુંબઈમાં ઈઝરાયલના કોન્સ્યુલેટ જનરલે શુક્રવારે શહેરમાં એક બિલબોર્ડ લગાવ્યું હતું જેમાં ફ્લાયદુબઈના પાયલટ સ્મિત મચ્છરની પ્રશંસા કરવામાં આવી હતી. તેમણે ઈઝરાયલ જતી ફ્લાઈટને કથિત રીતે ક્રેશ કરવાના તેમના સહ-પાયલટના પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો.

મુંબઈમાં ઈઝરાયલના કોન્સ્યુલ જનરલ યાનિવ રેવાચે એક્સ પર એક પોસ્ટમાં કહ્યું, ''ભારતને એક નવો હીરો મળ્યો છે અને ઈઝરાયલ તેમનું નામ ક્યારેય નહીં ભૂલેઃ કેપ્ટન સ્મિત મચ્છર! આભાર, કેપ્ટન સ્મિત! જલ્દી સાજા થઈ જાઓ. ઈઝરાયલ તમારું સ્વાગત કરવા માટે રાહ જોઈ રહ્યું છે.'' તેમણે બિલબોર્ડની એક તસવીર પણ પોસ્ટ કરી હતી જેમાં સંદેશ હતોઃ ''લોકોના જીવ બચાવવા બદલ કેપ્ટન સ્મિતનો આભાર. અમે તમારા ઝડપી સ્વસ્થ થવાની કામના કરીએ છીએ.'' ■

# ...તો મુંબઈમાં સિનેમાની ટિકિટ મોંઘી થશેઃ મનોરંજન વેરો વધારવાનો પ્રસ્તાવ

મુંબઈઃ મુંબઈમાં સિનેમા જોવા જનારાઓના ખિસ્સા પર ટૂંક સમયમાં વધારાનો બોજ પડી શકે છે. બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (બીએમસી) દ્વારા સિનેમા શોના મનોરંજન કરમાં મોટો વધારો કરવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. આ દરખાસ્ત અમલમાં આવે તો શહેરમાં ફિલ્મની ટિકિટ સરેરાશ રૂ. ૫થી ૧૦ સુધી મોંઘી થવાની શક્યતા છે.

હાલ મુંબઈમાં મલ્ટિપ્લેક્સ માટે મનોરંજન કર પ્રતિ શો રૂ. ૬૦ વસૂલવામાં આવે છે. પાલિકાએ આ રકમ વધારીને રૂ. ૪૦૦ પ્રતિ શો કરવાની દરખાસ્ત કરી છે. એટલે કે પ્રતિ શો કરમાં સીધો રૂ. ૩૪૦નો વધારો થશે અને વર્તમાન દરની સરખામણીએ આ વધારો લગભગ સાત ગણો છે. આ પ્રસ્તાવથી સિનેમા એક્ઝિબિટર્સમાં ચિંતા ઊભી થઈ છે.

મહત્વની બાબત એ છે કે આ મનોરંજન કર પ્રતિ ટિકિટ નહીં, પરંતુ પ્રતિ શો વસૂલવામાં આવે છે. એક્ઝિબિટર્સ અને ફિલ્મ નિર્માતાઓનું માનવું છે કે વધારાનો ખર્ચ આખરે દર્શકો સુધી પહોંચાડવામાં આવી શકે છે.એક ન્યુઝ એજન્સી સાથેની વાતચીત દરમિયાન એક એક્ઝિબિટરે નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે પ્રતિ શો રૂ. ૩૪૦ના વધારાનો બોજ ગ્રાહકો પર નાખવામાં આવી શકે છે, જેના પરિણામે ટિકિટના ભાવમાં રૂ. ૫થી ૧૦ સુધીનો વધારો થઈ શકે છે. મુંબઈમાં મલ્ટિપ્લેક્સ તેમજ સિંગલ-સ્ક્રીન સિનેમાઘરોની મોટી સંખ્યા છે અને શહેરમાં ફિલ્મની સરેરાશ ટિકિટ કિંમત પહેલેથી જ દેશની રાષ્ટ્રીય સરેરાશ કરતાં નોંધપાત્ર રીતે વધારે છે. આવી સ્થિતિમાં મનોરંજન કરમાં વધારો થાય તો ફિલ્મપ્રેમીઓ માટે સિનેમા જોવાનો કુલ ખર્ચ વધુ વધી શકે છે. મુંબઈ દેશના ફિલ્મ બિઝનેસ માટે પણ અત્યંત મહત્વનું બજાર છે. ■






# ખારઘરની કૉલેજ નજીકના સ્મોક શોપ પર દરોડો

નવી મુંબઈઃ આઈટીએમ કોલેજથી માત્ર ૫૦ મીટરના અંતરે ચાલતી એક સ્મોક શોપ અંગે સ્થાનિક રહેવાસીઓએ વ્યક્ત કરેલી ચિંતાઓને પગલે શુક્રવારે 'એન્ટી-નાર્કોટિક્સ સેલ' દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો. આ કાર્યવાહી દરમિયાન પોલીસે અંદાજે ₹૯૨,૦૦૦ની કિંમતના હુક્કા ફ્લેવર્સ અને સંબંધિત સામગ્રી જપ્ત કરી હતી.

શિક્ષણ સંસ્થાની આટલી નજીક હુક્કા અને તમાકુના ઉત્પાદનોની ઉપલબ્ધતા અંગે રહેવાસીઓએ ચિંતા વ્યક્ત કરી હતી. એન્ટી-નાર્કોટિક્સ સેલને મળેલી માહિતીના આધારે, સિનિયર પોલીસ ઇન્સ્પેક્ટર સંદીપ નિગડેના નેતૃત્વમાં એક ટીમે ૨ ઓક્ટોબરના રોજ બપોરે લગભગ ૧૨:૩૦ વાગ્યે સેક્ટર-૪ સ્થિત 'ભૂમિ ટાવર'માં આવેલી 'ધ સ્મોક શોપ' પર દરોડો પાડ્યો હતો.

પોલીસને દુકાનમાંથી વિવિધ બ્રાન્ડના તમાકુ-આધારિત હુક્કા ફ્લેવર્સના કેન, છ હુક્કા પોટ્સ અને ચાર હુક્કા પાઈપ્સ મળી આવ્યા હતા. જપ્ત કરાયેલી સામગ્રીની કિંમત અંદાજે ₹૯૨,૦૦૦ હતી.

પોલીસે દુકાનના માલિક મોહમ્મદ તાજુદ્દીન અબ્દુલ્લા (૨૨) વિરુદ્ધ ખારઘર પોલીસ સ્ટેશનમાં ઈઘઝઙઅ (સિગારેટ અને અન્ય તમાકુ ઉત્પાદન અધિનિયમ) હેઠળ કેસ નોંધ્યો છે અને તેને કસ્ટડીમાં લીધો છે. ■


આજે સાંજે ૭.૩૦ તેજપાલ
બુ./ટેલી બુ. આખો દિવસ Ph. 9819928509
ONLINE: bookmyshow
જાદવજીનો જાદૂ ચાલે તો ના કરવી પડે કોશિશ પરણેલાને પ્રીત મળે ને કુંવારાને કીસ...
માંગુ વીસ આપે ત્રીસ જય દ્વારકાધીશ
મનોરંજનનું મોરપીંછ
સંજય ગોરડિયા પ્રોડક્શન્સ
વિશાલ ગોરડિયા પ્રસ્તુત
વિનોદ સરવૈયા લિખિત
સંજય ગોરડિયા દિગ્દર્શિત-અભિનિત
Show Cont: 9820437187
Deepak Somaiya

SMD Production
સાહેબ કૌસ્તુભ ત્રિવેદી પ્રસ્તુત
નીલેશ દવે-વિનીત સોલંકી નિર્મિત
મૂળ લેખક: પ્રવીણ સોલંકી
અનુરાગ પ્રપન્ન દિગ્દર્શિત
★ દિપાલી ભૂતા, દેવ જોશી, ધ્વનિ ભટ્ટ, મીત જોશી, હિમાંશી માંડલિયા
Online Bkg.open on bookmyshow
SHOW CONTACT : 9699270184 - 9820080714
આજે બપોરે 3.30 તેજપાલ બુ. ૯થી શરૂ. Ph. 9819928509
રાતે ૯ પ્રબોધન ઠાકરે બુ. ૯ શરૂ. Ph. 9022265381
પ્રેક્ષકો અને દરેક સંસ્થાએ હોંશેહોંશે "વેવાઈ" ને વધાવી લીધા.
આ વેવાઈનું કાંઈ કે'વાય નહીં..
AA VEVAI NUU KAI KEVAI NAI
વિપુલ વિઠલાણી અભિનીત
KAAJAL ADS


# નાશિક એરપોર્ટનું નામ બદલવાની માંગ

પુણે/નાશિકઃ મહારાષ્ટ્રના નાશિક અને ત્ર્યંબકેશ્વરમાં આગામી સિંહસ્થ કુંભ મેળાની શરૂઆત પહેલાં સંત સમાજે સ્થાનિક એરપોર્ટનું નામકરણ કરવાની માંગ કરી છે. વિરક્ત સાધુ સમાજ નાસિક મંડળ ટ્રસ્ટ અને શ્રી ક્ષેત્ર નાસિક આદ્ય સંત મહંત મંડળ નાસિક ચેરિટેબલ ટ્રસ્ટે ઓઝર એરપોર્ટનું સત્તાવાર નામ બદલીને જટાયુ એરપોર્ટ, નાસિક કરવાની માંગણી કરી હતી. તેમણે પોતાની આ માંગ પાછળ રામાયણ સાથે શહેરના ધાર્મિક અને સાંસ્કૃતિક જોડાણનો ઉલ્લેખ કર્યો હતો. સિંહસ્થ કુંભ મેળો ૩૧ ઓક્ટોબર ૨૦૨૬ થી શરૂ થઈ રહ્યો છે અને ૨૪ જુલાઈ ૨૦૨૮ ના રોજ પૂર્ણ થશે. નાસિક અને ત્ર્યંબકેશ્વરમાં આગામી સિંહસ્થ કુંભ મેળાની સત્તાવાર શરૂઆત ધ્વજારોહણથી થશે. આ ધ્વજારોહણ ૩૧ ઓક્ટોબરે રામકુંડ (પંચવટી) અને ત્ર્યંબકેશ્વરમાં, પ્રથમ અમૃત સ્નાન ૨ ઓગસ્ટે, બીજું અમૃત સ્નાન ૩૧ ઓગસ્ટે, ત્રીજું અને અંતિમ અમૃત સ્નાન ૧૧ સપ્ટેમ્બરે ત્ર્યંબકેશ્વરમાં થશે. ■


ખાદી અને ગ્રામ ઉદ્યોગ કમિશન
મંત્રાલય MSME (ભારત સરકાર)
સી.બી.કોરા ઇન્સ્ટીટયુટ, સીંપોલી વિલેજ, મ્યુનીસીપલ સ્કુલની સામે, બોરીવલી (પશ્ચિમ)
સરકારી પ્રમાણપત્ર
મધુબની, ગોંડ પેંટીંગ કોર્સ
શરૂઆત :- ૧૦ ઑક્ટોબર પ્રેક્ટીસ સાથે
(૩ રવિવાર અને ૧ શનિવાર)
ઉપરના બન્ને કોર્સ કલર સાથે દિવાલીનો કંદીલ ઉપર શીખવાડુશં
હર્ષલા હેમંત સાવંત ૯૬૫૩૪૯૪૯૫૦
૮૬૯૩૦૯૮૧૮૧ / ૯૮૨૦૦૮૪૫૫૮

INDUSTRIAL UNIT IN GIDC SARIGAM FOR SALE
150 KM from Mumbai, with drainage facilities of CETP, GIDC soft Water & live 250 H P Power. 3120 Sq. Mtr Plot area having Factory Shed constructed around 33000 Sq. Ft area, suitable for Chemical Industries also. All compliance approved by Govt authorities.
Contact: 9924021230
E Mail: kurup@systematicltd.com & ashwani@systematicltd.com

# શંકરસિંહ વાઘેલાના નિવેદનથી વિવાદ વકર્યો: રાજકોટ બ્રહ્મ સમાજમાં રોષ, આગેવાનોની આંદોલનની ચીમકી

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટ: ગુજરાતના પૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ નર્મદા જિલ્લાના સાગબારા ખાતેના કાર્યક્રમમાં બ્રાહ્મણ, પાટીદાર અને વાણિયા સમાજ અંગે કરેલી ટિપ્પણીને લઈને વિવાદ વકર્યો છે. વાઘેલાના નિવેદન સામે રાજકોટ સહિત ગુજરાતના બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા વિરોધ નોંધાવવામાં આવી રહ્યો છે. તાજેતરના અહેવાલોમાં પણ આ નિવેદનને લઈને બ્રહ્મ સમાજ દ્વારા વિરોધ અને આંદોલનની ચીમકી આપવામાં આવી હતી. બ્રાહ્મણ સમાજના આગેવાન હિરેન જોશીએ વાઘેલાના નિવેદનને સખત શબ્દોમાં વખોડી કાઢતાં જણાવ્યું હતું કે, નિવેદન પરથી માનસિકતા સ્પષ્ટ થાય છે. તેમણે આ નિવેદનને લઈને વાઘેલા તાત્કાલિક પોતાનું નિવેદન પરત ખેંચે અને સમાજની માફી માગે તેવી માગ કરી હતી. ૦હિરેન જોશીના જણાવ્યા મુજબ, બ્રાહ્મણ સમાજ સહિત પાટીદાર અને વાણિયા સમાજ અંગે કરવામાં આવેલી આવી ટિપ્પણી સ્વીકાર્ય નથી. તેમણે કહ્યું હતું કે, શંકરસિંહ વાઘેલા જેવા પીઢ રાજકીય નેતા દ્વારા સમાજ અંગે નિવેદન આપતી વખતે વધુ જવાબદારીપૂર્વક ભાષાનો ઉપયોગ થવો જોઈએ. બ્રહ્મ સમાજના આગેવાનોએ માગ કરી હતી કે, વાઘેલા તાત્કાલિક પોતાનું નિવેદન પરત ખેંચી માફી માગે. જો માફી નહીં માગવામાં આવે તો આગામી દિવસોમાં સમાજના અગ્રણીઓ સાથે ચર્ચા કરી આંદોલન અંગેની રણનીતિ નક્કી કરવામાં આવશે તેવી ચીમકી પણ આપવામાં આવી છે. બ્રહ્મ સમાજના આગેવાનો દ્વારા વાઘેલાના નિવેદનને રાજકીય પ્રયાસ તરીકે પણ જોવામાં આવી રહ્યું છે. હિરેન જોશી સહિતના આગેવાનોએ આક્ષેપ કર્યો હતો કે, નકારાત્મક પબ્લિસિટી મેળવવા અને ફરી રાજકીય લાઇમલાઇટમાં આવવા માટે આવું નિવેદન કરવામાં આવ્યું હોઈ શકે છે. આ બાબતને તેઓ પોતાનો અભિપ્રાય અને આક્ષેપ તરીકે રજૂ કરી રહ્યા છે. બ્રહ્મ સમાજના આગેવાનોએ સ્પષ્ટ કર્યું હતું કે શંકરસિંહ વાઘેલા ગુજરાતના હિત અને વિકાસના મુદ્દે રાજકારણમાં સક્રિય થાય તો તેમનું સ્વાગત છે, પરંતુ સમાજોમાં વર્ગવિગ્રહ ઊભો થાય તે પ્રકારનાં નિવેદનો સામે સમાજ વિરોધ નોંધાવશે. ■

## માફી માગવાનો સવાલ જ નથી: શંકરસિંહ વાઘેલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતના ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન શંકરસિંહ વાઘેલાએ એક સંમેલનમાં કરેલા નિવેદન બાદ વિવાદ જાગી ઊઠ્યો હતો ત્યારે આ મામલે તેમણે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે શંકરસિંહ વાઘેલા ક્યારેય પોતે કહેલા વચનથી ફરતો નથી. માફી માગવાનો કોઈ સવાલ જ નથી. તેમણે એમ પણ કહ્યું હતું કે મેં જે કહ્યું હતું તેનો ખોટી રીતે ભાજપે વિરોધ ઊભો કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે બ્રહ્મ સમાજ કે પટેલ સમાજ અથવા કોઈપણ સમાજનો હું વિરોધી નથી. તેમણે ચેતવણી પણ આપી હતી કે મારી વિરુદ્ધ અનાપ શનાપ બોલશો નહીં. અત્રે ઉલ્લેખનીય છે કે કોંગ્રેસમાં 'ઘરવાપસી'ની ચર્ચા વચ્ચે શંકરસિંહ વાઘેલા વિવાદમાં સપડાયા છે. જેમાં શંકરસિંહ વાઘેલાએ નર્મદા જિલ્લાના સાગબારામાં જનસભાને સંબોધન કરવા દરમિયાન મેલું ઉપાડવા સંબંધિત ટિપ્પણી કરતાં બ્રહ્મ સમાજે નારાજગી વ્યક્ત કરી હતી.

# મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ માટે સાબરમતી નદી પર પુલનું બાંધકામ પૂરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: બુલેટ ટ્રેનની રાહ જોઈ રહેલા લોકો માટે ખુશખબર છે. શહેરમાં સાબરમતી નદી પર ૪૮૦ મીટર લાંબા પુલનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું છે, તેવી માહિતી કેન્દ્ર સરકારે આપી હતી. આ પુલ અંગે આપવામાં આવેલી માહિતી અનુસાર આશરે ૩૬ મીટર ઊંચો આ પુલ ૧૨ માળની ઇમારત જેટલો ઊંચો છે (આશરે ૧૧૮ ફૂટ) અને અમદાવાદમાં બુલેટ ટ્રેન કોરિડોરના મુખ્ય માળખાકીય કાર્યોમાંનો એક છે. આ પુલ પશ્ચિમ રેલવેની અમદાવાદ-દિલ્હી મુખ્ય રેલવે લાઇનની નજીક આવેલો છે, જે જમીન સ્તરથી આશરે ૧૪.૮ મીટરની ઊંચાઈ પર છે.

આ પુલ સાબરમતી અને અમદાવાદ બુલેટ ટ્રેન સ્ટેશન વચ્ચે આવેલો છે. તે સાબરમતી સ્ટેશનથી આશરે ૧ કિલોમીટર અને અમદાવાદ સ્ટેશનથી આશરે ૪ કિલોમીટરના અંતરે છે.

મુંબઈ-અમદાવાદ હાઈ સ્પીડ રેલ કોરિડોરનું અલાઇનમેન્ટ અમદાવાદમાં અનેક વર્તમાન માળખાકીય સુવિધાઓ, જેમ કે ફ્લાયઓવર, પુલ, રેલવે લાઇન અને મેટ્રો કોરિડોરને પાર કરે છે. હાલની માળખાકીય સુવિધાઓથી જરૂરી વર્ટિકલ ક્લિયરન્સ જાળવવા માટે સાબરમતી નદી પુલના પિયર્સની ઊંચાઈ વધુ રાખવામાં આવી છે.

આ પુલમાં ૦૮ સર્ક્યુલર પિયર્સ છે, જેનો વ્યાસ ૬ થી ૬.૫ મીટરની વચ્ચે છે. તેમાંથી ૦૪ પિયર્સ નદીના પટમાં, ૦૨ પિયર્સ નદીના બંને કિનારા પર દરેક તરફ ૦૧, જ્યારે ૦૨ પિયર્સ નદીના કિનારાની બહાર આવેલા છે. પિયર્સની વ્યૂહાત્મક ગોઠવણીથી નદીના જળપ્રવાહમાં ઓછામાં ઓછો અવરોધ રહે તે સુનિશ્ચિત કરવામાં મદદ મળી છે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરના મોટા ભાગના નદી પુલોમાં આશરે ૪૦ મીટરના નાના સ્પાન છે, જ્યારે સાબરમતી નદી પુલમાં ૫૦ થી ૭૬ મીટર સુધીના લાંબા સ્પાન બનાવવામાં આવ્યા છે. આથી નદીના પટમાં જરૂરી પિયર્સની સંખ્યા ઘટાડવામાં મદદ મળી છે.

આ પુલમાં ૭૬ મીટરના પાંચ સ્પાન અને ૫૦ મીટરના બે સ્પાનનો સમાવેશ થાય છે. દરેક સ્પાનમાં ૨૩ સેગમેન્ટ છે, જેનું કાસ્ટિંગ બાંધકામ સ્થળ પર જ ઇન-સિટુ કરવામાં આવ્યું છે. આ સેગમેન્ટના બાંધકામ માટે ઉચ્ચ સ્તરની પ્રિસિઝન એન્જિનિયરિંગ, કુશળ માનવબળ તેમજ દરેક તબક્કે ગુણવત્તાની ચકાસણી જરૂરી રહી છે.

મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં કુલ ૨૫ નદી પુલ છે, જેમાંથી ૨૧ ગુજરાતમાં અને ૪ મહારાષ્ટ્રમાં છે. ગુજરાતમાં નિર્ધારિત ૨૧ નદી પુલોમાંથી ૧૮નું બાંધકામ હવે પૂર્ણ થઈ ગયું છે. ■

# માતા-પિતાની વચ્ચે સૂતેલા ત્રણ વર્ષના બાળકને દીપડો ઉઠાવી ગયો, ખેતરમાંથી મળ્યો મૃતદેહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ઉના: ગીરગઢડા તાલુકાના સણોસરી ગામના ખંભાળા વિસ્તારમાં દીપડાના હુમલાની કરુણ ઘટનાએ સમગ્ર પંથકને હચમચાવી દીધું હતું. સણોસરીના ખંભાળા વિસ્તારમાં બાલુભાઈ ભગુભાઈ કાતરીયાની વાડીમાં ગોધરાના ગિરીશભાઈ બામણીયાનો પરિવાર છેલ્લા દોઢથી બે મહિનાથી ખેતમજૂરી માટે રહેતો હતો. આશરે રાત્રે સાડા નવથી દસ વાગ્યાના અરસામાં પરિવાર ધાબા પર સૂવા ગયો હતો. મધરાત બાદ અચાનક દીપડો ધાબા પર પહોંચ્યો અને ત્રણ વર્ષના ચેતનને ઉઠાવીને નજીકના ખેતર તરફ ભાગ્યો હતો.

પિતાએ બાળકને બચાવવા પ્રતિકાર કર્યો, પરંતુ દીપડો ચેતનને લઈને નીચે ઉતરી ગયો હતો. પરિવારજનોની બૂમાબૂમ બાદ ગ્રામજનો એકત્ર થયા અને રાત્રિના અંધકારમાં શોધખોળ શરૂ કરવામાં આવી. વન વિભાગની ટીમ પણ ઘટનાસ્થળે પહોંચી હતી. સઘન સર્ચ દરમિયાન નજીકના જુવારના ખેતરમાંથી ચેતનનો મૃતદેહ મળી આવ્યો હતો. બાળકના શરીર પર ગંભીર ઈજાઓ સાથે સ્થળેથી દીપડાના પંજાના તથા લોહીના નિશાન મળ્યા હતા.

બાળક પર હુમલા બાદ વન વિભાગે તાત્કાલિક ચાર જેટલા પાંજરા ગોઠવી શોધખોળ હાથ ધરી હતી. સ્થાનિકોના સહયોગથી આશરે એક કલાકમાં એક દીપડો પાંજરે પુરાયો હતો. હાલ અન્ય પાંજરા પણ કાર્યરત રાખવામાં આવ્યા છે અને હુમલો કરનાર દીપડો કયો છે તે અંગે તપાસ ચાલી રહી છે.

પોસ્ટમોર્ટમ સહિતની કાર્યવાહી બાદ ચેતનનો મૃતદેહ પરિવારને સોંપાયો હતો. ત્યારબાદ પરિવાર માસૂમના મૃતદેહ સાથે ગોધરા રવાના થયો હતો. રોજીરોટી માટે વતનથી દૂર આવેલા પરિવારની ખુશી એક જ રાતમાં માતમમાં ફેરવાઈ ગઈ હતી. ■

# યુસીસી: લિવ-ઈન રિલેશનશિપથી જન્મેલા બાળકને મળશે કાયદાનું કવચ, રજિસ્ટ્રેશન માટે કડક નિયમો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: પહેલી ઓક્ટોબરના રોજ ગુજરાત સરકારના ગેઝેટમાં પ્રકાશિત થયેલા ગુજરાત સમાન નાગરિક સંહિતા, ૨૦૨૬ એટલે કે ગુજરાત યુનિફોર્મ સિવિલ કોડ-૨૦૨૬ લગ્ન, છૂટાછેડા, વારસાગત હક, વસિયતનામા અને લિવ-ઈન રિલેશનશિપને આવરી લેવામાં આવ્યા છે. આ કાયદાને ૧૭ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ રાષ્ટ્રપતિની મંજૂરી મળી હતી, પરંતુ તે રાજ્ય સરકાર દ્વારા અલગથી જાહેર કરવામાં આવનારી તારીખથી જ અમલમાં આવશે, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

આ યુસીસીના નિયમોમાં લિવ ઈન રિલેશનશિપ અંગેની જોગવાઈઓનો પણ સમાવેશ થાય છે.

લિવ-ઇન રિલેશનશિપ માટે એક અલગ કાનૂની માળખું ઊભું કરવામાં આવ્યું છે. ગુજરાતમાં આવા સંબંધોમાં રહેતા બે વ્યક્તિએ રજિસ્ટ્રાર સમક્ષ એક નિવેદન રજૂ કરવું આવશ્યક રહેશે. આ બન્ને વ્યક્તિ ગુજરાતના વતની હોય કે ન હોય તેમણે નિવેદન રજૂ કરવું પડશે. રાજ્યની બહાર લિવ-ઇન રિલેશનશિપમાં રહેતા ગુજરાતના રહેવાસીઓ પણ સંબંધિત રજિસ્ટ્રાર સમક્ષ આવું નિવેદન રજૂ કરી શકે છે, તેમ સૂત્રોએ જણાવ્યું હતું. રજિસ્ટ્રાર તપાસ હાથ ધરશે અને જરૂર જણાશે તો વધારાની માહિતી અથવા પુરાવા પણ માગી શકે છે. નોંધણીની પ્રક્રિયા ૩૦ દિવસની અંદર પૂર્ણ કરવાની અપેક્ષા છે, નહીતર રજિસ્ટ્રારે નોંધણી નકારવા માટેના કારણો જણાવવા પડશે.

કાયદામાં એવી જોગવાઈ પણ છે કે લિવ-ઇન રિલેશનશિપ દરમિયાન જન્મેલા બાળકને તે યુગલના કાયદેસરના સંતાન તરીકે ગણવામાં આવશે. જોકે સરકારે રજિસ્ટ્રેશન માટે અમુક નિયમો પણ બનાવ્યા છે. લિવ-ઇન રિલેશનશિપની નોંધણી ત્યારે થઈ શકતી નથી જ્યારે કોઈ એક પાર્ટનર પહેલેથી જ પરિણીત હોય અથવા અન્ય કોઈ નોંધાયેલી લિવ-ઇન રિલેશનશિપમાં હોય, કોઈ એક પાર્ટનર સગીર હોય અથવા સંબંધો અમુક પ્રતિબંધિત શ્રેણીમાં આવતા હોય, તેવી માહિતી સૂત્રોએ આપી હતી.

લિવ-ઇન' રિલેશનની નોંધણીની જોગવાઈઓમાં અમુક સંજોગોમાં પોલીસ અથવા માતા-પિતાની સાથે સંપર્ક સાધવાની પણ પરવાનગી છે. રજિસ્ટ્રાર સમક્ષ રજૂ કરવામાં આવેલા નિવેદનો રેકોર્ડ માટે સ્થાનિક પોલીસ સ્ટેશનને મોકલવાના હોય છે. જો બંનેમાંથી કોઈ પણ પાર્ટનરની ઉંમર ૨૧ વર્ષથી ઓછી હોય, તો રજિસ્ટ્રારે માતા-પિતા કે વાલીઓને પણ જાણ કરવી જરૂરી છે. જો રજિસ્ટ્રારને સંબંધ શંકાસ્પદ લાગે અથવા તે સંબંધ પ્રતિબંધિત શ્રેણીમાં આવતો હોવાનું જણાય, તો યોગ્ય કાર્યવાહી માટે પોલીસને જાણ કરવામાં આવી શકે છે.

આજકાલ ઘણા લોકો લિવ ઈન રિલેશનશિપમાં રહે છે અથવા રહેવા માગે છે, પરંતુ આ વ્યવસ્થા ઘણા કાયદાકીય પ્રશ્નો ઊભા કરતી હોય છે, ત્યારે ગુજરાત સરકારે આ માટે એક ખાસ ફ્રેમવર્ક ઊભું કર્યું છે. ■

# ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણી વિરુદ્ધ એફઆઈઆર કરવા અરજી: ચૂંટણીમાં ટિકિટ માટે ચાર લાખ લીધાનો આક્ષેપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: કૉંગ્રેસના વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીની મુશ્કેલીઓ વધે તેવી શક્યતા છે.

રાજસ્થાન વિધાનસભા ચૂંટણી દરમિયાન ટિકિટ આપવાનું કહી કથિત રીતે રૂ. ૪ લાખ લીધા હોવાનો આક્ષેપ તેમના પર કરવામાં આવ્યો છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર યાકુબ શેરશિયાએ કરેલી અરજી અનુસાર તેમના મિત્રને ચૂંટણીની ટિકિટ આપવા માટે રૂ.૨૫ લાખની માગણી મેવાણીએ કરી હતી. ત્યારબાદ રૂ. ૧૪ લાખમાં ટિકિટ આપવાનું નક્કી થયું હતું અને તેમાંથી રૂ. ૪ લાખ પાલનપુર સર્કિટ હાઉસ ખાતે આપવામાં આવ્યા હતા, તેવો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. આ પૈસા પરત કરવામાં આવ્યા ન હતા તેવો આક્ષેપ પણ તેમણે કર્યો હતો. હવે સમગ્ર મામલે પોલીસ તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવાની માગ કરવામાં આવી છે.

પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે કરાયેલી અરજીમાં અરજદારે સમગ્ર મામલાની તપાસ કરીને જિજ્ઞેશ મેવાણી સામે એફઆઈઆર નોંધવાની માગ કરી છે. શેરશિયા ટોકરીયા ગામના સરપંચ રહી ચૂક્યા છે અને તેમના આ આક્ષેપોએ રાજકારણમાં ગરમાટો લાવી દીધો છે. ■

# નવરાત્રિના વાગ્યાં નગારાં: ઢોલ-નગારાં,તબલા, જાજ પખાજ જેવાં વાદ્યોના ભાવોમાં ૪૦ ટકાનો ઉછાળો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: આદ્યશક્તિની ઉપાસનાના મહાપર્વ નવરાત્રિ પૂર્વે કચ્છના કલાજગત અને બજારોમાં ભારે ચહલપહલ જોવા મળી રહી છે. જોકે, આ ઉત્સાહની પાછળ એક ઘેરી ચિંતા પણ છુપાયેલી છે. કચ્છના જળસ્રોત સમાન ઐતિહાસિક હમીરસર તળાવ આ વર્ષે ઓછા વરસાદને કારણે ન ભરાતાં નગરજનોમાં ઊંડો વસવસો જોવા મળી રહ્યો છે. દુષ્કાળ જેવી ગંભીર પરિસ્થિતિ વચ્ચે વૈશ્વિક અને સ્થાનિક પ્રતિકૂળતાઓની સીધી અસર નવરાત્રિની રોનક પર પડી રહી છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝ પર સર્જાયેલા અવરોધો તેમજ દક્ષિણ ગુજરાતના ડાંગ અને વલસાડ પંથકમાં પડેલા અતિભારે વરસાદને કારણે વાદ્યો બનાવવા માટેના કાચા માલની ભારે તંગી સર્જાઈ છે. ઉપરાંત, પર્યાવરણીય ક્ષતિ અને વૃક્ષોના નિકંદનને લીધે સાગ અને સીસમ જેવા લાકડાની અછત વર્તાઈ રહી છે. આ તમામ પરિબળોના સંયુક્ત પ્રભાવથી પરંપરાગત ઢોલ, નગારાં, તબલાં, પખવાજ અને ઝાંઝ જેવા દેશી વાદ્યો સહિત હાર્મોનિયમ, ગિટાર, વાયોલિન અને ઓક્ટોપેડ જેવાં અદ્યતન સંગીત સાધનોના ભાવોમાં ૪૦ ટકા જેટલો ધરખમ ઉછાળો નોંધાયો છે.

ભાવવધારાના આ કપરા દોરમાં પણ ભુજ અને આસપાસના વિસ્તારોમાં વાદ્યોની માંગમાં કોઈ ઓટ આવી નથી. ભુજ શહેરની ભૌગોલિક સીમાઓ ખૂબ જ ઝડપથી વિસ્તરી રહી છે.

ચારેતરફ નવી રહેણાંક સોસાયટીઓ અને વસાહતો ઊભી થતાં આ વર્ષે નવરાત્રિ દરમિયાન નાની-મોટી ગરબીઓ અને સાંસ્કૃતિક આયોજનોની સંખ્યામાં મોટો વધારો થયો છે. નવી વસાહતોમાં આયોજનો વધતાં વાદ્યોની નવી માંગ પણ બમણી ગતિએ વધી હોવાનું જાણીતા કસબી જીતેન્દ્ર રાજારામે જણાવ્યું હતું. ■

## ગુજરાત સરકારે જીસીસી નીતિ ૨૦૨૫-૩૦ના અમલ માટે ઓપરેશનલ ગાઈડલાઈન્સ ૧.૦ બહાર પાડી

અમદાવાદ: મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળ રાજ્ય સરકારે ગુજરાતમાં ગ્લોબલ કેપેબિલિટી સેન્ટરના વિકાસને નવો વેગ આપવા વધુ એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર (જીસીસી) પૉલિસી ૨૦૨૫-૩૦ના અસરકારક અમલ માટે ઑપરેશન ગાઈડલાયન્સ ૧.૦ જાહેર કરવામાં આવી છે. આ માર્ગદર્શિકા દ્વારા જીસીસીની ઓળખ, પાત્રતા, નવા સેન્ટરની સ્થાપના, હાલના સેન્ટરના વિસ્તરણ અને વિવિધ પ્રોત્સાહક સહાય મેળવવાની પ્રક્રિયા માટે સ્પષ્ટ માળખું નક્કી કરાયું છે. રાજ્ય સરકારના જણાવ્યા અનુસાર જાહેર કરાયેલી આ માર્ગદર્શિકાની વિશેષતા એ છે કે ઇન્સેન્ટિવ માટેની અરજીથી લઈને ક્લેમની ચકાસણી અને ચુકવણી સુધીની કામગીરી એક જ ડિજિટલ પ્લેટફોર્મ પર થશે. પૉલિસી સંબંધિત માહિતી પણ પોર્ટલ પર ઉપલબ્ધ કરાવવામાં આવશે. ■

# વડોદરાના કરજણમાં સીએનજી કારની ટેંક ભરતી વખતે ભડકો, જાનહાનિ ટળી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરા જિલ્લાના કરજણ નજીક નેશનલ હાઈવે-૪૮ પર આવેલા એક પેટ્રોલ અને સીએનજી (સીએનજી) પંપ પર, રિફ્યુઅલિંગ દરમિયાન એક કારની સીએનજી ટાંકીમાં વિસ્ફોટ થતાં દોડભાગ મચી ગઈ હતી.

પ્રાથમિક માહિતી મુજબ, એક વાહનચાલક સીએનજી (સીએનજી) ભરાવવા માટે પંપ પર રોકાયો હતો. જ્યારે પંપનો કર્મચારી નોઝલ દ્વારા ગેસ ભરી રહ્યો હતો, ત્યારે વાહનની સીએનજી ટાંકીમાં અચાનક જોરદાર વિસ્ફોટ થયો હતો.

મળતી માહિતી મુજબ, વિસ્ફોટ સમયે બે વ્યક્તિઓ કારની સામે ઊભા હતા. આ વિસ્ફોટને કારણે વાહનનો પાછળના ભાગના કૂરચા ઊડી ગયેલા હતા અને ધાતુ તથા કાચના ટુકડાઓ ઘણા મીટર દૂર સુધી ફંગોળાયા હતા. નજીકમાં પાર્ક કરેલા અન્ય બે વાહનને પણ નુકસાન થયું હતું.

પેટ્રોલ પંપના સીસીટીવી ફૂટેજ બહાર આવ્યા છે જેમાં બ્લાસ્ટ જોઈ શકાય છે. સદભાગ્યે, કોઈ ગંભીર ઈજા થયાના અહેવાલ નથી. કારમાં મુસાફરી કરી રહેલા લોકો ઈંધણ ભરાવવાની પ્રક્રિયા દરમિયાન વાહનની બહાર હતા, જેના કારણે જાનહાનિ ટળી હતી. ઘટના બાદ કરજણ ફાયર બ્રિગેડની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ કે તણખાને કારણે વધુ જોખમ ન સર્જાય તે માટે સાવચેતીનાં પગલાં લીધાં હતાં.

તંત્રએ વિસ્ફોટને લગતી પરિસ્થિતિઓ અને સીએનજી (સીએનજી) પંપ પરની સુરક્ષા વ્યવસ્થાઓની તપાસ શરૂ કરી દીધી છે. ■

# ગુજરાત હવે સિંહ સાથે વાઘનું પણ ઘર બનશે: વાઈલ્ડ લાઈફ બૉર્ડે આપ્યા સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: ગુજરાતનું સૌરાષ્ટ્ર રતનમહાલને વાઘના નિવાસસ્થાન તરીકે વિકસાવવામાં આવી શકે છે. નેશનલ બોર્ડ ઓફ વાઇલ્ડ લાઇફના સભ્યો દ્વારા રતનમહાલની મુલાકાત લેવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે, ગુજરાત-મધ્ય પ્રદેશનો બોર્ડર વિસ્તાર ૧૧ વાઘને આશરો આપી શકે છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર આ ટીમ આગામી પખવાડિયામાં પોતાનો અંતિમ અહેવાલ સોંપે તેવી અપેક્ષા છે. વાઘ ગુજરાત-મધ્ય પ્રદેશની સરહદ સુધી વિસ્તરી શકે છે, જેનાથી માત્ર એક જ રાજ્ય પૂરતું મર્યાદિત રહેવાને બદલે એક મોટું વસવાટ ક્ષેત્ર ઊભું થશે. સૂત્રો મુજબ જો આ વિસ્તારમાં યોગ્ય સંચાલન, શિકારની ઉપલબ્ધતા અને રક્ષણાત્મક પગલાં મજબૂત કરવામાં આવે તો આ વિસ્તાર સંભવિતપણે આશરે ૧૧ વાઘને આશરો આપી શકે છે. આ વિસ્તારમાં આશરે ૨૫૦૦ પ્રાણીઓ શિકાર માટે ઉપલબ્ધ હોવાનો અંદાજ છે, જે વાઘની વસ્તી ટકી રહેવા અને પ્રજનન કરવા માટે એક નિર્ણાયક પરિબળ છે.

રતનમહાલમાં એક યુવાન નર વાઘ મધ્ય પ્રદેશમાંથી ગુજરાતમાં આવ્યો હોવાનું માનવામાં આવે છે, તેણે વારંવાર રતનમહાલના જંગલમાં લાગેલા કેમેરામાં કેદ થયો છે. ફેબ્રુઆરી ૨૦૨૫માં ગુજરાતમાં પહેલીવાર તેની નિયમિત નોંધણી થઈ હતી, ત્યારથી કેમેરા ટ્રેપ અને ક્ષેત્રીય દેખરેખ દ્વારા આ વાઘ પર નજર રાખવામાં આવી રહી છે. અધિકૃત રેકોર્ડ પુષ્ટિ કરે છે કે ફેબ્રુઆરી ૨૦૨૫થી આ વાઘ રતનમહાલમાં નિયમિતપણે જોવા મળ્યો છે. ગુજરાતે અગાઉથી જ સઘન દેખરેખ, શિકાર આધાર અને વસવાટ વ્યવસ્થાપન સહિતના પગલાં લીધાં છે. ■

# ઉદયપુર માટેની ત્રણ વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન મુસાફરોને આકર્ષવામાં નિષ્ફળ, ચોથી પર મદાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: શનિવારથી સુરત અને ઉદયપુર (રાજસ્થાન) વચ્ચે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન શરૂ થઈ છે. ગુજરાતને ઉદયપુર સાથે જોડતી અગાઉની વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન મુસાફરોને આકર્ષવામાં નિષ્ફળ ગઈ છે, તે અંગે નિષ્ણાતો ચર્ચા કરી રહ્યા છે.

અગાઉ બે વંદે ભારત એક્સપ્રેસ ટ્રેન આગ્રા- અને જયપુરને જોડતી સેવાઓ બંધ કરવામાં આવી ચૂકી છે, અને અસારવા-ઉદયપુર વંદે ભારત સેવાને પણ મુસાફરોની સતત પૂરતી સંખ્યા જાળવી રાખવામાં પડકારોનો સામનો કરવો પડ્યો છે. અપૂરતા મુસાફરોને કારણે બંધ કરવામાં આવેલી વંદે ભારત સેવાઓમાં આગ્રા અને જયપુરની સેવાઓનો સમાવેશ થાય છે. આના કારણો તરીકે એક તો મુસાફરીનો રોડ ટ્રાવેલિંગ જેટલો જ સમય, ઊંચા ભાડા અને અઠવાડિયામાં ત્રણ દિવસ જ મળતી હોવાનુ નિષ્ણાતો જણાવે છે. અસારવા-ઉદયપુર સેવાને પણ આવી જ સમસ્યાઓનો સામનો કરવો પડ્યો છે, જેના કારણે આ રૂટની સફળતા અને વ્યવહારિકતા અંગે પ્રશ્નો ઊભા થયા છે.

હવે ઉદયપુરને જોડતી વધુ એક વંદે ભારત એક્સપ્રેસ શરૂ કરવામાં આવી છે. આ સુરત-ઉદયપુર વંદે ભારત ટ્રેન છે, જે ૩ ઓક્ટોબરથી અઠવાડિયામાં છ દિવસ નિયમિતપણે દોડશે. ઉદયપુર માટે વંદે ભારત કનેક્ટિવિટીની દ્રષ્ટિએ આને અત્યાર સુધીનો શ્રેષ્ઠ વિકલ્પ ગણી શકાય. સુરત અને ઉદયપુર બન્ને મહત્ત્વના શહેર છે અને ઉદયપુર પર્યટન માટે અને સુરત પણ ખાણીપીણી તેમ જ ખરીદી માટે ઘણું જ લોકપ્રિય છે. એક તો ઉદયપુર પહોંચતા જે સમય હતો તે રાતનો હતો, તેથી લોકોને હોટેલ્સમાં ચેક ઈનની સમસ્યા નડતી હતી. ■

# અકસ્માતનો ભોગ બનેલા ત્રણ યુવકનું એમએસ હૉસ્પિટલમાં સારવાર દરમિયાન મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ: વડોદરાની સયાજી હૉસ્પિટલમાં અલગ અલગ ત્રણ અકસ્માતનો ભોગ બનેલા ત્રણ યુવક સારવાર લઈ રહ્યા હતા. કમનસીબે આ ત્રણેય યુવકના મોત નિપજ્યા હોવાની માહિતી સૂત્રોએ આપી હતી. ત્રણેય બનાવમાં રાવપુરા પોલીસે મૃતદેહના પોસ્ટમોર્ટમની કાર્યવાહી હાથ ધરી સંબંધિત પોલીસ મથકોને જાણ કરી છે.

દાહોદના બાઈકચાલક ૨૬ વર્ષીય રાહુલ ખેમચંદ મોહનિયાને ગત ૨૬ સપ્ટેમ્બરની રાત્રે દાહોદના ગડોઇ ગામ પાસે બાઈક સ્લીપ થતાં ગંભીર ઈજાઓ પહોંચી હતી અને તેની સારવાર એમએસ હૉસ્પિટલમાં થઈ રહી હતી, અહીં શનિવારે સવારે તેનું મોત નિપજ્યું હતું. જ્યારે ૪૨ વર્ષીય ભરત નાયક નામનો યુવક પણ બાઈક સ્લીપ થતા પડી ગયો હતો અને હોસ્પિટલમાં સારવાર માટે લાવવામાં આવ્યો હતો. અહીં આઈસીયુમાં તેને રાખવામાં આવ્યો હતો, પરંતુ સૂત્રોના જણાવ્યા અનુસાર તેણે શુક્રવારે મોડી રાત્રે અંતિમ શ્વાસ લીધા હતા.

જ્યારે આણંદના ખંભાતના ૩૫ વર્ષીય સુરેશ મકવાણાનું પણ બોરસદ પાસે બાઈક પર જતા એક્સિડેન્ટ થયું હતું અને તેને વધુ સારવાર માટે હૉસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. અહીં શુક્રવારે તેનું મોત થયું હતું. ■

# કચ્છની વૈશ્વિક ધરોહર ધોળાવીરાને દેશના સર્વોચ્ચ સ્મારકોમાં 'કેટેગરી-એ'નો દરજ્જો

## તાજમહેલ અને લાલ કિલ્લાની હરોળમાં પુરાતન નગરીને મળ્યું સ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજ: ગુજરાતના ઐતિહાસિક વારસા માટે ગૌરવરૂપ નિર્ણય લેતાં કેન્દ્ર સરકારના સાંસ્કૃતિક મંત્રાલય અને ભારતીય પુરાતત્વ સર્વેક્ષણ દ્વારા ભાતીગળ પ્રદેશ કચ્છના વિશ્વપ્રસિદ્ધ હડપ્પીય નગર ધોળાવીરાને દેશના અતિ મહત્વના સ્મારકો ધરાવતી 'કેટેગરી-એ' (શ્રેણી 'ક') ની યાદીમાં સ્થાન આપવામાં આવ્યું છે. પુરાતત્ત્વ વિભાગ દ્વારા ૮ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા 'પ્રાચીન સ્મારક તથા પુરાતત્ત્વિય સ્થળ અને અવશેષ (સુધારા) નિયમો, ૨૦૨૬' ના ડ્રાફ્ટ ગેઝેટ નોટિફિકેશન હેઠળ આ ઐતિહાસિક જાહેરાત કરાઈ છે. આ નવા દરજ્જા સાથે ધોળાવીરા હવે તાજમહેલ, દિલ્હીના લાલ કિલ્લા અને હમ્પી જેવા દેશના સર્વોચ્ચ ૩૦ સ્મારકોની રાષ્ટ્રીય હરોળમાં સત્તાવાર રીતે સામેલ થઈ ગયું છે. કેન્દ્ર સરકારે વર્ષ ૧૯૫૯ના મૂળ પ્રાચીન સ્મારક નિયમોની 'બીજી અનુસૂચિ' (રૂલ ૬)માં સુધારો કરવા માટે આ નવો ખરડો તૈયાર કર્યો છે. નવા નોટિફિકેશન અનુસાર દેશભરના સંરક્ષિત સ્મારકોને બે મુખ્ય શ્રેણીઓમાં વહેંચવામાં આવ્યા છે, જેમાં ભાગ-૧ હેઠળ દેશના ટોચના ૩૦ સ્મારકોને 'કેટેગરી-એ'માં અને ભાગ-૨ હેઠળ અન્ય ૧૩૬ સ્મારકોને 'કેટેગરી-બી'માં મૂકવામાં આવ્યા છે. સરકારી ગેઝેટમાં આ ડ્રાફ્ટ નિયમો પ્રસિદ્ધ થયાના ૪૫ દિવસની અંદર સામાન્ય નાગરિકો કે હિતધારકો પોતાના વાંધા અને સૂચનો એએસઆઈ નવી દિલ્હીના ડાયરેક્ટર જનરલને મોકલી શકશે. નવા ગેઝેટ મુજબ ગુજરાતના કુલ આઠ સ્મારકોને આ રાષ્ટ્રીય યાદીમાં સ્થાન મળ્યું છે. જે પૈકી 'કેટેગરી-એ'માં ધોળાવીરા ઉપરાંત પંચમહાલ જિલ્લાનું પાવાગઢ-ચંપાનેર સ્મારક અને પાટણની ઐતિહાસિક રાણી-કી-વાવ એમ ત્રણ સ્થળોનો સમાવેશ થાય છે. જ્યારે 'કેટેગરી-બી' હેઠળ રાજ્યના પાંચ સ્મારકો મહેસાણાનું મોઢેરા સૂર્ય મંદિર, ગાંધીનગરની અડાલજ વાવ તેમજ જૂનાગઢ ખાતે આવેલી બૌદ્ધ ગુફાઓ, અશોકના શિલાલેખ અને ખાપરા કોડિયા ગુફાઓને સ્થાન મળ્યું છે. ■

# સલામ એ ગુજરાતી જવાંમર્દ એકલવીરને !

**અધ્ધર આકાશમાં કોઈ પ્લેન હાઈજેક થાય ત્યારે મોટાભાગે સશસ્ત્ર આતંકવાદી અપહરણકર્તા સામે કોઈ કંઈ કરી શકતા નથી, પણ આવી જ એક તાજી ઘટનામાં ગંભીર ઘવાયા હોવા છતાં એક ગુજરાતી પાઈલટ સ્મિત મચ્છરે ગજબની જવાંમર્દી દેખાડી એક આતંકી સહ -પાઈલટનો સામનો કરીને ૧૭૦થી વધુ પેસેન્જર્સને આબાદ ઉગારી લીધા હતા... આ તબક્કે આપણે નીડર એર હોસ્ટેસ નિરજા ભનોટને પણ યાદ કરવી જોઈએ, જેણે એકલવીર બનીને પોતાના પ્રાણ ગુમાવીને પણ ૩૫૭ પ્રવાસીના જીવ બચાવ્યા હતા.**

કવર સ્ટોરી
વિજય વ્યાસ
feedback@
bombaysamachar.com

‘ફ્લાયદુબઈ એરલાઈન્સ’ની ફ્લાઇટ FZ૧૦૭૩ના કેપ્ટન સ્મિત મચ્છર ગંભીર ઈજાઓના કારણે લોહીલુહાણ થયા હોવા છતાં ૧૭૪ મુસાફરો અને ક્રૂ મેમ્બર્સના જીવ બચાવીને હીરો બની ગયા છે. કેપ્ટન સ્મિતે બહાદુરી ના બતાવી હોત તો તેમના સાથી એવા ઓમાની સહ-પાઈલટે પ્લેન પર કબજો કરીને શું કર્યું હોત તેની કલ્પના પણ થઈ શકે તેમ નથી...

થોડાં વર્ષ પૂર્વે અમેરિકામાં ૯/ ૧૧ના હુમલામાં પાંચ હજારથી વધારેનાં મોત થયાં હતાં. ઓમાની પાઈલટ ૯/ ૧૧ની જેમ જ આ પ્લેન ક્રેશ કરીને વિનાશ વેરવા માગતો હતો એ જોતાં કેપ્ટન સ્મિતે હજારો લોકોના જીવ બચાવ્યા છે એમ કહીએ તો તેમાં જરાય અતિશયોક્તિ નથી.

આ ફ્લાઈટ ઈઝરાયલની રાજધાની તેલ અવીવ જઈ રહી હતી અને એમાં મોટાભાગના પેસેન્જર ઈઝરાયલી હતા. ઓમાનના એ આતંકવાદી પાઈલટનો ઈરાદો તેલ અવીવમાં જ કોઈ સ્થળે પ્લેન ક્રેશ કરવાનો હતો. એનો બદઈરાદો સફળ થયો હોત તો આ આતંકવાદી હુમલો જ ગણાયો હોત એ સંજોગોમાં ઝનૂની ઈઝરાયલે તેની સામે કેવાં પ્રત્યાઘાત આપ્યા એની કલ્પના માત્રથી ધ્રુજારી છૂટે છે. આ અગાઉ પેલેસ્ટાઈની આતંકી સંગઠન ‘હમાસે’ ઈઝરાયલ પર આતંકવાદી હુમલો કરીને ૧૨૦૦ લોકોની હત્યા કરી તેમાં તો ઈઝરાયલે આખી ગાઝા સ્ટ્રીપને તબાહ કરી નાખી હતી. એટલું જ નહીં, ઈરાન, સીરિયા, લેબેનોનમાં પણ ભારે તબાહી મચાવી દીધી હતી.. ૯/૧૧ જેવો હુમલો તેલ અવીવ પર થયો હોત તો ઈઝરાયલ આરબ દેશોની ઓકાત બગાડી નાખત એ જોતાં કેપ્ટન સ્મિતે દુનિયાને વધુ એક ભયંકર યુદ્ધમાંથી ઉગારી લીધી છે એમ જરૂર કહી શકાય.

આપણે ફિલ્મોમાં હીરોને અકલ્પનિય પરાક્રમો કરતાં જોઈએ છે, પણ કેપ્ટન સ્મિતનું પરાક્રમ ફિલ્મી હીરોને પણ ઝાંખા પાડી દે એવું છે. દુબઈથી ઇઝરાયલના તેલ અવીવ જઈ રહેલી ફ્લાઇટમાં ઉડાનના લગભગ બે કલાક પછી સહ-પાયલટે અચાનક કેપ્ટન સ્મિત પર હુમલો કરતાં કેપ્ટન સ્મિત નીચે પડી ગયા અને એ વખતે વિમાન આશરે ૩૪,૦૦૦ ફૂટની ઊંચાઈએ હતું, પણ હુમલાને કારણે વિમાન અચાનક હજારો ફૂટ નીચે ખાબકવા લાગ્યું હતું. કેપ્ટન સ્મિતે લોહીલુહાણ હાલતમાં નીચે પડેલા હોવા છતાં હાઈજેકનું સિગ્નલ મોકલી દીધું. તેના કારણે સહ-પાઈલટનું ધ્યાન એ તરફ ગયું પછી કેપ્ટન સ્મિતે પેલા આતંકવાદી સામે ઝઝૂમતા પણ કોકપિટનો દરવાજો ખોલી નાખ્યો. સ્મિતે દરવાજો ના ખોલ્યો હોત તો કોકપિટમાં શું ચાલી રહ્યું છે તેની કોઈને ખબર જ ના પડી હોત ને આતંકવાદી ઓમાની પાઈલટ સરળતાથી પ્લેનને ક્રેશ કરીને મોટી તબાહી સર્જી શક્યો હોત કેમ કે ગંભીર ઘવાયેલા કેપ્ટન સ્મિત તો દરવાજો ખોલીને તરત બેહોશ થઈ ગયા હતા.

કોકપિટનો દરવાજો ખુલ્યો એટલે પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સને અંદર હુમલો થયો છે તેની ખબર પડી. તરત જ કેટલાક સાહસિક મુસાફરો અને ક્રૂ મેમ્બર્સ અંદર ઘૂસ્યા અને હુમલાખોર કો-પાઇલટને કાબૂમાં લઈ લીધો. યાનિવ હાયુન નામના ઈઝરાયલી પ્રવાસીને પ્લેન ચલાવતાં આવડતું હોવાથી તરત પ્લેનને કાબૂમાં લઈ લીધું. પ્લેનમાં વળતી ફ્લાઈટ માટેના બે પાઈલટ પણ હાજર હતા તેથી પ્લેનને ક્રેશ ના થવા દીધું





કેપ્ટન સ્મિત મચ્છર

અને છેવટે સઉદી અરેબિયાના તાબુક એરપોર્ટ પર પ્લેનનું સફળતાપૂર્વક ઉતરાણ કરાવ્યું. ઝડપાયેલા હુમલાખોર પાઈલટની અત્યારે સઉદી પોલીસ તથા ઈઝરાયેલ ગુપ્તચર ટીમની ઊલટતપાસ ચાલી રહી છે. આબાદ ઉગરી ગયેલા પ્રવાસીઓ આજે પોતપોતાને ઘેર પણ હેમખેમ પહોંચી ગયા છે. કેપ્ટન સ્મિતને પણ સઉદીથી દુબઈ મોકલી દેવાયા છે. કેપ્ટન સ્મિતની ઈજાઓ જીવલેણ નહોતી તેથી એ ખતરાની બહાર છે. આપણા વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કેપ્ટન સ્મિત સાથે વાત પણ કરીને સ્મિતની જવાંમર્દીને બિરદાવી છે.

કેપ્ટન સ્મિતની બહાદુરીએ લોકોને નિરજા ભનોટની યાદ અપાવી દીધી છે. નિરજા ભનોટે પણ કેપ્ટન સ્મિતની જેમ ૪૦ વર્ષ પહેલાં એકલવીર બનીને ૩૫૭ પ્રવાસીના જીવ બચાવ્યા હતા. નિરજા અમેરિકન એરવેઝ ‘પેન એમ’ની એર હોસ્ટેસ હતી. ૫ સપ્ટેમ્બર, ૧૯૮૬ના રોજ ‘પેન અમેરિકન વર્લ્ડ ઍરવેઝ ફ્લાઇટ ૭૩’ મુંબઈથી કરાચી અને ફ્રેન્કફર્ટ થઈને ન્યૂ યોર્ક જઈ રહી હતી ત્યારે કરાચીમાં ૩૬૦ મુસાફરો અને ૧૯ ક્રૂ મેમ્બર્સ સાથે વિમાનને હાઇજેક કરવામાં આવ્યું હતું. ઝાયેદ હસન અબ્દુલ-લતીફ મસૂદ અલ-સફરિની સહિત ૪ પેલેસ્ટાઈની આતંકીઓએ અપહરણ કરેલું. આ આતંકીઓ અબુ નિદાલના ગ્રૂપના હતા.

નિરજા આ જ પ્લેનમાં ફરજ બજાવતી હતી અને તેણે જ સૌથી પહેલાં વિમાનનું અપહરણ થયું હોવાની જાણ પાઈલટ્સને કરી હતી. તરત જ પાઇલટ, કો-પાઇલટ અને ફ્લાઇટ ઍન્જિનિયર ઇમરજન્સી ઍક્ઝિટ દ્વારા વિમાનમાંથી નીકળી જતાં પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સ અપહરણકારોની ચુંગાલમાં ફસાઈ ગયા હતા.

નિરજાએ હાઈજેકર્સ સાથે ઘર્ષણ કરીને મોટા ભાગના પ્રવાસીઓને સુરક્ષિત રાખ્યા હતા. ૧૬ કલાકના સંઘર્ષ પછી અંધારું થયું ત્યારે નિરજાએ વિમાનનો ઇમર્જન્સી દરવાજો ખોલીને મુસાફરોને બહાર કાઢવા માંડ્યા હતા. બધા મુસાફરો બહાર નીકળી ગયા હતા પણ ત્રણ નાનાં બાળકો વિમાનમાં ફસાયેલાં હતાં. નિરજા તેમને તેમના ભાગ્ય પર છોડીને નીકળી ગયાં હોત તો પોતે બચી ગયાં હોત, પણ તેના બદલે એ બાળકોને લેવા ગયાં. નિરજા બાળકોને બહાર લઈ જઈ રહ્યાં હતાં ત્યારે હાઇજેકર્સે તેમને જોઈ લેતાં ગોળીઓ છોડી નિરજાની હત્યા કરી નાખી. એ પહેલાં એણે બાળકોને બચાવી લીધેલાં. આ હાઈજેકની ઘટનામાં કુલ ૨૨ લોકોના મોત થયાં પણ બીજાં ૩૫૮ લોકો બચી ગયાં તેનું કારણ નિરજા ભનોટ હતાં.

## ઓળખો, અન્ય અનામી એકલવીરોને...

કેપ્ટન સ્મિત અને નિરજા ભનોટની બહાદુરી એ રીતે મહત્ત્વની છે કે,પ્લેન હાઈજેકની મોટા ભાગની ઘટનાઓમાં પ્રવાસીઓ અને ક્રૂ મેમ્બર્સ પણ ડરીને બેસી રહે છે અને સશસ્ત્ર આતંકવાદીઓ સામે લડવાની હિંમત બતાવતાં નથી. અપહરણકારો સામે લડવાની હિંમત બતાવી હોય એવી બહુ ઓછી ઘટનાઓ નોંધાઈ છે. વિદેશમાં સલામતીનાં કારણોસર આવા હીરોનાં નામ જાહેર પણ નથી કરાતાં પણ તેથી આપણને તેમનાં નામ ખબર નથી છતાં કેટલીક આવી ઘટનાઓ પર નજર નાખવા જેવી છે.

૨૦૨૩માં આવી જ ઘટનામાં ‘હોરિઝન એર ફ્લાઈટ ૨૦૫૯’માં જોસેફ ડેવિડ એમર્સન નામના પાઈલટે એન્જિન ફાયર એક્સ્ટિંગ્વિશર હેન્ડલ ખેંચીને ફ્યુઅલ સપ્લાય બંધ કરવાનો પ્રયત્ન કરેલો, પણ બીજા પાઈલટે ક્રૂ મેમ્બર્સને બોલાવીને તેને કાબૂમાં લઈને દુર્ઘટના ટાળી હતી. ૨૦૨૧માં અમેરિકાના અલાસ્કામાં ‘રયાન એર સર્વિસ’ની ફ્લાઈટમાં પણ એક વ્યક્તિએ પાઈલટ પર હુમલો કરતાં વિમાન નીચે ખાબકવા માંડેલું પણ પાઈલટે હાથાપાઈ કરીને અપહરણકારને પછાડીને ફરી પ્લેન પર કંટ્રોલ કરી લેતાં વિમાન બચી ગયું હતું. ૨૦૧૧માં ઓસ્લોથી ઈસ્તંબુલ જતી ‘ટર્કિશ એરલાઈન્સ’ની ફ્લાઈટને હાઈજેક કરવાનો પ્રયત્ન થયેલો,



નિરજા ભનોટ

પણ એક પ્રવાસીએ અપહરણકાર પર હુમલો કરીને એને પછાડી દીધો અને પ્લેનને હાઈજેક થતાં બચાવી લીધું.

૨૦૧૨માં તો ચીનના ‘તિયાનજિન એરલાઈન્સ’ની ફ્લાઈટને ૬ અપહરણકારોએ હાઈજેક કરેલી. આ વિમાનમાં સાદા ડ્રેસમાં છ પોલીસ અધિકારીઓ પણ મુસાફરી કરી રહ્યા હતા. તેમણે તમામ ૬ હાઈજેકર્સને પછાડીને પ્લેનને મુક્ત કરાવ્યું હતું.

૨૦૦૧માં ઈસ્તંબુલથી મોસ્કો જતી ફ્લાઈટનું અપહરણ થયું પછી ફ્લાઈટને સઉદી અરેબિયાના મદીનામાં લેન્ડ કરવામાં આવી ત્યારે એક ફ્લાઈટ એટેન્ડન્ટ યુલિયાએ ઈમર્જન્સી એક્ઝિટ ખોલી દઈને સઉદી પોલીસને અંદર ઘૂસવાનો રસ્તો કરી આપ્યો હતો. હાઈજેકર્સના ધ્યાનમાં આ વાત આવી જતાં તરત ગોળી મારીને યુલિયાની હત્યા કરી,પણ પોલીસે પ્રવાસીઓને બચાવી લીધા.

આ તો છેલ્લા અઢી દાયકાના એકલવીરોની વાત કરી કે જેમણે જીવની પરવા કર્યા વિના બીજાને બચાવવા માટે અદ્‌ભુત સાહસ બતાવ્યું. અપહરણની ઘટના બને ત્યારે મોટા ભાગનાં લોકો બઘવાઈ જતા હોય છે. પણ કેપ્ટન સ્મિત, નિરજા કે યુલિયા જેવાં બહુ ઓછાં લોકો હોય છે કે જે ત્વરિત પ્રક્રિયા આપે છે ને લોકોને બચાવી લે છે. આવા એકલવીરોને આપણી સલામ!■

---

# વડક્કુન્નાથનના રહસ્યમય ‘ઘી-લિંગમ’ વિશે માની ન શકાય એવી હકીકત છે...

હેં... ખરેખર!
પ્રફુલ શાહ
feedback@
bombaysamachar.com

**ભારતમાં** મંદિરોની વિશિષ્ટતાનો પાર નથી. આમાંથી અમુક ઘટના અતૂટ શ્રદ્ધાના પ્રતીક છે, તો ક્યાક વિજ્ઞાન અને તર્ક તાળો મેળવી શકતા નથી. આવો જ કિસ્સો ત્રિશૂર(જૂનું નામ ત્રિચુર કે થ્રિસુર)ના શિવલિંગનો છે. કેરળના જિલ્લા અને મુખ્ય મથક ત્રિશૂરની અનોખી ઘટના જાણવા- સમજવાલાયક છે.

આ મંદિર થ્રિસુર શહેરની મધ્યમાં આશરે નવ એકર વિસ્તારના હરિયાળા પરિસરમાં આવેલું છે. મંદિર પરિસરમાં ચાર દિશામાં ગોપુરમ, મુખ્ય શિવ મંદિર ઉપરાંત શંકરનારાયણ અને શ્રીરામનાં મંદિરો પણ છે.

અહીંનાં પ્રાચીન ભીંતચિત્રોમાં મહાભારતના પ્રસંગો દર્શાવવામાં આવ્યા છે.

કેરળના ત્રિચુર (થ્રિસુર) શહેરમાં આવેલું શ્રી વડક્કુન્નાથન મંદિર અદ્‌ભુત અને રહસ્યમય પરંપરા માટે આખી દુનિયામાં પ્રખ્યાત છે. આ મંદિર સાથે જોડાયેલી ખાસ અને રસપ્રદ બાબતો ઘણી છે.



શ્રી વડક્કુન્નાથન મંદિરમાં સદીઓથી શિવલિંગ પર સતત ઘીનો અભિષેક કરવામાં આવે છે. વર્ષોથી ચડાવાતા આ ઘીના કારણે હવે તો મૂળ શિવલિંગ દેખાતું ય નથી. શિવલિંગને સ્થાને ૧૬ ફૂટ ઊંચો ઘીનો મોટો ઢગલો કે પહાડ દેખાય છે.

વધુ મોટું આશ્ચર્ય હવે આવે છે. કેરળની ભયંકર ગરમી અને મંદિરના ગર્ભગૃહમાં સળગતા સેંકડો દીવાઓની ગરમી છતાં ય આ ઘી ક્યારેય પીગળતું નથી. એટલું જ નહિ, કોઈ દુર્ગંધ આવતી નથી. સામાન્ય સંજોગોમાં ઘી લાંબો સમય ખુલ્લું પડી રહે તો બગડી જાય છે અને તેમાંથી વાસ આવવા લાગે છે.



જોકે શ્રી વડક્કુન્નાથન મંદિરમાં સદીઓ જૂના ઘીમાંથી પણ કોઈ જ પ્રકારની દુર્ગંધ આવતી નથી. આ માટે એક પૌરાણિક માન્યતા પ્રચલિત છે. આ મંદિર ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ગણાતા ભગવાન પરશુરામે બનાવ્યું હતું. શા માટે? એક કથા અનુસાર અર્જુન સાથેના યુદ્ધમાં મહાદેવને થયેલા ઘા પર ઠંડક આપવા માટે પરશુરામે શિવલિંગ પર ઘી લગાવ્યું હતું, ત્યારથી આ પરંપરા ચાલી આવે છે. એક અન્ય લોકમાન્યતા પ્રમાણે ભગવાન શિવે કિરાત (અર્થાત શિકારી) સ્વરૂપે અર્જુનને પાશુપતાસ્ત્ર આપ્યું હતું. બંને વચ્ચે થયેલા સંઘર્ષમાં અર્જુનના બાણથી શિવને ઈજા થઈ. ઈજાના ઉપચાર માટે ઘીનો ઉપયોગ કરવામાં આવ્યો અને ત્યારથી અહીં શિવલિંગ પર ઘીનો અભિષેક મુખ્ય ઉપાસના બની ગયો એવી પરંપરા કહેવાય છે.

એવું પણ મનાય છે કે આ ઘીનો પહાડ બરફથી ઢંકાયેલા કૈલાશ પર્વતનું પ્રતિનિધિત્વ કરે છે. આ શિવલિંગ પર ચડાવાતા ઘીને એકદમ પવિત્ર પ્રસાદ ગણાય છે. આ ઘીમાં ચમત્કારી ઔષધીય ગુણો હોવાનું મનાય છે. આ ઘીથી ઘણી બીમારીઓ મટતી હોવાની શ્રદ્ધા છે. ખરેખર, આ ભારતનું એકમાત્ર શંકર મંદિર છે કે જ્યાં ભક્તોને મૂળ શિવલિંગના દર્શન જ નથી થતા, પરંતુ ફક્ત ઘીના પહાડ સ્વરૂપે જ મહાદેવ પૂજાય છે.

વડક્કુન્નાથનના રહસ્યમય ‘ઘી-લિંગમ’ મંદિરે સામાન્ય શિવમંદિરોની જેમ અહીં ભક્તોને શિવલિંગ સીધું દેખાતું નથી. શિવલિંગ પર ઘીથી અભિષેક કરવાની પરંપરા પેઢીઓથી ચાલી આવે છે. વર્ષો-વર્ષના આ નિત્ય ઘી-અભિષેકથી ઘીનું વિશાળ આવરણ બનતું ગયું છે અને આજે તે એક વિશાળ ઘીના પર્વત જેવા આકારમાં દેખાય છે. વિવિધ સ્રોતોમાં તેની ઊંચાઈ આશરે ૧૬ ફૂટ (૪.૯ મીટર) જણાવાય છે.

પરંપરાગત માન્યતા મુજબ ઘીથી ઢંકાયેલું આ સ્વરૂપ બરફથી ઢંકાયેલા કૈલાસ પર્વતનું પ્રતીક છે અર્થાત્ શિવનું નિવાસસ્થાન.

ઘીના આ પર્વત ઉપર સોનાના તેર અર્ધચંદ્રાકાર અલંકાર અને ત્રણ નાગફણાં જોવા મળે છે.

પરંપરાગત કેરળ શૈલીના સ્થાપત્યનું પણ આ મંદિર ઉત્તમ ઉદાહરણ છે. લાકડું, પથ્થર, ઢોળાવવાળી છત અને સુંદર કોતરણી તેની વિશેષતા છે. આ મંદિર સાથે સૌથી વધુ પ્રસિદ્ધિથી જોડાયેલો ઉત્સવ છે થ્રિસુર પુરમ. એપ્રિલ-મે દરમિયાન યોજાતો આ ભવ્ય ઉત્સવ શણગારેલા હાથીઓ, છત્રોની અદલાબદલી, ચેંડા સહિતના પરંપરાગત વાદ્યો અને આતશબાજી માટે જાણીતો છે.

આ મંદિરને યુનેસ્કોની પ્રશંસા પણ મળી છે. ■

## જ્યારે દિવાળી લઈ જાય દુનિયાની સફરેઃ જાણો શા માટે લોકો લાઈફને સેલિબ્રેટ કરવા પ્રવાસની પસંદગી કરે છે



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા

દિવાળી હંમેશાં સાથે મળીને ઉજવવાનો તહેવાર છે. પેઢીઓથી આ તહેવાર એટલે ઘરે આવતાં સગાંસંબંધીઓ અને પરિવાર સાથે બેસીને થતી લાંબી વાતો. પરંતુ આજે આ પરંપરામાં એક રસપ્રદ બદલાવ જોવા મળી રહ્યો છે. વધુને વધુ ભારતીય પરિવારો દિવાળીની રજાઓનો એક હિસ્સો પરિવાર સાથે પ્રવાસમાં પસાર કરવાનું પસંદ કરી રહ્યા છે.

અને કદાચ આ બદલાવ પાછળ એક સુંદર કારણ છે. કારણ કે પ્રવાસ હવે માત્ર વેકેશન પૂરતો સીમિત રહ્યો નથી. તે પરિવાર સાથે, પોતાની જાત સાથે અને આપણી આસપાસની દુનિયા સાથે ફરીથી જોડાવાનો એક માર્ગ બની ગયો છે.





**ક્યારેક ફરી નજીક આવવા માટે થોડું દૂર જવું પડે છે**

આજનું જીવન ખૂબ વ્યસ્ત છે. એક જ છત નીચે રહેતા પરિવાર પણ એકબીજા સાથે વિના કોઈ વિક્ષેપે સમય પસાર કરવો આશ્ચર્યજનક રીતે મુશ્કેલ બની ગયો છે. અહીં પ્રવાસ એક સુંદર બદલાવ લાવે છે. જ્યારે આખો પરિવાર સાથે પ્રવાસ કરે છે ત્યારે રોજિંદા કામકાજ નથી હોતાં સામે હોય છે માત્ર એક સહિયારી સફર.

નવી જગ્યાએ ઊઠવું, સાથે મળીને કંઈક નવું એક્સપ્લોર કરવુ, ડીનર પર સાથે હસવું અને એવી નાની-નાની ક્ષણો એકઠી કરવી, જે કદાચ ઘરે રહીને ક્યારેય સર્જાઈ જ ન હોત. અને અહીં પ્રવાસ આપણી મેન્ટલ વેલનેસમાં પણ પોતાની રીતે યોગદાન આપે છે.

ક્યારેક મનને કોઈ નવી સલાહ કે ઉકેલની જરૂર હોતી નથી. તેને માત્ર આસપાસનું દૃશ્ય બદલવાની જરૂર હોય છે. કોઈ સુંદર નજારો તમને થોડી ક્ષણો માટે ધીમા પાડી શકે છે. કોઈ નવો અનુભવ મનને તાજગી આપી શકે છે. અને પોતાના પ્રિયજનો સાથે ઉતાવળ વિના પસાર કરેલો સમય આપણને એ વાત ફરી યાદ અપાવી શકે છે, જે રોજિંદા જીવનની દોડધામમાં ઘણીવાર પાછળ રહી જાય છે.

**અને પછી આવે છે દિવાળી... ઘરથી હજારો કિલોમીટર દૂર**

કલ્પના કરો કે દિવાળીના દિવસોમાં કોઈ સુંદર વિદેશી શહેરની ગલીઓમાંથી ભારતીય પ્રવાસીઓનું એક ગ્રૂપ પસાર થઈ રહ્યું છે.

આસપાસનું વાતાવરણ સાવ અલગ છે - જુદી ભાષા, જુદા સ્થાપત્ય અને જુદી પરંપરાઓ. પરંતુ અચાનક કંઈક ઓળખીતું નજરે પડે છે. કોઈએ સુંદર સાડી પહેરી છે. કોઈ કુરતામાં સજ્જ છે. પરિવારો સાથે ફોટોગ્રાફ્સ પડાવી રહ્યા છે અને એકબીજાને ‘હેપી દિવાળી’ની શુભેચ્છા પાઠવી રહ્યા છે. ક્યાંક મીઠાઈ છે, ક્યાંક સ્મિત છે અને કદાચ નાનકડી એવી તહેવારી ઉજવણી પણ છે. થોડી ક્ષણો માટે વિદેશની ધરતી પણ ઘર જેવી લાગવા માંડે છે. પોતાની સંસ્કૃતિને સાથે લઈને ફરવામાં અનોખો આનંદ છે. જાપાનમાં પહેરેલી દિવાળીની સાડી. ચીનમાં પહેરેલો કુરતો. વિયેતનામમાં ભારતીય મીઠાઈ. અને થોડા દિવસ પહેલાં જ મળેલી કોઈ વ્યક્તિ સાથે દિવાળીની શુભેચ્છાની આપ-લે. આ એવી ક્ષણો છે, જેને માત્ર ફોટોગ્રાફમાં સંપૂર્ણ રીતે કેદ કરી શકાતી નથી. આ ક્ષણો પછી યાદોમાં કથા બની જાય છે.

**જ્યારે અજાણ્યા લોકો પણ ઉજવણીનો હિસ્સો બની જાય છે**

ગ્રૂપ ટ્રાવેલ આ અનુભવમાં વધુ એક સુંદર પરિમાણ ઉમેરે છે. શરૂઆતમાં લોકો એક ફ્લાઇટમાં એકબીજા માટે અજાણ્યા તરીકે સવાર થાય છે. પરંતુ થોડા દિવસો પછી તેઓ સાથે ફોટોગ્રાફ્સ શેર કરતા હોય છે, ડિનર પર એકબીજા સાથે મજાક કરતા હોય છે, શોપિંગ બેગ ઉઠાવવામાં એકબીજાની મદદ કરતા હોય છે અને સાથે મળીને તહેવારની ઉજવણી કરતા હોય છે. એક પરિવાર તરફથી મળેલી દિવાળીની શુભેચ્છા બીજા પરિવાર સાથે વાતચીતની શરૂઆત બની જાય છે. દિવસભરના સાઇટસીઇંગ બાદ સૌ સાથે મળીને ભારતીય ભોજન લેતા હોય છે. અને ક્યાંક વચ્ચે જ આખું ટૂર ગ્રુપ એક મુસાફરી કરતા પરિવાર જેવું લાગવા માંડે છે.

આ જ કારણસર ભારતીય પરિવારો માટે ગ્રૂપ ડિપાર્ચર મિનીંગફુલ બની શકે છે. પ્લાનિંગ, ટ્રાન્સપોર્ટેશન, હોટેલ્સ, સાઇટસીઇંગ અને પ્રવાસની અન્ય વ્યવહારિક બાબતોનું સંકલન થઈ જતું હોવાથી પરિવાર પોતાનું ધ્યાન એ વાત પર કેન્દ્રિત કરી શકે છે, જે ખરેખર આ રજાનો હેતુ છે - એકબીજાની કંપનીનો આનંદ માણવો.

**દરેક વસ્તુનું પ્લાનિંગ ન કરવું પડે એ પણ એક લકઝરી છે**

આયોજિત ગ્રૂપ ટ્રાવેલ તરફ પરિવારો વધુ આકર્ષાય છે તેનું બીજું કારણ છે - માનસિક શાંતી અને નિરાંત. ફેમિલી સાથે ઇન્ટરનેશનલ હોલિડે પ્લાન કરવું એટલે ફ્લાઇટ્સ, હોટેલ્સ, ટ્રાન્સફર્સ, સાઇટસીઇંગ, રેસ્ટોરન્ટ રિઝર્વેશન, ટ્રેનના સમય અને લગેજથી લઈને અનેક નાનાં-મોટાં નિર્ણયો લેવા. અને જ્યારે માતા-પિતા અથવા વડીલો સાથે પ્રવાસ કરતા હો ત્યારે વિચારવા જેવી બાબતો વધુ હોય છે. એક સારી રીતે મેનેજ કરવામાં આવેલી ગ્રૂપ ટૂર આમાંથી ઘણી જવાબદારીઓ પોતાના પર લઈ લે છે. ફેમિલીને સતત એ વિચારવાની જરૂર રહેતી નથી કે હવે ક્યાં જવાનું છે? ત્યાં કેવી રીતે પહોંચવાનું છે? શું ખાવાનું છે? કોઈ વસ્તુમાં ફેરફાર થાય તો શું કરવાનું? પ્રવાસનું સંચાલન કરવા માટે કોઈ વ્યક્તિ તમારી સાથે હોય છે. અને તેના કારણે પ્રવાસીઓને એક વધુ કિંમતી વસ્તુ મળે છે-માત્ર હોલિડેને માણવાની સ્વતંત્રતા.

**કારણ કે દિવાળીની સૌથી સુંદર ભેટ કદાચ બોક્સમાં સમાઈ શકે એવી નથી**

તહેવારો દરમિયાન આપણે પોતાના પ્રિયજનો માટે કેટલીય વસ્તુઓ ખરીદીએ છીએ. પરંતુ કદાચ સૌથી અર્થપૂર્ણ ભેટ એવી છે જેને પેક કરી શકાતી નથી. અને એ છે સમય. સપરિવાર ઉતાવળ વિના વાત કરવાનો સમય, ઘડિયાળ જોયા વિના હસવાનો સમય, પરિવાર સાથેનો પ્રવાસ તમને આ જ ભેટ આપે છે. વર્ષો પછી પણ યાદ રહેશે કે વિદેશી ધરતી પર પરિવાર સાથે ઊભા હતા, ભારતીય પોશાકમાં સજ્જ હતા, એકબીજાને દિવાળીની શુભેચ્છા પાઠવી હતી, નવા મિત્રો સાથે હસ્યા હતા અને ઘરથી દૂર હોવા છતાં ઘર જેવી લાગણી અનુભવી હતી.

**કદાચ આ જ છે દિવાળીની નવી ઉજવણી**

ઘરે ઉજવાતી દિવાળી પરિવારની પરંપરાઓ એવી યાદો છે-જે આપણા જીવન સાથે ઊંડે સુધી જોડાયેલી છે. પરંતુ દિવાળી કોઈ નવી જગ્યાએ ઉજવવાનો અર્થ એ નથી કે આપણે આ પરંપરાઓ પાછળ છોડી રહ્યા છીએ. તેનો અર્થ છે કે આપણે આ પરંપરાઓને પોતાની સાથે લઈને જઈ રહ્યા છીએ. કદાચ આ જ કારણ છે કે ભારતીય પરિવારો દિવાળીના સમયમાં હવે પ્રવાસ કરવાનું પસંદ કરે છે. માત્ર કોઈ નવા દેશને જોવા માટે નહીં, પરંતુ સંપૂર્ણપણે અલગ માહોલમાં સાથે હોવાની ખુશી અનુભવવા માટે.

કારણ કે પ્રવાસ આપણને નવો દૃષ્ટિકોણ આપે છે. થોડો વિરામ, નવી વાર્તાઓ, નવી મિત્રતા આપે છે. અને ક્યારેક, આપણા પ્રિયજનોને પણ એક નવી નજરે જોવાની તક આપે છે. આ દિવાળીએ દીવડાં તમારા ઘરમાં ઝળહળે કે દુનિયાના કોઈ ખૂણામાં, કદાચ ઉજવણીનો સાચો અર્થ તો એ જ રહેશે સાથે રહેવું, જીવનને મનભરીને માણવું અને એવી યાદો સર્જવી, જે સફર પૂરી થયા પછી પણ લાંબા સમય સુધી આપણી સાથે રહે.

**ઑરોરા ટ્રાવેલ્સ ટુર્સ પ્રા. લી. : ઓફિસ નંબર : ૭૦૨, ૭મે માળે, મહાલક્ષ્મી ચેમ્બર્સ, ભૂલાભાઈ દેસાઈ માર્ગ, તિરુપતી અપાર્ટમેન્ટની સામે મુંબઈ-૨૬, મહારાષ્ટ્ર. ફોન : +912223519710/11/12 - 91376 01052**

આજે આટલું જ

શોભિત દેસાઈ
feedback@bombaysamachar.com

# અક્ષર ઢાઈ જાણે રે...


કેપ્ટન સ્મિત મચ્છર

શું કહેવાય!!! આવા અદ્‌ભુત વીરત્વને કયા શબ્દે નવાજી શકાય?! કયા રંગે રંગી શકાય? નજીકમાં નજીક વાત એમ કહી શકું કે કરુણાથી છલોછલ પતંગિયું નફરતની આખી આગ ભરખી ગયું!!! ભારતમાની લાજ બચાવવા, એની સેંથીનું કંકુ અક્ષુણ્ણ રાખવા ૧૪૦ કરોડ લોકોની શાન એવો સ્મિત મચ્છર એનાં ટેરરિસ્ટ સહપાઇલટને વશમાં રાખી એકલ હાથે ૧૮૫ મુસાફરોને અખંડ રાખી એમને પાર ઉતારે છે અને એમિરેટ્સની ફ્લાયદુબાઈ નામની લો કોસ્ટ એરલાઇન્સને શ્રેષ્ઠની પ્રતિષ્ઠામાં મૂકી દે છે. કેપ્ટન મચ્છર છેલ્લાં ચાર વર્ષથી દુબઈ એરલાઇન્સનાં પાઇલટ છે. એ પહેલાં એ સ્પાઈસજેટમાં દસ વર્ષ હતાં. કેપ્ટન મચ્છર (આ નામનું ‘રહસ્ય’ યોગ્ય સમયે આજે જ છતું થશે જ, હમણાં બસ... વાંચે રાખ મારા વહાલા!!!)નો બોઈંગ -૭૩૩ સાથેનો ૯૭૫૦ ફ્લાઇંગ અવર્સનો અનુભવ છે. કેપ્ટન સ્મિત મચ્છર વિશે આટલી માહિતી આપણે પૂરતી છે.

હવે વાર્તા...

ઉડાન નંબર એફઝેડ ૧૦૭૩ દુબઈ આંતરરાષ્ટ્રીય એરપોર્ટથી બેન ગુરીઓં જવા બુધવારે સવારે નીકળે છે અને ફ્લાયદુબઈ અનુસાર વિમાનના ઉડાનકક્ષમાંથી ઝઘડાનાં અવાજ આવવા માંડે છે. મધ્ય આકાશમાં સ્થિર ગતિએ ઉડાન ભરતાં વિમાનની વ્યવસ્થા સાથે સાથી પાઇલટ ગરબડ કરવાની શરૂઆત કરે છે કે તરત કેપ્ટન મચ્છર એને અટકાવવાની કોશિશ કરતાં પાઇલટ એને ખંજરથી મારે છે. પાઇલટનો ઈરાદો મુસાફરો સાથે આખા પ્લેનને ઉડાવી દેવાનો છે. એ જ ક્ષણે બહારથી એક પ્લેનનો ક્રૂ મેમ્બર અને એક પેસેન્જર કોકપીટની અંદર આવી પાઇલટ પર કાબૂ મેળવે છે અને એને બાંધી દે છે. સારથી વગરનું વિમાન અચાનક ૧૭,૪૦૦ ફૂટ નીચે આવી જાય છે, પણ તરત જ બીજો ક્રૂ મેમ્બર આવી પ્લેન તાબામાં લઈ લે છે. વિમાનને તરત સઉદી અરેબિયામાં, બધા જ હેમખેમ મુસાફર, ક્રૂ મેમ્બર્સ સાથે કોઈક અજાણ્યા એરપોર્ટ પર ઉતારવામાં આવે છે અને તરત જ પેલા ટેરરિસ્ટ પાઇલટની કડક પૂછતાછ શરૂ થઈ જાય છે. ઈઝરાયલના વિદેશ પ્રધાનના જણાવ્યા અનુસાર મુસાફરોમાં ઈઝરાયલી, ભારતીયો, અમેરિકનો અને આરબો છે.

આ તો થઈ હકીકતભરી વાર્તા, મૂળ વાત એ કે અંતની શરૂઆતને કાબૂમાં લઈ લેવાનું અને અવાજ ખૂબ જ મોટો કરીને બહાર સિગ્નલ પહોંચાડવાનું કામ કેપ્ટન સ્મિત મચ્છર દ્વારા ન થયું હોત તો આજે એકસાથે એક ખલનાયક અને લગભગ ૧૮૫ નિર્દોષ જીવતાં માણસો આગળ સ્વ. લાગી ગયું હોત. ભારતમાતાની દરેક મા આવા સંતાન જન્માવે તો ૩૦ વર્ષે ખીચોખીચ ખલનાયકોથી ભરેલો દેશ Human Pollution વગરનો થઈ જાય. બોલો, લાગી એક એક જનમની?!!!

* * * *

હવે વાતને જરા હળવાશથી લઈએ એટલે કે નામને જરા હળવાશથી લઈએ તો કેપ્ટન સ્મિત મચ્છર એ આમ તો વડનગરા નાગર જ્ઞાતિનું નામ લાગે છે. અમારે નાગરોમાં દેસાઈ-બક્ષી-મહેતા જેવી અતિસાધારણ અટકો પણ છે. તો મચ્છર જેવી ‘અનહર્ડ ઓફ’ અટકો પણ છે જ છે. બહુ જ વિનમ્રતા સાથે કહું તો આ તો એક મચ્છર હતો અને ૧૮૫ને એક પળમાં બચાવી લીધા. હજી અમારી પાસે માંકડ, મંકોડી, ઘોડા અને હાથી પણ છે. (ઉદય મઝુમદાર સંકલિત) જય હાટકેશ. અમે છીએ વડનગરા નાગર. હાજી.

*ભલે તમે બીજા કોઈને ‘નમો’*
*પણ તમે અમને તો ખૂબ ગમો*

હિન્દુ, મુસલમાન, પારસી, ખ્રિસ્તી, જૈન, બૌધ્ધ કે અન્ય અનેક તો ફક્ત બહાના છે ઝઘડવા-ઝઘડાવવાના. હકીકતમાં આપણે ૫૭ કરોડ હતા ત્યારથી અત્યારે ૧૪૦ કરોડ છીએ ત્યાં સુધી એક ક્રિકેટ નામના ધર્મના આશરે અને આધારે જીવતી પ્રજા છીએ. મને યાદ આવે છે વિનુ માંકડની એ ઓલ રાઉન્ડરીય સિદ્ધિ જ્યારે એમણે ૧૬૭ રન સાથે ૯ વિકેટ લીધેલી અને એ ટેસ્ટને લોર્ડસ ટેસ્ટને બદલે માંકડ ટેસ્ટનું માનનીય નામ અપાયું હતું. ભારત તે વખતે માંડ ૪૫-૫૦ કરોડનું હશે. ભારતમાં ટીમના આગમન પછી સીસીઆઈમાં વિનુ માંકડનું સન્માન તે વખતના કેન્દ્રીય મંત્રી જયસુખલાલ હાથી દ્વારા કરવાનું તય થયું. કાર્યક્રમનું સંચાલન સોંપાયું જગવિખ્યાત હાસ્યકાર જ્યોતિન્દ્ર દવેને. ખીચોખીચ સમારંભમાં જ્યોતિન્દ્રભાઈ એટલું જ બોલ્યા : ‘હું આજના કાર્યક્રમ વિશે કેવળ અજ્ઞ છું, પણ મારે મન અનહદ આનંદ એક જ વાતનો છે કે આજે હાથી માંકડનું સન્માન કરી રહ્યા છે.


જયસુખલાલ હાથી


જ્યોતિન્દ્ર દવે


વિનુ માંકડ

* * * *

*ધર્મ છે કેવળ વહેવું સતત’ને અક્ષર ઢાઈ જાણે છે,*
*ધર્મ પવન છે, ઉકરડા ઉપર પાણી વાઈ જાણે છે.*

*મૌન રહી એ તાકે તો બ્રહ્માંડ સમાતું આંખોમાં*
*ઉચ્ચાર્યો જ્યાં શબ્દ, તરત દુનિયામાં છવાઈ જાણે છે.*

*ખુલ્લેઆમ ખરચવાનો છે ચિઠ્ઠીમાં અનુરોધ, છતાં-*
*માનું મન છે, પરસેવાની પાઈ પાઈ જાણે છે.*

*એક તો તારો સુંદર ચહેરો ઔર... વધુ સુંદર લાગે*
*કારણ? ખોટી સોગંદો તું સુંદર ખાઈ જાણે છે !!!*

*એમ નથી કે દુ:ખ નથી પડતાંજ જીવનમાં પણ વહાલા!*
*એ સમભાવ તેં આપ્યો જે દુ:ખોને ગાઈ જાણે છે.*

*મન કે હૃદયની સાથ લગી લગની હો તો ક્યાં છે અઘરું?*
*એક કબીરા જાણે છે, એક મીરાંબાઈ જાણે છે.*

*ચુંબકિયા સૌ વળગણ છોડી ફક્ત લખી છે ગઝલો મેં*
*‘શોભિત’, નરસૈંયાનો વંશજ, પીડ પરાઈ જાણે છે!*

શોભિત દેસાઈ
આજે આટલું જ... ■

વલો કચ્છ

ગિરિરાજ
feedback@bombaysamachar.com

# ત્રણ મહિનાની મહેનત ને ગજી સિલ્ક પર કંડારાયેલો રાષ્ટ્રીય અવૉર્ડનો અમર ઈતિહાસ

કહેવાય છે કે કળા ક્યારેય કોઈ ઓળખની મોહતાજ નથી હોતી, અને હુન્નર જો સાચો હોય તો સરહદો અને વિષમ પરિસ્થિતિઓ પણ તેને સલામી આપે છે. કચ્છ અને ગુજરાતની પરંપરાગત બાંધણી કળાને વૈશ્વિક મંચ પર નવી ઓળખ અપાવનાર અમીનાબેન ઈસ્માઈલ ખત્રીની જીવનગાથા આ વાતની સાક્ષી પૂરે છે.

માત્ર ૧૦ વર્ષની નાની ઉંમરે પોતાની ફઈ પાસેથી આંગળીના ટેરવે દોરો વીંટાળીને ભાત ઉપસાવવાની ‘બાંધણી’ કળા શીખનાર અમીનાબેને વિચાર્યું નહોતું કે તેને એ જ કળા રાષ્ટ્રીય અવોર્ડ સુધી પહોંચાડશે. ૧૯૮૩માં મળેલો રાજ્ય કક્ષાનો અવોર્ડ અને લાઇવ પ્રોડક્ટ બનાવીને મેળવેલા રાષ્ટ્રીય અવોર્ડની વર્ષ ૧૯૮૫ની ઘટના તો નોંધનીય બની ગઈ. અમીનાબેન વય અને ભૂતકાળના એક અકસ્માતને કારણે થોડા માનસિક અસ્વસ્થ બની ગયા અને કારીગરીથી દૂર છે, પરંતુ તેમની આંગળીઓમાંથી જન્મેલી ભાત અને રચેલા રંગો આજે પણ હસ્તકળાના ઇતિહાસમાં ઝળહળી રહ્યા છે.

ભારત સરકારના વિકાસ આયુક્ત (હસ્તશિલ્પ) દ્વારા રાષ્ટ્રીય અવોર્ડ માટે તેમની પસંદગી પ્રક્રિયા શરૂ થઈ. આ એવોર્ડ મળવા પાછળની ઘટના કોઈ વાર્તાથી ઓછી રોમાંચક નથી. દિલ્હીના પ્રગતિ મેદાન ખાતે વિશાળ હસ્તકળા પ્રદર્શનમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા અમીનાબેન પોતાની બાંધણીની કળા સાથે લઈને પહોંચ્યાં હતાં. પ્રદર્શન દરમિયાન હસ્તકળા વિભાગના ઉચ્ચ અધિકારીની નજર અમીનાબેનના કામ પર પડી અને તેમણે અમીનાબેનની બનાવેલી બાંધણીની બારીકાઈ પારખી લેતા તેમને ત્યાં જ રહીને બાંધણીનો લાઈવ પિસ બનાવી આપવા કહેલું.


અમીનાબેન ઈસ્માઈલ ખત્રી - વડા પ્રધાન નરેન્દ્ર મોદી

અમીનાબેને સળંગ ત્રણ મહિના સુધી રોકાઈને ગજી સિલ્કના કાપડ પર ટાઈ એન્ડ ડાઈનો ઉત્તમ નમૂનો વિભાગને રજૂ કર્યો અને એ અદ્‌ભુત નમૂનો અમીનાબેનના ખંત અને સર્જનાત્મકતાનું પરિણામ રાષ્ટ્રીય અવોર્ડ બનીને આવ્યું. ઝાડ પૂતલી, સંગાર ઓઢણી, આંકડા ઓઢણીમાં તેમના દ્વારા તૈયાર કરેલો ઝીણો બાંધ અને સુંદર રીતે તૈયાર કરેલું રંગાટ કામ અમીનાબેનની ખાસિયત છે.



૧૫મી ઓગષ્ટની ઉજવણી સમયે તેમણે ભૂતપૂર્વ વડાપ્રધાન રાજીવ ગાંધીને બાંધણીનો રાષ્ટ્ર ધ્વજ ભેટ આપ્યો હતો. તેમણે અમેરિકા અને દુબઈ જેવા દેશોમાં મહિનાઓ સુધી રોકાઈને પ્રદર્શનો યોજ્યા, કાર્યશાળાઓ કરી અને ૧૫૦૦થી વધુ બહેનોને તાલીમ આપી ભારતીય બાંધણી કળાનું સંવર્ધન કર્યું. વિદેશી જમીન પર ભારતીય કળાનો દબદબો ઊભો કરનાર તેઓ અગ્રણી મહિલા કારીગરોમાંના એક હતા, કારણકે પિતા કે દાદા કોઈ આ કામ સાથે જોડાયેલા ન હોવા છતાં એક મહિલા તરીકે તેમણે આ સાહસ આગળ વધાર્યું હતું.

આ તમામ પરંપરાગત ડિઝાઇન પર તેઓ જે ‘ઝીણો બાંધ’ (અત્યંત બારીક બાંધણી) કરતા અને સાથે પોતાની હાથે સુંદર ‘રંગાટ કામ’ કરતા, તે તેમની ઓળખ બની ગઈ હતી. ગજી સિલ્ક પર તેમના હાથનો કસબ અજોડ માનવામાં આવતો હતો.

અમીનાબેને પોતાનું આખું જીવન કળાને જ સમર્પિત કરી દીધું હતું. કળા પ્રત્યેના આ અસીમ સમર્પણના કારણે જ તેમણે ક્યારેય લગ્ન (વિવાહ) કર્યા નહોતા. કળા જ તેમનો સંસાર અને તેમનું જીવન હતી.

પરંતુ કુદરતને કંઈક અલગ જ મંજૂર હતું. આજથી આશરે એક દાયકા પહેલાં બનેલી એક દુર્ઘટના (અકસ્માત)માં તેમને ગંભીર ઈજાઓ પહોંચી હતી. આ ઈજાના કારણે તેમની માનસિક સ્થિતિ નબળી પડી ગઈ. પરિણામે, જે આંગળીઓએ દેશ-વિદેશમાં નામ રોશન કર્યું હતું, તેમણે મજબૂરીવશ કારીગરી છોડી દેવી પડી.

આજે અમીનાબેન આ પ્રવૃત્તિઓથી દૂર છે, પરંતુ સંતોષની વાત એ છે કે તેમના ભાઈનો પરિવાર અત્યારે તેમની ખૂબ જ પ્રેમ અને આદરપૂર્વક દેખભાળ કરી રહ્યો છે. અમીનાબેને લગ્ન ન કર્યા હોવા છતાં, તેમણે પોતાની આ કળાનો વારસો પોતાના ભાઈના પરિવારને સંપૂર્ણપણે સોંપી દીધો હતો. આજે તેમના પરિવારના સભ્યો અમીનાબેન દ્વારા અપાયેલા સંસ્કારો અને કળાના જોરે બાંધણી જગતમાં મોટું નામ કમાઈ રહ્યા છે.

અમીનાબેન ઈસ્માઈલ ખત્રીનું જીવન એ વાતની સાબિતી છે કે જો વ્યક્તિમાં સાચો હુન્નર, ઈમાનદારી અને સમર્પણ હોય તો તેને ઓળખ અને કદર મળીને જ રહે છે. દિલ્હીના પ્રગતિ મેદાનમાં ત્રણ મહિના સુધી એક જ ઓરડામાં બેસીને તૈયાર કરેલો ગજી સિલ્કનો એ એવોર્ડ વિનિંગ પીસ આજે પણ ભારતની લોકકળાનો એક અનમોલ દસ્તાવેજ છે. ■

સન્ડે ધારાવાહિક

અનિલ રાવલ
feedback@bombaysamachar.com




‘કામ બતાઓ, ક્યા કરના હૈ....?’ ઝૈનાબને સાંભળીને અજમલ ખડખડાટ હસ્યો.

‘મુઝે પાગલ સમજ રખ્ખા હૈ કી તુમ પર ભરોસા કરું...’ અજમલે હાસ્ય રોકીને કહ્યું. ઝૈનાબ ચોંકી ઊઠી. એ કાઈ બોલી નહીં. આ એની વ્યૂહાત્મક પ્રતિક્રિયા હતી. ચૂપ રહીને સાંભળતાં રહેવાથી સામેની વ્યક્તિનું મોં વધુ ખૂલતું હોય છે.

‘ભરોસા... ભરોસા બૈઠના ચાહિયે તુમ પર... યે કોઈ રબડી જિલેબી ખાને જૈસી બાત નહીં હૈ... ભરોસા દિલાઓ...’ અજમલ બોલ્યો.

‘સમંદર ભાઇજાન કો ભરોસા થા ઇસલિયે મુઝે ભેજા હૈ યહાં...’ ઝૈનાબ બોલી.

‘તુમ્હારે ઉસી ભાઇજાનને મુઝે અભી ભરોસે કી બાત કી હૈ...’

‘ભરોસા દિલાને કે લિયે મૈં ક્યા કરું... મેરે અબ્બુ-અમ્મી આપ લોગોં કે લિયે કામ કરતે થે ક્યા ઇતના કાફી નહીં હૈ...? ઉન કી કુરબાની કાફી નહીં હૈ...? મૈં કુરબાની કે લિયે તૈયાર હું ઇતના કાફી નહીં હૈ?’ અવાચક બનીને અજમલ ઝૈનાબની આંખોમાં બદલાની આગ ખોજતો હતો... ઝૈનાબ હજી કાંઈ બોલે... એની આંખોમાં ખન્નસ ઊતરી આવે... એની બોલીમાંથી આગ ઝરે કદાચ એવું અજમલ ઇચ્છતો હતો.

‘જો તય હુઆ હૈ... વો ખતમ કરો ઔર નીકલો યહાં સે... વેસે ભી હમ અપને એક બંદે અનવરૂલ અઝીમ કો ખો ચુકે હૈ...’ સાંભળીને અજમલ હબક ખાઈ ગયો.

‘અનવરૂલ કે બારે મેં તુમ્હે કૈસે પતા ચલા...?’ અજમલે ઝૈનાબને લમણે રિવૉલ્વર તાકતાં પૂછ્યું...

ઝૈનાબે રિવૉલ્વર હટાવતાં કહ્યું: ‘મૈં બહુત કૂછ જાન કર આઇ હું ઔર હાં, મૈં ઉસ અબ્બુ અમ્મી કી બેટી હું જિસને તુમ્હે પનાહ દી થી... મૈં ઉનકી મૌત કા બદલા લેને આઇ હું... ભરોસા દિલાને કે લિયે નહીં... તુમ બોલો તો રુકતી હું, વર્ના મૈં ચલી...’

અજમલ એને ચૂપચાપ સાંભળતો રહ્યો, પછી ઝૈનાબને રિવૉલ્વર આપતાં કહ્યુ: ‘યે રખ લો... કામ આયેગી.’

‘નહીં, તુમ કામ બોલો....’ ઝૈનાબ બોલી.

‘ઝરૂરત પડેગી... કામ કી બાત ભી કરુંગા... રો કે કૂછ લોગ યહાં ઍક્ટિવ હૈ...’

‘મુઝે ઝરૂરત નહીં પડેગી... હાં ઉનકે કૂછ લોગ હોંગે તો ક્યા... હમ ઍક્ટિવ હૈ તો વો લોગ ભી તો હોંગેં... મઝા તબ હૈ જબ દોનો સાઇડ કે લોગ ઍક્ટિવ હો... તુમ કામ બતાઓ...’ ઝૈનાબ ફરી ફરીને આ એક વાક્ય બોલતી હતી... જેથી અજમલને શંકા જવા લાગી.

‘કામ બતાઉંગા... થોડા સબર કરો...’ અજમલ આટલું જલદી ઝૈનાબને કામ સોંપવાના મૂડમાં કદાચ નહતો.

‘સબર કરુંગી... લેકિન કહીં એસા ના હો કી હમારા હસ્ર અનવરૂલ અઝીમ જેસા હો ઔર હમારા પ્લાન અધૂરા રહ જાયે...’

‘એસા હરગીઝ નહીં હોગા...’ અજમલે કહ્યું.

‘દુશ્મન કો હલકે મેં નહીં લેને કા... વો તુમ્હારે બારે મેં ભી જાન ચુકે હોંગે ઔર અબ... શાયદ મેરે બારે મેં ભી... અલ્લાહ હાફિઝ,’ ઝૈનાબ બોલીને નીકળી ગઈ.

***

ઝૈનાબ ધરમશાળા પહોંચી ત્યારે રાધા અને રાઘવ એની રાહમાં બેચેન બેઠાં હતાં.

રાઘવે ઝૈનાબનો જીવ જોખમમાં હોવાની પણ શંકા વ્યક્ત કરી, એની તપાસ કરવાનું પણ કહ્યું, પણ રાધા માની નહીં. રાધા બારીની બહાર જોતી રહેતી હતી.

રાઘવ, ઝૈનાબ આવી રહી છે. રાધા અચાનક બોલી. રાઘવ મોં પર બુકાની બાંધી બહાર નીકળી ગયો... નીચે ઊતરીને ઝૈનાબની નજરથી બચીને બાજુમાંથી પસાર થઈ ગયો. એની નજર ઝૈનાબ જે રસ્તે આવી હતી એ રસ્તા પર હતી. કોઈ ઝૈનાબનો પીછો કરતું નથી એની ખાતરી કરતો એ ક્યાંય સુધી ઊભો રહ્યો. ઝૈનાબ રાધાના રૂમમાં પહોંચી. રૂમમાં ઘૂસતાં જ એણે ઊંડો શ્વાસ લીધો. રાધા ઝૈનાબના બોલવાની રાહ જોતી હતી.

‘અજમલે એનો પ્લાન કહ્યો નહીં...’ ઝૈનાબ બોલી.

‘તારા પર શંકા ગઈ...?’ રાધાએ પૂછ્યું.

‘લાગતું નથી કે મારા પર કોઈ શંકા ગઈ હોય... પણ એ એનો પ્લાન મને જરૂર કહેશે, એણે કહેવો પડશે...’

રાઘવે નીચેથી રાધાની રૂમની બારી પર નજર કરી... રૂમની લાઇટ ડીમ હતી. એ આસપાસ નજર ફેરવીને ઉપર ગયો. દરવાજે બે ટકોરા માર્યા. ઝૈનાબ ચોંકી ઊઠી.

‘ડોન્ટ વરી... આપણો જ માણસ છે,’ રાધાએ બોલીને દરવાજો ખોલ્યો.

રાઘવને જોઈને ઝૈનાબ બોલીઃ ‘આ દૂધવાળો અહીં...?’

‘રાઘવ છે... એટીએસ કમાન્ડો... ગુજરાત,’ રાધાએ ધીમા અવાજે ઓળખાણ કરાવી.

‘અજમલે શું કહ્યું?’ રાઘવે પૂછ્યું.

‘કાંઈ નહીં... ઝૈનાબ ખભા ઉછાળતાં બોલી.

‘આટલીવાર વાત કરી અને કાંઈ બોલ્યો નહીં...?’ રાઘવે પૂછ્યું.

‘મતલબ એણે પોતાનો પ્લાન કહ્યો નહીં... ઝૈનાબે કહ્યું.’

‘નક્કી એને શંકા ગઈ હોવી જોઇએ...’ રાઘવે કહ્યું.

‘તારા વિશે કાંઈ પૂછ્યું...?’ રાધાએ પૂછ્યું.

‘હા, હું ક્યાં ઊતરી છું એ જાણવા માગ્યું...’

‘તેં શું કહ્યુ...?’ રાઘવે પૂછ્યું.

‘મેં ધરમશાળાનું નામ કહ્યું.’

‘શંકા ગઈ એટલે જ એણે પોતાનો પ્લાન કહ્યો નહીં...’ રાઘવે ગુસ્સામાં આંખ મીંચીને મુઠ્ઠીઓ વાળી. રાધા, ઝૈનાબની સામે જોતી ઊભી રહી.

‘રાધા, હું કહું છું કે એને ભરબજારે ગોળી મારીને કહાની ખતમ કરવી જોઈએ...’ રાઘવ ગુસ્સામાં હતો.

‘નહીં રાઘવ, ભગવાનના દરબારમાં એ શક્ય નથી...’ રાધાએ કહ્યું.

‘એ અહીં ધરમશાળામાં તપાસ કરશે... તું પણ અહીં રહે છે. મામલો એકદમ બગડી જવાના ચાન્સ છે,’ રાઘવે કહ્યું. રાધા ઊંડા વિચારમાં પડી ગઈ.

‘આપણે હવે કોઈ ચાન્સ નહીં લઈ શકીએ ઝૈનાબ... આપણે શિફ્ટ થવું પડશે...’ રાધા બોલી.

**ચૂપ રહીને સાંભળતા રહેવાથી સામેની વ્યક્તિનું મોં વધુ ખુલતું હોય છે**

‘તમે બંને બાબુજીના ફાર્મ પર શિફ્ટ થઈ જાવ...’ રાઘવે કહ્યું.

‘નહીં, અજમલની આટલી નજીક પહોંચી ગયા પછી દૂર રહેવા નથી જવું...’ દેવીપ્રસાદજીનું ઘર છે... એણે કૉલ લગાડ્યો.

‘દેવીપ્રસાદજી, અમે ધરમશાળાની રૂમ ખાલી કરીને હમણાં જ તમારે ત્યાં આવીએ છીએ...’

‘કોઈ પ્રોબલમ...? બાકી મેં વિશ્વનાથજી સાથે વાત કરી લીધી છે...’ દેવીપ્રસાદજી બોલ્યા.

‘પ્રોબલમ નથી, પણ ઇમર્જન્સી છે....’ રાધાએ કૉલ કટ કર્યો.

‘હું અહીં જ રહીશ...’ ઝૈનાબે ચોંકાવનારી વાત કરી. ‘એ મને અહીં આવશે અને હું નહીં મળું તો એને શંકા જશે ને એનો પ્લાન જાણવાનો આપણો પ્લાન ફેલ થઈ જશે...’ એણે કહ્યું.

‘ઓહ યેસ, ઝૈનાબની વાત સાચી છે...’ રાઘવે કહ્યું.

‘બટ યુ બી કેરફુલ ને એની સાથેની વાતચીતમાં બહુ સંભાળજે,’ રાધાએ કહ્યું.

* * *

અમરબાબુએ શંકરના મંદિરની પાછળ જઈને ખાડામાંથી મશીનગનો, રિવૉલ્વરો અને હૅન્ડગ્રેનેડ સહિતનો થોડો શસ્ત્રસરંજામ કાઢીને બૅગમાં મૂક્યો. ગોપાલેશ્વર ધામની બજારમાં શંકર જ્યાં કામ કરતો હતો ત્યાં ગયો.

‘તુમ્હારે પિતાજી સેં હંમેશાં સીધા સામાન ખરીદતા થા... બહુત દુ:ખ હુઆ જાન કર અબ વો નહીં રહે..’ અમરબાબુએ ગુપ્તાજીના દીકરા નંદુ પાસે ખરખરો કર્યો.

‘ક્યા સેવા કર સકતા હું મૈં આપકી...?’ નંદુએ પૂછ્યું.

‘સેવા તો ગોપાલેશ્વર કી કરની હૈ....’ અમરબાબુએ લિસ્ટ કાઢીને આપ્યું.

નંદુએ લિસ્ટ વાંચવાની શરૂઆત કરી. દરમિયાન અમરબાબુએ દુકાનની પાછળના કોઠારમાં નજર કરી. લિસ્ટ વાંચ્યા પછી નંદુએ અમરબાબુને ઉપરથી નીચે સુધી જોયો.

‘ક્યા હુઆ...?’ અમરબાબુએ પૂછ્યું.

‘ઇતની બડી સેવા શાયદ અબતક કિસીને નહીં કી હોગી...’ નંદુ બોલ્યો.

‘ઇતના સારા સામાન આપ કેસે લે જાયેગેં...? મેરે પાસ કોઈ લડકા નહીં હૈ.’ નંદુએ કહ્યું.

‘જાનતા હું શંકર ભી અબ નહીં રહા... વો કામ કા આદમી થા...’ અમરબાબુએ કહ્યું.

‘આપ ઉનકો ભી જાનતે થે...?’ નંદુ બોલ્યો.

‘હાં બહુત અચ્છી તરહા...’ થોડી ક્ષણો પછી બોલ્યોઃ ‘મુઝે અભી નીકલના હૈ, સામાન કે લિયે મેરા આદમી આયેગા... ઇસ કા પૈસા મૈં ચુકા દેતા હું...’ કહીને એણે રોકડા રૂપિયા ચૂકવ્યા. લિસ્ટ લઈને એની પર પેઇડ લખ્યું.

‘યે લો, જો આયેગા વો યહ અમાઉન્ટ બોલેગા ઉસે સામાન દેના... ઔર યે લિસ્ટ ભી...’ અમરબાબુ નંદુ અને કોઠારને જોતો નીકળી ગયો. નંદુ સામાન જોખવા લાગ્યો.

***

અજમલ બપોરે સામાન લઈ જાવા માટે એક રેકડીવાળાને લઈને દુકાને આવ્યો...

‘સામાન તૈયાર હૈ...?’ અજમલે અમાઉન્ટ કહીને પૂછ્યું.

‘સબ તૈયાર હૈ...’ નંદુએ સામાનની સાથે લિસ્ટ પાછું આપ્યું... અજમલ માલ લઈને નીકળી ગયો. અમરબાબુ લૉજમાં બેસીને અજમલની રાહ જોતો હતો. થોડીવાર પછી બેલ વાગી. અમરબાબુએ દરવાજો ખોલ્યો. અજમલે રેકડીવાળા પાસેનો સામાન રૂમના એક ખૂણામાં મુકાવ્યો. રેકડીવાળાને પૈસા ચૂકવ્યા. દરવાજો બંધ કરીને બંને ખડખડાટ હસ્યા.

‘અબ આયેગા મઝા...’ અમરબાબુ બોલ્યો.

‘તુમ અપના સામાન લાયે...?’ અજમલે પૂછ્યું.

‘સબ તૈયારી હૈ... ઉસ લડકી કો પ્લાન બતા દિયા...?’ અમરબાબુએ બૅગ બતાવતાં પૂછ્યું.

‘મૈંને ઉસકે લિયે કૂછ ઓર સોચા હૈ... લડકી ચાલાક હૈ...’ અજમલે કહ્યું.

‘દેખ લેના ભરોસે કા સૂર કહીં ખતરે કી ઘંટી ન બન જાયે’ અમરબાબુએ કહ્યું. (ક્રમશઃ) ■

સર્જકના સથવારે

રમેશ પુરોહિત
feedback@bombaysamachar.com

# અટકવું એ ય ગતિનું જ કોઇ રૂપ હશે હું સાવ સ્થિર છું ને મારામાં રાસ ચાલે છે

## નવીનતાના નગારે ડંકો વગાડતી જવાહર બક્ષીની ગિરનારી ગઝલ

ગુજરાતી ગઝલની શયદાના રંગમંડપમાં પધરામણી થઇ અને એક આખી પેઢી એ કન્યાને સોએ શણગારથી સજાવવા માટે પ્રવૃત્ત થઇ. ગુજરાતમાં અમૃત ઘાયલ જેવો સબળ સર્જક, ગુજરાતમાં પહેલાં અને પછી મુંબઇ આવેલા મહાન ગઝલનાયક શૂન્ય પાલનપુરી, મુંબઇમાં સ્થાયી થયેલા લયના માલુમી બરકત વીરાણી ‘બેફામ’ નિનુ મઝુમદાર ભાનુશંકર વ્યાસ બાદરાયર્ણ, વેણીભાઇ પુરોહિત, વગેરે શયદાની હાજરીમાં ગઝલનો મધુપર્ક, ગાય રહ્યાં હતા ત્યારે ગઝલનાં માંડવામાં સાવ નવાધાકોર મંગળાષ્ટક ઉચ્ચારતો એક તેજસ્વી નવયુવાન પ્રવેશ કેર છે. તેમના તેજ, વિદ્વતા અને ખુમારીથી બધાને આંજી દે છે અને ગઝલની ક્ષિતિજ પર એક નવું પ્રભાત ઉઘડે છે. આ યુવાન એટલે આજનો સર્વાંગસુંદર ગઝલકાર જવાહર બક્ષી.

ભારતની ધરતી પર આઝાદીના આગમનની છડીઓ પોકારાઇ હતી. દેશ સ્વતંત્ર બનવા માટે થનગની રહ્યો હતો. ત્યારે આઝાદીના ભૂંગળ વાગવાની મંગળ ઘડીઓને થોડીક વાર હતી ત્યારે નરસિંહ, ગિરનાર, ભવનાથ અને ગીરના સિંહોની ભૂમિ જૂનાગઢમાં ૧૯ ફેબ્રુઆરી, ૧૯૪૭માં જવાહરનો જન્મ થયો હતો.

ગઝલ અરબસ્તાનમાંથી ઇરાનમાં આવી અને ઉર્દૂ મારફત ભારતમાં આવી. ભારતમાં રાજયોની ભાષામાં પ્રસરવા માંડી પણ તેનો વિકાસ, વિલાસ અને વિસ્તાર ગુજરાતમાં જ થયો. ગઝલમાં સૂફી વિચારધારા છે. સૂફીઓ અધ્યાત્મ ગુરુઓ હોય છે અને ભક્તની જેમ નિત્યનિરંતર પરમ પ્રિયતમની ઉપાસના કરતા રહે છે. આપણામાં ઇશ્વર આશિક છે અને ભક્ત માશૂક છે. સૂફીમાં આરાધક આશિક છે અને પ્રભુ-અલ્લાહ ખુદા કે પછી અનલહક એમાં એ માશૂક છે. ગઝલ તેના ઊંચા અર્થમાં આશિક અને માશૂકની વાતચીત છે. ગુફતગૂ પર જેનો મદાર છે જે બે પ્રેમીઓ વચ્ચેની દાસ્તાન છે તે ગઝલ છે. જવાહરને કેટલાક લોકો ‘અધ્યાત્મરંગી’નું બિરુદ આપે છે. પણ તેને જાણ નથી કે દરેક ગઝલકાર આખરે પરમ પ્રિયતમ પરમેશ્વર સાથે જ ગુફતગૂ કરતા હોય છે.

આથી જવાહર બક્ષીને માત્ર ‘અધ્યાત્મ’ ગઝલકાર તરીકે ઓળખવાથી તેમનું સર્જનપ્રદાન પૂરતું સમજાય નહીં. તેમના સર્જનમાં ગઝલનું પરંપરાગત શિલ્પ, આધુનિક સંવેદના, પ્રેમ-વિરહ, અસ્તિત્વ ચિંતન, આધ્યાત્મિકતા, અને ગુજરાતી દેશી કાવ્યરૂપો સાથેના પ્રયોગો એક સાથે જોવા મળે છે.

જવાહર કાવ્ય સર્જન જેવા કોમળ ભાવાવોળા ક્ષેત્રમાં સર્જન કરે છે અને સાથે સાથે આંકડાની માયાજાળ સમા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પદવી હાંસલ કરે છે. કવિતા જન્મજાત હતી, ભીંતમાં પીપળો ઊગે એમ એનો પ્રાદુર્ભાવ થયો હતો. એના માટે કવિતા આયાસનો કસબ ન હતો પણ આપદની એકધારી ઇશ્વરીય સોગાદ હતી.

જવાહર બક્ષીના જીવન, સર્જન અને વિશિષ્ટ પ્રદાનની વાત કરીએ તો કહી શકાય તે તેઓ આધુનિક ગઝલના એવા સર્જક છે જેમણે ગઝલને માત્ર પ્રેમ, વિરહ કે રોમેન્ટિક લાગણીના માધ્યમ તરીકે ન રાખતા તેને અસિતત્વ, ચેતના, આધ્યાત્મિક અનુભવ અને જીવનદર્શનની અભિવ્યક્તિનું સશક્ત માધ્યમ બનાવ્યું છે.

જવાહરના શબ્દોમાં કહીએ તો તેને ગઝલો લખી નાખવાનો અને છપાવી નાખવાનો વ્યામોહ નથી. એમણે પોતાની ૭૦૦થી વધુ ગઝલો ગંગાના પાણીમાં વહાવી દીધી છે. પરિણામે જે નવનીત રહ્યું તે આપણને તેમના બે મુખ્ય ગઝલસંગ્રહો-‘તારાપણાના શહેરમાં’ (૧૯૯૯) અને ‘પરપોટાના કિલ્લા’ (૨૦૧૨)માં મળ્યા છે. આ ઉપરાંત ૨૦૨૬માં તેમની લગભગ છ દાયકાની સર્જનયાત્રામાંથી પસંદ કરાયેલી ગઝલોનો સંગ્રહ ‘ટોળાંની શૂન્યતા છું’ પ્રકાશિત થયો છે.

જવાહરનું વિશિષ્ટ પ્રદાન છે ગઝલને આધ્યાત્મિક અનુભૂતિનું માધ્યમ બનાવવું. એમની ગઝલમાં પોચટ, જીભના લપેડા મારતી લાગણી કે ઉપદેશાત્મક બનતી ફિલોસોફી નથી. આ સરવાણી અનુભવમાંથી પ્રગટે છે,



જવાહર બક્ષી

અનુભૂતિના ચેતોવિસ્તારની સરળ યાત્રા બની રહે છે. સર્જક અંદરથી એકાકાર હોય તો જ તેના સર્જનમાં તત્ત્વ અને સત્ત્વ આપોઆપ મહેક્યાં કરે છે, કવિકર્મની પ્રતિષ્ઠા થાય છે.

આપણે કવિતામાં અભિધા, લક્ષણા, વ્યંજના આદિને માણીએ છીએ. સર્જકના એક કરતાં વધુ સ્તર હોઇ શકે. જયારે કવિની સંવેદનશીલતા તારસ્વરે જીવનના સત્યને ચીંધી આપે છે. ત્યારે જ ભાવકના ભાવજગતમાં તેની પ્રાણપ્રતિષ્ઠા થાય છે. જવાહર આવા અનેક મુકામો છે.

બક્ષીની દૃષ્ટિએ હું, તું જીવન, મૃત્યુ, પ્રેમ, વિરહ, શૂન્યતા વગેરે અલગ-અલગ વસ્તુઓ નથી. આ બધામાંથી પસાર થઇને કવિ અસ્તિત્વના મૂળ સત્ય સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે. આથી એમની ગઝલમાં પ્રિયતમાં આખરે પરમ તત્ત્વ સુધી પહોંચવાનું પ્રતીક બની જાય છે.

તેમની કાવ્યસૃષ્ટિના એક સંવાદમાં બક્ષી પોતે સર્જનને એક મૂળ ચેતનાસ્રોત સાથે જોડે છે અને કવિતાને જીવનના આનંદ તથા સર્જનશક્તિના અનુભવ સાથે સાંકળે છે. આથી તેમને ‘આધ્યાત્મિક અનુભૂતિના ગઝલકાર’ તરીકે ઓળખાવવાનું કારણ ફકત વિશેષણ નથી, તેમની કાવ્યદૃષ્ટિનું આ કેન્દ્રીય લક્ષણ છે. ગુજરાતીમાં અવતરેલી બક્ષીની થોડીક ગઝલોની તાજગી, પ્રવાહિતા, રમણીયતા વગેરે એટલા આકર્ષક છે કે તેને આપોઆપ વિશિષ્ટતા અર્પે છે.

‘પરપોટો’ : કેન્દ્રીય પ્રતીક

બક્ષીના કવિતામાં ‘પરપોટો’ અત્યંત અર્થસભર પ્રતીક છે. પરપોટો ક્ષણિક છે, પારદર્શક છે, સુંદર છે પણ અસ્થિર છે. માનવજીવનનું પણ આવું જ છે. આથી ‘પરપોટો’ માત્ર પાણીનો પરપોટો નથી રહેતો, બે બની જાય છે-માનવ અસ્તિત્ત્વનું પ્રતીક.

‘પરપોટાના કિલ્લા’માં આ વિરોધાભાસ અત્યંત સુંદર છે. પરપોટો ક્ષણભંગુરતા, કિલ્લો સ્થાયિત્યની માન ઇચ્છા. અર્થાત્ માણસ ક્ષણભંગુર જીવનમાં શાશ્વતતાના મહેલ ઊભા કરવા માગે છે. આમ ‘પરપોટાના કિલ્લા’માત્ર કાવ્યસંગ્રહનુ નામ નથી. તે બક્ષીના સમગ્ર જીવનદર્શનને સમજવાની એક ચાવી છે.

બક્ષીની ગઝલ રચનાના તાણાવાણા કોઇ પણ વિષયને અંતે લૌકિકમાંથી અલૌકિક તરફ જાય છે. ગઝલના બે વિષયો બધા જ સર્જકો માટે ખાસ છે અને તે છે પ્રેમ અને વિરહ. બક્ષીની ગઝલમાં પ્રેમ ખૂબ જ મહત્ત્વનો વિષય છે, પરંતુ તેમનો પ્રેમ માત્ર શૃંગારિક નથી. પ્રિયતમની ગેરહાજરીમાંથી જન્મની શૂન્યતા ધીમે ધીમે અસ્તિત્ત્વની શોધ બની જાય છે. ઉદાહરણ તરીકે તેમની પ્રોષિતભર્તુકા ગઝલમાં.

*તારા જવાનું જયારે મને સાંભરે રે લોલ*
*આકાશ મારી આંખમાં ટોળે વળે રે લોલ*

અહીં ‘આકાશ’ આંખમાં ટોળે વળે છે. આ એક સુંદર કાવ્ય કલ્પના બને છે. આથી બક્ષીની પ્રેમ ગઝલમાં વિરહ-શૂન્યતા-આત્મચિંતન-આધ્યાત્મિકતા એવો આંતરિક વિકાસ જોવા મળે છે.

‘આજના માણસની ગઝલ.’

જવાહરની પ્રસિદ્ધ રચના ‘આજના માણસની ગઝલ’ આધુનિક માનવની આંતરિક રિકતતાને-ખાલીપાને સ્પર્શે છે.

‘ટોળાંની શૂન્યતા છું જવા દો, કશું નથી.’ આ પંક્તિમાં અદ્ભુત વિરોધાભાસ છે. ટોળું છે, પણ વ્યક્તિ એકલી છે. ભીડ છે, પણ આંતરિક સંવાદ નથી. વ્યવસ્થા છે, પણ અર્થ ખોવાઇ ગયો છે. આધુનિક મનુષ્યની સૌથી મોટી સમસ્યા કદાચ એકલતા નથી, પરંતુ ભીડમાં રહીને પણ પોતાની ઓળખ ગુમાવવાનું દુ:ખ છે. એટલે ‘ટોળાની શૂન્યતા’ એક મહત્ત્વનું આધુનિક માનસિક સામાજિક પ્રતીક બની જાય છે.

અહીં બક્ષી ફકત આધ્યાત્મિક કવિ નથી, તેઓ આધુનિક માનવના અસ્તિત્વસંકટના કવિ પણ છે.

ક્ષિતિજો પાર કરી...

જવાહર બક્ષીનુ બીજું મોટું પ્રદાન છે - ગઝલના પરંપરાગત સ્વરૂપમાં નવી શકયતાઓ તરફ પ્રમાણ, ગઝલને અન્ય ગુજરાતી કાવ્યસ્વરૂપો સાથે સર્જનાત્મક રીતે જોડવાનું મહત્ત્વનું કામ એમણે કર્યું છે. તેમના નિવેદન પ્રમાણે તેમણે ગઝલ ઉપરાંત ગીત, રૂબાઇ, મુકતક, અછાંદસ, ત્રિપદી વગેરેમાં પણ કામ કર્યું છે અને ગઝલ તથા દેશી, કાવ્ય પરંપરાના વિવિધ સ્વરૂપોનું સંમિશ્રણ કરવાનો પ્રયાસ કર્યો છે.

આ પ્રયોગોમાં ખાસ નોંધપાત્ર છે :

- ભજન - ગઝલ
- ગરબા - ગઝલ
- આખ્યાન ગઝલ
- દુહા સાથેનું સંમિશ્રણ
- કુંડળી પ્રયોગ
- ગીતાત્મક ગઝલ :

આને બક્ષીનું સ્વરૂપ વિસ્તારનું યોગદાન કરી શકાય.

‘ભજન-ગઝલ’ ગુજરાતી પરંપરા અને ગઝલનું અદ્ભુત મિલન છે. તેઓ ગઝલના બંધારણમાં ભજનની ભાવ ધારા લાવે છે.

***એવો તે કંઇ ઘાટ જીવનને દીધો જી***
***પરપોટામાં કેદ પવનને કીધો જી***

આ રચનામાં ‘જી’ જેવી ભજન પરંપરાની લયાત્મકતા અને ગઝલનું કાફિયા રદીફનું બંધારણ સાથે આવે છે. રચનાના સ્વરૂપ વિશેના કાવ્યા સ્વાદમાં પણ તેના બે કાફિયાના વિશિષ્ટ સંયોજનની નોંધ લેવાઇ છે.

આમ જોઇએ તો અહીં બક્ષીનું મહત્ત્વનું પ્રદાન છે. ઉર્દૂ-ફારસી પરંપરામાંથી આવેલી ગઝલને ગુજરાતી ભક્તિકાવ્યની આંતરિક પરંપરા સાથે સંવાદ કરાવવો આને ગુજરાતી ગઝલના સાંસ્કૃતિક સ્વદેશીકરણ તરીકે પણ જોઇ શકાય.

‘આખ્યાન ગઝલ’

આ શિલ્પની દૃષ્ટિએ વિશિષ્ટ પ્રયોગ છે. બક્ષીની ‘એક કડવાની આખ્યાન ગઝલ’ તેમની પ્રયોગશીલતાનો અત્યંત મહત્ત્વનું ઉદાહરણ છે. તેમણે આખ્યાનની રચનાત્મક ગન્સ અને ગઝલના શેરબંધ સ્વરૂપને એકબીજા સાથે સાંકળવાનો પ્રયાસ કર્યો છે. રચનાના વિભાગો છે : મુખ્યબંધ, ઢાળ, વલણ, ઊથલો અને ફળશ્રુતિ. આ રચનાત્મક ગોઠવણી આખ્યાનને જીવંત કરે છે. જયારે શેર, કાફિયા અને રદીફ ગઝલની ઓળખ જાળવી રાખે છે.

આથી બક્ષી માટે ગઝલ માત્ર બંધાયેલું સ્વરૂપ નથી. તેઓ જાણે છે કે ‘સ્વરૂપની મર્યાદા જ સર્જનની અંતિમ મર્યાદા નથી.’

ભાષા : શિષ્ટ પણ ભાવસભર

બક્ષીની ભાષા વિશે ‘શિષ્ટ શૈલીમાં લખતા અધ્યાત્મરંગી ગઝલકાર એવી ઓળખ આપવામાં આવી છે.

તેમની ભાષામાં એક સાથે ત્રણ સ્તરો જોવા મળે છે.

૧. તત્સમ - સંસ્કૃત મૂલક શબ્દભંડોળ
૨. ગુજરાતી લોકપરંપરાનો શબ્દસ્વાદ
૩. ગઝલની ઉર્દૂ : ફારસી પરંપરાનો સંગીતમય સ્પર્શ

આ ત્રણેયને બક્ષી સહજ રીતે ગૂંથી શકે છે. એટલે તેમની ભાષા ન તો સંપૂર્ણપણે લોકબોલીની છે, ન તો અતિશય સંસ્કૃતનિષ્ઠ અને ન તો માત્ર ઉર્દૂ- ફારસી-પ્રભાવિત આથી ગુજરાતી કાવ્યભાષામાં પોતાનો આગવો લય ઊભરી આવે છે.

બક્ષીની પ્રતીક અને રૂપ સૃષ્ટિ સંકુલ નથી અને છે. એમની ગઝલનો વિશેષ અભ્યાસ કરીએ તો અનેક પ્રતીકો વારંવાર જોવા મળે છે :

પ્રતીક-પરપોટો-સૂચિત અર્થ છે-ક્ષણભંગુર માનવજીવન, કિલ્લો-સ્થાયિત્વની માનવ-ઇચ્છા, આકાશ-અનંતતા, પવન-ચેતના-જીવન, પ્રાણી-પ્રવાહ અને અસ્તિત્વ, ઝાકળ-ક્ષણિક સૌંદર્ય, તરસ-અપૂર્ણતા-શોધ. ટોળું-સામૂહિક હયાતી, શૂન્યતા-આંતરિક ખાલીપો- પ્રકાશ-જ્ઞાન, આત્મસાક્ષાત્કાર, અંધકાર- અજ્ઞાન-અનિશ્ચિતતા.

બક્ષીએ આપણામાં રહેલા પંચમહાભૂતોને તેના બાહ્ય અને આંતરિક અર્થમાં પ્રયોજ્યા છે. શરીરને જેમ ગઝલને પંચતત્ત્વની બનાવીને ‘શિવોઽહમ્’ તરફ ઉર્ધ્વગતિ કરી છે. આ પ્રતીક પ્રણાલી બક્ષીની ગઝલને સીધી ભાવુકતા કરતાં વધુ ઊંડા દાર્શનિક અર્થક્ષેત્ર તરફ લઇ જાય છે. એમના એક શેરથી અટકીએ.

***અટકવું એય ગતિનું જ કોઇ રૂપ હશે***
***હું સાવ સ્થિર છું ને મારામાં રાસ ચાલે છે***

(ક્રમશ :)■

સુખનો પાસવર્ડ

આશુ પટેલ
feedback@bombaysamachar.com

# વીતી ક્ષણો અફસોસભરી ન બની રહે એ ખાસ યાદ રાખજો...

આનંદ બક્ષી લિખિત આ ગીતના શબ્દો જરા ધ્યાનથી સાંભળા- મમળાવો...

*ઝિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈં જો મકામ*
*વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે*

*ફૂલ ખિલતે હૈં, લોગ મિલતે હૈં*
*મગર પતઝડ મેં જો ફૂલ મુરઝા જાતે હૈં*
*વો બહારોં કે આને સે ખિલતે નહીં*
*કુછ લોગ જો સફર મેં બિછડ જાતે હૈં*
*વો હઝારોં કે આને સે મિલતે નહીં*
*ઉમ્ર ભર ચાહે કોઈ પુકારા કરે ઉન કા નામ*
*વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે*

*આંખ ધોખા હૈ, ક્યા ભરોસા હૈ*
*સુનો દોસ્તોં શક દોસ્તી કા દુશ્મન હૈ*
*અપને દિલ મેં ઇસે ઘર બનાને ન દો*
*કલ તડપના પડે યાદ મેં જિન કી*
*રોક લો, રૂઠ કર ઉનકો જાને ન દો*
*બાદ મેં પ્યાર કે ચાહે ભેજો હઝારોં સલામ*
*વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે*



આશા ભોંસલે-આર.ડી .બર્મન

*સુબહ આતી હૈ, શામ જાતી હૈ*
*યૂંહી વક્ત ચલતા હી રહેતા હૈ રુકતા નહીં*
*એક પલ મેં યે આગે નિકલ જાતા હૈ*
*આદમી ઠીક સે દેખ પાતા નહીં*

*ઔર પરદે પે મંઝર બદલ જાતા હૈ*
*એક બાર ચલે જાતે હૈં જો દિન-રાત, સુબહ-ઓ-શામ*
*વો ફિર નહીં આતે, વો ફિર નહીં આતે.*

૧૯૭૪માં રિલીઝ થયેલી ફિલ્મ ‘આપ કી કસમ’નું, આનંદ બક્ષીએ લખેલું અને કિશોરકુમારે ગાયેલું આ ગીત લગભગ બધા વાચકોએ અનેક વાર સાંભળ્યું હશે અને રાજેશ ખન્ના પર પિક્ચરાઇઝ થયેલું આ ગીત થિયેટરના પડદે કે ટીવી સ્ક્રીન પર જોયું પણ હશે. આ ગીત માટે સંગીત આપનારા સંગીતકાર આર.ડી બર્મનના જીવનનો એક રસપ્રદ કિસ્સો છે.

‘પંચમદા’ તરીકે ઓળખાતા આર.ડી. બર્મન અને વિખ્યાત ગાયિકા આશા ભોંસલેની આત્મીયતા જગજાહેર હતી, પણ જીવનના એક તબક્કે બંને વચ્ચે મોટો ઝઘડો થઈ ગયો. તેમનો ઝઘડો એટલો વધી ગયો કે ઝઘડતાં-ઝઘડતાં બંને થાકી ગયાં અને સોફા પર બેસી ગયાં. એ જ વખતે ટીવી પર ‘છાયાગીત’ કાર્યક્રમ શરૂ થયો અને એમાં ‘પંચમદા’નું જ ઉપરોક્ત ગીત ટેલિકાસ્ટ થયું: ‘ઝિંદગી કે સફર મેં ગુઝર જાતે હૈં જો મકામ વો ફિર નહીં આતે...’ એ ગીત જોઈને તે બંને શાંત થઈ ગયાં.

સામાન્ય એવી માન્યતા છે કે હિન્દી ફિલ્મોનાં ગીતોમાં ભલીવાર હોતી નથી, પરંતુ હિન્દી ફિલ્મોનાં કેટલાંક ગીતોમાં ખૂબ ઊંડાણ હોય છે. એંસીના દાયકા સુધી ફિલ્મો માટે ઘણાં સારાં ગીતો લખાતાં હતાં. એવાં ગીતો જેમાં જીવનની ફિલોસોફી પણ હોય અને જીવનને ઊંડાણથી સમજવાની વાત પણ હોય. જેમ આર.ડી. બર્મન અને આશા ભોંસલે વચ્ચે ઝઘડો થયો, પણ ઉપરોક્ત ગીતને લીધે એ ઝઘડાનો અંત આવી ગયો.

‘પંચમદા’ અને આશા ભોંસલેની વચ્ચે તો તરત જ સમાધાન થઈ ગયું, પણ આશાજીના બહેન લતા મંગેશકરે વિખ્યાત ગાયક મુહમ્મદ રફી વચ્ચે થયેલો ઝઘડો ચાર વર્ષના અબોલામાં ફેરવાઈ ગયો હતો. એ પછી આર.ડી. બર્મનના પિતા એસ.ડી. બર્મનને કારણે બંને વચ્ચે સમાધાન થયું હતું.

લતા મંગેશકર અને મુહમ્મદ રફી વચ્ચે એક તબક્કે એટલો મનભેદ થઈ ગયો હતો કે બંનેએ સાથે ગાવાનું બંધ કરી દીધું હતું. તે બંને વચ્ચે મનદુ:ખ થવાનો મુદ્દો હતો ગીતોની રોયલ્ટીનો. લતાજી એ વખતે પ્રોડ્યુસર્સને ફરજ પાડવાની કોશિશ કરી રહ્યાં હતાં કે ગાયકો અને ગાયિકાઓને ગીતની આવકમાંથી રોયલ્ટી મળવી જોઈએ. લતાજી ઈચ્છતા હતા કે રફીજી તેમને આ મુદ્દે સમર્થન આપે, પરંતુ રફીજીએ કહ્યું કે રેકોર્ડિંગ માટે આપણને જેટલું મહેનતાણું મળે છે એ પૂરતું છે. એ વખતે તેમણે લતાજીને થોડા કડવા શબ્દો પણ કહી દીધા. લતાજી નારાજ થઈ ગયા અને તેમણે રફીજી સાથે બોલવાનું બંધ કરી દીધું. મતભેદમાંથી થયેલા મનભેદને કારણે બંને વચ્ચે અબોલા થઈ ગયા અને બંનેએ ૧૯૬૩થી સાથે ગાવાનું બંધ કરી દીધું. ૧૯૬૭નાં વર્ષ સુધી તેમણે સાથે ગીતો રેકોર્ડ કર્યા નહોતા. આર.ડી. બર્મનના સંગીતકાર પિતા એસ.ડી. બર્મને બંનેને ફરી નજીક લાવવા માટે કોશિશ કરી. ૧૯૬૭માં મુંબઈના ષણ્મુખાનંદ હોલમાં યોજાયેલી એસ.ડી. બર્મન નાઈટમાં લતાજી અને રફીજી એકસાથે સ્ટેજ પર આવે એવી તેમની ઇચ્છા હતી. તેમણે પ્રથમ રફીજીને કહ્યું.

એ પછી રફીજીએ લતાજીને પત્ર લખીને પોતાના કડવા શબ્દો માટે અફસોસ વ્યક્ત કર્યો. એ પછી એસ.ડી. બર્મને લતાજીને કહ્યું કે તમે બંને ફરી મારું માન રાખીને ભેગા થાવ. લતાજી અને રફીજીએ ચાર વર્ષ પછી ફરી વાર સાથે મળીને ગીતો ગાયાં. એ પછી તો તેમની વચ્ચે સરસ સંબંધ બંધાઈ ગયો હતો.

હિન્દી ફિલ્મ ઇન્ડસ્ટ્રીમાં આવા ઘણા કિસ્સાઓ છે. આપણા રોજબરોજના જીવનમાં પણ આવા કિસ્સાઓ જોવા મળતા હોય છે ઘણી વખત બે ભાઈ કે ભાઈ બેન વચ્ચે કે બે બહેનો વચ્ચે મનદુ:ખ થઈ જાય અને આખી જિંદગી તેઓ અબોલા લઈ લે અને પછી એક ભાઈ કે એક બહેનનું મૃત્યુ થાય ત્યારે તેમને અફસોસ થતો હોય છે કે મેં અહંકારને લીધે કે હઠને લીધે (સગા ભાઈ કે સગી બેન સાથે) જિંદગીભર અબોલા રાખ્યા.

કુટુંબની વ્યક્તિ સાથે, મિત્ર સાથે કે સહકર્મચારી સાથે ઝઘડો થઈ જાય ત્યારે અબોલા લેવાને બદલે આ ગીત યાદ કરવું જોઈએ કે ‘ઝિંદગી કે સફર મેં ચલે જાતે હૈ જો મકામ વો ફિર નહીં આતે...’

જે ક્ષણો વીતી જાય છે એ પાછી નથી આવતી. જીવનની વીતી ગયેલી ક્ષણો અફસોસભરી ન હોય એ યાદ રાખીને જીવવું જોઈએ. ■

મિજાજ મસ્તી

સંજય છેલ
feedback@bombaysamachar.com

# જીવન છે ઘાસુ... જોકર કે ભી આંસુ?

**ટાઇટલ્સ:**

**બૂઢી આંખોના મૌન હાસ્યમાં જીવતરની ગાથા હોય છે. (છેલવાણી)**

એક સ્કૂલમાં ટીચરે, ‘એક બાળકને પૂછ્યું, તારા મા-બાપના નામ શું છે?’

‘મારા પપ્પાનું નામ ‘લાફિંગ’ છે અને મમ્મીનું નામ ‘સ્માઇલિંગ’, બાળકે કહ્યું.

ટીચરે ભડકીને પૂછ્યું, ‘ઓહ, મશ્કરી એમ?’

‘ના..ના..‘મશ્કરી’ તો મારી બહેનનું નામ છે. મારું નામ ‘જોકિંગ’ છે!, પેલા બાળકે હસીને કહ્યું ને આ સાંભળીને આખો કલાસ હસવા માંડ્યો. જો આવી મસ્તી પીએચ.ડી.ના સ્ટુડંટે કરી હોત તો કોઇ ના હસત! એક બાળકના હાસ્યમાં, સ્મિતમાં નિર્દોષતા છે. દરેક હાસ્યકારે પોતાની અંદર આવી નિર્દોષતા સાચવી રાખવી પડતી હોય છે.

હાસ્ય વિશેના એક સર્વે મુજબ જે કલાકારો પોતાની જાત પર હસે ને પોતાની મજાક ઉડાવે તેઓ વધુ સુખી હોય છે. કદાચ એવું હશે કે કલાકારનું બધું ટેન્શન એનાથી ઊતરી જતું હશે! પણ આપણને હસાવનારા કલાકારો સૌથી વધુ દુ:ખી હોય છે એવું માનવું આપણને ગમે? હોલિવૂડના કોમેડિયન અને કલાકાર રોબિન વિલિયમ્સે ૨૦૧૪માં આપઘાત કર્યો હતો. એને બાયપોલર ડિસઓર્ડરની માનસિક બીમારી હતી અને વારંવાર ડિપ્રેશન કે હતાશાના એટેક આવતા. ત્યારથી આ ચર્ચા ચાલુ થયેલી કે હાસ્ય કલાકારને ડિપ્રેશન કેવી રીતે આવી શકે? દુનિયાને હસાવનાર જોકરનાં આંસુ કોઈને દેખાતાં નથી. કદાચ જોકર આંસુ વહાવીને પણ લોકોને હસાવવા માગે છે. કદાચ આ દોરંગી દુનિયામાં એક જોકરના આંસુ જેવી પવિત્ર ચીઝ કોઇ નથી.



હાસ્ય અને હતાશા પર ડો. ડોબરાહ સેરની કહે છે કે ડિપ્રેશન એવી વાત છે કે સામેવાળો માણસ કોણ છે, એ જોતું નથી. સામાન્ય માણસને પણ થાય અને અસામાન્ય ટેલેન્ટેડ માણસને પણ થાય. તેના કહેવા પ્રમાણે હાસ્ય કલાકારની સારવાર કરવામાં વધારે તકલીફ પડે, કારણકે તેમના માટે હળવાશનો અનુભવ કરવો મુશ્કેલ હોય છે. તો બીજી બાજુ સાઈકોલોજિસ્ટ પ્રો. પીટર મેકગ્રા કહે છે કે લોકોને હસાવવા માટે રમૂજી અને મશ્કરા બનવામાં સામાન્ય કામ કરતાં વધારે તકલીફ પડે છે. હાસ્ય કલાકારોને સફળતા માટે ખૂબ સંઘર્ષ કરવો પડે છે કારણકે મનોરંજન ક્ષેત્રે ગળાકાપ સ્પર્ધા હોય છે. હાસ્ય કલાકારો પર સતત સફળ રહેવાનું ટેન્શન હોય છે. હાસ્ય કલાકારો પોતાની જ સફળતાની જાળમાં ફસાઈ જાય છે. ટીવીનો પોપ્યુલર સ્ટેંડઅપ હાસ્યકાર- કપીલ શર્મા પણ બાકી નથી રહ્યો!

**ઇન્ટરવલ :**

**અપને પે હંસકર, જગ કો હંસાયા. બન કે તમાશા, મેલે મેં આયા.**

**(મેરા નામ જોકર-ફિલ્મ)**

ફ્રાન્સમાં એક સાઇકિયાટ્રિસ્ટ પાસે દર્દી આવ્યો અને તેણે ફરિયાદ કરી, ‘ડો. મને બેચેની જેવું લાગે છે, ડિપ્રેશન જેવું લાગે છે, ઊંઘ નથી આવતી. સતત ઉદાસ રહું છું.’

ડોક્ટરે કહ્યું, ‘તમે એક કામ કરો. અહીં પાસે જ નાટકનું થિયેટર છે. ત્યાં નાટ્યલેખક મોલોયેરનાં નાટકો ભજવાય છે એને જોવા જાવ. એમાં બહુ સરસ કોમેડી હોય છે. એને જોતાં વેંત જ તમારું બધું જ ડિપ્રેશન જતું રહેશે ને તમે સાજા થઇ જશો.’

દર્દીએ કહ્યું, ‘હું પોતે જ મોલિયેર છું!’

હિંદી વ્યંગકાર હરીશંકર પરસાઇ, પોતાના હાસ્ય વ્યંગ્ય લેખન માટે લખે છે : ઓ. હેન્રી જેલમાં જવાથી લેખક બન્યો અને હું બેકારીને લીધે બન્યો. હું વ્યંગ્ય લખતો થયો તો મને લોકો સલાહ આપતાં કે કશુંક શાશ્વત લખ જેથી અમર થઇ શકાય. એવી અમર થવાની સલાહ આપનારાં આજે ક્યારનાય મરી ગયાં છે અને હું હજી જીવું છું કારણ કે હું આજે જે લખું છું એ કાલે મરી જાય છે અને હું ફરી ફરી નવું લખતો રહું છું. કલાકારે દર વખતે નવો જન્મ લેવો પડે છે અને પોતાની હાજરી નોંધાવવી પડે છે.

એક અભ્યાસ પરથી એવું તારણ પણ આવ્યું છે કે સ્ટેજ પર કોમેડી કરીને હસાવતા કલાકારો અંગત જીવનમાં અંતર્મુખી અને ગંભીર પ્રકૃતિના હોય છે. ખૂબ વિચારશીલ હોય છે અને એકલા રહેવાનું પસંદ કરતા હોય છે. કોમેડી અને ડિપ્રેશન વચ્ચેના સંબંધ વિશે એક તારણ એવું છે કે નોન કોમેડિયન કરતાં કોમેડિયન ઓછું જીવતા હોય છે. આપણે ત્યાં રમૂજી અને હળવી ભૂમિકા ભજવનાર રાજ કપૂર જોકે ૬૫ વર્ષની ઉંમરે મરી ગયા, જ્યારે ગંભીર ભૂમિકાઓ ભજવી લોકોને રડાવનાર દિલીપકુમાર ટ્રેજેડી કિંગ ૯૮ વર્ષ જીવ્યા. કેટલાક સમાજવિજ્ઞાનીઓનું કહેવું છે કે કોમેડિયનનું પારિવારિક જીવન મુશ્કેલીઓથી ભરેલું હોય છે. કોમેડિયન પતિ ગમે તેટલી સિરિયસ વાત કરે, પત્ની કે બાળકો એને ગંભીરતાથી લેતા હશે કે નહીં? નાટકનો કલાકાર ગંભીરતાથી વાત કરે કે એના ઘરવાળા તરત કહે છે કે- નાટકના ડાયલોગ ના મારો અથવા તમને તો નાટક કરવાની આદત છે. આખી દુનિયાના કલાકારોને આ અભિશાપ હોય છે. લોકોને હસાવવાના ટેન્શનમાં ને ટેન્શનમાં હાસ્ય કલાકારને ડિપ્રેશનનો એટેક આવતો હશે.

કેરોલ ચેનિંગ નામની હોલિવૂડની કલાકાર કહે છે કે તાળીઓ કરતાં હાસ્ય વધારે મહત્ત્વનું છે. તાળીઓ તો પ્રેક્ષકોની ફરજનો ભાગ છે જ્યારે હાસ્ય એ જ સાચું પારિતોષિક છે. જોનાથન વિન્ટર નામનો હોલિવૂડનો હાસ્ય કલાકાર બાયપોલર ડિસઓર્ડરનો ભોગ બનેલો. તેનું કહેવું હતું કે બીમારીથી એની ક્રિએટિવીટી, સર્જનાત્મકતાને વેગ મળે છે. તે કહે છે કે- ભલે ગમે તેટલી ખરાબ બીમારી હોય, મને એ વેદનાની જરૂર છે. હું એને વારંવાર સામેથી આમંત્રણ આપું છું. ■

**એન્ડ ટાઇટલ્સ**

***આદમ: એક જ જોક પર વારેવારે કેમ હસવું આવે છે?***

***ઇવ: જેમ તને મારા પર વારે વારે વ્હાલ આવે છે!***

# એલ્વિસ પ્રેસ્લીની અઢળક વિરાસતનો પ્રશ્નઃ આખરે આપણે પાછળ શું છોડીને જઈએ છીએ?

મોર્નિંગ મ્યૂસિંગ
રાજ ગોસ્વામી
feedback@bombaysamachar.com

અમેરિકા, યુરોપ અને અન્ય પશ્ચિમી દેશો આવતા વર્ષે પૉપ્યુલર સંગીતના મહાનતમ કલાકારોમાંના એક એલ્વિસ પ્રેસ્લીની ૫૦મી જન્મજયંતીની ઉજવણી માટે થનગની રહ્યા છે. તેમની યાદમાં વિવિધ કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યું છે અને દુનિયા ફરી એક વાર 'કિંગ ઑફ રોક ઍન્ડ રોલ'ના સંગીત અને વારસાને યાદ કરવા જઈ રહી છે.

જો ભારતમાં કોઈને પૂછવામાં આવે કે એલ્વિસ પ્રેસ્લી કોણ તો કદાચ દરેક વ્યક્તિ તરત જવાબ ન આપી શકે, પરંતુ પૉપ્યુલર મ્યુઝિકની દુનિયામાં એલ્વિસ પ્રેસ્લીનું નામ ન સાંભળ્યું હોય એવી વ્યક્તિ દુનિયામાં ભાગ્યે જ હશે. એલ્વિસ માત્ર અમેરિકાનો જ એક ગાયક નહોતો. તે વીસમી સદીની આધુનિક સંસ્કૃતિના સૌથી મોટા ચહેરાઓમાંનો એક હતો.

તેનો કર્ણપ્રિય અવાજ, તેની અનોખી હેરસ્ટાઇલ, તેનો પહેરવેશ, સ્ટેજ પરની તેની અદા અને તેનો ડાન્સઆ બધાએ સંગીતની દુનિયાને એક નવી દિશા આપી હતી. તેને 'કિંગ ઑફ રોક ઍન્ડ રોલ' કહેવામાં આવ્યો હતો અને તેનો પ્રભાવ માત્ર સંગીત પૂરતો સીમિત રહ્યો નહોતો. ફિલ્મો, ફેશન અને લોકપ્રિય સંસ્કૃતિ પર પણ તેની ઊંડી અસર પડી હતી. તેણે ૩૩ ફિલ્મોમાં કામ કર્યું હતું અને દુનિયાભરમાં તેની રેકોર્ડની એક અબજથી વધુ નકલો વેચાઈ હતી. એક વ્યક્તિએ પોતાના જીવનકાળમાં એટલી ખ્યાતિ અને સંપત્તિ મેળવી હતી કે તેનું નામ જ એક બ્રાન્ડ બની ગયું હતું.

જોકે એલ્વિસ જેવા ખ્યાતનામ ગાયક-અદાકારની કહાનીનો એક રસપ્રદ અધ્યાય તેના મૃત્યુ પછી શરૂ થાય છે.

૧૬ ઑગસ્ટ, ૧૯૭૭ના રોજ જ્યારે એલ્વિસનું અવસાન થયું ત્યારે તેની ઉંમર માત્ર ૪૨ વર્ષની હતી. તે પાછળ તેનું સંગીત, તેની ખ્યાતિ, તેનું ઘર 'ગ્રેસલેન્ડ' અને એક એવી વિશાળ સંપત્તિ છોડી ગયો હતો જે આવનારી પેઢીઓને વારસામાં મળવાની હતી.

તેનું અવસાન થયું ત્યારે એલ્વિસની કુલ સંપત્તિ લગભગ ૫૦ લાખ ડૉલર હતી. આજના હિસાબે તે ૨.૬૫ કરોડ ડૉલર થાય. 'એલ્વિસ પ્રેસ્લી એન્ટરપ્રાઈઝ' નામની કંપની તેના ગ્રેસલેન્ડ ટુરિઝમ, મર્કેન્ડાઈઝ અને ગીતોની રોયલ્ટીમાંથી દર વર્ષે કરોડો ડૉલર આજે પણ કમાય છે.

પત્ની પ્રિસિલા સાથે એના ડિવોર્સ થઈ ગયેલા એટલે એલ્વિસની વસિયત મુજબ તેની સંપત્તિનો લાભ તેના પિતા વર્નન, દાદી મિની મે અને તેની એકમાત્ર પુત્રી લિસા મેરીને મળવાનો હતો, પરંતુ પિતા અને દાદીના અવસાન પછી લિસા મેરી તેની સંપત્તિની એકમાત્ર વારસદાર બની. આ વારસાનું એક ટ્રસ્ટ બનાવવામાં આવ્યું હતું  અને ૧૯૯૩માં જ્યારે લિસા મેરી ૨૫ વર્ષની થઈ ત્યારે તેને આ વારસાનો અધિકાર મળ્યો.

અહીંથી કહાની થોડી અણધારી બની જાય છે. આપણે ઘણી વાર એવું માની લઈએ છીએ કે જે વ્યક્તિએ કરોડો રૂપિયા કે અઢળક સંપત્તિ કમાઈ હોય તેના મૃત્યુ પછી તેના પરિવારને કાયમ માટે આર્થિક સુરક્ષા મળી જતી હશે,  પરંતુ પૈસા કમાવવા અને પૈસા જાળવી રાખવા, એ બંને એક જ વાત નથી. મોટી સંપત્તિ હોવી અને તેને સંભાળવાની ક્ષમતા હોવી, બે અલગ બાબત છે.

એલ્વિસના કિસ્સામાં પણ આવું જ બન્યું. ૧૩.૮ એકરમાં ફેલાયેલું તેનું ભવ્ય એસ્ટેટ ગ્રેસલેન્ડ માત્ર એક વૈભવી ઘર નહોતું, પરંતુ તેની ખ્યાતિ અને વિરાસતનું પ્રતીક હતું. તેની જાળવણી,





એલ્વિસ પ્રેસ્લી પરિવાર

સંપત્તિનું સંચાલન અને બીજી નાણાકીય જવાબદારીઓએ એલ્વિસ પછીની પેઢી માટે આ વિરાસતને જાળવી રાખવાનું કામ એટલું સરળ રહેવા દીધું નહોતું.

એલ્વિસના મૃત્યુ પછી તેમની સંપત્તિની આર્થિક સ્થિતિ તેની પ્રસિદ્ધિ જેટલી મજબૂત નહોતી. તેની પત્ની પ્રિસિલા પ્રેસ્લીએ પાછળથી જણાવ્યું પણ હતું કે ગ્રેસલેન્ડને જાળવી રાખવા માટે તેને ટુરિઝમ માટે ખોલવાનો નિર્ણય લેવો પડ્યો હતો. ૧૯૮૨માં ગ્રેસલેન્ડ સામાન્ય લોકો માટે ખોલવામાં આવ્યું અને ધીમે ધીમે તે માત્ર એક ખાનગી ઘર ન રહ્યું; એલ્વિસની વિરાસતના સૌથી મહત્ત્વપૂર્ણ પ્રતીકોમાં તેનું રૂપાંતર થયું  એટલે કે એલ્વિસે માત્ર એક ઘર જ પાછળ છોડ્યું નહોતું. તેણે એક એવી સ્મૃતિ પાછળ છોડી હતી, જેને આગામી પેઢીએ સાચવવાની હતી. અને પછી આ કહાની ત્રીજી પેઢી સુધી પહોંચી. લિસા મેરી પ્રેસ્લીનું ૨૦૨૩માં અવસાન થયું. તેના પછી તેની પુત્રી રાઇલી કીઓએ તેની સંપત્તિ અને એલ્વિસ સાથે જોડાયેલી વિરાસતની જવાબદારી સંભાળી. એ અગાઉ સંપત્તિને લઈને લિસા મેરીને તેની માતા પ્રિસિલા અને પુત્રી રાઇલી વચ્ચે કાનૂની વિવાદ પણ ઊભો થયો, જે અંતે સમાધાનથી પૂરો થયો. રાઇલીને તેની માતાની સંપત્તિની એકમાત્ર ટ્રસ્ટી બનાવવામાં આવી, કારણ કે એનો એક ભાઈ બેન્જામીને ડ્રગ્સની લતના કારણે પાછળથી આપઘાત કર્યો હતો. આમ તેની નાની બહેનોના ટ્રસ્ટની પણ જવાબદારી રાઇલીને સોંપાઈ.

હવે રાઇલી સામે માત્ર સંપત્તિનો પ્રશ્ન નથી. તેની સામે એક નામ છે- Presley. એક ઘર છે- Graceland. એલ્વિસનાં વસ્ત્રો, પુરસ્કારો, ફર્નિચર, કારો અને અંગત વસ્તુઓ જેવી હજારો યાદો છે અને તે સૌથી ઉપર, કરોડો લોકોની નજરમાં જીવતી એક વિરાસત છે. આ સ્થિતિ આપણને એક બહુ મોટો સવાલ પૂછવા માટે મજબૂર કરે છે;

આખરે આપણે પાછળ શું છોડીને જઈએ છીએ?

લિસા મેરી પ્રેસ્લીનું દુઃખદ અને અકાળ અવસાન આપણને એ હકીકતની યાદ અપાવે છે કે આપણામાંથી કોઈને ખબર નથી કે આપણું મૃત્યુ ક્યારે, ક્યાં અને કેવી રીતે થશે, પરંતુ આપણે આપણા મૃત્યુ પછી શું અને કેવી રીતે પાછળ છોડીને જઈશું તેના આયોજન પર ચોક્કસપણે નિયંત્રણ રાખી શકીએ છીએ. સુવિચારપૂર્વક કરવામાં આવેલું એસ્ટેટ પ્લાનિંગ આપણામાંથી દરેક વ્યક્તિ જે અનિશ્ચિતતાઓનો સામનો કરે છે,

તેમાંની કેટલીક અનિશ્ચિતતાઓને દૂર કરી શકે છે. તે તમને અને તમારા સ્વજનોને મનની શાંતિ આપી શકે છે અને ભવિષ્ય માટે વધુ સુવ્યવસ્થિત તૈયારી કરવામાં મદદરૂપ થઈ શકે છે.

એલ્વિસે તો અઢળક સંપત્તિ છોડી ગયો. લિસા મેરીએ એ સંપત્તિ વારસામાં મેળવી. તેના મૃત્યુ પછી એ જ વારસો કાનૂની પ્રશ્નો, ટ્રસ્ટ, માલિકી અને દાવાઓમાં ફસાયો. આપણે આખી જિંદગી સંપત્તિ ઊભી કરીએ છીએ, પરંતુ આપણા ગયા પછી એ સંપત્તિ માત્ર વારસો નથી રહેતી, તે જવાબદારી પણ બની શકે છે. એટલે પ્રશ્ન માત્ર એ નથી કે આપણે શું કમાઈને જઈશું; પ્રશ્ન એ પણ છે કે આપણે પાછળ શું વ્યવસ્થિત રીતે છોડીને જઈશું.

એલ્વિસેના કિસ્સામાં બીજો પણ એક મુદ્દો છે. તેણે અઢળક પૈસા કમાયા. સંપત્તિ છોડી. ગ્રેસલેન્ડ છોડ્યું, પરંતુ તેનો સૌથી મોટો વારસો કદાચ આમાંથી કોઈ એક વસ્તુ નથી. તેની સાચી અસર એ લોકોમાં છે જેમણે તેનું સંગીત સાંભળ્યું, તેનાથી પ્રેરણા લીધી, તેની શૈલી અપનાવી અને પછી સંગીતની નવી પેઢીઓને પ્રભાવિત કરી એટલે સવાલ એ નથી કે 'મારા મૃત્યુ પછી મારી સંપત્તિ કોને મળશે?' સવાલ એ છે કે 'મારા મૃત્યુ પછી મારામાંથી શું જીવતું રહેશે?'

આપણે કદાચ આપણાં બાળકોને આપણું બૅન્ક બૅલેન્સ આપી શકીએ કે ન પણ આપી શકીએ. કદાચ મોટું ઘર આપી શકીએ કે ન પણ આપી શકીએ. કદાચ આપણા નામે કોઈ સ્મારક ઊભું થાય કે ન પણ થાય, પરંતુ આપણે આપણા વર્તનની એક રીત, આપણા વિચારોનો એક પ્રકાશ, આપણા પ્રેમની એક સ્મૃતિ અને આપણી સંવેદનશીલતાની એક છાપ ચોક્કસ છોડી શકીએ છીએ.

આખરે મૃત્યુ પછી આપણી અલમારી કોણ સંભાળશે, એ આપણા હાથમાં નથી. આપણી સંપત્તિનો ઉપયોગ કોણ કરશે, એ પણ હંમેશાં આપણા નિયંત્રણમાં નથી, પરંતુ આપણે જીવન દરમિયાન બીજા લોકો સાથે કેવો વ્યવહાર કર્યો હતો, તેની અસર આપણા ગયા પછી પણ રહી શકે છે.

કદાચ એટલે જ જીવનની સૌથી મોટી સંપત્તિ એ નથી જે આપણે આપણા નામે એકઠી કરીએ છીએ, પરંતુ એ છે જે આપણે બીજાના જીવનમાં જમા કરતા જઈએ છીએ. એલ્વિસ પ્રેસ્લીએ દુનિયાને ઘણું આપ્યું. પૈસા અને સંપત્તિ તેમના પરિવાર સુધી પહોંચ્યાં. ગ્રેસલેન્ડ આજે પણ ઊભું છે, પરંતુ તેની સૌથી મોટી વિરાસત કદાચ એ કરોડો લોકોની યાદમાં છે, જેના માટે તેમનું સંગીત આજે પણ જીવંત છે.

કદાચ જીવનની સાચી વિરાસતનો હિસાબ બૅન્કમાં નથી થતો. તે લોકોની યાદોમાં જમા થાય  છે. ■

---




ભરત મહેતા feedback@bombaysamachar.com

# હવે પ્રાઈવેટ કંપનીનાં રૉકેટ ધરતીનાં ચક્કર લગાવશે ને 'ઈસરો' બ્રહ્માંડનાં રહસ્યો ઉકેલશે!

ભારતીય અંતરીક્ષ વિજ્ઞાનમાં 'ઓર્બિટલ શિફ્ટ'નો શંખનાદ થઈ ચૂક્યો છે.... રોકેટ લોન્ચિંગ અને ઉપગ્રહોનું નિર્માણ હવે ખાનગી ક્ષેત્ર સંભાળશે, જ્યારે ઈસરો ચંદ્રયાન શુક્રયાન અને ભારતીય સ્પેસ સ્ટેશન જેવા બ્રહ્માંડ ભેદતા મહત્ત્વાકાંક્ષી મિશનો પર ધ્યાન કેન્દ્રિત કરશે.

## બ્રહ્માંડ તરફ ભારતની નવી છલાંગ

શ્રીહરિકોટાના સતીશ ધવન સ્પેસ સેન્ટર પર ધીમે ધીમે સાંજ ઢળી રહી છે. બંગાળની ખાડીના ઘૂઘવતા મોજાં કિનારા સાથે અથડાઈને એક રહસ્યમય નીરવ શાંતિ સર્જી રહ્યા છે, પરંતુ લોન્ચ પેડ પરનું વાતાવરણ ધગધગતા અંગારા જેવું તંગ અને ગતિશીલ છે. મિશન કંટ્રોલ રૂમમાં હૃદયના ધબકારા થંભાવી દેતું કાઉન્ટડાઉન પૂર્ણ થતાં જ પૃથ્વીના પેટાળમાંથી કોઈ પૌરાણિક અગ્નિદેવ પ્રગટ થયો હોય તેમ એક ગગનભેદી ગર્જના વાતાવરણને ચીરી નાખે છે. રણશીંગા જેવો પ્રચંડ અવાજ ધરતીને ધ્રુજાવી મૂકે છે અને રોકેટ લાલ-પીળી અગનજ્વાળાઓ ઓકતું નીલા આકાશને વીંધીને અનંત અવકાશ તરફ ધસી જાય છે.

આ ભવ્ય દૃશ્ય ભારતીયો માટે નવું નથી, પરંતુ આ વખતે એક ઐતિહાસિક તફાવત છે. આ રૉકેટના શરીર પર માત્ર સરકારી તંત્રની મહોર નથી -  તેના દરેક નટ-બોલ્ટ, એન્જિન, પ્રોપલ્શન સિસ્ટમ અને સોફ્ટવેરમાં ભારતના ખાનગી ઉદ્યોગસાહસિકોનું લોહી-પરસેવો અને યુવા પ્રતિભા ધબકી રહી છે.

એક જમાનામાં થુમ્બાના દરિયાકિનારે આવેલા એક ચર્ચના પરિસરમાં બેસીને, સાઈકલની કેરિયર અને બળદગાડામાં રોકેટના પાર્ટ્સ વહન કરતો આ દેશ આજે એવા આકાશી વળાંક પર આવીને ઊભો છે, જ્યાં વર્ષો જૂની વિજ્ઞાનકથા જીવતી-જાગતી વાસ્તવિકતામાં રૂપાંતરિત થઈ રહી છે. એક અહેવાલ અનુસાર, ભારતીય અંતરીક્ષ ક્ષેત્ર પોતાના ઇતિહાસના સૌથી મોટા પરિવર્તન એટલે કે 'ઓર્બિટલ શિફ્ટ'માંથી પસાર થઈ રહ્યું છે.

## નાસાના પદચિહ્ન પર ભારતઃ પૃથ્વીની ભ્રમણકક્ષા હવે 'ખાનગી બજાર'

આ ક્રાંતિકારી પરિવર્તનને સમજવા માટે વૈશ્વિક ઇતિહાસના પાનાં ઉથલાવવા પડે. ૧૯૮૦ અને ૨૦૦૦ના દાયકામાં અમેરિકન સ્પેસ એજન્સી 'નાસા' (NASA) એ અનુભવ્યું કે જો તે માત્ર પૃથ્વીની નીચલી ભ્રમણકક્ષા (Low Earth Orbit - LEO)માં ઉપગ્રહો છોડવાના રોજિંદા કાર્યોમાં જ પોતાની સમગ્ર શક્તિ વેડફશે, તો તે મંગળ, ગુરુ કે ડીપ સ્પેસના બ્રહ્માંડીય રહસ્યો ક્યારેય ઉકેલી શકશે નહીં. પરિણામે ૨૦૦૬માં નાસાએ 'કોટ્સ' (COTS) પ્રોગ્રામ શરૂ કર્યો, જેણે આગળ જતાં ઇલોન મસ્કની સ્પેસ-એક્સ (SpaceX) જેવી અબજો ડૉલરની ખાનગી દિગ્ગજ કંપનીઓને જન્મ આપ્યો.

ભારત પણ આજે બરાબર એ જ ઐતિહાસિક વળાંક પર ઊભું છે. ઈસરો જે કામ દાયકાઓથી કરતું આવ્યું છે - પૃથ્વીની ભ્રમણકક્ષામાં સેટેલાઇટ ગોઠવવા, ટેલિકોમ નેટવર્ક મજબૂત કરવું, રિમોટ સેન્સિંગ અને હવામાન પર નજર રાખવી - આ તમામ વ્યાવસાયિક જવાબદારીઓ હવે ધીમે ધીમે ખાનગી હાથોમાં સોંપાઈ રહી છે. ભારત સરકારે 'ઈન્ડિયન સ્પેસ પૉલિસી ૨૦૨૩' લાગુ કરીને અને ઈન-સ્પેસ (IN-SPACe) જેવી સિંગલ-વિન્ડો સિસ્ટમ ઊભી કરીને આ ખાનગીકરણના નક્કર પાયા નાખ્યા હતા. હવે ઈસરોના ભરોસાપાત્ર રૉકેટ્સ જેવા કે પીએસએલવી (PSLV) અને એસએસએલવી (SSLV)નું નિર્માણ તથા સંચાલન દેશના ખાનગી કન્સોર્ટિયમ દ્વારા હાથ ધરવામાં આવશે.

ભારતીય સ્પેસ સ્ટાર્ટઅપ્સની અદ્વિતીય સફળતા - સ્કાયરૂટ અને અગ્નિકુલની ગાથા :

આ પરિવર્તન કાગળ પરની પૉલિસી માત્ર નથી, પણ  હકીકત છે. આ નવી ક્રાંતિના અસલી હીરો ભારતના યુવા વૈજ્ઞાનિકો અને ઉદ્યોગસાહસિકો છે, જેમણે વૈશ્વિક જાયન્ટ્સને પણ વિચારતા કરી દીધા છે.




## સ્કાયરૂટ એરોસ્પેસ (Skyroot Aerospace):

હૈદરાબાદસ્થિત આ સ્ટાર્ટઅપે 'વિક્રમ-એસ' (Vikram-S) રૉકેટ લૉન્ચ કરીને દેશનું સૌપ્રથમ ખાનગી રૉકેટ ઉડાડવાનો ઇતિહાસ રચ્યો હતો. ઈસરોના ભૂતપૂર્વ વૈજ્ઞાનિકો પવન ચંદના અને ભારત ડાકા દ્વારા સ્થાપિત આ કંપની આજે 'વિક્રમ-૧' સિરીઝ મારફતે નાના ઉપગ્રહોને ગણતરીના કલાકોમાં અંતરીક્ષમાં તરતા મૂકવાની ક્ષમતા કેળવી ચૂકી છે.

## અગ્નિકુલ કોસ્મોસ (Agnikul Cosmos):

ચેન્નઈના આઇઆઇટી-મદ્રાસના ઇન્ક્યુબેટરમાંથી જન્મેલા અગ્નિકુલે તો એવો ચમત્કાર સર્જ્યો જે દુનિયાની મોટી મોટી સ્પેસ એજન્સીઓ પણ જોતી રહી ગઈ. તેમણે વિશ્વનું સૌપ્રથમ સિંગલ-પીસ '૩ડી-પ્રિન્ટેડ રોકેટ એન્જિન' (અગ્નિબાન સબ-ઓર્બિટલ ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર ) સફળતાપૂર્વક લોન્ચ કર્યું. એક જ ટુકડામાં પ્રિન્ટ થયેલા આ એન્જિનમાં કોઈ વધારાના જોઈન્ટ્સ નથી હોતા, જેનાથી રોકેટ બનાવવાનો સમય અને ખર્ચ બંને અડધા થઈ ગયા છે.

## દિગ્ગજ ઉદ્યોગોનો સથવારોઃ

માત્ર નાના સ્ટાર્ટઅપ્સ જ નહીં, પરંતુ લાર્સન એન્ડ ટુબ્રો (LT), ગોદરેજ એરોસ્પેસ અને હિન્દુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ (HAL) જેવા અનુભવી ઉદ્યોગો હવે સંપૂર્ણ રૉકેટ સ્ટેજ અને ક્રાયોજેનિક એન્જિનનું ઉત્પાદન મોટા પાયે કરવા સજ્જ બન્યા છે.

## આંતરરાષ્ટ્રીય સ્પેસ ઈકોનોમી -અબજો ડૉલરનું વૈશ્વિક રણમેદાન

આખી દુનિયામાં અત્યારે અવકાશ ક્ષેત્રે એક અનોખી આર્થિક સુનામી ચાલી રહી છે. વૈશ્વિક સ્પેસ ઈકોનોમી હાલમાં અંદાજે ૫૦૦ થી ૬૦૦ અબજ અમેરિકન ડૉલરની છે, જે આગામી એક દાયકામાં વધીને ૧.૫ થી ૨ ટ્રિલિયન (લાખ કરોડ) ડૉલર સુધી પહોંચવાની ધારણા છે. આજ સુધી આ વિરાટ વૈશ્વિક બજારમાં ભારતનો હિસ્સો માત્ર ૨ થી ૩ ટકા જેટલો નજીવો રહ્યો છે, જેને નવી નીતિઓ દ્વારા ૨૦૩૦ સુધીમાં વધારીને ૮ થી ૧૦ ટકા કરવાનો ભારતનો નિર્ધાર છે. વિજ્ઞાન જ્યારે અર્થશાસ્ત્ર સાથે ભળે છે ત્યારે કેવો ચમત્કાર સર્જાય છે તેનો પુરાવો લોન્ચિંગ ખર્ચમાં થયેલો ઘટાડો છેઃ

## કિલોગ્રામ દીઠ ખર્ચઃ

બે દાયકા પહેલાં અંતરીક્ષમાં એક કિલો વજન મોકલવાનો ખર્ચ ૨૦,૦૦૦ થી ૫૦,૦૦૦ અમેરિકન ડૉલર થતો હતો, જે ખાનગી હરીફાઈ અને રિ-યુઝેબલ રૉકેટ ટેક્નૉલૉજીના કારણે આજે ઘટીને માત્ર ૧,૫૦૦ થી ૫,૦૦૦ ડૉલર પર આવી ગયો છે.

## સેટેલાઇટ વિસ્ફોટઃ

વર્ષ ૨૦૦૫માં સમગ્ર વિશ્વમાંથી આખા વર્ષ દરમિયાન માત્ર ૭૨ સેટેલાઇટ લોન્ચ થયા હતા. આજે દર વર્ષે હજારો સેટેલાઇટ્સ લોન્ચ થઈ રહ્યા છે. લો-અર્થ ઓર્બિટમાં ઈન્ટરનેટ માટેના સેટેલાઇટ કોન્સ્ટેલેશન્સ (જેવા કે સ્ટારલિંક, વનવેબ), કૃષિ વિશ્લેષણ, દરિયાઈ સુરક્ષા અને આબોહવા પરિવર્તનની રિયલ-ટાઇમ માહિતી મેળવવા માટે અવકાશ હવે દરેક દેશની અનિવાર્ય જરૂરિયાત બની ગયું છે. ભારતનું ખાનગી ક્ષેત્ર દુનિયાને સસ્તા, ભરોસાપાત્ર અને ઝડપી લોન્ચિંગ સોલ્યુશન્સ આપીને 'ગ્લોબલ સ્પેસ હબ' બનવાની દોડમાં સૌથી આગળ નીકળી શકે છે.

## 'ઈસરો' હવે બ્રહ્માંડનાં રહસ્યો ને ઉજાગર કરશે

સૌથી રોમાંચક પ્રશ્ન એ થાય કે જો ખાનગી કંપનીઓ રોકેટ ઉડાડશે અને ઉપગ્રહો તરતા મૂકશે, તો ઈસરો (ISRO) શું કરશે?

આ જ સમગ્ર લેખનો સૌથી મોટો 'વાહ ફેક્ટર' છુપાયેલો છે. ઈસરો પાછળ નથી હટી રહ્યું, બલ્કે તે સામાન્ય 'ટેક્સી ડ્રાઈવર' કે કોમર્શિયલ ઓપરેટરની ભૂમિકામાંથી બહાર નીકળીને સમગ્ર બ્રહ્માંડનો 'અન્વેષક અને ઋષિ' બની રહ્યું છે. રોજિંદા લોન્ચિંગના વહીવટી અને ઉત્પાદકીય બોજમાંથી મુક્ત થઈને ઈસરોના તેજસ્વી વૈજ્ઞાનિકો હવે એવા ડીપ-સ્પેસ મિશનો પર ધ્યાન કેન્દ્રિત કરશે જે માનવજાતની કલ્પના બહારના છેઃ

## ગગનયાન (Gaganyaan)

ભારતીય ભૂમિ પરથી, ભારતીય રોકેટમાં બેસીને આપણા પોતાના અવકાશયાત્રીઓ (વ્યોમનાટ્સ) પૃથ્વીની ભ્રમણકક્ષામાં જશે અને સુરક્ષિત રીતે સમુદ્રમાં પાછા ઊતરશે. ભારત માનવ મિશન મોકલનાર વિશ્વનો ચોથો દેશ બનશે.

## ભારતીય અંતરીક્ષ સ્ટેશન (BAS)

વર્ષ ૨૦૩૫ સુધીમાં અવકાશમાં ભારતનું પોતાનું ઘર હશે. પૃથ્વીથી સેંકડો કિલોમીટર ઉપર શૂન્યાવકાશમાં તરતા આ સ્પેસ સ્ટેશનમાં ભારતીય વિજ્ઞાનીઓ મહિનાઓ સુધી રહીને ઝીરો-ગ્રેવિટીમાં જીવલેણ કેન્સરના સંશોધન, નવી ધાતુઓનું નિર્માણ અને માનવ શરીર પર અવકાશની અસરો તપાસશે.

## ચંદ્રયાન-૪ (Chandrayaan-4)

માત્ર ચંદ્ર પર તિરંગો લહેરાવીને કે સોફ્ટ લેન્ડિંગ કરીને અટકવાનું નથી; હવે ભારત ચંદ્રની અજાણી સપાટી ખોદીને ત્યાંના પથ્થર અને રેતીના સેમ્પલ રોકેટ દ્વારા પૃથ્વી પર પુનઃ સલામત લાવવાની તૈયારી કરી રહ્યું છે.

## શુક્ર મિશન (Venus Orbiter Mission):

સૌરમંડળનો સૌથી ગરમ, સલ્ફ્યુરિક એસિડના ઘટ્ટ વાદળો ધરાવતો અને રહસ્યમય ગ્રહ એટલે 'શુક્ર'. ઈસરોનું યાન શુક્રના વાતાવરણને વીંધીને એ શોધશે કે શું આ ગ્રહ પણ ક્યારેક પૃથ્વી જેવો રહેવાલાયક હતો?

## પડકાર- સંશય તથા ઐતિહાસિક સબક

આજે જ્યારે ફરીથી દરવાજા ખોલવામાં આવ્યા છે, ત્યારે ઈસરોના આંતરિક વૈજ્ઞાનિકો અને એન્જિનિયરોમાં એક અજંપો પણ છે. દાયકાઓની રાત-દિવસની તપસ્યા અને સરકારી તિજોરીના નાણાંથી તૈયાર થયેલી ગોપનીય ટેકનોલોજી ખાનગી કંપનીઓને સોંપતી વખતે રાષ્ટ્રીય સુરક્ષા અને સંસ્થાનું મૂળ સાર્વભૌમત્વ જળવાઈ રહે તે અત્યંત જરૂરી છે. આ ઉપરાંત, ઈસરોમાંથી તેજસ્વી પ્રતિભાઓનું ખાનગી ક્ષેત્રમાં પલાયન (Brain Drain) ન થાય તે માટે વૈજ્ઞાનિકોના પ્રોત્સાહન અને ઈન-સ્પેસ (IN-SPACe) જેવી સંસ્થાઓની નિયમનકારી પારદર્શિતા સરકાર માટે સૌથી મોટી કસોટી સાબિત થશે.

## અનંત ક્ષિતિજો પર ભારતનો કાયમી ધ્વજ

આ માત્ર ધંધાકીય પરિવર્તન કે ઉપગ્રહો છોડવાનો વેપાર નથી; આ ભારતીય મનોવિજ્ઞાન અને આત્મવિશ્વાસની વિરાટ વૈશ્વિક છલાંગ છે. એક તરફ બેંગલૂરુ, હૈદરાબાદ અને ચેન્નઈની નાની લેબમાં બેઠેલા ૨૫ વર્ષના ભારતીય યુવાનો વૈશ્વિક કોમર્શિયલ સ્પેસ માર્કેટમાં અમેરિકા અને ચીનને ટક્કર આપશે અને બીજી તરફ ઈસરોના  વૈજ્ઞાનિકો સૌરમંડળના છેવાડે અનંત તારાઓ અને ગ્રહો વચ્ચે ભારતીય સંસ્કૃતિની જ્ઞાનપિપાસાનો ધ્વજ લહેરાવશે.

સાયન્સ ફિક્શન ફિલ્મોનાં જે દૃશ્યો આપણે હોલિવૂડની ફિલ્મોમાં જોતાં હતાં, તે હવે આપણી આંખો સામે ભારતની ધરતી પર સાકાર થઈ રહ્યા છે. સામાન્ય નાગરિક તરીકે આકાશ ભણી જોઈને છાતી ઠોકીને ગર્વથી કહી શકાય :

'અંતરીક્ષના નવા સુવર્ણયુગમાં ભારતનું સ્વાગત છે!' ■

---

મિલકતની નોંધપોથી
નજમુદ્દીન મેઘાણી (એડવોકેટ)
feedback@bombaysamachar.com

# વસિયતથી મળેલી મિલકત વડીલોપાર્જિત ગણાય કે સ્વપાર્જિત?

કોઈપણ વ્યક્તિને પોતાની માલિકી ધરાવતી મિલકતો પોતાના મૃત્યુ બાદ પોતાની ઈચ્છા, મનમરજી મુજબ વ્યવસ્થા કરવાનો પૂરેપૂરો હક્ક અને અધિકાર છે અને તેવી વ્યવસ્થા કરવા વિલ યાને વસિયતનામું બનાવવામાં આવે છે.

વિલ કરનાર દ્વારા પોતાના સંતાનો અથવા કોઈપણ સગા-સંબંધી યા ત્રાહિત વ્યક્તિને તેની હયાતી બાદના મિલકતના માલિક કોને બનાવવો એ તેની મન-મરજી ઉપર હોય છે.

જો કોઈ વ્યક્તિ બિનવસિયત ગુજરી જાય તો તેની મિલકત પછી તેના કાયદેસરના વારસદારોને પ્રાપ્ત થાય છે. હવે અહીં સવાલ એ છે કે જો બિનવસિયત ગુજરી જનાર વ્યક્તિની મિલકત તેના કાયદેસરના વારસદારોને પ્રાપ્ત થાય તો તે વડીલોપાર્જિત મિલકત ગણાય ખરી ? જો કોઈ વ્યક્તિ વિલ બનાવીને ગુજરી જાય તો એની મિલકતનો વહીવટ વિલમાં ઉલ્લેખ કર્યા મુજબની વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે. વિલથી પ્રાપ્ત કરનાર વ્યક્તિ મરનાર વ્યક્તિનો કાયદેસરનો વારસદાર હોય તો પણ વિલથી પ્રાપ્ત કરેલી મિલકત તેની સ્વપાર્જિત ગણાય.

માનનીય હિમાચલ પ્રદેશ હાઈ કોર્ટ દ્વારા ઠરાવ્યું છે કે, વસિયત હેઠળનો વ્યવહાર બે હયાત વ્યક્તિ વચ્ચેનો વ્યવહાર નહીં હોઈ તેને મિલકતની તબદીલી તરીકે ગણી શકાય નહીં. મિલકત તબદીલી અધિનિયમમાં આવતી 'ટ્રાન્સફર' શબ્દની વ્યાખ્યા વિલને લાગુ પાડી શકાય નહીં, કારણ કે, કોઈપણ કાયદાના ઉદ્દેશને સિદ્ધ કરવા માટે હેતુપૂર્વકનું અર્થઘટન આપવું જોઈએ.

આ બાબત સ્પષ્ટ થાય કે, વસિયત હેઠળનો વ્યવહાર બે હયાત વ્યક્તિઓ વચ્ચેનો વ્યવહાર નહીં હોઈ તેને મિલકતની તબદીલી તરીકે ગણી શકાય નહીં. ઉપરાંત મિલકત વારસાહક્ક કાયદાની જોગવાઈ મુજબ બિનવસિયત ગુજરી જનાર વ્યક્તિના વારસદાર તરીકે પ્રાપ્ત થતી ન હોય તો વડીલોપાર્જિત ગણાય નહીં, પરંતુ મરનાર વ્યક્તિએ કરેલ વસિયતનામા મુજબ પ્રાપ્ત કરી હોઈ તે સ્વપાર્જિત ગણાય.

(સંદર્ભઃ કરમો વિ. સ્ટેટ ઓફ હિમાચલ પ્રદેશ- નામદાર હિમાચલ પ્રદેશ હાઈ કોર્ટ) ■




## શેરડીના ત્યાગની જરૂરિયાતનું વૈજ્ઞાનિક કારણ



ખેતરમાં ઊગતા પાકના ઋતુ પ્રમાણેના પ્રકાર છે ખરીફ પાક (ચોમાસુ પાક), રવિ પાક (શિયાળુ પાક) અને જાયદ પાક (ઉનાળુ પાક). આ સિવાય એક રોકડિયો પાક કહેવાય છે, જે વેપારી હેતુસર કે ઉદ્યોગોમાં કાચા માલ તરીકે વાપરવા માટે રોકડ આવક મેળવવા ઉગાડવામાં આવે છે જેમ કે કપાસ, શેરડી, તમાકુ અને મગફળી.

તાજેતરમાં મહારાષ્ટ્રના ૩૬૫ તાલુકામાંથી ૨૬૫ તાલુકામાં દુષ્કાળ જાહેર કરવામાં આવ્યો છે એ પરિસ્થિતિમાં શેરડી જેવા રોકડિયા પાક વિશે વૈજ્ઞાનિક દૃષ્ટકોણથી ફેરવિચાર પર ભાર આપવામાં આવી રહ્યો છે.

મહારાષ્ટ્રના મરાઠવાડા ક્ષેત્રમાં પરંપરાગત કેશ ક્રોપ (રોકડિયા પાકો) હવે ખેડૂતો માટે 'ક્રેશ ક્રોપ' (આર્થિક નુકસાન કરનારા પાકો) સાબિત થઈ રહ્યા છે. આ પ્રદેશમાં કપાસ, સોયાબીન અને શેરડી જેવા મુખ્ય રોકડિયા પાકની ખેતી હવે ખેડૂતોને દેવાના ડુંગર નીચે દબાવી કૃષિ સંકટને વધુ ઘેરું બનાવી રહી છે.

અનાજના પાકો (જેમ કે જુવાર અને બાજરી)ની સરખામણીએ કપાસ, શેરડી અને સોયાબીન ઊંચું વળતર આપતા હોવાથી ખેડૂતો એની તરફ વળ્યા. જોકે મરાઠવાડામાં વરસાદ ઓછો થાય છે. આ વિસ્તારમાં ૧૨થી ૧૫ મહિનાના સમયગાળાવાળા અને ભારે પાણી માગી લેતા શેરડી જેવા પાકોનું વાવેતર વધ્યું છે. સરેરાશ વરસાદ કરતાં ચારથી પાંચ ગણા વધુ પાણીની જરૂરિયાત ધરાવતા પાક લેવાને કારણે ભૂગર્ભ જળના સ્તર નીચે જતા રહ્યા છે. ખેડૂતોને આ કટોકટીમાંથી ઉગારવા કેટલાક બદલાવ લાવવાની ભલામણ કરવામાં આવી છે. ફરીથી ઓછા પાણીમાં થતા પરંપરાગત પાક (જુવાર, બાજરી, કઠોળ) તરફ વળવું. આ સિવાય ઑર્ગેનિક મલ્ટી-ક્રોપિંગ અને કુદરતી ખેતી અપનાવવી અને ડ્રિપ ઇરિગેશન અને ફાર્મ પૉન્ડ્સ દ્વારા પાણીના મર્યાદિત અને સ્માર્ટ વપરાશને મહત્ત્વ અપાઈ રહ્યું છે. વિજ્ઞાનને કારણે ઊભી થયેલી સમસ્યાનું નિવારણ પણ વૈજ્ઞાનિક વિકલ્પથી કરવાનું સૂચન આવકારદાયક છે.

## ગાંધીજી વિજ્ઞાનના વિરોધી હતા?



ગાંધીજીના વિચારો વિજ્ઞાન અને આધુનિક ટેક્નૉલૉજીના વિરોધમાં છે એવી માન્યતાથી અનેક લોકો ઘેરાયેલા હતા. જોકે આને માટે તથ્ય નહીં તર્ક વધુ જવાબદાર હતો. 'હિન્દ સ્વરાજ' પુસ્તક (૧૯૦૯)માં ગાંધીજીએ અનેક આધુનિક સુવિધાઓની કડક આલોચના કરી હોવાથી આ અભિપ્રાય બંધાયો હતો. ગાંધીજી વિજ્ઞાનના વિરોધી નહોતા, પરંતુ માનવતા અને નૈતિકતા વિનાના વિજ્ઞાનના વિરોધી હતા. લાખો ગરીબોની રોજગારી છીનવી મૂડીપતિઓ દ્વારા સામાન્ય માણસનું શોષણ કરે એવા મશીન સામે એમનો વિરોધ હતો. વિજ્ઞાનનો ઉપયોગ યુદ્ધ કે વિનાશ માટે નહીં, પરંતુ ગરીબો અને વંચિતોના જીવન સ્તરને સુધારવા માટે થવો જોઈએ એવી તેમની દૃઢ માન્યતા હતી. ભારતના બે અગ્રણી વૈજ્ઞાનિક જગદીશચંદ્ર બોઝ અને આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રાય માટે તેમને આદર હતો અને આ બંને વૈજ્ઞાનિકોને પણ તેમને માટે આદર હતો. ગાંધીજી વિજ્ઞાનના વિરોધી નહોતા તો તેમણે વિજ્ઞાનનો ઉપયોગ કઈ રીતે કર્યો, તેમનો વિજ્ઞાન સાથે કેવો સંબંધ હતો?

ચરખા પર કાંતણ દ્વારા ખાદી ઉત્પાદન માટે વધુ સારાં ઓજારની ખોજમાં હતા, જેથી ખાદીની ગુણવત્તા સુધરે અને ગામડાના સામાન્ય કાંતનારા તથા વણકરો સારું કાપડ પેદા કરી શકે, તેમને વધુ રોજી મળે અને વધુ ને વધુ લોકો ખાદી પહેરતા થાય. 'ખાદી વિજ્ઞાન' શબ્દ પણ પ્રચલિત કરી તેમણે ચરખાને ઉચ્ચ પ્રકારના યંત્ર તરીકે ઓળખાવ્યો હતો. આશરે ૮૦ વર્ષ પહેલાં વધુ સક્ષમ ચરખો શોધી આપનાર માટે તેમણે ઇનામ જાહેર કર્યું હતું. આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રાયએ ગાંધીજીના ખાદી આંદોલન અને ઉદ્યોગને સફળ બનાવવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી. વિજ્ઞાન અને કુટીર ઉદ્યોગ (ખાદી)ના સમન્વયથી દેશને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવી શકાય એવી એમની માન્યતા હતી.

### માનવ મળ ને ખાતર

ગાંધીજી કહેતા કે માનવ મળને ખુલ્લામાં છોડવાને બદલે તેના પર માટી નાખીને તેને ઢાંકી દેવો જોઈએ. આમ કરવાથી તે સમય જતાં ઓગળીને ઉત્તમ કુદરતી ખાતરમાં ફેરવાઈ જાય છે. ખુલ્લામાં શૌચ કર્યા પછી તેને ખુલ્લું રાખવાથી માખીઓ અને મચ્છરો દ્વારા રોગો ફેલાય છે. જો તેના પર માટી નાખવામાં આવે તો દુર્ગંધ પણ નથી આવતી અને બીમારીઓ પણ અટકે છે. માનવ મળ-મૂત્રમાંથી બનતું ખાતર વૈજ્ઞાનિક દૃષ્ટિએ જમીન અને પાક બંને માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થાય છે. વૈજ્ઞાનિકોએ એ બાબત પર ધ્યાન દોર્યું હતું કે કાચા (અન-ટ્રીટેડ) માનવ મળનો સીધો ખેતરમાં ઉપયોગ ન કરવો જોઈએ, કારણ કે તેમાં હાનિકારક બૅક્ટેરિયા અને પરોપજીવી જીવાતો હોઈ શકે છે. બિંદેશ્વર પાઠકે પણ ગાંધીજીના વિચારથી પ્રેરિત થઈને ભારતમાં ઇકો-ફ્રેન્ડ્લી શૌચાલયોની ક્રાંતિ શરૂ કરી હતી. આવી વિચારધારા ધરાવતા ગાંધીજી વિજ્ઞાન વિરોધી હતા એ માત્ર અપપ્રચાર નથી લાગતો? ■

## પ્રથમ ભારતીય કેમિકલ ફૅક્ટરીનાં ૧૨૫ વર્ષ

ભારતમાં આધુનિક રસાયણશાસ્ત્રમાં પાયાનું કામ કરનારા આચાર્ય પ્રફુલ્લ ચંદ્ર રોયને 'ફાધર ઑફ ઇન્ડિયન કેમિસ્ટ્રી' (ભારતીય રસાયણશાસ્ત્રના પિતા) કહેવામાં આવે છે. રસાયણશાસ્ત્રના ક્ષેત્રે સૌપ્રથમ આધુનિક રિસર્ચ સ્કૂલ ભારતમાં શરૂ કરી યુવા વૈજ્ઞાનિકોની આખી પેઢી તૈયાર કરી. ૧૮૯૬માં તેમણે 'મર્ક્યુરસ નાઇટ્રાઇટ' નામના એક સ્થિર સંયોજનની મહત્ત્વપૂર્ણ શોધ કરી, જેને વૈશ્વિક સ્તરે ખૂબ જ નામના મળી. એ સમયે અન્ય સંશોધનમાં આ સંયોજનની ભરપૂર મદદ મળી હતી. ભારત ઉદ્યોગોમાં આત્મનિર્ભર બને તેવા હેતુથી તેમણે વર્ષ ૧૯૦૧માં ભારતની સૌથી પહેલી ફાર્માસ્યુટિકલ કંપની 'બંગાળ કેમિકલ્સ ઍન્ડ ફાર્માસ્યુટિકલ વર્ક્સ'ની સ્થાપના કરી હતી. આજની તારીખમાં એ ભારત સરકારના કેમિકલ ઍન્ડ



ફર્ટિલાઈઝર મંત્રાલય હેઠળ કાર્યરત છે. પ્રારંભકાળમાં બ્યુબોનિક પ્લેગ નામની બીમારીની સારવાર માટે જાણીતું ઊફી-મય-Cologne (યુ-ડી-કલોનઃ કલોન શહેરનું પાણી) ઈટાલિયન સંશોધકે બનાવેલું સુગંધિત દ્રવ્ય છે. ભારતીય સન્નારીઓ ખરીદી શકે એ આશય સાથે ૧૯૪૦ના દાયકામાં બંગાળ કેમિકલ્સમાં એનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું હતું. આચાર્ય પ્રફુલ્લચંદ્ર રોય દ્વારા સ્થાપિત આ કંપનીએ ૧૯૦૭માં પ્રથમ સલ્ફ્યુરિક એસિડ પ્લાન્ટ શરૂ કર્યો હતો. સલ્ફ્યુરિક એસિડના ઉત્પાદનને કારણે તે સમયે ભારતમાં અન્ય સ્થાનિક લઘુઉદ્યોગો માટે જરૂરી કેમિકલ્સ સરળતાથી મળવા લાગતાં સ્વદેશી ચળવળ માટે આત્મનિર્ભરતાનું એક મોટું પ્રતીક બન્યું હતું.



ટૅક વ્યૂહ

વિરલ રાઠોડ
feedback@bombaysamachar.com

# ઑટો માર્કેટમાં AI

## કાર-બાઈકમાં ઑટોમેશનથી થઈ રહી છે ક્રાંતિ

ટૅક્નોલૉજીની દુનિયામાં જેની સૌથી વધારે ચર્ચા છે એ AIની છે. દુનિયાના કોઈપણ વિષયમાં AI સૌથી વધારે ચર્ચાતો વિષય છે. AI ટૅક્નોલૉજી એક એવો દરિયો બની રહી છે, જેમાં મોટાભાગના વિષયનો સમાવેશ થતો જાય છે. માત્ર ટૅકનિકલ ફિલ્ડની આ વાત નથી પણ અન્ય એવા ઘણાય વિષયો છે જેમાં AI એ તળિયાથી લઈને નળિયા સુધી બધુ જ બદલી નાખ્યું છે. ડિઝાઈનથી લઈને ડેમોસ્ટ્રેશન સુધી, સુવિધાથી લઈ સુરક્ષા સુધી અને ફિચરથી લઈ ફ્યુચર સુધી. ઑટોમેશનની દુનિયામાં એક સમય આખો મશીનયુગ તરીકે ઓળખાયો છે. હવે મશીનનો કંટ્રોલ માણસ પાસે અને વર્ક રોબોટ પાસે કરાવવામાં આવે છે. આ પરિવર્તન ધીમે ધીમે આવી રહ્યું છે. ઑટો માર્કેટની દુનિયામાં મશીન અને એન્જીન મુખ્ય ઘટક છે. આના વગર બધુ અધુરૂ છે. બાકીના પાર્ટ્સ અને ચીપ્સની અલગ એક વેલ્યૂ છે પણ એન્જીન કોઈપણ વાહનનું હાર્ટ હોય છે. ઑટો માર્કેટમાં જેમ જેમ સંશોધનો થતા ગયા એમ સુવિધાઓ વિકસી. પરિવહનને વધુ આરામદાયક કરવા માટે એકથી એક ચડિયાતા પ્રયોગ થયા અને જે સફળ થયા એનો વ્યાપ વધ્યો.

AIથી ઑટોમાર્કેટમાં ક્રાંતિ શરૂ થઈ ગઈ છે. એવું કહેવામાં અત્યારે થોડી ઉતાવળ થશે. કારણ એ છે કે, ફોલ્ટફાઈડિંગ સુધી AI છે બાકી રસ્તામાં ગાડી બંધ થાય ત્યારે તો વ્યક્તિ પાસેનું ઑટોનું નોલેજ જ કામ આવે. જનરેટીવ AI ઑટો મોબાઈલ ક્ષેત્રે ક્રાંતિ લાવી રહ્યું છે. AI આસિસ્ટ અને કાર રિવ્યૂ સિસ્ટમ ડેવલપ થતા હવે કોઈ પણ મોડલનાં ફિચરથી લઈને માઈલેજ સુધી કંઈ છાનું નહીં રહે. કાર તૈયાર કરતી કંપનીઓને મશીન તથા લોઢું મોંઘું પડે છે. આ ધાતુની સામે એક એવી સિસ્ટમ ડેવલપ થઈ રહી છે જે કારની અંદરનો આખો માહોલ બદલવામાં સક્ષમ છે. આ સિસ્ટમનું પહેલું પાનું એટલે AI, જેને ઑટોની દુનિયામાં 'જનરેટીવ AI ઑટોમેશન સિસ્ટમ' નામ આપવામાં આવ્યું છે.

હાલમાં આવી કાર આવી ગઈ છે, પણ અતિ મોંઘી હોવાના કારણે એ માર્કેટમાં માત્ર ૨૦% જ ગ્રોથ નોંધાયો છે. સોફ્ટવેર ડિફાઈન્ડ વ્હિકલ સિસ્ટમ, હાલ ઈ બાઈક્સમાં જોવા મળી રહી છે.




કારમાં પણ આ જ સિસ્ટમ કામ કરે છે. આ એક બેટરી સંચાલિત સિસ્ટમ છે, જેમાં માત્ર એક પાસવર્ડના આધારે તે મશીન સાથે કામ કરે છે અને પછી વાહન ચાલે છે. એડવાન્સ AI સિસ્ટમની વાત કરવામાં આવે તો ભારતમાં આ સિસ્ટમ આવતા હજુ ત્રણેક વર્ષ થશે. આ સિસ્ટમ શું છે એની એક જ ઝલક હજું આવી છે. સોફ્ટવેર ડિફાઈન્ડ વ્હિકલ સિસ્ટમ તો હશે પણ અકસ્માત અટકાવવા સ્પીડથી દોડતું વાહન ચોક્કસ કોઈ વસ્તુ કે વાહનથી તદ્દન નજીક પહોંચે એ પહેલા જ અંદર ઍલર્ટ સિસ્ટમ વાગી જશે. ઑટો નિષ્ણાતોના એક રિપોર્ટ અનુસાર, હાલમાં મોટાભાગના કેસમાં ભારતમાં જે કાર ખરીદાય છે એ લોન દ્વારા જ જાય છે. આવા કેસમાં એક સિંગલવિન્ડો સિસ્ટમ તૈયાર થઈ રહી છે. આ માટે ઘણા ડીલર્સ મથી રહ્યા છે, જે રીતે વ્યક્તિ પિત્ઝાનો ઓર્ડર કરતી વખતે નાની-મોટી વસ્તુને કસ્ટમાઈઝ કરે છે એમ અહીં પણ કંપનીઓ કેટલાક ઓપ્શનથી કસ્ટમાઈઝ સિસ્ટમ વિકસાવી રહી છે. આનાથી ફાયદો એ થશે કે, કાર ખરીદનારાએ માત્ર એક જ ફોર્મ ભરીને તમામ વસ્તુઓના પેરામીટરને તપાસી શકશે.

એક જ એપ્લિકેશન ઓવરઓલ કાર માટે કામ કરશે. આમાં AI જે તે ડેટાનું વિશ્લેષણ કરશે અને કેટેગરી અનુસાર સજેશન પણ આપશે. ઑટો ટ્રાંઝિસ્ટ સર્વે રિપોર્ટ તો ત્યાં સુધી કહે છે કે, ટેસ્ટ ડ્રાઈવ માટે AI સ્લોટ આપશે પણ જે તે સેલ્સ પર્સન આને પણ પોતાની રીતે રીઓર્ડર કરી શકશે. ટૂંકમાં આપણા સમયે આપણી કાર, એ પણ ટોટલ પ્યોર અને પારદર્શક, જેવી સ્ક્રિન પર એવી જ રિયલમાં. AI દ્વારા ભારતના કાર ઉત્પાદકો તથા અન્ય વાહનના ઉત્પાદકો પાસે એક સુવર્ણતક એ છે કે, હાલના પ્રાથમિક તબક્કામાં તે સુવિધા, સર્વિસથી લઈ સુરક્ષા સુધીના પાસા પર ખાતરી સાથે તેમ જ પરિણામ સાથે કામ કરી શકે છે. આ વાત ઉદાહરણ સાથે સમજીએ. સેફ્ટિ ફિચર કારનું પ્રાથમિક પાસુ છે, પણ અંદર ટચસ્ક્રિન ડિસપ્લેથી લઈને મોશન કંટ્રોલ સુધી અને ઓવર સ્પીડ વખતે ઍલર્ટ સાયરન સુધી મળે તો પ્રવાસ દરમિયાન જે વોચ રાખવાનું કામ કરશે એ ઑટોમેટિવ AI છે. ટૅક્નોલૉજી બેઝ એપ્રોચ ફોર એક્સિડન્ટ પ્રિવેન્શન પર મંત્રી નીતીન ગડકરી પણ કહી ચૂક્યા છે કે, AI ઑટો ક્ષેત્રે દિશા પરિવર્તક સાબિત થશે. આ માટે કંપનીઓ પણ પોતાના તરફથી એક અભિગમ સાથે કામ કરે, જેથી પ્રકૃતિ પણ બચે અને વ્યક્તિના પ્રાણ પણ. ■

**આઉટ ઓફ ધ બોક્સ**

*મશીન અને સોફ્ટવેર બન્ને સાથે કામ કરે તેને એમ્બેડેડ સિસ્ટમ કહેવાય.*

*દુનિયાની પ્રથમ એમ્બેડેડ સિસ્ટમ જાપાને બનાવી હતી પણ સફળ થઈ ન હતી*




જયેશ ચિતલિયા feedback@bombaysamachar.com

# PMSમાં ધરખમ ફેરફારઃ ઈન્વેસ્ટર્સ માટે અનેક નવી તક

## એકતરફ હાલમાં આઈપીઓ મારફત મૂડીસર્જનની પ્રવૃત્તિ જોરમાં ચાલી રહી છે ત્યારે નિયમન તંત્ર સેબી (SEBI)એ સંખ્યાબંધ એવાં સુધારાલક્ષી પગલાં ભર્યાં છે જે કૉર્પોરેટ સેક્ટર સહિત દેશનાં વિવિધ સેક્ટર્સના વિકાસમાં ઉપયોગી નીવડશે

શૅરબજાર-મૂડીબજારના તંદુરસ્ત વિકાસ અને રોકાણકારોનાં હિતોની રક્ષાને કેન્દ્રમાં રાખી નિયમન તંત્ર સેબી સતત સક્રિય તંત્ર રહ્યું છે. મૂડી બજારના દરેક સેગમન્ટમાં સેબી સુધારા કરતું રહી બજારના વિકાસ માટે માર્ગ વધુ સરળ અને મોકળો કરવા ઉપરાંત રોકાણકારો અને તમામ સંબંધિત વર્ગ માટે નવી તકોનું સર્જન કરતાં પગલાં ભરતું રહ્યું છે. તાજેતરમાં સેબીએ મૂડીબજારના વિકાસની સાથે-સાથે નવાં રોકાણ સાધનો-નવા આઇડિયાઝ-વિચારો અમલી બનાવવાની દિશામાં શ્રેણીબદ્ધ પગલાંઓ જાહેર કર્યાં છે, જેની ઝલક પર નજર કરીએ તો વધુ સંભવિત વિકાસના અવકાશ દેખાશે. આમાં એક મહત્ત્વનું પગલું દેશમાં જેની સખત જરૂર છે એવા રિઅલ એસ્ટેટના અને ઇન્ફ્રાસ્ટ્રક્ચરના વિકાસ માટેનું છે. સેબીએ આ સેક્ટરને ભંડોળ મેળવવામાં સહાયરૂપ થવા રિઅલ ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (રિટ) અને ઇન્ફ્રાસ્ટ્રક્ચર ઇન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ (ઈન્વિટ)ને ઓવરસીઝ માર્કેટ (વિદેશી બજારો) માંથી ભંડોળ ઊભું કરવા માટેના માળખાને મંજૂરી આપી છે. આ ભંડોળ ડિપોઝિટરી રિસિપ્ટસસ જેવાં સાધન મારફત ઊભું થઈ શકશે. આમ રિટસ અને ઇન્વિટસને ફંડ રેઇઝિંગ માટે ગ્લોબલ મંચ ઉપલબ્ધ થશે. આ લિસ્ટેડ ટ્રસ્ટના યુનિટ્સ સામે ડિપોઝિટરી રિસિપ્ટ (ડીઆર) ઈસ્યૂ થઈ શકશે, જેના સોદાની સુવિધા સાથે પ્રવાહિતા ઉપલબ્ધ થશે. ટ્રસ્ટ નવા યુનિટસ પણ ઈસ્યૂ કરી શકશે તેમ જ વર્તમાન યુનિટધારકો તેમના યુનિટસ ફૉરેન ડિપોઝિટરીઝને ટ્રાન્સફર પણ કરી શકશે. જોકે ભારતીય નિવાસી અને બિન નિવાસી ભારતીય (એનઆરઆઈ) આ ડિપોઝિટરી રિસિપ્ટસ ધરાવવા માટે પાત્ર રહેશે નહીં.

'પોર્ટફોલિયો મૅનેજમેન્ટ સર્વિસ' (પીએમએસ) માટે નવાં સાધન

એક રસપ્રદ નિર્ણય સેબીએ એવો પણ લીધો છે કે હવે પછી પોર્ટફોલિયો મૅનેજર્સ તેમના ગ્રાહકોનાં નાણાં આઇપીઓ તથા ફૉરેન સિક્યોરિટીઝ અને ડેટ ઈસ્યૂઝમાં પણ રોકી શકશે, આ સાથે ડાયરેકટ મ્યુચ્યુઅલ ફંડ પ્લાન્સમાં રોકાણ માટેનો રૂટ પણ ઊભો કરાયો છે. આ વિષયમાં સેબીએ પોર્ટફોલિયો મૅનેજમેન્ટ સર્વિસ (PMS)ને વધુ છુટછાટ-સ્વતંત્રતા આપી છે. હવે સેબીના પોર્ટફોલિયો મૅનેજર્સ રેગ્યુલેશન, ૨૦૨૬ હેઠળના માળખામાં પીએમએસ ઉદ્યોગને વિકસવાની અઢળક તકો મળશે, તેમનાં અનુપાલન સરળ કે હળવાં થશે. આ મૅનેજર્સ લિસ્ટેડ ઇક્વિટી અને ડેટ સાથે-સાથે રિટસ, ઓવરસીઝ મ્યુચ્યુઅલ ફંડસ, એક્સચેંજ ટ્રેડેડ ફંડ (ઈટીએફ), ઇન્ડેકસ ફંડ્સ અને વિદેશી સરકારી ડેટમાં પણ રોકાણ કરી શકશે. આમ તેમની એસેટ્સનો વ્યાપ અને વૈવિધ્યકરણ વધશે. જોકે આવા ઇન્વેસ્ટમેન્ટ ફૉરેન એક્સચેંજ મૅનેજમેન્ટ ઍક્ટ (ફેમા) અને રિઝર્વ બૅન્કની લિબરલાઇઝ્ડ રેમિટન્સ સ્કિમ (એલઆરએસ)ને આધિન રહેશે.

સેબીએ એક જોગવાઈ એવી પણ કરી છે કે પીએમએસને ચોકકસ સત્તા આપીને કહ્યું છે કે મૅનેજર તેના સંચાલન હેઠળની ગ્રાહકની એસેટસ (ભંડોળ)માંથી દસ ટકા સુધીની રકમ ઇન્વેસ્ટમેન્ટ ગ્રેડ ધરાવતા નૉન-કન્વર્ટિબલ, અનલિસ્ટેડ ડેટ સિક્યૉરિટીઝમાં રોકી શકશે, જોકે આ માટે તેણે સંબંધિત ગ્રાહકની મંજૂરી લેવી જોઈશે, આ જ રીતે પોર્ટફોલિયો મૅનેજર ગ્રાહકના તેની પાસેના ભંડોળના ૧.૨૫ ગણા સુધીનું એકસપોઝર એક્સચેંજ ટ્રેડેડ ડેરિવેટિવ્ઝ સાધનોમાં લઈ શકશે. આવાં સાધનોમાં ચોકકસ જોખમ હોઈ શકે છે, જોકે આવું રોકાણ સંબંધિત ગ્રાહકોની જોખમ લેવાની તૈયારી અને સંમતિ સાથે જ થશે.

ફંડ મૅનેજર્સના નવા સ્વરૂપ સેબીએ પોર્ટફોલિયો મૅનેજર્સ રૂટ ફોર મ્યુચ્યુઅલ ફંડ યુનિટસ અથવા PRIM (પ્રિમ) હેઠળ ગ્રાહકના ભંડોળમાંથી મ્યુચ્યુઅલ ફંડ્સના ડાયરેક્ટર પ્લાનમાં રોકાણની છૂટ આપી છે, જેમાં સ્પેશ્યલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડનો પણ સમાવેશ થાય છે

(અહીં એ નોંધવું જરૂરી છે કે અગાઉ આપણે PMS વિષયની બેઝિક ચર્ચા અહીં કરી હતી) આ અલગ સુવિધા હેઠળ મિનિમમ રોકાણ મર્યાદા પચીસ લાખ રૂપિયાની રહેશે. પરિણામે મધ્યમ કદના રોકાણકારોને પણ પીએમએસનો લાભ મળી શકશે. જોકે આ માટે મૅનેજરની મિનિમમ નેટવર્થ બે કરોડ રૂપિયાની હોવી જોઈશે.

પીએમએસ મામલે સેબીએ વિકાસનો માર્ગ વધુ બહોળો-મોકળો કરવા માટે ઈન્ડિપેન્ડન્ટ ફંડ મૅનેજર (આઈએફએમ-IFM)નો નવો કન્સેપ્ટ પણ દાખલ કર્યો છે, જે રજિસ્ટર્ડ પોર્ટફોલિયો મૅનેજરના સહયોગમાં ગ્રાહકોના પોર્ટફોલિયો મૅનેજ કરી શકશે. શૅરબજારની સાદી ભાષામાં આને મુખ્ય બ્રોકર અને સબ-બ્રોકરની જેમ કહી શકાય. મુખ્ય પોર્ટફોલિયો મૅનેજર પોતાના હેઠળ અનેક આઇએફએમ રાખી શકશે, પરંતુ આઈએમએફ પોતે માત્ર એક જ પોર્ટફોલિયો મૅનેજર હેઠળ રજિસ્ટર્ડ રહી શકશે. સેબીએ આ તમામ સુવિધા અને ઉદાર જોગવાઈઓ સાથે રોકાણકાર વર્ગનાં હિતોની રક્ષાની કાળજી પણ રાખી છે.

એક ખાસ વાત, સેબીએ વિદેશી વ્યક્તિગત ઇન્વેસ્ટર માટે ભારતમાં રોકાણનો માર્ગ સરળ બનાવવાનું લક્ષ્ય પણ રાખ્યું છે. આ તમામ પગલાંની લાંબે ગાળે નક્કર અસરો જોવાશે, જેમાં મૂડીબજારના વિકાસ અને વૃદ્ધિની તકો વધશે એવી આશા ચોક્કસ રાખી શકાય. ■

સર્વશ્રેષ્ઠ સર્વોત્તમ સર્વોપરી
૨૦૫ વર્ષથી સતત પ્રગટ થતું માતૃભાષાનું મશાલચી
મુંબઈ સમાચાર
દર સપ્તાહે પીરસે છે રંજક વાંચનનો રસથાળ
વાંચો અને વંચાવો
સોમવાર – ધર્મ તેજ – આધ્યાત્મિક ચેતનાની જ્યોત
મંગળવાર – તરોતાજા – મનોમંથન સ્વસ્થતાના ઉપાયોનું
બુધવાર – ઈન્ટરવલ – થોડું પ્રાસંગિક, થોડો કટાક્ષ
ગુરુવાર – પુરુષ / લાડકી – સંવેદના-સમસ્યા નર-નારીની
શુક્રવાર – મેટિની – મનોરંજન, મનોરંજન અને માત્ર મનોરંજન
શનિવાર – વીકએન્ડ – વાત સ્થાપત્ય, રમત-ગમત અને મુસાફરીની
રવિવાર – ઉત્સવ – અફલાતૂન લેખકો, અફલાતૂન પૂર્તિ

ક્લોઝ અપ
ભરત ઘેલાણી
feedback@bombaysamachar.com

# આ ‘ઘોસ્ટિંગ’ વળી શું નવું તૂત છે?

## આજના ડિજિટલ યુગમાં જેટલા ઝડપથી નવા સંબંધ બાંધી શકાય તેથી વધુ ત્વરાએ તોડી શકાય છે. એમાં હવે આ ‘ઘોસ્ટિંગ’ની નવી ભૂત-ભૂતાવળ ભળી છે એ શું છે ?



**આજકાલ** જે નવી પેઢી ‘જનરેશન ઝેડ’ સમાચારોમાં ગાજી રહી છે એમની ડિજિટલ દુનિયામાં ડગલે ને પગલે નવા નવા શબ્દો એવી ઝડપથી ઉમેરાતા જાય છે કે આપણા વડીલોની દુનિયાવાળા ચકરાવે ચઢી જાય.

‘ગેસલાઈટિંગ’ અને ‘મૂનલાઈટિંગ’ આ બે શબ્દ થોડા જૂના હોવા છતાં આજકાલ ફરી વપરાશમાં આવી ગયા છે. એમાંથી ‘ગેસલાઈટિંગ’ એટલે કે એક એવી ભ્રામક સ્થિતિનું ઈરાદાપૂર્વકનું સર્જન, જેમાં સામેની વ્યક્તિને ઠસાવી દેવામાં આવે કે એ માનસિક રીતે એવી નબળી પડી ગઈ છે કે એ સાચા નિર્ણય લઈ શકે એવી સ્થિતિમાં નથી. આવો માનસિક માહોલ સિફતથી તૈયાર કરીને પેલી વ્યક્તિ પાસેથી જોઈતું કામ કઢાવી લેવામાં આવે છે. આવા ‘ઈમોશનલ ઍબ્યૂઝ’ -માનસિક અત્યાચાર પર આધારિત વર્ષો પહેલાં ઑસ્કર વિજેતા એક ફિલ્મ આવી હતી, જેનું નામ જ હતું : ‘ગેસલાઈટિંગ’!

હવે બીજો શબ્દ છે : ‘મૂનલાઈટિંગ’ અર્થાત્ ‘ચન્દ્રપ્રકાશ’ નહીં, પણ મૂળ નોકરી - જોબ ઉપરાંત મૂળ માલિકને ખબર-જાણ ન હોય - એને અંધારામાં રાખીને કરવામાં આવતું વધારાનું કામ ‘મૂનલાઈટિંગ’ તરીકે ઓળખાય છે. જે તમને વધારાની આવક રળી આપે.

આ બન્ને સાથે હવે ત્રીજો નવો શબ્દ ઉમેરાયો છે. એ છે ‘ઘોસ્ટિંગ’. પહેલી નજરે આ શબ્દ પરથી એટલું તો સમજાય કે આમાં ‘ઘોસ્ટ’ એટલે ભૂત-પ્રેતને લગતું કંઈક હોવું જોઈએ. વાત અમુક અંશે એવી પણ છે.

આમેય માનવીય સંબંધ ‘મન-મોતી ને કાચ’ જેવાં છે. એમાં તિરાડ પડે પછી ભાગ્યે જ ફરી જોડી શકાય. એમાંય કોઈ સાથે તમે





રોમેન્ટિક સંબંધ ધરાવતા હો- રોજિંદા સંપર્કમાં હો અને અચાનક સામેની વ્યક્તિ કોઈ અજાણ્યા કારણસર તમારી સાથેનો સંપર્ક કાપી નાખે- તમારા મેસેજ-સંદેશના જવાબ આપવાનું ટાળે-ફોન પર વાત કરવાનું પણ ટાળે એવી વર્તણૂક માટે ‘ઘોસ્ટિંગ’ શબ્દ વપરાય છે.

- પણ શા માટે એને ‘ઘોસ્ટિંગ’ કહેવામાં આવે છે?

વેલ, કહે છેને કે જેમ ભૂત અચાનક ગાયબ થઈ જાય-અદૃશ્ય થઈ જાય અને સન્નાટો છવાઈ જાય તેમ કોઈ સાથેના આવા અચાનક સમાપ્ત થઈ ગયેલા સંબંધ માટે આ શબ્દ- આજે ખાસ કરીને ઓનલાઈન ડેટિંગના જમાનામાં વિશેષ પ્રચલિત થયો છે.

હકીકતમાં આ શબ્દ સૌથી પહેલી વાર ૧૯૯૦ એટલે કે ૩૫ વર્ષ પહેલાં વપરાશમાં આવ્યો. એ પછી ‘મરિયમ વેબસ્ટર’ ડિક્ષનરીએ ૨૦૧૭માં એને સત્તાવાર સ્થાન આપ્યું. જોગાનુજોગ, આ શબ્દની સાથે એક બીજો શબ્દ પણ આજે પ્રચલિત થઈ રહ્યો છે. એ છે ‘સોફ્ટ ઘોસ્ટિંગ’ અર્થાત્ સામેવાળી વ્યક્તિ સાથે એક ઝાટકે સંપર્ક કાપી નાખવાને બદલે સંબંધ ધીરે ધીરે- ક્રમશઃ ઓછા કરવાની નીતિ-રીતિને ‘સોફ્ટ ઘોસ્ટિંગ’ કહે છે. પહેલાં મળવાનું ઓછું કરી નાખવું- મેસેજના જવાબ જલદી આપવા નહીં, આપવા-આપો તો ઓછા આપવા- સામેથી સતત ફોન આવે તો એકાદ વાર જ ફોન ઊંચકવો. સોશ્યલ મીડિયા પર એની પોસ્ટની ભાગ્યે જ કોઈ પ્રતિક્રિયા આપવી, ઈત્યાદિ.

‘ઘોસ્ટિંગ’ જેવા બીજા પણ કેટલાક શબ્દ છે, જેમ કે પેલો ચિત્રપટ્ટીનો કાલ્પિનક સુપર હીરો ફેન્ટમના પુત્ર ‘કાસ્પર’ પરથી આવેલો એક શબ્દ છે ‘કાસ્પરિંગ’ કાસ્પરની ગણના એક ભલા-માયાળુ ભૂત તરીકે થાય છે. કોઈ સંબંધ પૂરો કરવાનો હોય તો આ મળતાવડા ભૂતની જેમ સામી વ્યક્તિ સાથે પ્રેમથી છૂટ્ટા પડવાની પ્રક્રિયા ‘કાસ્પરિંગ’ તરીકે ઓળખાય છે !

‘ઘોસ્ટિંગ’ની ભૂતાવળ તોડવા માટે એના વિરોધાભાસી બીજા કેટલાક શબ્દો પણ આજની યુવા પેઢીમાં જાણીતા છે. ઉદાહરણ તરીકે, ‘બ્રેડક્રમ્બિંગ’ સંબંધ આગળ વધારવામાં ખાસ રસ ન હોય છતાં સામેની વ્યક્તિનું ધ્યાન ખેંચવા રોમેન્ટિક- ફ્લર્ટિંગ મેસેજ મોકલીને એવી આડકતરી છાપ પાડે કે ‘મને તો તમારી સાથે સંબંધ બાંધવામાં રસ છે..’ ને પાછળથી વસ્ત્રો પરથી જાણે ધૂળ ખંખેરતા હોય એવી સહજતાથી ભૂલી પણ જાય. ‘સંબંધ’ આવી કામચલાઉ ચેષ્ટા પછી એને તોડી નાખવાની આવી ચેષ્ટા ‘બ્રેડક્રમ્બિંગ’ તરીકે જાણીતી છે.

આ શ્રેણીમાં હજુ એક રસપ્રદ શબ્દ પણ છે : ‘સબમરીનિંગ’ અર્થાત્ તમારી સાથે કોઈએ ઘોસ્ટિંગ કર્યું હોય એ પછી તમારા પક્ષે પણ વાત વિસરાઈ ગઈ હોય ત્યાં અચાનક તમારી સાથે ઘોસ્ટિંગ કરનારી પેલી વ્યક્તિ સામેથી મેસેજ -ફોન દ્વારા તમારો એ રીતે સંપર્ક કરવાનો શરૂ કરી દે જાણે ભૂતકાળમાં એના તરફથી કંઈ થયું જ ન હોય. બીજા શબ્દોમાં કહો તો પહેલાં સંબંધના સમુદ્રમાં સબમરીનની જેમ ડૂબકી મારીને અદૃશ્ય થઈ જાય અને પાછળથી ફરી પ્રગટે સબમરીનની જેમ!

ઓનલાઈન ડેટિંગ એપ પર ‘ઘોસ્ટિંગ’નો વધુ પડતો ઉપયોગ થાય છે એને કારણે ઘણા સંબંધમાં ન જોઈતી તિરાડ પડી જાય છે. એને અટકાવવા ‘ટેમ’, ‘ટિન્ડર’- ‘ બમ્બલ‘ કે ‘ઓકે ક્યુપિડ’ જેવી કેટલીક લોકપ્રિય ડેટિંગ એપ એના વપરાશકર્તાને વિશેષ માર્ગદર્શન પણ આપે છે. જેની સાથે સંબંધ કાપી નાખવાના હોય એની સાથે ‘ઘોસ્ટિંગ’ કરવાને બદલે કઈ રીતે સામેવાળાની લાગણી ઘવાય નહીં એની રીત આવી એપ્સ બતાવતી હોય છે. એની સાથે કેવાં લખાણ સાથે સંબંધ પર પૂર્ણવિરામ મૂકવું એના કાચા ડ્રાફ્ટ- મુસદા સુધ્ધાં પણ તૈયાર કરી આપે છે !

હવે ધારી લો કે તમે (કે તમારો કોઈ મિત્ર) આવા ઘોસ્ટિંગનો શિકાર બને તો શું કરવું?

આજના યુવાનોની ભાષામાં જવાબ નંબર

એક : ‘NBD અર્થાત નો બીગ ડીલ..કોઈ બડી બાત નહીં આવું તો ચાલ્યા કરે.. ભૂલ જાવ !’

આમ છતાં કોઈ કારણ કહ્યા વગર તમારી સાથે કોઈ સંબંધ તોડી નાખે એનો વસવસો તો રહે- મન પર એક છૂપો ઘા નહીં તો ઉઝરડો જરૂર રહી જાય.

આવા સંજોગોમાં ઘોસ્ટિંગના ઘા હળવા કરવા વિશે મનોચિકિત્સક શું કહે છે?

આવું ઘોસ્ટિંગ પ્રેમ- મિત્રતા અથવા તો કામ-વ્યવસાયમાં થતું હોય છે. ડિજિટલ યુગમાં કોઈના જીવનમાંથી અચાનક અલોપ થઈ જવાની વાત વધુ સરળ થઈ ગઈ છે અને આવી ક્રિયામાં ઘોસ્ટિંગ કરનાર વધુ જવાબદાર હોય છે અને એ જ એકલો જાણતો હોય છે એણે આમ શા માટે કર્યું. સામે પક્ષે ઘોસ્ટિંગનો ભોગ બનનારાને તો કારણની જાણ સુધ્ધાં નથી હોતી. એટલે મનોવિજ્ઞાનીઓ એને સહજતાથી લઈ ભૂલી જવાની સલાહ આપે છે.

‘આવું થાય પછી ભોગ બનનારાએ ઘોસ્ટિંગ કરનારાનો સામેથી સંપર્ક કરવો જોઈએ?’

જવાબમાં મનોચિકિત્સક કહે છેઃ ‘ હા, જો તમારા વચ્ચે લાંબાં સમયથી સંબંધ હોય તો એને મળીને કે બીજી રીતે સંપર્ક કરીને કારણ પૂછી લેવું જોઈએ, નહીંતર પછી મનની પાટી પરથી એ સંબંધને લુછી નાખો- ભૂંસી નાખો એ એને રસ્તે... તમે તમારે !’

જો કે આ બધા વચ્ચે એક મૂળ પ્રશ્ન બધાના મનમાં સળવળતો રહે છે : ‘અચાનક સંબંધ પર પૂર્ણવિરામ મૂકીને ઘોસ્ટિંગ કરનારાનાં મનમાં- હકીકતમાં શું હોય છે?’

‘ઘણું બધું..’ મનોચિકિત્સક ઉમેરે છે : ‘એક કારણ : ઘોસ્ટિંગ કરનાર ખુદ નથી જાણતો કે એ આ સંબંધ શું કામ કાપી નાખે છે.. બીજું કારણ : મોટા ભાગના આવા નિર્ણય ક્ષણિક આવેશ અને ઉતાવળે લેવામાં આવ્યા હોય છે અને ત્રીજું કારણ : કોઈ પાસે એણે આ વિશે ખુલાસો કરવાનો નથી હોતો અને એટલે આજના ડિજિટલ યુગમાં ઘોસ્ટિંગ કરવું ઝડપી અને બહુ સરળ છે..!’

ટૂંકમાં ‘ઘોસ્ટિંગ’ના ચક્કરમાં તમે જો સપડાયા હો તો એમાંથી બહાર આવવાનો એક સરળ ને સચોટ ઉપાય છે : ‘બધું ભૂલી જાવ. રાત ગઈ-બાત ગઈ.. ડોન્ટ વરી, બી હેપી !’ ■

કેનવાસ
અભિમન્યુ મોદી
feedback@bombaysamachar.com

# વિસરાયેલા અવાજ...
# ઘોંઘાટ વચ્ચે ખોવાઈ રહેલી સ્મૃતિઓ




આપણી સ્મૃતિઓ મોટેભાગે દૃશ્યોની બનેલી હોય છે એવો આપણો કાયમી ભ્રમ છે. આપણે ફોટોગ્રાફ્સ કે વીડિયો દ્વારા ભૂતકાળને આંખોથી સાચવવાનો અથાક પ્રયાસ કરીએ છીએ, પરંતુ સાચી સ્મૃતિઓ અવાજના સ્વરૂપે આપણા અસ્તિત્વમાં અત્યંત ઊંડે સુધી જડાયેલી હોય છે. બાળપણ કે વીતી ગયેલો કોઈ સુવર્ણ સમય એક ચિત્ર તરીકે નહીં, પણ કોઈ ચોક્કસ અવાજ તરીકે અચાનક સ્મૃતિપટલ પર ઝબકી જતો હોય છે. આજની આખી દુનિયા માત્ર દૃશ્ય આધારિત થઈ ગઈ છે. આપણી આંખો સ્ક્રીન પર સતત બદલાતા રંગો અને આકારો જોઈ જોઈને ભયંકર થાકેલી છે, પણ આપણા કાન ભૂખ્યા છે. આજના આધુનિક અને કર્કશ ઘોંઘાટમાં આપણે એવા કેટલાયે અવાજો કાયમ માટે ગુમાવી દીધા છે, જે અવાજોએ આપણું બાળપણ અને આપણી સંવેદનાઓ ઘડી હતી. જો ભૂતકાળના અવાજોનું કોઈ મ્યુઝિયમ બનાવવામાં આવે તો તેમાં મુકવા લાયક અવાજોની યાદી બહુ લાંબી અને હૃદયદ્રાવક હશે.

સવાર પડતાંની સાથે જ ઘરમાં જે અવાજોનું સંગીત રેલાતું, તે હવે ક્યાંય સાંભળવા નથી મળતું. વહેલી સવારે પથ્થરની ઘંટી પર અનાજ દળાતું હોય ત્યારે આવતો ઘર્ષણનો લયબદ્ધ અવાજ અને તેની સાથે ગવાતા પ્રભાતિયાં ઘરના આંગણામાં એક અનોખું આધ્યાત્મિક વાતાવરણ સર્જતા. રસોડામાં દહીં વલોવવા માટે ફરતા વલોણાનો અવાજ માત્ર દૂધને જ નહીં, જાણે આખા ઘરની ચેતનાને વલોવતો હતો. લાકડાના જૂના કબાટને કે ભારી દરવાજાને ખોલતી વખતે આવતો પેલો લાક્ષણિક ચિચૂડાટ કે પછી ખંડની અંદર લટકતી જૂની દીવાલ ઘડિયાળના લોલકનો અવિરત ટિક-ટિક અવાજ.

આ બધું ઘર જીવે છે એના ધબકારા હતા. એ સમયમાં ઘડિયાળનો અવાજ સમય પસાર થઈ જવાનો ડર નહોતો આપતો, પણ સમય હોવાની અને શાંતિથી જીવાતા હોવાની પ્રતીતિ કરાવતો હતો. આધુનિક મશીનો અને ઉપકરણો સાવ અવાજવિહીન થઈ ગયા છે. તે કામ તો અદભુત ઝડપથી કરે છે, પણ તેમાં માણસાઈનો પેલો પરિચિત રણકાર ગાયબ છે.

બપોરના સન્નાટામાં સંભળાતા અવાજોનું પણ એક આગવું મનોવિજ્ઞાન હતું. સાવ સૂમસામ શેરીમાં કોઈ સાઇકલ પર આવતા ફેરિયાનો લાંબો, ખેંચાયેલો અને લયબદ્ધ સાદ આખી બપોરની નિરવ શાંતિને ચીરીને નીકળી જતો. એ સાદમાં કોઈ આક્રમક વ્યાપાર નહોતો, પણ એક પ્રકારની આત્મીયતા હતી. સાંજના સમયે લાકડાની પેટીવાળા જૂના રેડિયોને ચાલુ કરતી વખતે અને સ્ટેશન ગોઠવતી વખતે બે સ્ટેશન વચ્ચે આવતો પેલો ખરખરાટ અવાજ અને ત્યારબાદ અચાનક જ સ્પષ્ટ થઈ જતો કોઈ ગીતનો સૂર એક જાદુ સમાન હતો. રેડિયોની એ ગોળ સ્વિચમાં ફરતી વખતે ક્લિક જેવો જે કઠોર પણ મીઠો અવાજ હતો, તે આજે લીસ્સી સ્ક્રીન પર આંગળી ઘસવામાં ક્યાંય શોધી શકાતો નથી. કાગળ પર ટાઈપરાઈટરની કીઝ પછડાવાનો ખટાખટ અવાજ અને લીટી પૂરી થતાં વાગતી નાનકડી ઘંટડીમાં સર્જનનો જે સંતોષ રણકતો હતો, તે કોમ્પ્યુટરના શાંત કી-બોર્ડમાં ક્યાંક વિલીન થઈ ગયો છે.

માણસો વચ્ચેના સંવાદોના અવાજો પણ સમય સાથે બરાબરના બદલાયા છે. પહેલાના સમયમાં કાગળ પર પેનથી લખતી વખતે આવતો શાહીનો ધીમો અવાજ કે ટપાલમાં આવેલો કાગળ ખોલતી વખતે કાગળ ફાટવાનો અવાજ, એ માત્ર કાગળનો નહીં પણ લાગણીઓનો અવાજ હતો. આજે બધું જ મૌન મેસેજમાં અને બ્લ્યુ ટીકની શાંતિમાં છુપાઈ ગયું છે. પહેલાં જ્યારે કોઈ દૂરથી આવતું, ત્યારે તેના પગરખાંના અવાજ પરથી જ ઘરના લોકો ઓળખી લેતા કે કોણ આવ્યું છે. આજે આપણે રબરના સુંવાળા સોલ વાળા પગરખાં પહેરીને સાવ અવાજ કર્યા વગર લિફ્ટમાંથી સીધા ફ્લેટમાં પ્રવેશી જઈએ છીએ. અવાજ વિનાની આ દુનિયામાં એક પ્રકારની કૃત્રિમ અને ઠંડી શિસ્ત આવી ગઈ છે, જેણે માણસો વચ્ચેનું અંતર વધારી દીધું છે.

આ વિસરાયેલા અવાજો માત્ર ધ્વનિ નહોતા, તે આપણા સામાજિક અને પારિવારિક તાણાવાણાનો અદૃશ્ય હિસ્સો હતા. આજે આપણી આસપાસ વાહનોનો ઘોંઘાટ, મોબાઈલની રિંગટોન અને સતત ચાલતા ટેલિવિઝનનો અર્થહીન કોલાહલ છે, પણ એ અવાજોમાં કોઈ આત્મા નથી. આપણા કાન ઘોંઘાટથી ભરાઈ ગયા છે, પણ ભીતરની શ્રુતિઓ સાવ ખાલીખમ છે. આપણે વિકાસની આંધળી દોટમાં ઘણું બધું પાછળ છોડી દીધું છે, પણ સૌથી મોટું અને ન પૂરી શકાય તેવું નુકસાન એ અવાજોનું છે જે ક્યારેય ક્યાંય રેકોર્ડ ન થઈ શક્યા. તે માત્ર આપણી પેઢીની સ્મૃતિઓના અવાવરું ખૂણામાં જ સચવાયેલા રહ્યા છે. આવનારી નવી પેઢી કદાચ આ અવાજો વિશે સાંભળશે ત્યારે તેમને આ બધું કોઈ કલ્પનાકથા જેવું લાગશે. એક એવો સમય આવશે જ્યારે આ અવાજો બ્રહ્માંડમાં સંપૂર્ણપણે વિલીન થઈ જશે અને આપણી પાસે બચશે માત્ર એક બહેરો કરી દેતો ડિજિટલ સન્નાટો, જેમાં માણસ પોતાના હૃદયનો ધબકાર પણ સ્પષ્ટ રીતે સાંભળી નહીં શકે.

આ માનવજાતની સૌથી મોટી ટ્રેજેડી હશે. ■

બ્રાન્ડ બનશે બિઝનેસ વધશે
સમીર જોશી
feedback@bombaysamachar.com

## બ્રાન્ડની સફળતાનું રહસ્ય
# ગ્રાહકની આદતો બદલી તેના જીવનમાં પ્રવેશો

થોડા સમય પછી UPI ચાર્જ કરવાનું શરૂ કરશે તેની ચર્ચા બરાબર જામી છે. અત્યાર સુધી જે સર્વિસ સાવ નિઃશુલક મફત હતી તેના પર હવે ચાર્જ વસૂલાશે. વાત આજે આ ચાર્જ લેવાશે તેની નથી કરવાની પણ વાત આજે આની જે આદત લોકોને પડી ગઈ છે તેની કરવાની છે. લોકો રોકડા આપી માલ ખરીદતા, ત્યારબાદ ડેબિટ અને ક્રેડિટ કાર્ડની આદત પડી અને અચાનક એક ક્રાંતિકારી પગલું પેમેન્ટની દુનિયામાં આવ્યું એટલે ડાયરેક્ટ ફોન પરથી એકબીજાના એકાઉન્ટમાં પૈસા મોકલી આપવા સરળ બની ગયા. કોઈપણ ખરીદીમાં આ મહત્ત્વનું પાસું છે. ખરીદનાર તરત જ પૂછી લે છે : ફોનથી પેમેન્ટ લેશોને? શાકવાળાથી લઈને રિક્ષા- ટેક્ષીચાલકોથી લઈને પ્લેનની ટિકિટ કે પછી સામાન્ય કરિયાણાની ખરીદીથી લઈને સોનાના દાગીના સુધ્ધાંનાં પેમેન્ટ આનાથી થવા લાગ્યા. પછી આપણને આની આદત લાગી ગઈ- લગાડવામાં આવી. બસ,માર્કેટિંગની આ એક મોટી વ્યૂહરચના છે. કન્ઝ્યુમરને તમારા પ્રોડક્ટ કે સર્વિસની આદત લગાડો. આનાથી બે વાત થાય છે એક કન્ઝ્યુમર તમારો પ્રોડક્ટ ખરીદતો થાય છે અને તે વધુ પણ ખરીદે છે. આને UPI અને સુપર માર્કેટના ઉદાહરણ દ્વારા સમજીયે. આપણો બધાનો અનુભવ છે કે જ્યારે સુપર માર્કેટો નવાં નવાં ખુલ્યાં ત્યારે આપણે ત્યાં ખરીદી કરવા જતા, આપણને તેની આદત લાગી અને આપણે ના જોઈતી વસ્તુઓ પણ ખરીદવા લાગ્યા.

આ રીતે, જયારે આપણે રોકડથી વસ્તુ ખરીદતા ત્યારે બે વાર વિચારતા કારણકે ગજવામાં અમુક રૂપિયા છે અને તે સાચવવાના છે. હવે ફોનથી પેમેન્ટ ચૂકવવામાં આપણે તે ભૂલી જઇયે છીએ અને વધુ ખરીદી કરીએ છીએ. આપણને લાગશે કે હવે કેમ ચાર્જ આવ્યો તો જવાબ આસાન છે કે વેપારી અને ગ્રાહક બંનેને આની આદત પડી ગઈ છે એટલે વેપારી ગમે તેટલી બૂમો પાડે પણ તે આને અપનાવશે પછી ભલે તેને અમુક ચાર્જ આપવો પડે. ગ્રાહકને ચાર્જ નથી આપવાનો તેથી તે આની માગ કરશે અને વેપારી નહિ માને તો બીજે જશે. આમ આદત પડી એટલે હવે તેનો ફાયદો ઉપાડવો રહ્યો.






માર્કેટિંગની આ વ્યુહરચના આપણા જીવનની આદતોનો અભ્યાસ કરી પ્રોડક્ટ બનાવશે અથવા આપણા જીવનમાં તેની આદત ઊભી કરશે. ગ્રાહકની આદતો બ્રાન્ડ પ્રત્યેની વફાદારીનો પાયો છે. સૌથી સફળ બ્રાન્ડ્સ ફક્ત ઉત્પાદનો વેચતી નથી, તે ગ્રાહકોના રોજિંદા જીવનનો અનિવાર્ય ભાગ બની જાય છે. આદત પાછળના મનોવિજ્ઞાનને સમજવાથી જાણવા મળે છે કે બ્રાન્ડ્સ ગ્રાહકો સાથે લાંબા ગાળાના સંબંધો કેવી રીતે સ્થાપિત કરી શકે છે, એક વખતની ખરીદીને પુનરાવર્તિત વર્તણૂકોમાં ફેરવી શકે છે. ઉદહરણ તરીકે...

સવારે ઉઠતાની સાથે આપણે દાંત સાફ કરીયે છીએ. આ ટૂથ પેસ્ટ આપણા જીવનમાં ક્યારે આવી ગયું આપણને ખબર ના પડી. આપણે દાંતણ, મંજન અથવા વ્યવસ્થિત પાણીનો કોગળો કરી મોઢું સાફ કરતા પણ ટૂથ પેસ્ટ બનાવતી બ્રાન્ડે આપણને આની આદત લગાવી પાડી.

બીજું ઉદાહરણ, દૂધમાં એટલી શક્તિ છે કે તેની સાથે બીજી કોઈ ચીજની જરૂર નથી, પણ બિસ્કિટ ક્યારે આની સાથે જોડાય ગયાં ખબર ના પડી. બ્રાન્ડે આપણને આની આદત લગાડી અને આપણે બિસ્કિટ વગર દૂધ કે ચા પીવી વિચારી પણ નથી શકતા.

બીજી તરફ, બ્રાન્ડ જ્યારે આનો વિચાર કરે છે ત્યારે ત્રણ વાત વિચારે છે : એક, રોજિંદી કઈ આદત બદલવી શક્ય છે.

બીજું, તે સમસ્યા માટે હાલમાં કયા ઉપાયો અજમાવાય છે અને ત્રીજું તેનાથી શું થશે.. જેમકે મચ્છરો સાંજના ઘરમાં આવે છે, ધૂપ સળગાવવામાં આવે છે, મચ્છરો જવા જોઈએ. આમાં પહેલી વાત નિશ્ચિત છે,

બીજી વાતમાં આદત લગાડી બ્રાન્ડને બેસાડવાની છે અને તેનાથી કઇ રીતે ફાયદો થશે તેના પરિણામની વાત કરવાની છે. તે પરિણામ કે મચ્છર ભાગી જવા તે સહજ છે પણ કઇ રીતે જશે અને મચ્છર જવાથી તમારા જીવનમાં શું બદલાવ આવશે (તમારું બાળક નિરાંતે સુઈ શકશે) તેની વાત બ્રાન્ડ કરશે અને તે આદત બદલવામાં મદદ કરશે. જે બ્રાન્ડ આ વાત શોધવામાં અને કન્ઝ્યુમરને સમજાવવામાં સફળ થાય તે આદત બદલાવી પોતાની બ્રાન્ડને ગ્રાહકના જીવનમાં સ્થાયી કરી શકે.

જોકે આદત બદલવી આસાન નથી, કહેવાય છે ને કે માણસની આદત અને સ્વભાવ બદલવા મુશ્કેલ છે. બ્રાન્ડ આ વાતને જાણે ખોટી ઠરાવતી હોય તેમ સફળ પ્રયત્નો દ્વારા લોકોની આદતો બદલી છે. રોજિંદા જીવનમાં જ્યારે બ્રાન્ડને લાવવી સરળ થશે, તેના નિયમિત ઉપયોગની શક્યતા એટલી જ વધશે. ગ્રાહકો એવા પ્રોડક્ટની આસપાસ આદતો બનાવે છે જે કાર્યાત્મક લાભ અને ભાવનાત્મક સંતોષ બંને પ્રદાન કરે છે.

જરૂરિયાતની ક્ષણો સાથે પ્રોડક્ટને જોડવાથી તેનો રોજિંદો વપરાશ વધે છે. નવી આદતો અપનાવાય, જે લાંબાગાળા સુધી ચાલે છે. જે બ્રાન્ડ સફળતાપૂર્વક રોજિંદા જીવનમાં સ્થાયી થાય છે તે ફક્ત ગ્રાહકોને જાળવી રાખતી નથી પણ તેમને કાયમી પોતાના વફાદાર ગ્રાહકો બનાવે છે, જેનાથી ખરીદીના નિર્ણયો સરળ બને છે. જ્યારે બ્રાન્ડ આદત બદલવામાં સફળ થાય છે ત્યારે તે ગ્રાહકોના જીવનનો અજાણતા અવિભાજ્ય અંગ બની જાય છે. ■




વિનોદ ભટ્ટ
feedback@bombaysamachar.com

# ભેટમાં આપેલાં પુસ્તક

'લેખકના હસ્તાક્ષરવાળાં પુસ્તકો ગુજરાતીમાં મામૂલી કિંમતે મળી જાય છે...' એવું એક બહેને આનંદથી નહીં, ખેદથી કહ્યું છે, કેમ કે તેઓ પણ લેખિકા છે. તેઓ ઉમેરે છે કે લેખક દ્વારા કોઈને ભેટમાં આપવામાં આવેલું તેનું જ પુસ્તક જ્યારે પસ્તીમાં વેચી દેવાય ને એ પુસ્તક લેખકના જ હાથમાં આવે ત્યારે લેખકને કેટલો બધો આઘાત લાગતો હશે!... બહેન, આઘાત તો લાગે, મોટા સર્જકને મોટો લાગે ને નાના સર્જકને એથીય વધારે લાગે. બધો આધાર લેખના 'ઈગો' પર છે.

જેને બદલે રવીન્દ્રનાથ ટાગોરને નોબેલ પ્રાઈઝ મળેલું એ ટૉમસ હાર્ડીનો એક ટ્રેજિ-કૉમિક કિસ્સો યાદ આવે છે. ટૉમસ હાર્ડીની એક ચોપડી જે તેણે કોઈકને ભેટ આપેલી તે આ રીતે ફૂટપાથ પર રઝળતી હતી. હાર્ડીએ તેની કિંમત પૂછી. પેલાએ કહ્યું: 'દસ શિલિંગ...' હાર્ડી આહોભાવથી બોલ્યો: 'આના પર તો લેખકની સહી છે! આની કિંમત કંઈ દસ શિલિંગ હોય?' ને પસ્તીવાળાએ લેખની સહીનું નામ સાંભળીને ગભરાટથી જણાવ્યું: 'એવું હોય તો સાહેબ પાંચ શિલિંગમાં લઈ જાઓ...'

જો કે મારી અંગત વાત કરું તો મારાં પુસ્તકો લોકો હોંશેહોંશે વાંચે એ માટે છૂટા હાથે હું લોકોને ભેટ આપું છું.

કદાચ આ જ કારણે પ્રકાશકો મારાં પુસ્તકો ઉત્સાહથી છાપે છે. મારાં પુસ્તકોનો મોટામાં મોટો ખરીદનાર હું જ હોઉં છું. એટલે મારા અનુભવો પણ હાર્ડીના અનુભવોથી ખાસ અલગ નથી. લગભગ ત્રણેક વર્ષ થયાં હશે એ ઘટનાને એક મિત્રે મને અભિનંદન આપતાં જણાવ્યું: 'તું તો, દોસ્ત, કવિ કાલિદાસ કરતાંય વધુ લોકપ્રિય છે...'

'મારો કંઈ વાંક-ગુનો, ભાઈ? સવારસવારમાં હું જ મળ્યો તને?'' મેં જાણવા માગ્યું.

'ના, હું સાચું કહું! તારાં પુસ્તકોનો ફેલાવો કાલિદાસથીય વધારે છે!' તે ગંભીરતાથી બોલ્યો.

'ચોખવટ કર...' મેં ખુલાસો માગ્યો.

'ગયા રવિવારે હું ગુજરીમાં ગયો હતો. ત્યાં બેઠેલા ચારેચાર પસ્તીવાળાઓના ઢગલામાં તારાં લખેલાં ને તારા જ ઑટોગ્રાફ સાથે ભેટ આપેલાં અડધો ડઝન પુસ્તકો પડ્યાં હતાં, જ્યારે કાલિદાસનું 'મેઘદૂત' તો ફક્ત એક જ ફેરિયા પાસે હતું, બોલ!' તે બોલ્યો.

'કાલિદાસને કદાચ મારાં જેટલાં સગાંવહાલાંઓ નહીં હોય...' મેં મારો ખુદના બચાવ કર્યો.

'આ હિસાબે તારા એ બધાં જ સ્વજનો પરગજુ કહેવાય, જે તને આ રીતે આમપ્રજા સુધી પહોંચાડી રહ્યાં છે' તે દાઢમાં બોલ્યો.

* * *

પ્રકાશકને બદલે ફૂટપાથ પર જેનાં પુસ્તકો વેચાતાં હોય એવા કોઈ પણ સર્જક માટે એ આમ તો સહેજ પણ રાજી થવા જેવી વાત નથી હોતી, પણ લગભગ દરેક પુસ્તકની નિયતી પ્રમાણે એની એકાદ પ્રત કોઈ શેઠિયાની લાઈબ્રેરીમાં જન્મી હતી એ જ હાલતમાં, માલિકનો પ્રેમાળ સ્પર્શ પામ્યા વગરની પડી હોય છે, તો એ જ પુસ્તકની પાંચસો પૈકી સાડાત્રણસોથી ચારસો નકલો પુસ્તકપ્રેમી પ્રકાશકની વખારમાં નિસાસા નાખતી પડી હોય છે ને એ પુસ્તકની એકાદ કૉપી લાવારિસ બચ્ચાની પેઠે, કોઈ તેને વહાલથી ઊંચકી લે એની રાહ જોતી ફૂટપાથ પર આંખો બિછાવીને બેઠી હોય છે. આ પુસ્તકોમાં પણ જીવ હોય છે એવું ભવિષ્યમાં શોધાશે ખરું, પણ ત્યારે એ શું બોલે છે તે સાંભળવા-સમજવા આપણી પાસે કાન નહીં હોય.

* * *

કેટલાક લોકો પહેલી વાર મળનારને પોતાનું આઇડેન્ટિટી કાર્ડ વળગાડી દે છે, એ રીતે પહેલી જ મુલાકાતમાં પોતાનું પુસ્તક પધરાવી દેવાની ટેવ કેટલાક લેખકોને હોય છે. મારા એક પરિચિત લેખકને એવો શોખ છે કે કોઈ વિજાતીય પાત્ર તેની કલમનાં જરાતરા વખાણ કરે એટલે વહેલી ઉતાવળે પોતાનાં ત્રણ-ચાર પુસ્તકો તીરની જેમ એ પાત્ર તરફ છોડી દે છે. પછીની વાત પછી.

મેં આગળ જણાવ્યું એ પ્રમાણે મારા પ્રકાશકનો હું લાડકો લેખક છું, કમાઉ દીકરો છું. એક વખત મારું પુસ્તક પ્રકાશિત કર્યા પછી એ વેચવાની તેની જવાબદારી બિલકુલ ઘટી જાય છે. અલબત્ત, મારી પત્ની પણ આમાં પ્રકાશકને યથાશક્તિ મદદ કરે છે, કેમ કે તેને એવો છૂપો ભય છે કે પ્રકાશકને ત્યાંથી વહોરેલાં ઢગલાબંધ પુસ્તકોના ભારથી એક દિવસ તેનું ઘર અને મારું બૅન્ક બૅલેન્સ તૂટી પડશે. આથી ક્યારેક કોઈ મને મળવા આવે ત્યારે પત્ની એ માણસની (ઉપસ્થિતિ શબ્દ ભારે છે એટલે) હાજરીમાં જ ઉત્સાહથી મને પૂછવા માંડે છે કે 'કાન્તિભાઈને તમારું છેલ્લું પુસ્તક 'એટ્સેટરા' નથી આપવાનું ?' એટલે પછી આપણે જખ મારીને કાન્તિભાઈને એ. પુસ્તક આપવું પડે, જે તેઓ આપણને 'ઓબ્લાઇજ' કરતા હોય એવા ઉદારભાવ સાથે લઈ પણ લે. અગાઉ તેમને આ પુસ્તકની નકલ આપ્યાનું આપણને યાદ હોય, પણ તેમની યાદશક્તિ કાચી પડે. એ પુસ્તક ઉઘાડીને વાંચ્યું હોય તો યાદ આવે ને!

મારા ઓળખીતા-પાળખીતાઓને પણ આની ખબર છે એટલે મારું નવું પુસ્તક બહાર પડ્યાની જાણ થતાં એ પુસ્તક લેવા પ્રકાશકની દુકાને જવાને બદલે સીધા જ તેઓ મારે ત્યાં ધસી આવે છે ને વિનાસંકોચે, હક્કદાવે મારી પાસેથી પુસ્તકો મેળવી પણ લે છે. અમે નાના હતા. ત્યારે સત્યનારાયણની કથા કેવળ પ્રસાદ મેળવવા માટે જ સાંભળવા જતા. અમને - પ્રસાદિયા ભક્તને જમણા હાથમાં સોજીના શીરાનો પ્રસાદ એક વાર મળી ગયા પછી પ્રસાદ વહેંચનાર સામે ડાબો હાથ ધરીને અમે કહેતા કે કાકા (અથવા તો મામા), મારા ભાઈનો આપો ને! બસ, એ જ પદ્ધતિએ મારા એક સ્નેહીએ મને એક વાર કહ્યું હતું કે 'મારો સાળો ક્યારેક તારું લખાણ વાંચે છે ખરો. આમ તો તેને વાંચવાનો ભારે કંટાળો છે, એટલે તો તે મૅટ્રિકમાં સાત વખત નાપાસ થયેલો, પણ મારે તેને વાંચતો કરવો છે. હસવું આવે એવા ટુચકાની તારી ચાર-પાંચ ચોપડીઓ આપજે ને! બીજાઓનું બોગસ લખાણ વાંચે એ કરતાં તારું વાંચે તો વધારે સારું, નાખી દેતાંય આફટર-ઑલ તું તો આપણો માણસ કહેવાય.' અને મારા એક સ્નેહી મને મળે છે ત્યારે કહેતા હોય છે કે 'તારી કચરા જેવી ચોપડીઓ ઘરમાં ધૂળ ખાતી પડી રહે છે એ કરતાં મને આપ ને! બપોરે એનાં બે-ચાર પાનાં ફેરવતાં-ફેરવતાં ઊંઘી જવાશે. તારાં પુસ્તકો પસ્તીવાળાને ત્યાં શોધવા જઉં એ કરતાં તારી પાસે જ કેમ ન માગું?

જોકે મારે નિખાલસપણે એ કબૂલ કરવું જોઈએ કે મારાં પુસ્તકોને પસ્તી સાથે આમ પણ ઘણું જૂનું સગપણ છે એ હું અગાઉ પણ અનેક વાર કહી-લખી ગયો છું, મારાં બે પુસ્તકો મારા એક પ્રકાશકે મારી જ આંખ સામે એક પસ્તીવાળાને જોખીને આપી દીધાં હતાં. ના, આ 'જોક' નથી ને વાચકોની સહાનુભૂતિ ઉઘરાવવા પણ આ ઘટના લખી નથી. આ દુર્ઘટના પહેલી વખત ઘટી ત્યારે મને આઘાતનો આંચકો નહોતો લાગ્યો એવું કહીશ તો એ જુઠ્ઠું છે. પરંતુ ભૂકંપના આફટર-શૉક્સની જેમ આ પ્રકારની ઘટનાઓથી હું હવે ટેવાવા માંડ્યો છું. લેખક-કવિઓ સ્વભાવે અતિ સંવેદનશીલ હોય છે. એટલે કુંભકારની હાજરીમાં તેનું જ ઘડેલું માટલું તેની આંખ સામે કોઈ ફોડી નાખે તો તેને લાગે એટલો જ આઘાત કોઈ સર્જકનાં પુસ્તકો પસ્તીવાળો તેની આંખ સામે વેચતો હોય ત્યારે લાગવાનો. આ જ કારણસર કેટલીકવાર તો મારાં પુસ્તકો પસ્તીના ઢગલામાં જોતો ત્યારે મને ક્ષોભ થતો કે કોઈ જોઈ જશે તો? મારી પોતાની જ બે આંખની શરમને લીધે હું એ પુસ્તકો, પસ્તીવાળો માગે એ કિંમતે ખરીદી લેતો. પણ મુશ્કેલી ત્યારે થઈ, જ્યારે મારાં કેટલાંક પુસ્તકો કોઈ ગેરસમજને લીધે યુનિવર્સિટીમાં પાઠયપુસ્તકો થવા માંડ્યા. બે-એક વર્ષમાં પુસ્તક પાઠ્યક્રમમાંથી નીકળ્યાં નથી ને મડદાંની પેઠે વિદ્યાર્થીઓના ઘરમાંથી નીકળીને અવ્વલ મંઝિલે -પસ્તીવાળાને ત્યાં પહોંચ્યાં નથી. ખરીદી-ખરીદીનેય હું કેટલી નકલો ખરીદવાનો ? જાણીબૂઝીને માણસ કેટલો ગરીબ બની શકવાનો!

* * *

મારા કિસ્સામાં તો ધનિક સ્નેહીઓએ જ મારી પાસે ભેટ-પુસ્તકો માગ્યાં છે, કોઈ ગરીબે ક્યારેય માંગ્યા નથી, ગરીબોને આમેય હસવાનું બહુ ફાવતું નથી. પણ - પણ જેમને આપણે ગરીબ માનતા હોઈએ તે આપણી કલ્પનામાં પણ ન આવે એવું ક્યારેક માગે છે ખરા. તદ્દન સાચો કિસ્સો છે. મારે ત્યાં ઝાડુ કાઢનાર સફાઈ - કામદાર યુવાન આવ્યો. મારી પત્નીને તેણે પૂછ્યું: 'દાદાજી ક્યાં છે? મારે કામ છે.' 'નાહવા ગયા છે. શું કામ છે?' પત્નીએ પૂછ્યું. 'એમની જોડે વાત કરવી છે.' તેણે જણાવ્યું. હું સ્નાન કરીને બહાર આવ્યો, એટલે તેણે મને સીધું જ પૂછ્યું: 'મારાં લગન છે એ માટે તમારી મોટરકાર જોઈએ છે, મળશે?' મેં તેની સામે જોયું. અણધાર્યું આશ્ચર્ય શમતાં મેં તેને કહ્યું: 'ગાડી તો આપું, લઈ જા, પણ ચલાવશે કોણ?' 'મને થોડી થોડી આવડે છે, પણ મારા જ 'મેરેજ'માં મારાથી કેવી રીતે ચલાવાય?' તેણે મને ટેક્નિકલ સવાલ કર્યો. મેં તેને સામે પૂછ્યું: 'તો, તું એવું ઈચ્છે છે કે તારા વરઘોડામાં હું કાર ચલાવું?' તે શરમાઈને જતો રહ્યો. તેના ગયા પછી ગીધુકાકા મારા પર ગિન્નાતાં બોલ્યા: 'તું તો સાવ મોળિયો છે! તારી પાસે એ છોકરાએ ગાડી માગી ને તેં હા પણ પાડી દીધી?'

'જુઓ કાકા, એ છોકરાને કેટલી બધી શ્રદ્ધા હશે કે આ માણસ ના નહીં પાડે...' મેં બચાવ કર્યો.

'આ રીતે વેવલો થઈશ તો કાલે ઊઠીને કોઈ ઓળખીતો તારી પાસે સફારી સૂટ માગવા આવશે, કહેશે કે એક લગ્નમાં જવું છે, આપણા બંનેનું બૉડી લગભગ સરખું છે, મને ફિટ આવી જશે. આપો ને! તો કોઈ વળી તારું ટીવી લેવા આવશે, તેનું ટીવી રિપેરિંગમાં ગયું છે ને ક્રિકેટ મૅચો છોડવી પાલવે તેમ નથી. તમારા બેડરૂમમાં ટીવી. વપરાયા વગરનું પડી રહ્યું છે. અઠવાડિયાનો સવાલ છે, લઈ જઉં! અને કોઈ પાળખીતાના ફ્રીજનું બારણું બરાબર વસાતું નથી એટલે કૂલિંગ જોઈએ એવું નથી આવતું, દૂધ-દહીં અને દાળ-શાક બગડી ન જાય એ માટે તમારા ફ્રીજમાં મૂકવા દેશો, પ્લીઝ ?... આવું વારંવાર થશે તો તું શું કરીશ?' કાકાએ પૂછ્યું.

'એ શક્યતા બહુ ઓછી છે, કાકા...' મેં આત્મવિશ્વાસથી જણાવ્યું: 'કેમ કે માણસજાત આમ તો બહુ જ સ્વમાની હોય છે. અપવાદ બાદ કરતાં ગમે તેની પાસે એ ફાવે તે નથી માગતી... મારી પાસે મારાં પુસ્તકો લોકો એટલા માટે માગે છે કે હું ભલે એમને મા સરસ્વતીનો પ્રસાદ સમજતો હોઉં, પણ માગનાર માટે તો એ પુસ્તકો માત્ર પસ્તી જ છે, એનાથી વધારે કશું જ નહીં...'

'આ ચપડગંજુ જોડે કયા લેવલે વાત કરવી એ જ મને સમજાતું નથી...' એમ બબડતા ગીધુકાકા ચાલવા માંડ્યા... ■



ઝબાન સંભાલ કે

# ગાંધીજીની ભાષા - ભાષામાં ગાંધીજી

હેન્રી શાસ્ત્રી
feedback@bombaysamachar.com

હવે પછી કોઈને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી: ગાંધીજી.

જેમની ઉજ્જવળ પ્રવૃત્તિથી ભાષાનું તેજ પ્રગટ્યું છે અને જેમની પ્રેરણાથી આ કોશ તૈયાર થયો છે એ પૂજ્ય ગાંધીજીના ચરણે આ કોષ અર્પણ કરીએ છીએ: સાર્થ જોડણીકોશ.



AI

ગુજરાતી શબ્દોની સાચી જોડણી વિશે ગુજરાતમાં ઘણા વખતથી ચર્ચા ચાલતા ભાષાના અભ્યાસમાં પડતી મુશ્કેલી દૂર કરવાના હેતુથી ગુજરાત વિદ્યાપીઠે સામાન્ય રીતે સ્વીકારાયેલા અમુક સિદ્ધાંતોને આધારે 'સાર્થ જોડણીકોશ' પ્રગટ કર્યો હતો. આ કોશના મુખપૃષ્ઠ ઉપર જોડણી અંગેના અધિકારનું ગાંધીજીનું ઉપરોક્ત વિધાન મૂકવામાં આવ્યું હતું, આ સાર્થ જોડણીકોશ ઉઘડતા પહેલા પાનાં પર આ કોશ ગાંધીજીને અર્પણ કરવામાં આવ્યો હતો. વિદેશમાં ભણતર છતાં ગાંધીજીની માતૃભાષા પર મજબૂત પકડ હતી. કોઈપણ જાતના ઠઠેરા કે ભારેખમ શબ્દો વિનાની એમની ભાષા સરળ અને સ્પષ્ટ હતી અને દરેકને સમજાઈ પણ જતી. ગાંધીજી વિસરાઈ રહ્યા છે, એમને વિસારે પાડવાની કોશિશ થાય છે, પણ ગાંધી વિચાર તેમ જ ભાષામાં એમની હાજરી અવિનાશી છે. શુક્રવારે ગાંધી જયંતી હતી એ નિમિત્તે ગાંધીજીની ભાષા અને ભાષામાં ગાંધીજીને જાણીએ.

ગાંધીજીના જીવન સાથે જોડાયેલી અનેક પ્રેરણાદાયી ઘટનાઓ છે જે કોઈને કોઈ ગુજરાતી કહેવત કે રૂઢિપ્રયોગને સાર્થક કરે છે. **'જીવતે જીવ જગતિયું'** (વચન પ્રમાણે આચરણ) આવી જ એક સુંદર અને પ્રેરણાદાયી વાર્તા છે. એક માતા નાના દીકરાને લઈને ગાંધીજી પાસે આવી. દીકરો ખૂબ જ ગોળ ખાવાની કુટેવ હોવાથી તેના દાંત બગડી રહ્યા હતા અને તબિયત પણ ખરાબ થતી હતી. અનેક સમજાવટ પછી પણ દીકરો માનતો નહોતો. દીકરાને ગાંધી બાપુ માટે ખૂબ આદર હોવાથી માતાને આશા હતી કે બાપુ કહેશે તો દીકરો માની જશે. માતાએ વિનંતી કરી, 'બાપુ, મારો દીકરો ગોળ ખાવામાં અતિરેક કરે છે. તમે એને શિખામણ આપો કે ગોળ ખાવાનું બંધ કરે.' ગાંધીજીએ થોડીવાર વિચાર કરી કહ્યું, 'દીકરાને લઈને એક અઠવાડિયા પછી મારી પાસે આવો, ત્યારે હું એને કહીશ.' માતાને આશ્ચર્ય થયું કે આટલી નાની વાત માટે બાપુએ એક અઠવાડિયાનો સમય કેમ માગ્યો? પણ બોલ્યા વગર પાછા ચાલ્યા ગયા.

એક અઠવાડિયા પછી માતા ફરીથી દીકરાને લઈને ગાંધીજી પાસે આવી. ગાંધીજીએ દીકરાને પ્રેમથી પોતાની પાસે બેસાડ્યો, તેના માથા પર હાથ ફેરવ્યો અને વહાલથી સમજાવી કહ્યું કે 'બેટા, વધારે ગોળ ન ખવાય, એનાથી તબિયત બગડે. આજથી તું ગોળ ખાવાનું બંધ કરી દે.' દીકરાએ તરત જ માથું હલાવીને હા પાડી અને બાપુને વચન આપ્યું કે તે હવેથી ગોળ નહીં ખાય. આ જોઈ માતાએ આશ્ચર્ય સાથે ગાંધીજીને પૂછ્યું, 'હે બાપુ, આટલી અમથી શિખામણ તો તમે ગયા અઠવાડિયે પણ આપી શક્યા હોત. મને એક અઠવાડિયા પછી કેમ બોલાવી?' બાપુએ હસીને કહ્યું, 'બહેન, ગયા અઠવાડિયે જ્યારે તમે આવ્યા ત્યારે હું પોતે પણ ખૂબ ગોળ ખાતો હતો. જે વસ્તુ હું પોતે કરતો હોઉં, તે બંધ કરવાની શિખામણ હું બીજાને કઈ રીતે આપી શકું? આ એક અઠવાડિયામાં મેં પોતે ગોળ ખાવાનું સંપૂર્ણપણે બંધ કર્યું અને જ્યારે મને ખાતરી થઈ કે હું આ કરી શકું છું ત્યારે જ મેં તમારા દીકરાને શિખામણ આપી.' આ કહેવત કથાનો સાર એ છે કે ઉપદેશ આપવો સહેલો છે, પણ તેનો અમલ કરવો અઘરો છે. આપણે પોતે આચરણમાં ન મૂકીએ, ત્યાં સુધી આપણી શિખામણની બીજા પર કોઈ અસર થતી નથી.

## ભાષા વૈભવ

## ગાંધીજી સંબંધિત શબ્દો

સ્પષ્ટવક્તા ગાંધીજીએ કેટલાક શબ્દો પ્રચલિત કર્યા / નવા ઘડ્યા હતા. **સત્યાગ્રહ** એટલે સત્યનો આગ્રહ રાખવો. દક્ષિણ આફ્રિકામાં અશ્વેતો અને ભારતીયો પર થતા અત્યાચાર સામે અહિંસક લડત આપવા માટે ગાંધીજીએ આ શબ્દની રચના કરી હતી. ભત્રીજા મગનલાલ ગાંધીએ (ગાંધીજીના પિતરાઈ ભાઈ ખુશાલચંદ ગાંધીના પુત્ર) સૂચવેલા સદાગ્રહ શબ્દને સુધારી ગાંધીજીએ 'સત્યાગ્રહ' શબ્દ આપ્યો. ગાંધીજીએ આપેલો બીજો શબ્દ છે **હરિજન.** ભગવાનનાં માણસો (હરિના જન) એવો અર્થ ધરાવતો આ શબ્દ ભારતીય સમાજમાં અસ્પૃશ્ય ગણાતા લોકોના સામાજિક ઉત્થાન અને સન્માન માટે ગાંધીજીએ પ્રચલિત કર્યો હતો. આ જ નામથી એક સાપ્તાહિક સમાચાર પત્ર ('હરિજન') પણ શરૂ કર્યું હતું. **સર્વોદય** (તમામ વર્ગના લોકોનો ઉદય) શબ્દ પ્રચલિત કરવાનો શ્રેય પણ ગાંધીજીને જાય છે. જોન રસ્કિનના પુસ્તક 'અનટુ ધીસ લાસ્ટ' ગુજરાતીમાં અનુવાદ કરતી વખતે ગાંધીજીએ આ નવો શબ્દ ઘડ્યો હતો. નવી શિક્ષણ પદ્ધતિને નજર સામે રાખી તેમણે વર્ધા શિક્ષણ યોજના અંતર્ગત **નઈ તાલીમ** શબ્દ આપ્યો હતો. કેવળ પુસ્તકીય જ્ઞાન આપવાને બદલે શારીરિક શ્રમ, હસ્તકલા અને નૈતિક મૂલ્યો આધારિત કેળવણી પર ભાર મૂકવામાં આવ્યો હતો. **લોક સેવક સંઘ** એટલે જનતાની સેવા કરનાર લોકોનું સંગઠન. ગાંધીજી ગ્રામીણ ઉત્થાન માટે કામ કરતા એક બિન-રાજકીય સામાજિક સંગઠનની ઈચ્છા રાખતા હતા અને એ માટે આ નવું નામ આપ્યું હતું. **અહિંસા અને સ્વરાજ** પણ ગાંધીજીના આંદોલનો સાથે સંકળાયેલા છે, પરંતુ આ શબ્દો ભારતીય સંસ્કૃતિમાં પહેલેથી જ અસ્તિત્વમાં હતા, ગાંધીજીએ તેને એક નવું રાજકીય અને વ્યવહારિક પરિમાણ આપ્યું હતું.




AI

શબ્દકોશમાં પણ ગાંધી સંદર્ભે અલગ અલગ શબ્દ અસ્તિત્વ ધરાવે છે. તેમના વિરાટ વ્યક્તિત્વને કારણે ગાંધી શબ્દ ભાષામાં વણાઈ ગયો હતો. જોકે, **ગાંધી** એટલે કરિયાણું વગેરે વેચનારો વેપારી પણ એને જી લાગતા બને ગાંધીજી અને **ગાંધીજી** એટલે મોહનદાસ કરમચંદ ગાંધી, મહાત્મા ગાંધી. સમય જતા આ સંજ્ઞાવાચક નામ વિશેષણ બની ગયું. **ગાંધીવાદ** એટલે સત્ય અને અહિંસાના પાયા પર સમાજ વ્યવસ્થા તથા માનવ જીવનની ગાંધીજીએ બતાવેલી દૃષ્ટિ કે ફિલસૂફી. **ગાંધીવાદી** એટલે ગાંધીવાદમાં શ્રદ્ધા રાખનારી વ્યક્તિ. **ગાંધીટોપી** એટલે ખાદીની સફેદ લાંબી ટોપી. અસહકારની ચળવળ દરમિયાન ૧૯૨૦-૨૧ ના સમયગાળામાં બાપુએ ગાંધી ટોપીની શરૂઆત કરી હતી. ત્યારબાદ ભારતીય સ્વતંત્રતા સંગ્રામના અસંખ્ય ક્રાંતિકારીઓ અને નેતાઓ એ પહેરતા હતા. **ગાંધીગીરી** એટલે મહાત્મા ગાંધીના સત્ય, અહિંસા અને પ્રેમ જેવા મૂળભૂત સિદ્ધાંતોને આધુનિક જીવન કે વિરોધ પ્રદર્શનમાં અપનાવવાની રીત ગાંધીજીએ આશ્રમ જીવન અને વ્યક્તિગત શુદ્ધિ માટે ૧૧ વિચાર/વ્રત આપ્યા હતા. એમાં બે વ્રત છે **અસ્તેય** (અસ્તેય (ચોરી ન કરવી) અને **અપરિગ્રહ** (જરૂરિયાત કરતાં વધુ વસ્તુઓનો સંગ્રહ ન કરવો). આ બંને શબ્દ ભાષામાં હતા, પણ ગાંધીજીએ એને પ્રચલિત બનાવ્યા. ■




# આ તે કેવી રિલ્સની રેલમછેલ છલના...

જૂઈ પાર્થ feedback@bombaysamachar.com

આજકાલ જેને જોઈએ બધાં બસ મોબાઈલમાં માથું નાખીને બેઠા હોય છે. કોઈના મોબાઈલનો તો વળી વોલ્યુમ પણ બે ઘર છોડી સંભળાય એટલો મોટો હોય છે. મોબાઈલમાં જોનાર બધાંના હાવભાવ એ જુદા કોઈ હસતું દેખાય, કોઈ રડમસ તો કોઈ તો વળી ગુસ્સામાં દેખાય. આ હાવભાવ પાછા દર ૩૦ થી ૯૦ સેકન્ડે બદલાય. કોઈ પણ ભાવ ૯૦ સેકન્ડથી વધારે ના ટકે. કેટલાક લોકો તો મોબાઈલમાં એટલા ઓતપ્રોત થઈ જાય કે સ્થળ અને સમયનું ભાન ભૂલી મોબાઈલને જવાબે આપે. આ છે મોબાઈલ યુગનું માનવ જીવન. બધા કેવા સંસ્કારી કે માથું ઊંચુ જ ના કરે, કેવા વિવેકી કે કંઈ બોલે ય નઈ, અરે કેવા તો ગુણવાન કે ભગવાનનાં દીવા-આરતી-પ્રસાદ પણ મોબાઈલમાં જ. અત્યારના જમાનામાં માણસ નવરો નથી બેસી શકતો. તેને સતત કાર્યશીલ રહેવાની આદત પડી ગઈ છે. શરીર થાકે તો આરામ થાય પણ મનનું કાર્ય હંમેશાં ચાલુ રહે છે. આ ભાગદોડ અને ઝડપી જિંદગીમાં મનને થાક ખાતા નથી આવડતું, તે સતત કોઈ ને કોઈ પ્રવૃત્તિની શોધમાં રહે છે. આના પરિણામે માણસને પોતે હંમેશાં થાકેલો હોય તેવું લાગે છે. આ થાક દૂર કરવા તે હાથમાં રહેલા મોબાઈલમાં સોશ્યલ મીડિયા ખોલી રીલ્સ કે શોટ્સ જોવાનું શરૂ કરે છે.

શરૂઆતની એક બે રીલ સારી લાગે અને આખી જોવાય,પણ ધીમે ધીમે તે એક રીલ બે પાંચ સેકન્ડ જોઈ સ્ક્રોલ કરે-આગળ ધપાવે છે. આમ ને આમ કલ્લાકો નીકળી જાય છે અને માણસને કંઈક સારું જોયાના સંતોષ કરતાં આનાથી કંઈક વધુ સારું આવ્યું હોત તો વધારે મજા આવી હોત એવો અસંતોષ રહી જાય છે. આમ રીલ્સજોવાની પ્રવૃત્તિ માત્ર સમય વેડફનાર તેમ જ વધુ સ્ટ્રેસફુલ બની જાય છે.

દર બે પાંચ સેકન્ડે સ્ક્રોલ થતી રીલનાં વળી વિષયો પણ અલગ અલગ હોય છે. કોઈમાં રસોઈ તો કોઈમાં શેર બજાર, કોઈનાં સમાચાર તો કોઈમાં પર્યટન, કોઈનાં સમાજની મુશ્કેલીઓ તો કોઈમાં નકરો દેખાડો જોવા મળે છે. આમ સ્ક્રોલ કરવાની દરેક સેકન્ડે જે તે રીલમાં દર્શાવાતી બાબતને અનુભવી એ રીલ જોનાર તે રીલનાં ભાવ સાથે જોડાય છે અને અંતે તેની લાગણીનું એવું રોલર કોસ્ટર રચાય છે, જેમાં તેણે પ્રત્યક્ષ રીતે ભાગ પણ નથી લીધો ને આમ તે રીલનો પરોક્ષ રીતે ભાગ બને છે, જેની અસર એનાં મન-મસ્તિષ્ક પર થાય છે. બહારથી મજબૂત દેખાતા માણસનાં સબ કોન્શિયસ એટલે કે અર્ધજાગ્રત મન પર તેની અસર દેખાય જ છે.

રીલ સ્ક્રોલ કરનારને તે સમયે એ કરવું ગમે છે, કારણ કે તે એમ માને છે કે આ પ્રવૃત્તિથી તેનું મન શાંત થાય છે, મન થોડીવાર માટે રોજિંદી ચિંતાઓથી મુક્ત થાય છે, પરંતુ હકીકત જુદી છે. મન બીજી એવી જગ્યાએ વળે છે જ્યાં તે પ્રવૃત્તિનું જ વ્યસન થાય છે. કોઈ કોઈવાર મોબાઈલ પર સ્ક્રોલ કરતી વ્યક્તિ ધીમે ધીમે વારે વારે અને કોઈ વાર કલ્લાકો સુધી સ્ક્રોલ કરી વિવિધ રીલો જોયા કરે છે કે જેની સાથે તેને કોઈ જ લેવા દેવા નથી. તે કેમ જુએ છે અરે કેટલીકવાર તો શું જુએ છે તેનો ખ્યાલ નથી રહેતો. એ તો બસ યંત્રવત સ્ક્રોલ કર્યા કરે છે. ફક્ત આંખો ફોન પર હોય છે બાકી મન તો દર ૨-૫ સેકન્ડે અલગ અલગ રીલની દુનિયામાં આંટા માર્યા જ કરે છે.

ઘણીવાર લાગે છે કે આ રીલ્સ માણસનાં મન સાથે રમત રમી તેની લાગણી સુધી પહોંચે છે અને દર ૨-૫ સેકન્ડે દરેક રીલ સાથે લાગણીઓ પણ બદલાય છે જે માનસિક સ્વાસ્થ્ય માટે જોખમી છે. એક જ મિનિટમાં બે ચાર એકબીજાથી તદ્દન અલગ જ લાગણીઓ ફટાફટ મનમાંથી પસાર થઈ જાય છે. હજી એક તો બરાબર અનુભવી ના હોય ત્યાં તો બીજી ને ત્રીજી એનાં પર છવાઈ જાય છે. આ મન અને લાગણી સાથે રમત છે એક પ્રકારની છલના છે.

અમુક રીલમાં જાત જાતનાં અખતરા બતાવે છે, જેમ કે અમુક રોગોનાં ઉપચાર, કસરત, ગાડી પાર્ક કરવાની ટેકનિક, વાસણ માંજવાની સહેલી પદ્ધતિ, સવારે વહેલા ઊઠીને શું કરવું જોઈએ, વગેરે. આવી રીલ્સ જોઈ તેને અનુસરવું ઘણીવાર 'નીમ હકીમ ખતરે જાન' જેવું સાબિત થાય છે. દરેક વસ્તુનાં ફાયદા- નુકસાન બંને હોય એવું જ રીતે રીલ જોવાનાં પણ છે માટે તે બધું જ આપણે પોતાની જવાબદારીઓ સમજીને કરીએ તેમાં જ સમજદારી છે.

**આ વિશે બોલો, તમે શું કહો છો?** ■

## ૪. ધાર્મીક સંબંધી

**FREE આરોગ્ય તપાસણી શિબિર**

સમદર્શન સેવા પરીવાર દ્વારા આયોજિત ભાગવત કથા અને CRITICARE ASIA MULITSPECIACITY HOSPITALનાં સહયોગથી ૩ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬, 3.30 TO 7.30 નિઃશુલ્ક આરોગ્ય સેવાનો તેમજ ભાગવત કથાના શ્રવણનો લાભ લો. વિશ્વકર્મા એ.સી.હોલ, બજાજ રોડ, વિલેપાર્લે પશ્ચિમ. સંપર્કઃ ૯૩૨૪૨૫૦૮૫૦. (૧૪૩૫-એ)

## ૫. અંગત

**''પ્રાર્થનાસભા''-'શ્રદ્ધાંજલી'' - ''મરણ નોંધ'' - ''પબ્લીક નોટીસની'' ''જાહેરાતો'' ''Discount સાથે'' આપવા ''Whatsapp કરો'' - 9920694381. (૫૫૫/એ)**

**''ઓછા ભાવે જાહેરખબર...''**

''પ્રાર્થનાસભાની'' -''શ્રદ્ધાંજલિની'' - ''નોટીસની''- ''નોકરીની'' - ''પ્રોપર્ટીની'' કોઈપણ પેપરોમાં ''સિદ્ધિવિનાયક'' - (કાંદિવલી - ઘાટકોપર) - 9892007232. (બી-૧૮૧૨૨)

**શ્રાદ્ધમાં અન્નદાન**

બોરીવલીના મારું ઘર વૃદ્ધાશ્રમ દ્વારા બોરીવલી કાંદિવલી મલાડમાં દરરોજ ૧૫૦ ગરીબોને રૂપીયા ૧૧માં ભરપેટ નાસ્તો આપવામાં આવશે. દાતાઓ સંપર્ક દિલીપભાઈ 9323725870 પ્રીતીબહેન 9867266949. (બી-૧૮૧૪૪)

## ૯. લગ્ન સંબંધી

■ વૈષ્ણવ યુવક - વર્ષ 27 BTECH IT 5'8'' બેંગ્લુરુમાં સોફટવેર એન્જિનિયર 65,00,000 + મુંબઈ પરીવાર, કાર્યરત શિક્ષિત કન્યા આવકાર્ય કાસ્ટ નો બાર 9224449011. (દહેજ નહીં.) (બી-૧૮૧૬૨)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૧૪-સી)

**સમૂહ જનોઈ**

બ્રાહ્મણ સેવાસમાજ (50મું વર્ષ) રવિવાર તા. 13/12/2026, કાંદિવલી ખાતે. સંપર્ક - અલકેશભાઈ વ્યાસ - 9819673665. (દહેજ નહીં). (૧૩૮૨-સી)

## ૧૦. મહિલાઓ માટે

**ગાદીવાળા ચપ્પલો**

**કપાસિયા, ફ્લેટ ફૂટ, એડી દુખાવાના ગાદીવાળા ચપ્પલ, સ્લીપર, શૂઝ. (બોરીવલી). 9619833392. (૧૪૨૦-એ)**

## ૧૪. નોકરી ખાલી છે

**જોઈએ છે**

ગોરેગાંવમાં ઓફિસ માટે એકાઉન્ટન્ટ ફિમેલ કોમ્પ્યુટર ટેલીના જાણકાર 2 વર્ષના અનુભવી ફોન કરો. રૂબરૂ મળો - 9920145833. (જેપી-૪૫૮૨-જી)

## ૧૪. નોકરી ખાલી છે

**સુવર્ણ તક**

પરેલ સ્થિત જાણીતા રેડીમેડના શો રૂમ માટે ખંતીલા અને હોશીયાર મેનેજર આવકાર્ય સંપર્કઃ 9987844758. (બી-૧૮૧૭૧)

**OPPORTUNITY**

Retired Bankers, Professionals, Housewives, Good Pay + Incentives, Flexible Hours:- 9867621481. (1396-A)

**REQUIRED PART TIME Freelancer with knowledge of Stock Market Churchgate. Whatsup 7021831500. (B-18153)**

## ૧૭. જગ્યા આપવી છે

**અંધેરી - બોરીવલી**

બોરીવલીથી અંધેરી વિસ્તારમાં 1/2/3/4 બીએચકે ફલેટ્સ / દુકાન / ઓફિસ રેડીપઝેશન / બંધાતામાં લેવા / વેચવા અથવા ભાડેથી લેવા / આપવા. સંપર્ક રાજ 8459614981. (બી-૧૮૧૩૪)

**જુહુ**

3 બેડરૂમ, 1475', નવી બિલ્ડીંગ, હાયર ફલોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૨૬-સી)

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**

ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૪૨૨/એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**

અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 બેડરૂમ - 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન નવકાર એસ્ટેટઃ 9819117722. (જેપી/ ૪૫૮૧-બી)

**પાર્લા (વેસ્ટ)**

એક બેડરૂમ હોલ કિચન, ૫૭૫ કારપેટ, બીજે માળે હવા ઉજાસવાળો જુના ભાડાનો ફલેટ ટ્રાન્સફર સાથે, સ્કૂલ, એન્જિનિયરીંગ, સાયન્સ આર્ટ્સ અને કોમર્સ કોલેજ તથા કૂપર હૉસ્પિટલ અને મેટ્રો સ્ટેશનની નજીકમાં ઈરલા સોસાયટી રોડ આલ્ફા નં. ૩ની બાજુમાં ૧.૩૦માં આપવાનો છે. સંપર્કઃ 9820028347. (૩૬૨)

**બોરીવલી (વેસ્ટ)**

**દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં 2 બેડરૂમ, 594' 1.78/- 2 બેડરૂમ જોડી શકય, પઝેશન ડિસેમ્બર 2026. બિલ્ડર 8291699699. (૧૪૦૪-સી)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**

હાઈ લાઈફ મોલની પાસે ૩ બેડરૂમના પાંચ ફલેટો, નવા બિલ્ડીંગમાં, ઓ.સી. સાથે તુરંત વેચવાના. ''રશ્મિભાઈ'' ૯૮૨૧૦૮૩૫૬૨ ''દ્રુપદભાઈ'' ૯૮૨૦૧૫૦૪૫૩. (બી-૧૮૧૩૮)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**મલાડ (વેસ્ટ)**

**માર્વે રોડ, આદર્શ દુગ્ધાલયમાં ૧-૨-૩-૪ બેડરૂમના ફલેટો વેચાણથી - ભાડેથી લેવા. ભરત પટેલ 9820054730, નિષીત - 9920041841. (એસડીબી-૩૫૨૮)**

**પારલા વેસ્ટ**

2 બેડ ભાડેથી નવી બિલ્ડિંગ સ્ટેશન / દેરાસર પાસે અમિત - 7045622403. (બી-૧૮૧૫૫)

**READY POSSESSION**

Jatin Villa Off. S. V. Road, Opp. Majithia Haveli, Kandivali (W) 2 BHK 1,78,00,000/- OC Received Including Stamp Duty Registration & Other Charges Project by: Mamtora 9820436340 / 9322234231. (JP/4581-C)

**BANDRA (EAST)**

**3 BHK 1450 Carpet, Near BKC & Western Express, Opp MIG Club, Security CCTV 1.8 Lack/Month, Vegetarians only. Outright 6.25 Cr. No Broker. Manish 9820064383. (1426-A)**

## ૧૯. ફેકટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**


**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**

રુષભ ઉપાધ્યાય 9049625073

હિતેષ ઉપાધ્યાય 9326470109

(એસડીબી-૩૫૪૭)


## ૨૦. ધંધાદારી જગ્યા

**ઘાટકોપર (ઈસ્ટ)**

દામજી શામજી કોરપોરેટ સ્કેવર - 10 માળના ભવ્ય ટાવરમાં ઓફિસો, 200' - 2000' ભાડેથી/ વેચાણથી. મયુરભાઈ - 9821147578/ 9987254333. (૯૮૦-સી)


**શોપ**

**લોંગ લીઝ પર મળશે**

**ઘાટકોપર (ઈસ્ટ)**

**1000 કાર્પેટ**

14 ફીટ હાઈટ, 26 ફીટ દર્શન પિલર લેસ

લૉફ્ટ (માળીયુ) પોસિબલ, બેંક, કેફે, ટુ-વ્હીલર શોરૂમ, સલૂન-સ્પા, કોઈપણ બ્રાન્ડ, શોરૂમ વગેરે માટે.

9820856671 • 9821008455

(૧૪૨૩/એ)


**મલાડ (વેસ્ટ)**

**BJ પટેલ રોડ ગ્રાઉન્ડ ફ્લોર 1200' + 680' લોફ્ટ + 680' બેઝમેન્ટ ટોટલ 2560' કાર્પેટ દુકાન વેચવાની છે. 9820054730, 9920041841. (એસડીબી-૩૫૨૭)**

**BORIVALI (EAST)**

**Daulat Nagar, Ground Floor, Commercial for Lease 500' to 3500' sft. Best for Banks. Contact 9769267750. (1410-C)**

## ૨૩. મનોરંજન

■ ભજન, ઓરકેસ્ટ્રા, દાંડિયારાસ, સંગીતના પ્રોગ્રામ વિજયભાઈ- 9869035035. (એસડીબી-૩૫૪૯)

**પ્રાર્થના 4500/-**

નવરાત્રિ, દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થ ડે, એનીવર્સરી. કમલેશ માંડલિયાઃ- 9820889938. (૧૪૧૮-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

■ ''બવાસીરનાં 50000'' (ફિશરનાં/ ફિસ્ટુલાનાં ઓપરેશનનાં) આયુર્વેદના ઓપરેશન વગરનાં 15,000/-, 9137725086. (બી-૧૮૦૯૩)

■ સ્કીન ડીસીસ સોરાયસીસ/ એકઝીમાં/ સફેદ દાગ/ ફંગલ- ઈન્ફેકશન જડમુળથી ઈલાજ. 9137725086. (બી-૧૮૦૯૨)

■ ઘૂંટણાંનાં 5,00,000/- ઓપરેશનનાં વનસ્પતીનાં ટેબલેટનાં/ કેપસુલનાં/અર્કનાં ઈલાજના 15,000/-, 9137725086. (બી-૧૮૦૯૧)

■ પ્રોસ્ટેટનાં- એનલાર્જમેન્ટનાં ઓપરેશનનાં 1,00,000/- વનસ્પતીનાં કેપસુલનાં/ ટેબલેટનાં/ નાભિમાં ડ્રોપસનાં 15,000/-, 9137725086. (બી-૧૮૦૯૦)

■ ''ડાયાબીટીસ જડમૂળથી'' કન્ટ્રોલમાં રહેશે જ વનસ્પતિનાં કેપસુલથી / પાવડરથી / નાભીનાં ડ્રોપથી 9137725086. (બી-૧૮૦૫૮)

■ ''શરાબ/ ગુટખાં/ સિગારેટ (કોઈપણ વ્યસન) અર્જન્ટ છોડાવો. એવેરશાઈન ક્લિનિક 9137725086. (બી-૧૮૦૫૬)

## ૩૧. નાણાંકીય

■ ''બેંકથી સેટલમેન્ટ'' ઇન્સ્ટોલમેન્ટ ઍક્સટેંશન (કોઈપણ લોન/ મેટર) (એડવોકેટ મારફત). 9137725086. (બી-૧૮૦૫૯)

## ૩૨. જમીન - મિલકત

**NA PLOT**

**વસઈમાં શીરસાળથી પારોલ ભિવંડી રોડમાં રોડ ટચ ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ 10,000' - 1,00,000' સુધીના વેચાણથી મળશે. (વસઈ - વિરારમાં મળશે.) 9359427833. (૧૪૧૦-એ)**

**જામીનપાત્ર મિલકત**

દહાણુ તાલુકામાં આવેલ દહાણુ અંબેસરી ગામ - મુંબઈ, અમદાવાદ હાઇવેથી માત્ર 8 કિમીના અંતરે, અંબેસરી ગામ દેરાસર પાસે 52 એકર ખેતીલાયક જમીન, નિર્વિવાદ માલિકી / સ્પષ્ટ માલિકી સાથે ઉત્તમ જમીન, કૂવો (બારે મહિના પાણી પુરવઠા સાથે) વેચાણથી ઉપલબ્ધ છે. સંપર્કઃ રવિન્દ્ર શાહઃ 9820042314, હસમુખભાઈઃ 9322201223, કીર્તિભાઈઃ 9987347614. (જેપી/૪૫૭૯-એ)

## ૩૩. ધંધાદારી

**પાસપોર્ટ 500/-**

Application Documentation Assistance. Speed Travels - Himanshu Shah - 9322998633. Home Service Available. (એસડીબી-૩૫૪૮)

**કલરકામ**

તમારા ઘરને આપો નવો લુક ઉત્તમ ગુણવત્તા, યોગ્ય ભાવ 9169299961, 7977918526. (બી-૧૮૧૭૨)

**મેડિકલેઈમ પોલીસી**

ફેમેલી ફલોટર મેડિકલેમ પોલીસી 0 થી નો એજ લીમીટ, 10 લાખથી 50 લાખ અને ઉપર 3 વર્ષની પોલીસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. શું આપનો દાવો LIC અને GICમાંથી નકારાયો કે વિલંબીત થયો છે? તો અમે આપને યોગ્ય વળતર મેળવી આપીશું. વિગત માટે સંપર્કઃ- ''દિલીપભાઈ'' - 9136621227. (૧૪૨૮-એ)

## ૩૩. ધંધાદારી

**''પ્રતાપ પેકર્સ-મુવર્સ''**

53 વર્ષથી ઓફિસ/ઘરસામાન, ફેરવવા- ૯૮૨૧૦૭૦૩૨૦, ૯૮૨૧૫૪૩૮૧૬, ૨૩૪૮૧૬૪૭. લલિતભાઈ ઠક્કર. (બી-૧૮૦૬૩)

**દિવાળી ગિફ્ટ**

દિવાળી તથા લગ્ન નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે- 9892930331. (બી-૧૮૧૪૬)

## ૫૨. કુરીઅર્સ

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, મેડિસીન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૮૧૪૭)

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719, 7208019515. (૯૦૦/એ)

**પરદેશમાં પાર્સલ**

અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં પહોંચાડીશું ઓમદર્શન - 8879196093 / 9594187418. (બી-૧૮૧૫૮)


**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## મુંબઈ સમાચાર ના ઓથોરાઈઝડ કલાસિફાઈડ ડેપો લીસ્ટ

MIRA ROAD
ASHANSHI ADVERTISING & PRESS RELATION
Tel: 28114235 / 28114295 / 28553722

DAHISAR
KENIA AD AGENCY
Mobile: 9870155993

BORIVALI
EXPRESS ADVTG. AG.
Tel. :9820401077/ 9820401099/ 28339977.
KOKISHA ADVERTISING
Tel.: 28950139 / 28932877
Mobile: 9820200500.
SHREE VERSATILE
Tel: 022-28993348 / 022-28993349
TENDER ADS.
Tel.: 28902057/28918881 / 28901049.
Mobile: 9821112796.

KANDIVALI
ARIHANT ADVERTISING
Tel: 28627468/28626679.
Fax: 28631357.
GAYATRI PUBLICITY CO.
Tel: 28055819/32508525.
NEW BOOM ADS.
Tel: 9821153364/9322232712
PRANAV PUBLICITY
Tel.: 28693300/9820295421/ 9820006816
Tele Fax: 28685505/28646115
JEET ADVERTISING AGENCY
Tel: 9820006816/ 28989990
Tele Fax: 55713747.
VIKSON ADVERTISING AGENCY
Tel: 28645005.
Fax: 28644004.

MALAD
SIGNATURE ADVERTISING
Mobile: 9820489442 / 9819454050
SHRADDHA PUBLICITY
Tel: 28880404.
Mobile: 9224674744
SYNERGY ADVERTISING
Tel.: 8169644470/9820735565 9029101801
YASHI ADVERTISING
Mobile: 9820855578/ 9820877810/ 28898297.
Tel.: Fax: 2807 8255
NOBLE PUBLICITY SERVICE PVT. LTD.
Tel: 28881426/28897301.
Fax: 28897567.

GOREGAON
ASHUTOSH LEGEND MULTI-MEDIA P. LTD.
Tel: 28779143, 28742201
Tel. Fax: 28741360.
ADRESULT SERVICES
Tel: 28726291
Tel. Fax: 28762157.
SHARK ADVERTISING PVT.LTD
Tel: 26863587 / 26863597
Mobile: 9820223503
SHREE REKHA AGENCY
Tel: 29275033/ 9819099563
S. ARTS ADVERTISING
M: 8356803979/ 9867615899

JOGESHWARI
TECHNO-KRATS ENTERPRISES
Tel. Fax: 2679 5549.

ANDHERI
PRIME PUBLICITY SERVICE
Tel: 56771190/26839686.
Tel. Fax: 26830304
FAMS ADVERTISER
Tel: 26715389/64173276
SMART ADVERTISERS
Mobile: 9322006833
Tel. Fax: 26846833.
LOKHANDWALA ADVERTISING
Tel: (022) - 46732289
Tele. Fax: 26316960

VILE PARLE
MEHTA ADVERTISING AGENCY
Tel: 26711896, 9821522195
HINDUSTAN ADVERTISING & MARKETING
Tel. 26146229, Mob: 9869577941

SANTACRUZ
URS PUBLICITY
Tel: 26177838. Mobile: 9869088972.

KHAR
KIRTI AGENCIES
Tel: 26047542. Tel Fax: 26053675

MAHIM
CHARUDATTA ADVERTISING
Tel: 24221461. Fax: 24316482.

MATUNGA (C.R.)
PREVIEW ADS & DESIGNS
Mobile: 9820809477

DADAR
B.Y. PADHYE PUBLICITY SERVICE
Tel: 24229241.

TARDEO
SARJAN ADVERTISING CO.
Tel: 66626983/66602032

OPERA HOUSE
Lemon Star Advertising Agency
Tel: 49711349, M-9323225769

GIRGAON
KAIRLEEN ARTS.
Tel: 23866072 / 23891317
Mobile: 9324945454 / 9892097470

BHULESHWAR
KHOOSHI CREATIONS
Mobile: 9869000624, 7977013553
Tel. 22425899.

BYCULLA
COLOR SPOT
Mobile: 8369834661
Tel: 40032511
TAJ PUBLICITY SERVICES
Tel: 23054894/23052149
Tel Fax: 23079854.

ABDUL REHMAN ST.
GANESH ADVERTISERS
Tel: 23429163/23414596.

C. S. M. T.
JAYA ADVERTISING PVT. LTD.
Tel: 22070382/ 22072500

KALBADEVI
P. V. ADVERTISER
Tel: 26768888
Fax: 26790755

NARIMAN POINT
FCA COMMUNICATION
Tel: 22824213.

MARINE DRIVE
PARTH ADVERTISING & MARKETING
Tel: (022) 35948193
Mobile: 9820689070

THANE
HEM-HIRA PUBLICITY
Tel: 32935537
Tel. Fax: 25360269
Mobile: 9869489269

MULUND
MAHESH ADVERTISING AND DESIGNING
Tel: 25916735/2469.
Tel. Fax: 25682469.
PARESH ADVERTISING SERVICE
Tel: 25618851/25614505.
Mobile: 9820391544
SMITE PUBLICIZE
Tel: 022 - 25609674 - 25612007
Mobile: 9821364422 / 9324811105

GHATKOPAR
MARISHA COMMUNIQUE
Tel: 21022286
Tel.Fax: 21023498
ROYAL ADVERTISERS
Mobile: 9819995622/ 9819175581
Tel: 21026993
SMIT ADVERTISING
Mobile: 9821038260 / 9320038260
SINGHAL PUBLICITY
Tel: 55758001/25966504.
Fax: 25131327.
K PARTH PUBLICITY
Ph. 25010606/25103939
Mob.- 9819116116

VIDYAVIHAR
GAUTAM ADVERTISING
Mobile: 09821054179/ 08080453839.

CHEMBUR
AGARWAL ASSOCIATES
Tel: 25290741
Tel. Fax:25230002.
Mobile: 9004055773/4/6/2

BHAYANDER (EAST)
WHITE ADVERTISING
Tel: (0) - 28171216, 65229804
Mobile: 9324545986

NALLASOPARA (EAST)
RUTURAJ ADVERTISING AGENCY
Tel: 9082826024 / 9819760130, 9773082684



**સલામઃ** દુબઈના પાટવીકુંવર અને યુએઈના નાયબ વડા પ્રધાન હમદાન બિન મોહમ્મદ બિન રાશીદ અલ મખ્તોમ ફ્લાયદુબઈની ફ્લાઈટની દુર્ઘટના અટકાવનારા પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરને મળ્યા હતા અને તેમના ખબરઅંતર પૂછવાની સાથે તેમની બહાદુરીની પ્રશંસા કરી હતી. તેમણે સોશ્યલ મીડિયા 'એક્સ' પરની પૉસ્ટમાં લખ્યું હતું કે અમને સ્મિત મચ્છર ફ્લાયદુબઈની ટીમમાં હોવાનું ગર્વ છે. પાઈલટે અસંખ્ય લોકોની જિંદગી બચાવવા પોતાના જાનની પરવાહ કર્યા વિના બહાદુરી બતાવી હતી. (પીટીઆઈ)

# હીરો ભારતીય પાઈલટ ઝડપથી સાજા થઈ રહ્યા છે

દુબઇઃ ઇઝરાયલ જતી ફ્લાઇટ દરમિયાન કૉ-પાઇલટ દ્વારા કરવામાં આવેલા હુમલામાં ગંભીર રીતે ઘાયલ થયેલા ભારતીય પાઇલટ સ્મિત મચ્છર ઝડપથી સ્વસ્થ થઇ રહ્યા છે અને તેમને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહી હોવાનું યુએઇમાં ભારતીય દૂતાવાસે શનિવારે જણાવ્યું હતું.

દૂતાવાસે સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે બહાદુર ભારતીય કેપ્ટન સ્મિતને શ્રેષ્ઠ તબીબી સારવાર મળી રહી છે અને તેઓ ઝડપથી સ્વસ્થ થઇ રહ્યા છે. અમે તેમના પરિવાર અને સ્થાનિક અધિકારીઓ સાથે સંપર્કમાં છીએ. તેમના ઝડપી સ્વસ્થ થવા માટે શક્ય તમામ મદદ કરી રહ્યા છીએ. દૂતાવાસે મચ્છરને તબીબી સારવાર પૂરી પાડવા બદલ યુએઇ સરકારનો પણ આભાર માન્યો હતો.

અત્રે નોંધનીય છે કે બુધવારે દુબઈથી તેલ અવીવ જઇ રહેલી ફ્લાયદુબઈની ફ્લાઇટ એફઝેડ૧૦૭૩ના કોકપિટમાં મચ્છર પર ચાકુ વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં તેઓ ગંભીર રીતે ઘાયલ થયા હતા.(એજન્સી)

**સલામતીમાં ગંભીર ચૂક**

# ઓમાનના ડઝન જેટલા પાઈલટ ઈઝરાયલની ફ્લાઈટ ઑપરેટ કરતા હતા

મસ્કતઃ ઇઝરાયલી સુરક્ષા એજન્સીઓ ઇઝરાયલના મિત્ર ન હોય એવા રાષ્ટ્રોના પાઇલટ્સ પર તેલ અવીવમાં ઉડાન ભરવા પર પ્રતિબંધ લાદવામાં બેદરકાર સાબિત થઇ હોવાનું એક અહેવાલમાં ખૂલ્યું છે.

ઓમાનને ઇઝરાયલ સાથે રાજદ્વારી સંબંધ નથી. અહેવાલમાં જણાવાયું છે કે ૨૦૨૦માં ઇઝરાયલ અને સંયુક્ત આરબ અમીરાત વચ્ચે રાજદ્વારી સંબંધો સ્થાપિત કરનારા અબ્રાહમ કરાર હેઠળ જે દેશોને ઇઝરાયલ સાથે સંબંધ નથી તે દેશોના પાઇલટને ઇઝરાયલમાં ઉડાન ભરવાની મનાઇ છે. આ નિયમ હોવા છતાં ઇઝરાયલે તાજેતરના વર્ષોમાં ઓમાનના ડઝનેક પાઇલટોને ઇઝરાયલમાં ઉડાન ભરવાની મંજૂરી આપી છે. અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે ઇઝરાયલે પ્રતિબંધ પર દેખરેખ રાખવાનું બંધ કરી દીધું હતું અને વિદેશી એરલાઇન્સ પર વિશ્વાસ મૂક્યો હતો.અહેવાલ મુજબ શિન બેટ સુરક્ષા સેવાએ ફ્લાયદુબઇના પાઇલટોના બેકગ્રાઉન્ડની ક્યારેય તપાસ કરી નથી. તેણે એરલાઇનને માત્ર એટલું જ કહ્યું હતું કે ઇઝરાયલ સાથે સંબંધો ન ધરાવતા દેશોના પાઇલટોને નોકરી પર રાખવા નહીં.

# અમેરિકાના ઓહાયોમાં હિન્દુ મંદિરમાં તોડફોડ

ન્યૂ યૉર્કઃ અમેરિકાના ઓહાયો રાજ્યમાં આવેલા એક હિન્દુ મંદિરમાં તોડફોડ કરવામાં આવી હોવાનો દાવો અમેરિકાના બે હિન્દુ હિમાયતી સંગઠનોએ કર્યો હતો.

હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન (એચએએફ) અને કોએલિશન ઓફ હિન્દુઝ ઓફ નોર્થ અમેરિકા(કોહના)એ શુક્રવારે જણાવ્યું કે ઓહાયોમાં રિચમંડ હાઇટ્સ સ્થિત સ્વામિનારાયણ વડતાલ ધામ હિન્દુ મંદિર પર ઇંટો ફેંકવામાં આવી હતી. જેના પગલે બારીના કાચ તૂટી ગયા હતા અને મંદિરને નુકસાન પહોંચ્યું હતું. આ જૂથોના જણાવ્યા મુજબ આ કથિત ઘટના શુક્રવારે બપોરે બની હતી. આ દરમિયાન મંદિરની અંદર પૂજારી અને કેટલાક ભક્તો ઉપસ્થિત હતા.

આ હુમલો એવા સમયે થયો છે જ્યારે રાજ્યમાં ભારતીય-અમેરિકન સમુદાય નવરાત્રી ઉત્સવ અને હિન્દુ હેરિટેજ મંથની ઉજવણીની તૈયારી કરી રહ્યો છે. હિન્દુ અમેરિકન ફાઉન્ડેશન(એચએએફ)ના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર સુહાગ શુક્લાએ સોશ્યલ મીડિયા પર જણાવ્યું કે આ હવે માત્ર વાતો સુધી સીમિત ન રહેતા વાસ્તવિકતા બની ગઇ છે. ઓનલાઇન ફેલાયેલી નફરત હવે હકીકતમાં એક હિન્દુ મંદિર પરના હુમલામાં ફેરવાઇ ગઇ છે. આ ઘટનાના વીડિયોની તપાસ થવી જોઇએ અને ગુનેગારોને તાત્કાલિક ઝડપી લેવા જોઇએ. એચએએફએ જણાવ્યું કે આ ગુનો નફરતથી પ્રેરિત હોઇ શકે છે. આ હુમલા એવા સમયે થયો છે જ્યારે હિન્દુ-અમેરિકન સમુદાય ભારોભાર નફરત અને કડવાશનો સામનો કરી રહ્યો છે. સંગઠને કહ્યું કે અમે દેશના ચૂંટાયેલા નેતાઓ અને સરકારી એજન્સીઓને પણ અપીલ કરીએ છીએ કે તેઓ ભારતીય અને હિન્દુ-અમેરિકન સમુદાયો વિરુદ્ધ ફેલાવવામાં આવતી નફરતની જાહેરમાં અને સ્પષ્ટપણે નિંદા કરે. (એજન્સી)

# બ્રિટિશ શાસનમાં સિવિલ સર્વિસ પરીક્ષામાં સંસ્કૃતનું પેપર હતુંઃ મોદી

નવી દિલ્હીઃ ભારતની આઝાદી પૂર્વેની આઇએએસ વ્યવસ્થાની એક ઐતિહાસિક વિગત પર પ્રકાશ પાડતા, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતું કે બ્રિટિશ શાસન દરમિયાન પણ સિવિલ સર્વિસીસની પરીક્ષામાં સંસ્કૃત વિષયનું એક પેપર સામેલ હતું.

'ભારત મંડપમ' ખાતે યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ના શતાબ્દી સમારોહને સંબોધતી વખતે, વડાપ્રધાને ત્યાં આયોજિત એક પ્રદર્શનમાંથી મળેલી માહિતી શેર કરી હતી.

તેમણે નોંધ્યું હતું કે મહાન સ્વાતંત્ર્ય સેનાની નેતા સુભાષચંદ્ર બોઝે ૧૯૨૦માં તેમની પરીક્ષા દરમિયાન સંસ્કૃતનું પેપર આપ્યું હતું.

વડાપ્રધાને કહ્યું કે, ગેલેરી જોતી વખતે મારું ધ્યાન એ વાત પર ગયું કે તેમાં ૧૯૨૦માં સુભાષચંદ્ર બોઝ આ જ પ્રક્રિયામાંથી કેવી રીતે પસાર થયા હતા તેની માહિતી પણ છે.

તેમણે ઉમેર્યું હતું કે, જે બાબતે મારું ધ્યાન ખેંચ્યું તે એ હતી કે તે સમયે ભારત બ્રિટિશ શાસન હેઠળ હોવા છતાં, પરીક્ષામાં સંસ્કૃતનું પેપર લેવામાં આવતું હતું અને સુભાષબાબુએ આ પેપર આપ્યું હતું.

વડાપ્રધાને બોઝ અને અન્ય ઐતિહાસિક દિગ્ગજોના યોગદાનની પણ પ્રશંસા કરી હતી. તેમણે નોંધ્યું હતું કે ગત એક સદી દરમિયાન ઘણા લોકોએ પરીક્ષા પ્રક્રિયાને વિશ્વાસના વારસામાં પરિવર્તિત કરી છે અને આ સંસ્થાને નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે. (એજન્સી)

# મુંબઈ સહિત રાજ્યમાંથી નૈર્ઋત્યનું ચોમાસું પાંચ દિવસ વહેલું ખેંચાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આ વર્ષે મુંબઈ સહિત સમગ્ર રાજ્યમાં મોડેથી દાખલ થયેલા દક્ષિણ-પશ્ચિમ એટલે કે નૈર્ઋત્યનું ચોમાસું શનિવાર, ઑક્ટોબર ૩ ના રોજ મુંબઈ સહિત રાજ્યના મોટાભાગના વિસ્તારમાંથી વિદાય લીધી હતી. મુંબઈમાં ચોમાસું પાછું ખેંચાવાની સામાન્ય તારીખ આઠ ઑક્ટોબરના હતી, તેના પાંચ દિવસ વહેલી થયેલી વિદાય છેલ્લા બે દાયકાથી વધુ સમયગાળામાં શહેરમાંથી થયેલી સૌથી વહેલી વિદાય છે. રાજ્યના અન્ય જિલ્લામાંથી આગામી બેથી ત્રણ દિવસમાં ચોમાસું પાછું ખેંચાશે.

દેશમાં છેલ્લા બે અઠવાડિયાથી ચોમાસું પાછું ખેંચાવાની પ્રક્રિયા ચાલી રહી હતી એ દરમ્યાન રાજ્યના અનેક જિલ્લામાં હળવાથી મધ્યમ સ્વરૂપનો વરસાદ પડી ગયો હતો. જોકે છેલ્લા થોડા દિવસથી વરસાદ ગાયબ થઈ જતા ગરમી અને ઉકળાટનો અનુભવ થઈ રહ્યો હતો ત્યારે આગામી દિવસોમાં પણ ગરમી અને ઉકળાટ કાયમ રહેશે એવી હવામાન વિભાગે ચેતવણી આપી છે. અ દરમ્યાન શનિવારે મુંબઈ સહિત રાજ્યના અનેક વિસ્તારોમાંથી ચોમાસું પાછું ખેંચાયું હોવા ની સત્તાવાર જાહેરાત હવામાન વિભાગે કરી હતી, જેમાં મુંબઈમાથી પાંચ દિવસ વહેલું એટલે કે ત્રણ ઑક્ટોબરના જ ચોમાસાએ વિદાય લઈ લીધી છે.

છેલ્લી વખત ચોમાસું આટલું વહેલું ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૨ના રોજ પાછું ખેંચાયું હતું. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ પશ્ચિમ ચોમાસું ઉત્તર ભારતના બાકીના ભાગો, સમગ્ર ગુજરાત અને મધ્યપ્રદેશ અને બિહાર, ઝારખંડ, છત્તીસગઢ અને મહારાષ્ટ્રના કેટલાક ભાગોમાંથી પાછું ખેંચ્યું છે. મહારાષ્ટ્ર માટે સામાન્ય રીતે ચોમાસાની વિદાયની તારીખ પાંચ ઓક્ટોબર છે.

### મુંબઈનો સરેરાશ વરસાદ

મુંબઈમાં સપ્ટેમ્બર મહિનામાં સરેરાશ ઓછો વરસાદ પડયો છે. કોલાબામાં સામાન્ય રીતે ૩૩૬ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૩૫૯.૬ મિ.મી. વરસાદ પડવો જોઈતો હતો, તેની સામે આ વર્ષે સપ્ટેમ્બરમાં કોલાબામાં માત્ર ૧૭૫.૧ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૨૭૫.૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ઑગસ્ટ મહિનામાં કોલાબા સરેરાશ ૧૬૪.૪ મિ.મી. સાંતાક્રુઝમાં ૩૧૫.૩ મિ.મી. પડયો તો જુલાઈમાં કોલાબામાં ૧,૧૭૬.૫ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૧,૪૯૧.૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. તો જૂનમાં કોલાબામાં ૪૪૧.૧ મિ.મી. અને સાંતાક્રુઝમાં ૪૧૬.૪ મિ.મી. વરસાદ પડ્યો હતો.

એક તરફ નૈર્ઋત્યના ચોમાસાએ જલદી વિદાય લીધી છે, તો બીજી તરફ પવનની દિશામાં ફેરફાર કારણે તાપમાનમાં વધારો થતાં શહેરમાં ઑક્ટોબર હીટનો અનુભવ થઈ રહ્યો છે. ભારતીય હવામાન વિભાગે મુંબઈ, થાણે અને પાલઘરના છૂટાછવાયા વિસ્તારોમાં ગરમ અને ભેજવાળા વાતાવરણની ચેતવણી આપી છે.

શનિવારે ભારતીય હવામાન વિભાગના સાંતાક્રુઝ વેધશાળામાં મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું, જે સામાન્ય કરતાં પાંચ ડિગ્રી વધારે હતું અને એક દિવસ અગાઉ નોંધાયેલા ૩૬.૯ ડિગ્રી કરતાં વધુ હતું.

આ તાપમાન છેલ્લા આઠ વર્ષમાં ઑક્ટોબર મહિના દરમ્યાન નોંધાયેલું સૌથી વધુ તાપમાન હતું, જે ૨૨ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ નોંધાયેલા ૩૭.૪ ડિગ્રી તાપમાનની બરોબર હતું. આ પહેલા સાંતાક્રુઝમાં ઑક્ટોબર ૨૦૧૮માં મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. તેની સરખામણીમાં ગયા વર્ષે ઑક્ટોબરમાં મુંબઈમાં સૌથી વધુ મહત્તમ તાપમાન ૧૭ ઑક્ટોબરે ૩૭ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. આ દરમ્યાન ભારતીય હવામાન વિભાગ કોલાબા દ્વારા નોંધાયેલ મહત્તમ તાપમાન ૩૬.૫ ડિગ્રી સેલ્સિયસ હતું જે સામાન્ય કરતાં ૪.૬ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું.

ભારતીય દવામાન વિભાગના અધિકારીએ જણાવ્યું હતું કે મુંબઈના પડોશના વિસ્તારમાં ચક્રવાતી વિરોધી પરિભ્રમણને કારણે પ્રવર્તમાન પવનની પેટર્નમાં ફેરફાર થઈ ગયો છે. દિવસ દરમ્યાન સામાન્ય દરિયાઈ પવનોની જગ્યો પૂર્વીય પવનો ફૂંકાઈ રહ્યા છે. સૂકા પૂર્વીય પવનોએ દરિયાઈ પવનોને અસરકારક રીતે અટકાવી દીધા છે, જે સામાન્ય રીતે દરિયાકાંઠે તાપમાનમાં થોડો સાધારણ ઘટાડો લાવે છે. ■

### તાપમાનમાં વધારો થશે

કેટલાક સ્વતંત્ર હવામાન-શાસ્ત્રીઓના મતે એન્ટિ-સાયક્લોનિક પરિભ્રમણ ધીમે ધીમે આંતરિક તરફ આગળ વધવાની ધારણા છે, જે સ્થિતિમાં થોડો ફેરફાર લાવી શકે છે. આગામી એકાદ-બે દિવસમાં તાપમાન સ્થિર થઈને ફરી વધશે. હવામાનના નિષ્ણાતના કહેવા મુજબ પાંચ - છ ઑક્ટોબરે ભેજ વધશે, તેથી આ સપ્તાહના અંતની સરખામણીમાં તાપમાનમાં બે ડિગ્રીનો ઘટાડો નોંધવામાં આવશે, પરંતુ ૭ ઑક્ટોબરથી સૂકી હવાના પ્રભાવને લીધે તાપમાનમાં ફરી વધારો થશે. શનિવારે કોલાબામાં મહત્તમ તાપમન ૩૬.૫ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૬.૮ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૭.૪ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૪.૬ ડિગ્રી નોંધાયું હતું.

### મુંબઈમાં કઈ તારીખે ચોમાસું પાછું ખેંચાયું

| વર્ષ | તારીખ |
|---|---|
| ૨૦૨૫ | ૧૦ ઑક્ટોબર |
| ૨૦૨૪ | ૧૫ ઑક્ટોબર |
| ૨૦૨૩ | ૨૩ ઑક્ટોબર |
| ૨૦૨૨ | ૨૩ ઑક્ટોબર |
| ૨૦૨૧ | ૧૪ ઑક્ટોબર |
| ૨૦૨૦ | ૨૮ ઑક્ટોબર |
| ૨૦૧૯ | ૧૪ ઑક્ટોબર |
| ૨૦૧૮ | ૦૬ ઑક્ટોબર |
| ૨૦૧૭ | ૨૪ ઑક્ટોબર |
| ૨૦૧૬ | ૧૪ ઑક્ટોબર |
| ૨૦૧૫ | ૧૫ ઑક્ટોબર |
| ૨૦૧૪ | ૧૪ ઑક્ટોબર |
| ૨૦૧૩ | ૧૧ ઑક્ટોબર |
| ૨૦૧૨ | ૧૨ ઑક્ટોબર |
| ૨૦૧૧ | ૧૧ ઑક્ટોબર |
| ૨૦૧૦ | ૨૬ ઑક્ટોબર |
| ૨૦૦૯ | ૧૨ ઓક્ટોબર |
| ૨૦૦૬ | ૦૯ ઑક્ટોબર |
| ૨૦૦૫ | ૧૭ ઑક્ટોબર |
| ૨૦૦૪ | ૧૧ ઑક્ટોબર |
| ૨૦૦૩ | ૧૧ ઑક્ટોબર |
| ૨૦૦૨ | ૩૦ સપ્ટેમ્બર |
| ૨૦૦૧ | ૧૩ ઑક્ટોબર |

## જૈન સમાચાર

### રાષ્ટ્રસંત નમ્રમુનિ મહારાજ સાહેબના પાવન સાંનિધ્યમાં ‘જૈન ડેફ સોસાયટી મુંબઈ’નો ઐતિહાસિક શુભારંભ



મુંબઈ: ઘાટકોપરના આરાધ્યા સાધના હોલ, ખાતે શુક્રવાર, તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૬ના રોજ ચાતુર્માસના અનેકવિધ આયોજનોની વચ્ચે એક અનોખો કાર્યક્રમ યોજાયો. રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબની કરુણા ભાવનાથી સાંભળી ન શકનાર કર્ણબધિર ભાવિકો માટે વિશેષ માર્ગદર્શનની શિબિર યોજાઈ.

પરમ ગુરુદેવે કહ્યું કે પ્રાર્થના કરતી વખતે બોલવું કે મને મંત્રો આવડતા નથી, હું મારી Sign Languageમાં પ્રાર્થના કરું છું; આપ તેમાં સમજી લેજો. કારણ કે ભગવાન શબ્દોની નહીં, સાચા હૃદયની પ્રાર્થના સ્વીકારે છે. પરમ ગુરુદેવે કર્ણબધિર ભાવિકોને દિવસમાં બે વખત પોતાના વચનયોગથી થયેલા અવિનય કે અપરાધ માટે ભગવાન પાસે ક્ષમા માગીને ‘મિચ્છામિ દુક્કડમ’ની ભાવના કેળવવાની પ્રેરણા આપી.

આ અવસરે પરમ ગુરુદેવે ફાઉન્ડર ઋષભ ભણશાલીની શુભ ભાવનાને બિરદાવતાં જણાવ્યું કે તેઓ સમગ્ર કર્ણબધિર સમાજને સાથે લઈને આગળ વધશે. ‘લુક એન લર્ન જૈન જ્ઞાન ધામ’ના દીદીએ કર્ણબધિર ભાવિકો માટે વિશેષ બેચની જાહેરાત કરતા સહુ ભાવિકો આનંદિત અને પ્રસન્ન થયેલ. ૨૫૦થી વધુ કર્ણબધિરની આંખો અહોભાવથી ભીંજાયેલી હતી.

આ અવસરે પરમ ગુરુદેવે હવે દર રવિવારે બપોરે ૩થી ૪ વાગ્યા સુધી ઓનલાઈન વર્ગો યોજવાની પણ જાહેરાત કરી હતી. જૈન ડેફ સોસાયટી મુંબઈના શુભારંભ સાથે કર્ણબધિર જૈન ભાવિકોને સંસ્કાર અને આધ્યાત્મિક વિકાસ સાથે જોડવાની નવી પહેલનો ઐતિહાસિક પ્રારંભ થયો છે. ■

# એમએમઆરડીએ દ્વારા માત્ર અઢી મહિનામાં મુંબઈ-થ્રી અને મુંબઈ-ફોરના જમીન ઉપયોગ અહેવાલ પૂર્ણ કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમ-આરડીએ)એ માત્ર અઢી મહિનામાં રેકોર્ડબ્રેક સમયમાં હાલના જમીન ઉપયોગ (એક્ઝિસ્ટિંગ લેન્ડ યુઝ-ઈએલયૂ) અહેવાલ પૂર્ણ કરીને મુંબઈ ૩.૦ અને મુંબઈ ૪.૦ ના આયોજન તરફ ખૂબ જ મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. આ પહેલ હેઠળ ત્રણ મુખ્ય ક્ષેત્રોને આવરી લેવામાં આવ્યા છે, જેમાં કેએસસી ન્યુ ટાઉન, પાલઘરમાં નોર્થન એક્સટેન્ડેડ નોટિફાઈડ એરિયા (ઈએનએ)અને રાયગઢમાં સાઉર્થન ઈએનએ જેમાં અલીબાગનો પણ સમાવેશ થાય છે. આ સર્વેનો અવકાશ લગભગ ૨,૦૦૮ ચોરસ કિલોમીટરના વિસ્તારમાં ફેલાયેલો છે જે કુલ ૫૬૫ ગામોને આવરી લે છે. ત્રણે અહેવાલ માટે એડવાન્સ જીઓસ્પેટિયલ ટૅક્નોલોજી, જેમાં એરિયલ એલઆઈડીએઆર, હાઇ-રિઝોલ્યુશન ઇમેજરી, ડીજીપીએસ ગ્રાઉન્ડ કંટ્રોલ અને જીઆઈએસ મેપિંગ જેવી અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને ત્રણે વિસ્તારનું મેપિંગ કરવામાં આવ્યું છે, અને આ માહિતી ફિલ્ડ વેરિફિકેશન દ્વારા માન્ય કરવામાં આવી છે. આ પ્રોજેક્ટ હેઠળ એમએમઆરડીએ કેએસસી ન્યૂ ટાઉન માટે ન્યૂ ટાઉન ડેવલપમેન્ટ ઓથોરિટી તરીકે કામ કરી રહ્યું છે, જે ૩૨૪ ચોરસ કિમી અને પેણ, ઉરણ અને પનવેલ તાલુકાના ૧૨૪ ગામોને આવરી લે છે.

નવી મુંબઈ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ, જેએનપીએ, અટલ સેતુ અને વિરાર-અલિબાગ મલ્ટી મોડલ જેવા મહત્વપૂર્ણ પ્રોજેક્ટને કારણે આ વિસ્તાર ઝડપથી નવા મેટ્રોપોલિટન ડેવલપમેન્ટ હબમાં પરિવર્તિત થઈ રહ્યો છે. આ વિસ્તાર લોજિસ્ટિક્સ, વાણિજ્યિક અને ઔદ્યોગિક વિકાસ માટે વિશાળ તકો ઊભી કરશે જ્યારે ખેતીની જમીન અને પર્યાવરણીય સંતુલન જાળવી રાખશે.

પાલઘરમાં મુંબઈ ૪.૦ હેઠળ, ૧,૦૦૭ ચોરસ કિમી વિસ્તારનો વિગતવાર અભ્યાસ કરવામાં આવ્યો છે અને તેના વિશાળ જંગલો, નદીઓ, દરિયાકિનારા અને આદિવાસી વસાહતોનું રક્ષણ કરતી વખતે તેને ઔદ્યોગિક અને પ્રવાસન કોરિડોર તરીકે વિકસાવવા પર ભાર મૂકવામાં આવશે. તેવી જ રીતે અલીબાગ વિસ્તારમાં ૬૭૭ ચોરસ કિમીનો અહેવાલ દરિયાકાંઠાના સંરક્ષણ, પર્યાવરણીય સંરક્ષણ અને પ્રવાસન વિકાસના સંતુલનને સરળ બનાવશે.

એમએમઆરડીએનો આ વ્યાપક ડેટાબેઝ ફક્ત કાગળ પરનો અહેવાલ નથી પરંતુ ડિજિટલ ટ્વિન્સ અને દૃશ્ય મૉડેલિંગ માટે માર્ગ મોકળો કર્યો છે. પરિવહન, ઉપયોગિતાઓ અને પર્યાવરણ સંબંધિત ડેટાસેટને જોડીને, મોટા રોકાણ નિર્ણયો લેતા પહેલા પૂરના જોખમ અથવા માળખાગત સુવિધાની માગણી પર વિવિધ વિકાસ પદ્ધતિઓની અસરનો અંદાજ લગાવવો શક્ય બનશે. આ દ્વારા જમીનના ઉપયોગ અને જાહેર પરિવહનને જોડીને નાગરિકોને એક જ જગ્યાએ કાર્ય, શિક્ષણ, આરોગ્યસંભાળ અને મનોરંજન સુવિધાઓ પૂરી પાડવાનો ઉદ્દેશ્ય છે.

આ સમગ્ર આયોજનમાં પર્યાવરણના રક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી છે, અને અભ્યાસ વિસ્તારનો લગભગ ૪૫ ટકા ભાગ લીલા અને જંગલી શ્રેણીમાં આવે છે. બાકીના વિસ્તારમાં મેન્ગ્રોવ્સ, ભીનાશવાળી જમીન અને કુદરતી જળ સંસાધનોનું સંરક્ષણ કરીને ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવામાં આવશે. ઉર્જા-કાર્યક્ષમ ઇમારતો, નવીનીકરણીય ઉર્જા અને પાણી-સંવેદનશીલ ડિઝાઇન દ્વારા આબોહવા સ્થિતિસ્થાપકતા વધારવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. ■

# વેપાર ઉત્સવ-૨૦૨૬: એક છત નીચે વિવિધતાનો ખજાનો




મુંબઈ: જૈન યુથ ફોરમ (જેવાયએફ) અને ‘કચ્છમિત્ર’ યોજીત ‘વ્યાપાર ઉત્સવ’ની મુલાકાત લીધી? ના ગયા હોવ તો જરૂર જશો. વરલીમાં નેહરુ સેન્ટરમાં આ વ્યાપાર ઉત્સવનું ભવ્ય આયોજન થયું છે. ઓડિટોરિયમમાં નીતનવા કાર્યક્રમો યોજાય છે. તો ગ્રાઉન્ડ ફ્લોર અને સેકંડ ફ્લોર પર કુલ ૧૫૦ સ્ટોલનું વિશાળ બજાર છે. જ્યાં તમને ભાગ્યે જ જોવા મળે તેવી વસ્તુઓ હાજર છે.વ્યાપાર ઉત્સવના પહેલા જ દિવસે લોકો ઉમટી પડ્યા. ભારતના મહાબંદર કંડલા પોર્ટ ટ્રસ્ટનો સ્ટીલ છે, જેમાં આગામી આવનારા નવા મેગા પ્રોજેક્ટ વિષે જાહેરાત કરાઈ છે. ભુજના ખુશાલી સોનીએ કલાકૃતિ લીંપણ આર્ટની કળાત્મક વસ્તુઓ પ્રદર્શિત કરી છે. દાદર ફાર્મસીના સ્ટોલમાં દેશી ગોળ છે જેમાં સૂંઠ અને એલચીનું મિશ્રણ છે. પારસ મેડલ વર્કસના સ્ટોલમાં કાંસાના વાસણ ખાસ ધ્યાન ખેંચે છે. એમાં હાથ બનાવટનાં કાંસાનાં વાસણો પણ છે. બોધિકા આર્ટ સ્ટુડિયોમાં આરતીની સુશોભિત થાળી, બાજોઠ, તોરણ, દીવા, હાથી વગેરે હાજર છે. છેડા ચીક્કીવાલા તરફથી ગોળથી બનાવેલી ચીક્કીની વેરાઈટી રજૂ કરાઈ છે. કચ્છના નાની તુંબડી ગામમાં પરેશ દેઢિયાએ વતનમાં ગૌશાળા સ્થાપી. ગાયનું ઘી, કોલ્ડ પ્રેસ ઓઈલ, ઓર્ગેનિક ગોળ, દેશી જુવાર, બાજરી, મગ સ્ટોલમાં રાખ્યા છે. ભૂજોડીના અર્જુનભાઈ સીજુ અને રાજેશ ખોખરે હાથવણાટની ગરમ શાલ, સાડી, દુપટ્ટા પ્રદર્શિત કર્યા છે. રાજશ્રી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સનો સ્ટોલ છે, ભુજના રાજેન ઠક્કર સંચાલક છે. ગિરીશ વોરાએ જૂના સિક્કા પ્રદર્શિત કર્યા છે. કચ્છી કવિ ઈબ્રાહિમ લુહારે કચ્છી ફોટો પોઈન્ટનો સ્ટોલ રાખ્યો છે, જ્યાં કચ્છી પરંપરાગત પોષાક પહેરાવીને ફોટો પાડી આપવામાં આવે છે. રાજકોટની સંસ્થા સંસ્કૃતિ આર્ય ગુરૂકુલમનો સ્ટોલ છે. સંસ્થા રાજકોટમાં વૈદિક ગુરુકુલ ચલાવે છે. બીજા માળે મારૂ હોસ્પિટલના સ્ટોલમાં પેથોલોજીના સીબીસી, રેન્ડમ બ્લડસુગર, બીપી, હાઈટ, વેઈટ અને પલ્સ માપવામાં આવે છે.

મુંબઈમાં અદાણી રીઆલીટીઝના રહેણાક અને કમર્શિયલ પ્રોજેક્ટની વિગતો સ્ટોલમાં આપે છે. સાથે સાથે ગ્રૂપની ઓલીવ ઓઈલ ઉત્પાદનના પ્રદર્શન અને વેચાણની વ્યવસ્થા કરાઈ છે. ■

# સર્પદંશથી મૃત્યુ ઘટાડવા મહારાષ્ટ્ર સરકારનો માસ્ટરપ્લાન

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે ૨૦૩૦ સુધીમાં સાપ કરડવાથી થતા મૃત્યુ અને ગંભીર જટિલતાઓમાં ૫૦ ટકાનો ઘટાડો કરવાની વ્યાપક પહેલ શરૂ કરી છે. સર્પદંશના સંચાલન માટે માત્ર તબીબી સારવાર સિવાય પણ વધુ વ્યાપક અભિગમની જરૂર છે તે વાતને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકાર જાહેર આરોગ્ય ક્ષેત્રની સાથે વન, પશુપાલન, આદિજાતિ વિકાસ, ગ્રામીણ વિકાસ અને કૃષિ વિભાગના પ્રયાસોને સાંકળતો એક બહુ-વિભાગીય રોડમેપ તૈયાર કરી રહી છે.

૨૯ સપ્ટેમ્બરે હાફકિન ઇન્સ્ટિટ્યૂટ ખાતે યોજાયેલી બેઠકમાં મહારાષ્ટ્ર સરકારે નેશનલ સેન્ટર ફોર ડિસીઝ કંટ્રોલ અને જોન સ્નો ઇન્ડિયાના સહયોગથી સર્પદંશ નિયંત્રણ માટે ‘સ્ટેટ એક્શન પ્લાન’ નો મુસદ્દો તૈયાર કર્યો, જેમાં પ્રાથમિક સારવારથી લઈને હૉસ્પિટલ સુધીની સંભાળ અને સારવાર પછીના ફોલો-અપનો સમાવેશ થાય છે.

પ્રસ્તાવિત રોડમેપનો ઉદ્દેશ્ય સર્પદંશના કિસ્સાઓના સંચાલનની સમગ્ર પ્રક્રિયાને સરળ અને વ્યવસ્થિત બનાવવાનો છે. વિવિધ સરકારી વિભાગોને સામેલ કરીને, રાજ્ય સરકાર આ સમસ્યાને વિવિધ સ્તરે ઉકેલવા માંગે છે, જેથી સંસાધનોની ફાળવણી વધુ સારી રીતે થઈ શકે અને આવી ઘટનાઓ સામે ઝડપી તથા અસરકારક કામગીરી સુનિશ્ચિત કરી શકાય.

આ એક્શન પ્લાનના પ્રારંભિક માળખાને અગાઉના એક મહિનામાં આખરી ઓપ આપવો એ પ્રાથમિક ઉદ્દેશ્ય છે. આ માળખું ભાગ લેનારા દરેક વિભાગની ભૂમિકાઓ અને જવાબદારીઓને સ્પષ્ટપણે વ્યાખ્યાયિત કરશે, જેથી એક મજબૂત સમન્વય વ્યવસ્થા ઊભી કરી શકાય અને પીડિતોને સમયસર તથા યોગ્ય સારવાર મળી રહે તે સુનિશ્ચિત કરી શકાય. ■



આઝાદ મેદાન તરફ જનારા શિવસેના અને મનસે જેવા રાજકીય સંગઠનોના મોરચાને ધ્યાનમાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે મુંબઈ પોલીસે ભારે સુરક્ષા વ્યવસ્થા અને ટ્રાફિક ડાયવર્ઝનની ગોઠવણી કરી છે. (અમર ખરાડે)

# દિવાળી માટે મધ્ય રેલવે ૧૬૨ સ્પેશ્યલ ટ્રેન દોડાવશે

મુંબઈ: દિવાળી અને છઠ્ઠ પૂજાના તહેવારો દરમિયાન મુસાફરોની વધતી ભીડને ધ્યાનમાં રાખીને મધ્ય રેલવેએ ૧૬૨ વધારાની ફેસ્ટિવ સ્પેશ્યલ ટ્રેનો દોડાવવાની જાહેરાત કરી છે. આ નવી ટ્રેનો સાથે તહેવારોના સમયગાળા માટે મંજૂર કરાયેલી સ્પેશ્યલ ટ્રેનોની કુલ સંખ્યા હવે ૫૮૦ થઈ છે. મુંબઈથી ઉત્તર પ્રદેશ, બિહાર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન અને દિલ્હી તરફ પોતાના વતન જતાં મુસાફરોને આ વધારાની સેવાઓથી રાહત મળવાની અપેક્ષા છે.

મધ્ય રેલવેના જણાવ્યા મુજબ, દિવાળી અને છઠ્ઠ પૂજા દરમિયાન લાંબા અંતરની નિયમિત ટ્રેનોમાં ભારે બુકિંગ જોવા મળે છે. તેને ધ્યાનમાં રાખીને મુસાફરોની વધતી માગને પહોંચી વળવા વધારાની ક્ષમતા ઊભી કરવામાં આવી છે. નવી સ્પેશિયલ ટ્રેનોના કારણે નિયમિત ટ્રેનો પરનું દબાણ ઘટશે અને તહેવારો દરમિયાન ઘરે જવા ઇચ્છતા મુસાફરોને વધુ મુસાફરી વિકલ્પો મળશે.

નવી જાહેર કરાયેલી સેવાઓમાં લોકમાન્ય તિલક ટર્મિનસ (એલટીટી)-સમસ્તીપુર રૂટનો સમાવેશ થાય છે. આ રૂટ પર ૧૨ એસી સ્પેશ્યલ ટ્રેનો દોડશે. આ ટ્રેનો ૧૩ ઓક્ટોબરથી ૧૭ નવેમ્બર સુધી ચાલશે, જ્યારે પરતની સેવાઓ ૧૫ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર સુધી રહેશે. આ ઉપરાંત એલટીટી-દાનાપુર રૂટ પર સૌથી વધુ ૮૮ દૈનિક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. આ ટ્રેનો ૯ ઓક્ટોબરથી ૨૨ નવેમ્બર દરમિયાન દોડશે. અન્ય મહત્ત્વપૂર્ણ રૂટમાં એલટીટી-સંત્રાગાચીનો સમાવેશ થાય છે, જ્યાં ૬ ઓક્ટોબરથી ૨૯ ઓક્ટોબર વચ્ચે કુલ ૮ સેવાઓ ચલાવવામાં આવશે. જ્યારે એલટીટી-બનારસ રૂટ પર ૧૭ ઓક્ટોબરથી ૨૯ નવેમ્બર વચ્ચે કુલ ૧૪ ટ્રિપ્સ ઉપલબ્ધ રહેશે.

મધ્ય રેલવેએ પુણે તરફના ખડકી સ્ટેશનને પણ ફેસ્ટિવ સ્પેશ્યલ સેવાઓ માટે મહત્વપૂર્ણ હબ બનાવ્યું છે. ખડકીથી હઝરત નિઝામુદ્દીન માટે ૨૮ એસી સુપરફાસ્ટ સ્પેશ્યલ ટ્રેનો દોડશે, જે ૬ ઓક્ટોબરથી ૨૦ નવેમ્બર સુધી ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત ખડકીથી સાંગાનેર માટે ૧૨ સેવાઓ રહેશે, જે ૧૫ ઓક્ટોબરથી ૧૯ નવેમ્બર દરમિયાન દોડશે.

મુસાફરો આ સ્પેશ્યલ ટ્રેનો માટે ટિકિટનું બુકિંગ તમામ કોમ્પ્યુટરાઇઝ્ડ રિઝર્વેશન સેન્ટરો તેમજ સત્તાવાર આઈઆરસીટીસી વેબસાઇટ મારફતે કરી શકશે. અનરિઝર્વ્ડ મુસાફરી કરનારા મુસાફરો માટે સામાન્ય દરે યુટીએસ સિસ્ટમ મારફતે ટિકિટ ઉપલબ્ધ રહેશે. રેલવેએ મુસાફરોની સુવિધા માટે રેલવની મોબાઈલ એપ્લિકેશન મારફતે પણ ટિકિટ રિઝર્વેશનની સુવિધા ઉપલબ્ધ હોવાનું જણાવ્યું છે. ■

# દુકાળને કારણે ખેડૂતો ઢોરોને શેરડીનો ચારો આપવા મજબૂર

લાતુર: મહારાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત લાતુર જિલ્લામાં ઘાસચારાની ગંભીર અછતને કારણે ખેડૂતો માટે મુશ્કેલી ઊભી થઈ છે. આ સ્થિતિમાં ખેડૂતોને શેરડીના પાકમાંથી આવક મેળવવા અને પશુઓ માટે તાત્કાલિક ચારો પૂરો પાડવા વચ્ચે નિર્ણય લેવો પડી રહ્યો છે. પશુઓ માટે પૂરતો ચારો ઉપલબ્ધ ન હોવાથી કેટલાક ખેડૂતો ઊભા શેરડીના પાકને કાપીને પશુઓને ખવડાવી રહ્યા છે.

ઓછા વરસાદને કારણે ચરાણની જમીનો અને લીલા ઘાસચારાનો જથ્થો સુકાઈ રહ્યો છે. પરિણામે, પશુઓ માટે ચારો ઉપલબ્ધ કરાવવા માટે આ વિસ્તારના ખેડૂતો રોકડ આવક આપતા પાકનો ઉપયોગ કરી રહ્યા છે, જેના કારણે કૃષિ અર્થતંત્ર પર બેવડો બોજ પડી રહ્યો છે.

કવ્હા ગામના ખેડૂત નારાયણ ગુડે વરસાદના અભાવે ચારો ન મળતાં ઊભી શેરડી કાપીને પશુઓને ખવડાવી રહ્યા છે. તેમના પશુઓનું દૈનિક દૂધ ઉત્પાદન ઘટીને ૧૦ થી ૧૨ લિટર થયું છે, જ્યારે રોજ આશરે અડધો ટન શેરડીની જરૂર પડે છે. ‘વરસાદ નિષ્ફળ જવાથી ઘાસચારો જ નથી. અમારી પાસે શેરડીના ઊભા પાકને કાપવા સિવાય કોઈ વિકલ્પ નથી,’ ગુડેએ જણાવ્યું હતું.

વરસાદના અભાવે અન્ય પાકને પણ નુકસાન થયું છે. ગુડેના જણાવ્યા અનુસાર, તેમના સોયાબીનના પાકને વ્યાપક નુકસાન થયું છે અને ઉપજ પ્રતિ એકર અડધા ક્વિન્ટલથી નીચે જવાની ધારણા છે. મરાઠવાડાના ખેડૂતો માટે પાકની આવક ઓછી હોય ત્યારે પશુધન આવકનો મહત્ત્વપૂર્ણ આધાર બને છે. જોકે, અપૂરતા પોષણ અને પાણીની અછતને કારણે દૂધનું ઉત્પાદન ઘટી રહ્યું છે. પરિણામે ખેડૂતોને ખેતીમાં કરેલા મુખ્ય રોકાણની સાથે રોજિંદી વધારાની આવકમાં પણ નુકસાન થઈ રહ્યું છે. ■

# મહારાષ્ટ્ર એફડીએએ કથિત ઉલ્લંઘનો બદલ પુણેની સિપ્લા સુવિધાના ડ્રગ વેચાણ લાઇસન્સ રદ કર્યાં

મુંબઈ: મહારાષ્ટ્ર ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (એફડીએ) એ શુક્રવારે જણાવ્યું હતું કે તેણે પુણેના વાડકી ખાતે સિપ્લા ફાર્મા એન્ડ લાઇફ સાયન્સ લિમિટેડના કેરિંગ એન્ડ ફોરવર્ડિંગ (સીએન્ડએફ) વેરહાઉસના ડ્રગ વેચાણ અને વિતરણ લાઇસન્સ રદ કર્યા છે.

બોમ્બે હાઇ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને નવી કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી, એમ એફડીએએ એક નિવેદનમાં જણાવ્યું હતું.

રિએક્ટિન પ્લસ ટેબ્લેટ્સના પેકેજિંગ, સ્ટોરેજ, દસ્તાવેજીકરણ અને રિકોલને લગતી કથિત અનિયમિતતાઓને કારણે આ વર્ષે ૨૭ ઓગસ્ટના રોજ સુવિધા સામે એફડીએ દ્વારા અગાઉ લેવામાં આવેલી કાર્યવાહીને અનુસરે છે. ત્યારબાદ એફડીએએ શેડ્યુલ એચ પ્રિસ્ક્રિપ્શન દવાના પેકેજિંગ પર અનધિકૃત દાવાઓ અને વેરહાઉસમાં ઘણી ખામીઓનો ઉલ્લેખ કર્યો હતો.

એફડીએએ જણાવ્યું હતું કે બોમ્બે હાઇ કોર્ટના નિર્દેશોનું પાલન કરીને વિભાગે તેની અગાઉની કાર્યવાહી પાછી ખેંચી લીધા પછી, એફડીએ પુણેના ડિવિઝન ૩ ના સહાયક કમિશનર (ડ્રગ્સ) દ્વારા પહેલી ઓક્ટોબરના રોજ નવીનતમ આદેશ પસાર કરવામાં આવ્યો હતો. નિવેદન મુજબ, વિભાગે ચોથી સપ્ટેમ્બરે કંપનીને સુધારેલી કારણદર્શક નોટિસ જારી કરી હતી. સિપ્લાએ ૧૧ સપ્ટેમ્બરના રોજ તેનો લેખિત જવાબ રજૂ કર્યો હતો અને ૨૧ સપ્ટેમ્બરના રોજ વ્યક્તિગત સુનાવણી આપવામાં આવી હતી. લાઇસન્સિંગ ઓથોરિટીએ નવો આદેશ પસાર કરતા પહેલા કંપનીના જવાબ, સુનાવણી દરમિયાન કરવામાં આવેલી રજૂઆતો, નિરીક્ષણનાં તારણો, ઉપલબ્ધ રેકોર્ડ અને લાગુ કાનૂની જોગવાઈઓનો વિચાર કર્યો હતો.

એફડીએએ જણાવ્યું હતું કે તાજેતરનો નિર્ણય ફક્ત તેની અગાઉની કાર્યવાહીનું પુનરાવર્તન નથી, પરંતુ કોર્ટના નિર્દેશો અનુસાર સમગ્ર પ્રક્રિયાને નવેસરથી પૂર્ણ કર્યા પછી લેવામાં આવેલો સ્વતંત્ર નિયમનકારી નિર્ણય છે.

રિએક્ટીન પ્લસ, એક શેડ્યુલ એચ દવાનો મુખ્ય મુદ્દો હતો. વાડકી વેરહાઉસના નિરીક્ષણ દરમિયાન, એફડીએને દવાના પેકેજિંગમાં તેને પીડાનાશક તરીકે વર્ણવતા અને માથાનો દુખાવો, સ્નાયુમાં દુખાવો, પીઠનો દુખાવો, સાંધાનો દુખાવો, મચકોડ, શરીરમાં દુખાવો અને દાંતના દુખાવા સહિતની સ્થિતિઓ માટે તેનો ઉપયોગ પ્રોત્સાહન આપતા દાવાઓ મળ્યા.

એફડીએએ એમ પણ કહ્યું હતું કે પેકેજિંગમાં માનવ આકૃતિ હતી અને દવાને સ્નાયુના દુખાવામાં રાહત આપતી દર્શાવવામાં આવી હતી. તેમાં જણાવાયું હતું કે પેકેજ પરના દાવાઓ, શબ્દો અને ચિત્રો લાગુ કાયદાકીય જોગવાઈઓનું પાલન કરતાં નથી અને ડ્રગ્સ એન્ડ કોસ્મેટિક્સ એક્ટ, ૧૯૪૦ હેઠળ ખોટી બ્રાન્ડિંગનો મુદ્દો બનાવે છે.

વિભાગે સ્ટોરેજ અને વેરહાઉસ મેનેજમેન્ટમાં ઘણી ખામીઓ પણ સૂચિબદ્ધ કરી. આમાં નિર્ધારિત ફોર્મ ૩૫ નિરીક્ષણ પુસ્તકનો અભાવ, અપૂરતા પેલેટ્સ અથવા રેક્સને કારણે દવાઓના બોક્સ સીધા ફ્લોર પર રાખવામાં આવ્યા હતા, દવાના સ્ટોક પર ધૂળનો સંચય અને સ્વચ્છતામાં ખામીઓનો સમાવેશ થાય છે. ■

# વર્લ્ડ કપ અને એશિયા કપ વિજેતા ભારત હવે એશિયન ગેમ્સનું પણ ચૅમ્પિયન

### ▸ અભિષેક, તિલક અને સ્પિનરોની કમાલથી ભારત ફરી સુવર્ણચંદ્રક જીત્યું: નવાઝના લડાયક ૯૬ રન છતાં પાકિસ્તાનના નસીબમાં સિલ્વર, શ્રીલંકાને મળ્યો બ્રૉન્ઝ

નિશીન: જાપાનની એશિયન ગેમ્સમાં શ્રેયસ ઐયરના સુકાનમાં ભારતીય ક્રિકેટરોએ ટી-૨૦ ટૂર્નામેન્ટની રોમાંચક ફાઈનલમાં પાકિસ્તાનને ૧૯ રનથી હરાવીને સતત બીજી વખત ગોલ્ડ મેડલ જીતી લીધો હતો. ભારત સામે પાકિસ્તાને ૨૧૨ રનના તોતિંગ લક્ષ્યાંકના જવાબમાં ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૯૨ રન બનાવ્યા હતા. ટી-૨૦નું વર્લ્ડ નંબર-વન ભારત ૨૦૨૬માં ટી-૨૦નો વર્લ્ડ કપ અને એ પહેલાં ૨૦૨૫માં એશિયા કપ જીત્યું હતું અને હવે એશિયન ગેમ્સમાં ફરી ગોલ્ડ મેડલ જીતી લીધો છે.

#### ખરેખર, રાષ્ટ્ર માટે આનંદનો અવસર: વડા પ્રધાન મોદી

વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે ગોલ્ડ મેડલ જીતનાર ભારતની મેન્સ હૉકી ટીમ ઉપરાંત પાકિસ્તાન સામે ફાઇનલ જીતનાર ક્રિકેટ ટીમને પણ સોશ્યલ મીડિયામાં અભિનંદન આપતા જણાવ્યું હતું કે 'વાહ, ગોલ્ડ મેડલ ફરી ભારત પાસે આવ્યો. ખરેખર, સમગ્ર ભારત માટે આ અનેરા આનંદનો અવસર છે.

#### અભિષેકની ૨૭ બૉલમાં સાત સિક્સર

૨૭ બૉલમાં ફટકારેલી સાત સિક્સર સહિત કુલ ૬૧ રન બનાવનાર ટી-૨૦ના વર્લ્ડ નંબર-વન બૅટ્સમૅન અભિષેક શર્મા અને ૧૦મી હાફ સેન્ચુરી ફટકારનાર વાઇસ-કૅપ્ટન તિલક વર્મા આ મૅચમાં ભારત માટે બૅટિંગના બે હીરો હતા. બે-બે વિકેટ લેનાર અક્ષર પટેલ અને વૉશિંગ્ટન સુંદરના પણ આ જીતમાં સૌથી મોટા યોગદાન હતા.

#### પાકિસ્તાનથી ભારત ૪-૩થી આગળ

પાકિસ્તાનને સિલ્વર મેડલ મળ્યો હતો, જ્યારે બાંગ્લાદેશને ૬૩ રનથી હરાવનાર શ્રીલંકાને બ્રૉન્ઝ મેડલ આપવામાં આવ્યો હતો. પાંચ કે વધુ દેશવાળી મોટી ટૂર્નામેન્ટની ફાઇનલ્સમાં ભારત હવે પાકિસ્તાનથી ૪-૩ના તફાવત સાથે આગળ થઈ ગયું છે. નિશીનમાં સ્પિનર્સને વધુ માફક આવે એવી સ્લો પિચ પર એક તબક્કે પાકિસ્તાને માનસિક દબાણને વશ થઈને માત્ર ૩૯ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. 'બાપુ' અક્ષર પટેલે એ ત્રણમાંથી બે વિકેટ લીધી હતી. તેની ચાર ઓવરમાં માત્ર ૨૯ રન બન્યા હતા.

#### સઈમની વિકેટ સાથે ટર્ન આવ્યો

૨૪ વર્ષીય મિડલ-ઑર્ડર રાઇટ હૅન્ડ બૅટ્સમૅન હસન નવાઝ (૯૬ રન, ૫૧ બૉલ, સાત છગ્ગા, પાંચ ચોગ્ગા) પાકિસ્તાની ટીમનો મુખ્ય બૅટ્સમૅન સાબિત થયો હતો. જોકે તે બીજી ટી-૨૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરી ચાર રન માટે ચૂકી ગયો હતો અને પાકિસ્તાનને જિતાડી નહોતો શક્યો. ૧૫મી ઓવરમાં સઇમ અયુબ (૨૯ રન) કુલ ૧૨૬ રનના સ્કોર પર આઉટ થયો એ સાથે બાજી ભારતના હાથમાં આવવા લાગી હતી, કારણકે નવાઝ-સઇમ વચ્ચેની ૮૭ રનની એ ભાગીદારી પછી ભારતીય સ્પિનર્સના દબાણને લીધે બીજી કોઈ મોટી પાર્ટનરશિપ નહોતી બની શકી.

#### વૈભવે ગેરસમજ કરી અને કૅચ પણ છોડ્યો

બે વિકેટ વૉશિંગ્ટન સુંદરને અને બે વિકેટ શિવમ દુબેને મળી હતી. કૅપ્ટન સાહિબઝાદા ફરહાન (૧૦ રન), ઓપનર માઝ સદાકત (૨૩ રન) અને વિકેટકીપર ઉસમાન ખાન (ત્રણ રન) વહેલાં પૅવિલિયન ભેગા થઈ ચૂક્યા હતા. તેમના ચોથા બૅટ્સમેન હસન નવાઝની વિકેટ ભારતને વહેલી મળી હોત, પરંતુ વૈભવ સૂર્યવંશીએ રવિ બિશ્નોઈ સાથેની ગેરસમજમાં હસન નવાઝ (જે ત્યારે ચાર રન પર હતો)નો કૅચ છોડ્યો હતો અને વૈભવના હાથમાં ઈજા થઈ હતી. ૧૦મી ઓવરને અંતે પાકિસ્તાનનો સ્કોર ત્રણ વિકેટે ૭૬ રન હતો.

#### ભારતીયોએ પાકિસ્તાનના છોતરા કાઢી નાખ્યા

એ પહેલાં, ભારતીય બૅટ્સમેનોએ પાકિસ્તાનના છોતરા કાઢી નાખ્યા. તેમને ૨૧૨ રનનો તોતિંગ લક્ષ્યાંક આપ્યો હતો. ભારતે પાકિસ્તાનના બોલર્સની ખબર લઈ નાખી હતી. ભારતે પ્રથમ બૅટિંગ લીધા પછી ૨૦ ઓવરમાં છ વિકેટે ૨૧૧ રન બનાવ્યા હતા.

ઓપનર અભિષેક શર્મા (૬૧ રન, ૨૮ બૉલ, સાત છગ્ગા, ત્રણ ચોગ્ગા) અને તિલક વર્મા (૫૧ અણનમ, ૨૨ બૉલ, ચાર છગ્ગા, ત્રણ ચોગ્ગા) આ ઇનિંગ્સના બે મોટા હીરો હતા. શિવમ દુબે (૨૭ રન, ૧૫ બૉલ, બે છગ્ગા, બે ચોગ્ગા) શરૂઆતમાં ધીમી બૅટિંગ કર્યા પછી થોડું ઝડપી રમ્યો હતો. કેપ્ટન શ્રેયસ ઐયર ( ૨૧ રન, ૨૪ બૉલ, બે ચોગ્ગા) અને ઈશાન કિશન (૨૦ રન, ૧૮ બૉલ, ત્રણ ચોગ્ગા)નું ભારતના ૨૧૧ રનમાં સાધારણ યોગદાન હતું. એ અગાઉ, વૈભવ સૂર્યવંશી (૧૫ રન, નવ બૉલ, બે છગ્ગા) અને અભિષેક શર્માએ એક પછી એક ધમાકા સાથે ટીમને રોમાંચક આરંભ અપાવ્યો હતો.

#### વૈભવની ફટકાબાજી ક્ષણજીવી

ઑફ સ્પિનર સઇમ અયુબની પહેલી ઓવરમાં ફક્ત ચાર રન બન્યા હતા. જોકે કેપ્ટન સાહિબઝાદા ફરહાને બીજી ઓવર ૨૧ વર્ષના નવા લેગ સ્પિનર સાદ મસૂદને આપવાની ભૂલ કરી હતી. મસૂદનો પહેલો બૉલ ડૉટ-બૉલ હતો, પરંતુ બીજા અને ત્રીજા બૉલમાં આઈપીએલ-૨૦૨૬ના સર્વોત્તમ સિક્સર સ્પેશિયાલિસ્ટ વૈભવે ઉપરાઉપરી બે છગ્ગા ફટકારીને પાકિસ્તાનીઓનો જુસ્સો તોડી નાખ્યો હતો. મસૂદ એ ઓવરમાં દિશા જ ભૂલી ગયો હતો. તેનો એક બૉલ સીધો પિચની જ બહાર પડ્યો હતો. પરિણામે, અમ્પાયરે એ બૉલને વાઇડને બદલે નો-બૉલ જાહેર કર્યો હતો. અભિષેકે એ જ ઓવરમાં એક છગ્ગા અને એક ચોગ્ગાની મદદથી ૧૦ રન બનાવ્યા હતા. જોકે સઈમ અયુબની પછીની ઓવરના પહેલા જ બૉલમાં વૈભવ રિવર્સ સ્વીપના પ્રયાસમાં વિકેટ ગુમાવી બેઠો હતો.

સઇમ અને બાકીના પાકિસ્તાનીઓએ જાણે જૅકપૉટ લાગી ગયો એવી રીતે સેલિબ્રેશન કર્યું હતું, પરંતુ અભિષેકે એ જ ઓવરના છેલ્લા ત્રણ બૉલમાં ૧૪ રન બનાવીને પાકિસ્તાનને તાબડતોબ વળતો જવાબ આપી દીધો હતો.

વૈભવની વિકેટ ત્રીજી ઓવરમાં પડી ત્યાર પછી સંજુ સૅમસન (બે રન) ચોથી ઓવરમાં આઉટ થયો હતો અને અભિષેક આઠમી ઓવરમાં લેફ્ટ આર્મ સ્પિનર અરાફત મિન્હાસના નીચા બાઉન્સમાં બિગ શૉટ મારવા જતાં વિકેટકીપર ઉસમાન ખાનને કૅચ આપી બેઠો હતો. ■



**વિનિંગ પરેડ:** શ્રેયસના સુકાનમાં ભારતીય ટીમે ગઈ કાલે પ્રેક્ષકોનું અભિવાદન ઝીલ્યું અને આયોજકોનો આભાર માન્યો હતો. (પીટીઆઇ)

## પહેલા ૧૦ દિવસમાં નિરાશા, છેલ્લા પાંચ દિવસમાં જલસા

### ▸ ભારત ૧૪ પરથી ૪ નંબર પર આવી ગયું: ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં પણ ભારત એ જ ક્રમે રહ્યું હતું

નાગોયા: આજે ક્લોઝિંગ સેરેમની સાથે પૂરી થઈ રહેલી જાપાન એશિયન ગેમ્સમાં ભારત ૨૧ ગોલ્ડ મેડલ, ૨૭ સિલ્વર મેડલ, ૩૭ બ્રૉન્ઝ મેડલ સહિત કુલ ૮૫ ચંદ્રક સાથે ચોથા નંબર પર આવી ગયું એ છેલ્લા પાંચ દિવસના ભારતીય સ્પર્ધકોના પરાક્રમનું પરિણામ છે. ૨૦૨૨ની પાછલી એશિયન ગેમ્સમાં ભારત ૨૮ ગોલ્ડ સહિત કુલ ૧૦૬ ચંદ્રક સાથે ચોથા નંબર પર રહ્યું હતું. જોકે ચીન ગઈ કાલે ૧૬૯ ગોલ્ડ સહિત કુલ ૩૪૧ મેડલ જીતીને ભારત સહિત તમામ એશિયન દેશોથી ઘણું આગળ હતું.

ભારત માટે ૧૯મી સપ્ટેમ્બરથી માંડીને ૨૮મી સપ્ટેમ્બર સુધીના પહેલા ૧૦ દિવસ મોટા ભાગે નિરાશાજનક હતા, પરંતુ છેલ્લા પાંચ દિવસમાં સંખ્યાબંધ મેડલ મળ્યા હતા. ખાસ કરીને શુક્રવાર, બીજી ઑક્ટોબર અને ગઈ કાલે ભારતે કુલ ૧૧ ગોલ્ડ મેડલ જીતીને મેડલ-ટેબલમાં ઊંચી છલાંગ લગાવી હતી.

અગાઉ શૂટર મનુ ભાકર મેડલ્સ જીતીને ભારતીય સ્પર્ધકોને પ્રોત્સાહિત કરતી હતી, પણ આ વખતે તે સદંતર નિષ્ફળ ગઈ એમ છતાં વિશેષ કરીને નિશાનબાજ નીરુ ઢાંડા બે ગોલ્ડ અને એક સિલ્વર જીતીને છવાઈ ગઈ હતી. ભારતને શૂટિંગ ઉપરાંત રેસલિંગ, વેઇટલિફ્ટિંગ, ઍથ્લેટિક્સ, બૉક્સિંગ, ક્રિકેટ અને હૉકીમાં મોટા ચંદ્રકો મળ્યા છે. ■

## ભારત પહેલી વખત એક જ એશિયન ગેમ્સમાં પુરુષ અને મહિલા હૉકીના ગોલ્ડ મેડલ જીત્યું!



**'ગોલ્ડન' ટ્રેન:** હૉકીનો કૅપ્ટન હરમનપ્રીત સિંહ અને ગોલ્ડ મેડલ સાથે તેની ચૅમ્પિયન ટીમના ખેલાડીઓ. ભારતે ફાઇનલમાં મલયેશિયાને ૫-૧થી હરાવ્યું. (પીટીઆઇ)

કકામિગહરા (જાપાન): ભારતે એશિયાના દેશો વચ્ચે રમાતી એશિયન ગેમ્સમાં મેન્સ અને વિમેન્સ, બન્નેમાં હૉકીનો ગોલ્ડ મેડલ જીતી લીધો હોય એવું પહેલી જ વખત બન્યું છે. શુક્રવારે સલિમા ટેટેના સુકાનમાં ભારતની મહિલા હૉકી ટીમે ચડિયાતા રૅન્કવાળા ચીનની ટીમને ફાઇનલમાં ૧-૦થી હરાવીને ૪૪ વર્ષે પહેલી વખત દેશને સુવર્ણચંદ્રક અપાવ્યો ત્યાર બાદ શનિવારે હરમનપ્રીત સિંહની કૅપ્ટન્સીમાં ભારતે મલયેશિયાને ૫-૧થી કચડીને સુવર્ણચંદ્રક પર કબજો કર્યો હતો. ભારતની મેન્સ હૉકી ટીમ ૧૯૬૬, ૧૯૯૮, ૨૦૧૪ અને ૨૦૨૨ પછી પાંચમી વખત ગોલ્ડ મેડલ જીતી છે.

વધુ ખુશીની વાત એ છે કે ભારતની મહિલા અને પુરુષ, બન્ને ટીમે એશિયાડનો ગોલ્ડ જીતીને ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સમાં સીધો પ્રવેશ મેળવ્યો છે. પહેલી જ વખત એવું બન્યું છે જેમાં એક જ એશિયન ગેમ્સમાં ભારતના પુરુષ અને મહિલા, બન્ને વર્ગની હૉકી ટીમ ચૅમ્પિયન બની છે. પુરુષોની હૉકીમાં સતત બે વખત ગોલ્ડ મેડલ જીતનાર પાકિસ્તાન પછી ભારત બીજો દેશ છે. હરમનપ્રીત સતત બે ગોલ્ડ જીતનાર ભારતનો પ્રથમ કૅપ્ટન છે.

શનિવારની મેન્સ ફાઇનલમાં હરમનપ્રીત સિંહે ૧૧મી મિનિટ અને ૫૭મી મિનિટ, એમ બે ગોલ કર્યા હતા. જુગરાજ સિંહે ૨૩મી મિનિટમાં, વાઇસ-કૅપ્ટન હાર્દિક સિંહે ૪૨મી મિનિટમાં અને શિલાનંદ લાકરાએ ૫૪મી મિનિટમાં ગોલ કર્યો હતો. આ પાંચ ગોલના ધમાકા સામે મલયેશિયા તરફથી માત્ર ૧૪મી મિનિટમાં શેલો સિલ્વેરિયસે ગોલ કર્યો હતો. એ સિવાય, ભારતે ડિફેન્સ એટલું બધુ મજબૂત રાખ્યું હતું કે મલયેશિયાના સ્ટ્રાઇકર્સ વધુ ગોલ કરી જ નહોતા શક્યા.

ભારતીય સુકાની હરમનપ્રીત ૧૨ ગોલ સાથે આ વખતના એશિયાડનો સર્વશ્રેષ્ઠ ગોલ-સ્કોરર બન્યો હતો. ભારતને શનિવારની મૅચમાં કુલ ૧૪ પેનલ્ટી કૉર્નર મળ્યા હતા, જ્યારે મલયેશિયન ટીમને ફક્ત બે કૉર્નર મળી શક્યા હતા. મનપ્રીત સિંહ ભારતનો પીઢ ખેલાડી છે અને તેણે ત્રીજી વખત ગોલ્ડ મેડલનું સેલિબ્રેશન કર્યું છે. તે ૨૦૧૪ તથા ૨૦૨૨ની એશિયન ગેમ્સમાં પણ હતો અને ત્યારે ભારત ચૅમ્પિયન બન્યું હતું. ■

## ગઈ કાલે ભારતને શેમાં મળ્યા ચંદ્રક?

(૧) મેન્સ ક્રિકેટમાં શ્રેયસ ઐયરના સુકાનમાં ટી-૨૦નો ગોલ્ડ મેડલ
(૨) મેન્સ હૉકીમાં હરમનપ્રીતની કૅપ્ટન્સીમાં ગોલ્ડ મેડલ
(૩) તીરંદાજીમાં મહિલા વ્યક્તિગત રિકર્વમાં કુમકુમ મોહોડે જીત્યો ગોલ્ડ મેડલ
(૪) ગૉલ્ફમાં પ્રણવી ઉર્સે જીતી લીધો ગોલ્ડ મેડલ
(૫) પુરુષોની ૫૭ કિલો વર્ગની ફ્રીસ્ટાઇલ કુસ્તીમાં અમન સેહરાવતે જીત્યો ગોલ્ડ
(૬) ગૉલ્ફમાં મહિલાઓની ટીમે જીતી લીધો સિલ્વર મેડલ
(૭) મહિલાઓની ૫૩ કિલો વર્ગની ફ્રીસ્ટાઇલ કુસ્તીમાં અંતિમ પંઘાલે જીત્યો સિલ્વર
(૮) તીરંદાજીની મેન્સ ઇન્ડિવિજ્યૂઅલ રિકર્વમાં નીરજ ચૌહાણે જીતી લીધો બ્રૉન્ઝ
(૯) પુરુષોની ૯૭ કિલો વર્ગની ફ્રીસ્ટાઇલ કુસ્તીમાં દીપક પુનિયાએ જીત્યો બ્રૉન્ઝ.

## મહિલા તીરંદાજીની સર્વોત્તમ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ સાથે ભારતના 'કુમકુમ પગલાં'

### ▸ મહારાષ્ટ્રની કુમકુમ મોહોડે દેશને રિકર્વ ઇન્ડિવિજ્યૂઅલનો સૌપ્રથમ સુવર્ણચંદ્રક અપાવીને રચ્યો ઈતિહાસ



નાગોયા: જાપાનની એશિયન ગેમ્સમાં ભારતની ૧૭ વર્ષીય કુમકુમ અનિલ મોહોડે નવો ઇતિહાસ રચ્યો છે. આ ટીનેજ ધનુર્ધરે મહિલાઓની તીરંદાજીમાં રિકર્વ વ્યક્તિગત વર્ગની હરીફાઈમાં ભારતને ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવ્યો છે. તે આ વખતની એશિયન ગેમ્સમાં ત્રણ મેડલ જીતીને સુપરસ્ટાર પર્ફોર્મર બની છે. તેણે ભારતને વ્યક્તિગત રિકર્વમાં ઑલિમ્પિક ક્વૉટા પણ અપાવ્યો છે.

૧૯૭૮માં આ વર્ગ (મહિલાઓની તીરંદાજીમાં રિકર્વ વ્યક્તિગત)ની હરીફાઈ શરૂ થઈ ત્યાર બાદ ભારતની કોઈપણ મહિલા તીરંદાજ આ વર્ગમાં એકેય મેડલ પણ નહોતી જીતી. જોકે મહારાષ્ટ્રના અમરાવતી શહેરની કુમકુમે ગોલ્ડ મેડલ જીતીને ભારત માટે શનિવારનો દિવસ સુવર્ણ દિન બનાવ્યો છે. શુક્રવારે કુમકુમે રિકર્વની ટીમ હરીફાઈમાં અંકિતા ભકત અને કીર્તિ શર્મા સાથે મળીને ભારતને ઐતિહાસિક ગોલ્ડ મેડલ અપાવ્યો હતો. એ ઉપરાંત, મિક્સ્ડ ઇવેન્ટમાં તેણે ધીરજ બોમ્માદેવરા સાથેની જોડીમાં દેશને સિલ્વર મેડલ અપાવ્યો હતો. એ રીતે કુમકુમે મેડલની ઐતિહાસિક હૅટ-ટ્રિક પણ કરી છે.

#### ૫-૫ની બરાબરી બાદ કુમકુમનો વિજય

વિમેન્સ રિકર્વ ઇન્ડિવિજયૂઅલ ઇવેન્ટમાં કુમકુમ અને સાઉથ કોરિયાની ઓહો યેજીન પાંચમા સેટને અંતે ૫-૫ની બરાબરીમાં રહી હતી. ગોલ્ડ મેડલ વિજેતા નક્કી કરવા માટે શૂટ-ઑફ રાખવામાં આવ્યું હતું. એમાં બંને સ્પર્ધકે પોતાના ધનુષ્ય બાણથી એક-એક વખત તીર છોડવાનું હતું. કોરિયાની યેજીનના આઠ નંબર પરના શૉટ સામે છેલ્લે કુમકુમે ૧૦ નંબરને અચૂક નિશાન બનાવ્યું હતું અને આ ફાઈનલ હરીફાઈ ૬-૫થી જીતી લીધી હતી.

#### 'ભારત માતા કી જય'થી સ્ટેડિયમ ગુંજી ઊઠ્યું

કુમકુમે ફાઇનલ જીતી લેતાં જ સ્ટૅન્ડમાં બેઠેલા ભારત-તરફી પ્રેક્ષકોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ'ના નારાથી કુમકુમની જીત વધાવી લીધી હતી. કુમકુમ આ રિકર્વ ઇવેન્ટની સેમિ ફાઇનલમાં પહોંચી ત્યારે જ તેણે ભારત માટે ૨૦૨૮ની લૉસ ઍન્જલસ ઑલિમ્પિક્સ માટે આ ઇવેન્ટમાં એન્ટ્રી (ઑલિમ્પિક ક્વૉટા) અપાવી દીધી હતી.

#### અગાઉ વર્લ્ડ ચેમ્પિયનને હરાવી હતી

કુમકુમે એ પહેલાં, સેમિ ફાઈનલમાં ચીનની ઝુ જિંગયીને ૬-૨થી પરાજિત કરીને ફાઈનલમાં ઐતિહાસિક પ્રવેશ મેળવ્યો હતો. કુમકુમે ક્વૉર્ટર ફાઈનલમાં સાઉથ કોરિયાની વર્લ્ડ અને ઑલિમ્પિક ચેમ્પિયન કાન્ગ ચેયન્ગને ૬-૪થી હરાવીને સનસનાટી મચાવી દીધી હતી.

#### ભારત ચોથા નંબર પર આવી ગયું!

(૧) ચીન: ૧૬૯ ગોલ્ડ, ૮૯ સિલ્વર, ૮૩ બ્રૉન્ઝ, કુલ ૩૪૧ (૨) જાપાન: ૮૩ ગોલ્ડ, ૯૫ સિલ્વર, ૯૧ બ્રૉન્ઝ, કુલ ૨૬૯ (૩) સાઉથ કોરિયા: ૩૯ ગોલ્ડ, ૪૩ સિલ્વર, ૬૮ બ્રૉન્ઝ, કુલ ૧૫૦ (૪) ભારત: ૨૧ ગોલ્ડ, ૨૭ સિલ્વર, ૩૭ બ્રૉન્ઝ, કુલ ૮૫ (૫) ઉઝબેકિસ્તાન: ૨૧ ગોલ્ડ, ૨૫ સિલ્વર, ૨૪ બ્રૉન્ઝ, કુલ ૭૦. ■

## શાઈ હોપે વાઈટવૉશ ન થવા દીધો

ન્યૂ ચંડીગઢ: વેસ્ટ ઇન્ડિઝે ગઈ કાલે અહીં ભારતને ત્રીજી અને આખરી વન-ડેમાં પાંચ વિકેટે હરાવીને પોતાનો ૦-૩થી વાઇટવૉશ રોક્યો હતો. ભારતે સાત વિકેટે ૩૫૧ રન બનાવ્યા ત્યાર બાદ કૅરિબિયનોએ કૅપ્ટન શાઇ હોપ (૧૬૨ અણનમ, ૧૪૩ બૉલ, ત્રણ છગ્ગા, સત્તર ચોગ્ગા)ની લડાયક સદીની મદદથી ૪૮.૨ ઓવરમાં ૫/૩૫૨ના સ્કોર સાથે વિજય મેળવી લીધો હતો. ભારતે સિરીઝ ૨-૧થી જીતી લીધી. આમિર જાંગુએ ૬૭ રન અને કીમો પૉલે ૪૪ રનનો ફાળો આપ્યો હતો. એ પહેલાં, ભારતની ઇનિંગ્સમાં રોહિત (૯૨ રન, ૮૫ બૉલ, ત્રણ છગ્ગા, દસ ચોગ્ગા) ૩૬મી સદી ચૂકી ગયો હતો, પણ રાહુલ (૧૨૯ અણનમ, ૮૭ બૉલ, છ છગ્ગા, દસ ચોગ્ગા) સેન્ચુરી ફટકારવામાં સફળ રહ્યો હતો.■

## ગૉલ્ફમાં ગોલ્ડ: ભારતને પ્રણવીએ અપાવી સિદ્ધિ



નાગોયા: કર્ણાટકની પ્રણવી ઉર્સ એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતનાર ભારતની પ્રથમ મહિલા ગૉલ્ફ ખેલાડી બની છે. તેણે ચાર રાઉન્ડની આ વ્યક્તિગત સ્પર્ધાના ચાર રાઉન્ડ ૧૫-અન્ડર ૨૬૫ના સ્કોર સાથે પૂરા કર્યા હતા અને પ્રથમ સ્થાન સાથે ચૅમ્પિયનપદ હાંસલ કર્યું હતું. ઑલિમ્પિયન અદિતી ૨૦૨૨ની ચીનની એશિયન ગેમ્સમાં સિલ્વર મેડલ જીતી હતી.

મૈસૂરની ૨૩ વર્ષની પ્રણવીએ ભૂતપૂર્વ વર્લ્ડ નંબર વન ચીનની યિન રૉનિંગને હરાવીને આ સિદ્ધિ મેળવી હતી. રૉનિંગ સિલ્વર મેડલ જીતી હતી. એ સાથે, એશિયન ગેમ્સ ગૉલ્ફમાં ગોલ્ડ મેડલ જીતવાના ભારતના ૨૪ વર્ષના ઇન્તેજારનો અંત આવ્યો હતો. ૨૦૦૨ની બુસાન એશિયન ગેમ્સમાં ભારતનો શિવ કપૂર મેન્સ ગૉલ્ફનો ગોલ્ડ મેડલ જીત્યો હતો.

પ્રણવીએ શનિવારે ભારતને ટીમનો સિલ્વર મેડલ પણ અપાવ્યો હતો. તેણે ૧૪-અન્ડર ૫૬૪ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીતવામાં મોટું યોગદાન આપ્યું હતું. ભારતની ટીમમાં પ્રણવી ઉપરાંત અદિતી અને દિક્ષા ડાગરનો સમાવેશ હતો. અદિતીના અંતિમ રાઉન્ડના ૬૭ અને દિક્ષાના ૭૭ના સ્કોર સાથે ભારતે ટીમ-સિલ્વર જીતી લીધો હતો. એકંદરે, ભારતનો સ્કોર ૧૪-અન્ડર ૫૪૬ હતો જે બીજા સ્થાને હોવાથી ભારતે સિલ્વર જીતી લીધો હતો. ચીન (૨૨-અન્ડર ૫૩૮) ટીમ-ગોલ્ડ જીત્યું હતું.

ગૉલ્ફની રમતને એશિયાડમાં ૧૯૮૨માં પ્રવેશ મળ્યો હતો અને ત્યારથી માંડીને અત્યાર સુધીમાં ભારત માટે આ વખતનો પર્ફોર્મન્સ સર્વશ્રેષ્ઠ છે. ■

## જય શાહના હસ્તે માર્ચમાં સૂર્યકુમારને ગોલ્ડન ટ્રૉફી અને હવે શ્રેયસને ગોલ્ડ મેડલ

દુબઈ/નિશીન: મેન્સ ટી-૨૦માં ભારત ઘણા સમયથી વર્લ્ડ નંબર-વન છે જ, પરંતુ ૨૦૨૬નું વર્ષ ભારત માટે ક્રિકેટના આ સૌથી ટૂંકા ફૉર્મેટમાં ખૂબ શુકનિયાળ સાબિત થયું, કારણકે બે મોટી ટૂર્નામેન્ટ ભારતીયોએ જીતી લીધી. માર્ચ, ૨૦૨૬માં સૂર્યકુમાર યાદવની કૅપ્ટન્સીમાં ભારતે ટી-૨૦નો આઇસીસી વર્લ્ડ કપ જીતી લીધો હતો. આઠમી માર્ચે અમદાવાદમાં ભારતે ફાઇનલમાં ન્યૂ ઝીલૅન્ડને ૯૬ રનથી પરાસ્ત કરીને ટ્રૉફી જીતી લીધી હતી અને ત્યારે આઇસીસી ચૅરમૅન જય શાહના શુભહસ્તે સૂર્યકુમાર યાદવ ઍન્ડ કંપનીને ટ્રૉફી એનાયત થઈ હતી.

શનિવારે ભારતે ઑલિમ્પિક્સના નેજા હેઠળ આવતી એશિયન ગેમ્સનો ટી-૨૦નો ગોલ્ડ મેડલ જીતી લીધો હતો અને ત્યારે પણ જય શાહ મુખ્ય અતિથિ હતા. તેઓ ગોલ્ડ મેડલ વિજેતા શ્રેયસ ઐયર અને તેની ટીમને મળ્યા હતા અને મેડલ સેરેમની દરમ્યાન તેમને શાબાશી તથા અભિનંદન આપ્યા હતા. ગયા વર્ષે મેન્સ એશિયા કપમાં ભારતે સૂર્યકુમારના નેતૃત્વમાં ચૅમ્પિયનપદ મેળવ્યું હતું, પરંતુ એશિયન ક્રિકેટ કાઉન્સિલના ચીફ પાકિસ્તાનના મોહસિન નકવીની બદમાશીને કારણે ભારતીય ટીમને ટ્રૉફી નહોતી મળી શકી. ■





વૈભવ સૂર્યવંશી જય શાહને પગે લાગ્યો હતો (ડાબે). જય શાહે ભારતીય ખેલાડીઓને મેડલ એનાયત કર્યા હતા. પાકિસ્તાનના નવાઝે ૯૬ રન પર વિકેટ ગુમાવતાં ગુસ્સામાં બૅટ ઉછાળ્યું હતું.



મુંબઈ સમાચાર
ક્લાસિફાઈડ ધમાકા

આપના ઉત્તમ પ્રતિસાદને ધ્યાનમાં લઈ હવે ૩૧મી માર્ચ, ૨૦૨૭ સુધી વિશેષ સ્કીમમાં ક્લાસિફાઇડ જાહેરાત નોંધાવો અને

વધારાની એક જાહેરાત મફત મેળવો

તેમજ ઉપરોક્ત મુદત દરમ્યાન બધી જ ક્લાસિફાઇડ ડિસ્પ્લે જાહેરાતો (કલર અથવા B/W) સ્કીમનાં સ્પેશિયલ ભાવ

રૂ. ૧૦૦/- પ્રતિ સ્કે. સે.મી. માં મેળવો

* ક્લાસિફાઇડ અને ક્લાસિફાઇડ ડિસ્પ્લે પર વધારાની મફત જાહેરાતની આ ઓફર લાગુ કરાશે.
* વધારાની મફત જાહેરાત કોઇપણ દિવસે છપાવી શકાશે.
* અન્ય બધા જ ભાવ અને નિયમો યથાવત રહેશે.

૧લી મે, ૨૦૧૩થી અમલમાં
ક્લાસિફાઈડ રેટ કાર્ડ
ડેઈલી અને વીકલી

ખાસ નોંધ: તમામ જાહેરખબરો નીચે દર્શાવેલ ભાવ અને શરતો પર સ્વીકારાશે

| | | |
|---|---|---|
| ગુજરાતી અને અંગ્રેજીમાં | રૂા. ૧૫૦ મિનિમમ (મિનિમમ ૧૦ શબ્દ) (મેકસીમમ ૧૦૦ શબ્દ) | રૂા. ૧૫.૦૦ શબ્દ દીઠ |
| સંપૂર્ણ બોલ્ડ | રૂા. ૨૦૦ મિનિમમ | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| સબ હેડિંગ (બોલ્ડ) | (મેકસીમમ ૪ શબ્દ) | રૂા. ૨૦.૦૦ શબ્દ દીઠ |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે B/W | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૨૦૦.૦૦ દર સ્કે. સે. મી. |
| ક્લાસિફાઈડ ડિસ્પ્લે Colour | (મિનિમમ ૨૧ સ્કે. સે.મી.) | રૂા. ૩૦૦.૦૦ દર સ્કે. સે.મી. |

ક્લાસિક બોનાન્ઝા સ્કીમ ક્લાસિફાઈડ અને ક્લાસિફાઈડ ડિસ્પ્લે માટે
૧લી મે, ૨૦૨૬ થી ૩૦મી એપ્રિલ, ૨૦૨૭ સુધી

સ્કીમ*

| ચુકવણી થયેલ જા.ખ. | સમય મર્યાદા |
|---|---|
| ૪ | ૩૦ દિવસ |
| ૭ | ૪૫ દિવસ |
| ૧૫ | ૭૫ દિવસ |
| ૨૩ | ૯૦ દિવસ |
| ૩૯ | ૧૬૫ દિવસ |
| ૫૭ | ૨૦૦ દિવસ |
| ૮૩ | ૨૩૦ દિવસ |
| ૧૨૨ | ૨૮૦ દિવસ |
| ૧૮૦ | ૩૮૫ દિવસ |
| ૩૭૦ | ૪૭૫ દિવસ |

* શરતો લાગુ

# મજબૂત ડૉલર અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ રહેતાં વૈશ્વિક સોના-ચાંદીમાં નરમાઈનો અન્ડરટોન

## સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સ, ટ્રેઝરીની યિલ્ડ અને ક્રૂડ તેલની વધઘટ પર સોના-ચાંદીની વધઘટ અવલંબિત

કોમોડિટી

રમેશ ગોહિલ

અમેરિકામાં ગત સપ્તાહે જાહેર થયેલા અમેરિકાના ઑગસ્ટ મહિનાના ફુગાવામાં બજારની અપેક્ષા કરતાં ઓછી વૃદ્ધિ થઈ હતી. તેમ જ સપ્તાહના અંતે જાહેર થયેલા સપ્ટેમ્બર મહિનાના રોજગારીનાં ડેટામાં બજારની અપેક્ષા કરતાં ઓછી રોજગાર વૃદ્ધિ થઈ હોવાનો નિર્દેશો હતો. આમ એકંદરે બન્ને આર્થિક ડેટા મિશ્ર આવ્યા હતા. જોકે, સપ્તાહ દરમિયાન એકંદરે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ રહી હોવાથી વિશ્વ બજારમાં સોના અને ચાંદી સહિતની કિંમતી ધાતુઓના ભાવ દબાણ હેઠળ રહ્યા હતા, જેમાં ખાસ કરીને સોનાના વૈશ્વિક ભાવમાં સાપ્તાહિક ધોરણે ૩.૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. જોકે, સપ્તાહના અંતે ખાસ કરીને અમેરિકાના રોજગારીના ડેટાની જાહેરાત પશ્ચાત્ ઑક્ટોબર મહિનાની નીતિવિષયક બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં ડૉલર ઈન્ડેક્સમાં વધ્યા મથાળેથી સાધારણ નરમાઈ જોવા મળી હતી, પરંતુ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ અથવા તો ઊપજ ઊંચી સપાટીએ રહેતાં સોના અને ચાંદીમાં પીછેહઠ જળવાઈ રહી હતી. તેમ જ વિશ્વ બજારને અનુસરતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સાપ્તાહિક ધોરણે ઘટાડો નોંધાયો હતો. જોકે, સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ગત સપ્તાહ દરમિયાન ડૉલર સામે રૂપિયો ૨૬ પૈસા નબળો પડીને ૯૬ની સપાટી કુદાવી ગયો હોવાથી સ્થાનિકમાં સોનાની આયાત પડતરો વધવાને કારણે વિશ્વ બજારની સરખામણીમાં સ્થાનિકમાં ભાવઘટાડો મર્યાદિત રહ્યો હતો.

ઈન્ડિયા બુલિયન ઍન્ડ જ્વેલર્સ એસોસિયેશનની આંકડાકીય માહિતી અનુસાર સ્થાનિકમાં ગત સપ્તાહના આરંભે હાજરમાં વેરારહિત ધોરણે સોનાના ૧૦ ગ્રામદીઠ ભાવ જે આગલા સપ્તાહના અંત અથવા તો ગત ૨૫મી સપ્ટેમ્બરના રૂ. ૧,૫૨,૧૧૩ના બંધ સામે નરમાઈના અન્ડરટોને રૂ. ૧,૪૮,૦૪૮ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૧,૪૭,૪૦૦ અને ઉપરમાં રૂ. ૧,૪૮,૬૮૭ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૨.૬૧ ટકા અથવા તો રૂ. ૩૯૭૫ના ઘટાડા સાથે રૂ. ૧,૪૮,૧૩૮ની સપાટીએ બંધ રહ્યા હતા. તેમ જ હાજરમાં વેરારહિત ધોરણે ૯૯૯ ટચ ચાંદીના કિલોદીઠ ભાવ આગલા સપ્તાહના અંતનાં રૂ. ૨,૩૨,૩૫૦ના બંધ સામે ઘટીને રૂ. ૨,૨૩,૧૯૨ની સપાટીએ ખૂલ્યા બાદ સપ્તાહ દરમિયાન નીચામાં રૂ. ૨,૨૦,૪૩૫ અને ઉપરમાં રૂ. ૨,૨૩,૧૯૨ની રેન્જમાં રહીને અંતે સાપ્તાહિક ધોરણે ૪.૯૫ ટકા અથવા તો રૂ. ૧૧,૫૨૧ના ઘટાડા સાથે રૂ. ૨,૨૦,૮૨૯ની સપાટીએ બંધ રહ્યા હતા. નોંધનીય બાબત એ છે કે ગત સપ્તાહે બીજી ઑક્ટોબરે ગાંધી જયંતીની જાહેર રજા હોવાથી કામકાજના ચાર જ સત્ર રહ્યા હતા. જોકે, ગત સપ્તાહે શ્રાદ્ધપક્ષ શરૂ થઈ ગયો હોવાથી રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. તેમ જ વધુ ભાવઘટાડાના આશાવાદે રોકાણકારો અને જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ મર્યાદિત રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

વૈશ્વિક સોનામાં ગત સપ્તાહે ૩.૪ ટકાનો અને ચાંદીના ભાવમાં ચાર ટકાથી વધુનો ઘટાડો થયો છે, જે કિંમતી ધાતુઓમાં સતત અસ્થિરતાને દર્શાવે છે. ગત સપ્તાહે રોકાણકારોની નજર અમેરિકી ફુગાવા અને તેની ફેડરલની નીતિ પરની અસરો પર રહ્યું હતું. એકંદરે ઑગસ્ટ મહિનાના અમેરિકાના ફુગાવાના ડેટા અપેક્ષા કરતાં નરમ આવ્યા હોવાથી ઑક્ટોબરમાં ફેડરલ રિઝર્વના દરમાં વધારાની શક્યતાઓ ઓછી થઈ છે. અગાઉ બજાર વર્તુળો જે ઑક્ટોબર મહિનામાં વ્યાજદરમાં વધારાની શક્યતા જે ૭૦ ટકા જોઈ રહ્યા હતા તે ઘટીને ૩૬ ટકા થઈ હતી. તેમ જ સપ્તાહના અંતે રોજગારીના ડેટા નબળા આવતા આ શક્યતા વધુ ઘટીને બાવીસ ટકા જેટલી થઈ ગઈ હતી. જોકે, બજાર વર્તુળો ડિસેમ્બરની બેઠકમાં વ્યાજદરમાં વધારાની શક્યતા ૮૯ ટકા જેટલી ઊંચી રાખી રહ્યા છે. સામાન્ય રીતે ઊંચા વ્યાજ દર સોના જેવી બિન-ઉપજાઉ અસ્ક્યામતોમાં રોકાણકારોનું આકર્ષણ ઘટાડે છે, જ્યારે મજબૂત યુએસ ડૉલરથી વિદેશી ખરીદદારો માટેની પડતર વધારતો હોવાથી માગ મર્યાદિત રાખે છે, એમ એસએમસી ઈન્વેસ્ટમેન્ટ્સ ઍન્ડ એડ્વાઈઝર્સનાં વિશ્લેષકે જણાવ્યું હતું. જોકે, સપ્તાહના અંતે અમેરિકાના સપ્ટેમ્બર મહિનાના રોજગારીના નોન ફાર્મ પે રૉલ ડેટામાં બજાર વર્તુળોનાં ૯૦,૦૦૦નાં ઉમેરાની તુલનામાં માત્ર ૨૯,૦૦૦ રોજગાર નિર્મિત થતાં ઑક્ટોબરમાં ફેડરલ રિઝર્વ વ્યાજદર વધારે તેવી શક્યતા વધુ નબળી પડી હોવાથી સોના-ચાંદીનાં ભાવમાં ઘટાડાનું દબાણ હળવું થતાં સુધારાતરફી વલણ જોવા મળે તેવી શક્યતા નકારી ન શકાય એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં ટેક્નિકલ દૃષ્ટિએ જોતા વૈશ્વિક સોનાને ઔંસદીઠ ૪,૧૪૦ ડૉલરની નજીક ટેકો મળી રહ્યો છે, જ્યારે પ્રતિકારક સપાટી ૪૫૦૦ ડૉલર આસપાસની રહી શકે છે. તેમ જ ચાંદીમાં સપ્તાહ દરમિયાન ભાવની રેન્જ ઔંસદીઠ ૫૫થી ૬૫ ડૉલર આસપાસની રહી શકે છે. જોકે, સ્થાનિક સ્તરે સોનાના ઓનલાઈન વાયદામાં ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૧,૪૬,૦૦૦થી ૧,૫૪,૦૦૦ની રેન્જમાં અને ચાંદીના વાયદામાં ભાવ કિલોદીઠ રૂ. ૨,૨૦,૦૦૦થી ૨,૩૫,૦૦૦ની રેન્જમાં રહેવાની ધારણા તેમણે વ્યક્ત કરતાં ઉમેર્યું હતું કે એકંદરે સપ્તાહ દરમિયાન ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડની વધઘટ ઉપરાંત ભૂરાજકીય મોરચે અમેરિકા-ઈરાન વચ્ચેના યુદ્ધવિરામની દરખાસ્તના અહેવાલો અને ક્રૂડ તેલના ભાવની વધઘટની પણ કિંમતી ધાતુઓના ભાવ પર અસર જોવા મળશે.

દરમિયાન ગત સપ્તાહના અંતે રોજગારીના ડેટા અપેક્ષા કરતાં નબળા આવ્યા હોવાથી ઑક્ટોબર મહિનાની બેઠકમાં ફેડરલ રિઝર્વ વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડવા છતાં અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ રહેતાં ન્યૂ યોર્ક મર્કન્ટાઈલ એક્સચેન્જના કૉમેક્સ વિભાગ પર હાજરમાં સોનાના ભાવ ૦.૯ ટકા ઘટીને ઔંસદીઠ ૪૧૪૦.૦૬ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ એક ટકો ઘટીને ૪૧૬૨.૩૦ ડૉલર આસપાસ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ૦.૮ ટકા ઘટીને ઔંસદીઠ ૬૦.૩૬ ડૉલર આસપાસ રહ્યા હતા. અમેરિકી ફેડરલ રિઝર્વનાં અધ્યક્ષ કેવિન વાર્શે તંગ નાણાનીતિના સંકેત આપ્યા હોવાથી સોનાના ભાવ દબાણ હેઠળ રહ્યા હોવાનું બાયબીટના વિશ્લેષક હૅન તૅને ઉમેર્યું હતું કે હવે રોજગારીના ડેટા પશ્ચાત્ ફેડરલના સભ્યો વ્યાજદરમાં વધારા અંગે કેવું મંતવ્ય આપે છે તેનાં પર રોકાણકારોની નજર રહેશે.

# વૈશ્વિક પડકારોના સમયમાં આરઓડીટીઈપી સ્કીમનું વિસ્તરણ નિકાસકારોને મદદરૂપ

નવી દિલ્હીઃ તાજેતરમાં સરકારે રેમિસન ઑફ ડ્યૂટીઝ ઍન્ડ ટેક્સિસ ઓન એક્સપોર્ટેડ પ્રોડક્ટ્સ (આરઓડીટીઈપી) સ્કીમને આગામી ૩૧મી ડિસેમ્બર સુધી વિસ્તારિત કરી હોવાથી હાલના વૈશ્વિક પડકારો અને સ્પર્ધાત્મક વાતાવરણમાં નિકાસકારોને મદદરૂપ થશે, એમ સીઆઈઆઈનાં સંજય બુધિયાએ આજે જણાવ્યું હતું.

નોંધનીય બાબત એ છે કે આ સ્કીમ વર્ષ ૨૦૨૧માં અમલી બનાવવામાં આવી હતી. જેમાં નિકાસકારોને પ્રોડક્ટનાં ઉત્પાદનથી લઈને વિતરણ સુધીની પ્રક્રિયા દરમિયાન ભરેલા ટેક્સ, ડ્યૂટી અને લેવીનું રિફંડ આપવામાં આવે છે. જોકે, આ વેરાનું કેન્દ્ર, રાજ્ય કે સ્થાનિક સ્તરેથી કોઈ વળતર ન મળ્યું હોવું જોઈએ. આ સ્કીમ હેઠળ ૦.૩થી ૩.૯ ટકા સુધીનું રિફંડ આપવામાં આવે છે.

સીઆઈઆઈની નિકાસ પરની રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ અને પેટ્રોન ઈન્ટરનેશનલનાં મેનેજિંગ ડિરેક્ટર સંજય બુધિયાએ જણાવ્યું હતું કે આ સ્કીમના વિસ્તરણથી વધુ નિશ્ચિતતાની ખાતરી મળશે, જેનાથી સ્પર્ધાત્મક નિકાસ ભાવ નક્કી કરી શકાશે અને લાંબાગાળાના કોન્ટ્રાક્ટ મેળવી શકાશે.

વાસ્તવમાં સરકારે નિકાસકારોને ટેકો આપવા માટે સ્કીમનું સમયસર વિસ્તરણ કર્યું હોવાથી નિકાસકારો હાલનાં વૈશ્વિક વેપાર સામેના પડકારોમાં સ્પર્ધાત્મકતા જાળવી શકશે. જોકે, ઉદ્યોગ વતી સીઆઈઆઈએ સરકારને આ સ્કીમની મુદતને ૩૦મી સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પૂરી થયા બાદ પાંચ વર્ષનાં લાંબા સમયગાળા સુધી લંબાવવાની ભલામણ કરી હતી અને નિકાસ સહાય માટે લાંબાગાળાની નીતિગત વ્યવસ્થાની સરકાર પાસે અપેક્ષા રાખવામાં આવી રહી હોવાનું તેમણે ઉમેર્યું હતું. પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર વર્તમાન નાણાકીય વર્ષમાં ગત એપ્રિલથી ઑગસ્ટ દરમિયાન દેશની નિકાસ ૧૭.૮૫ ટકા વધીને ૨૧૫.૯૧ અબજ ડૉલરના સ્તરે અને આયાત ૧૮.૨૧ ટકા વધીને ૩૬૩ અબજ ડૉલરનાં સ્તરે રહી છે. જોકે, સરકારે વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે ગૂડ્સ અને સર્વિસીસની નિકાસનો લક્ષ્યાંક ગત સાલના ૮૬૩ અબજ ડૉલર સામે એક ટ્રિલ્યન ડૉલરનો મૂક્યો છે.

### વર્ષ ૨૦૧૫ પછીનું સૌથી નબળું ચોમાસું

# ઈક્રાએ નાણાકીય વર્ષ ૨૭ માટેનો કૃષિ વૃદ્ધિનો અંદાજ ઘટાડ્યો

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૬માં દેશમાં નૈર્ઋત્યનાં ચોમાસામાં વરસાદ લાંબાગાળાની સરેરાશનાં ૮૭ ટકા જેટલો નોંધાયો હોવાથી વર્ષ ૨૦૧૫ પછીનું સૌથી નબળું ચોમાસું રહ્યું છે. આ સ્થિતિને ધ્યાનમાં લેતા અગ્રણી રેટિંગ એજન્સી ઈક્રાએ વર્તમાન નાણાકીય વર્ષ ૨૦૨૭ માટે કૃષિ, વનીકરણ અને મત્સ્યોદ્યોગ ક્ષેત્રની વૃદ્ધિનો અંદાજ જે ૧.૩ ટકા મૂક્યો હતો તે ઘટાડીને એક ટકો કર્યો છે.

તાજેતરમાં ઈક્રાએ બહાર પાડેલા ચોમાસા અંગેના અહેવાલમાં જણાવ્યું હતું કે અપૂરતા અને અનિયમિત વરસાદની અસર ખરીફ પાકના વાવેતર પર પહેલેથી જ જોવા મળી છે અને સપ્ટેમ્બરના અંત સુધીનું વાવેતરનું પ્રમાણ અગાઉના વર્ષની સરખામણીમાં ૧.૨ ટકા ઓછું રહ્યું છે. તેમ જ જળાશયોમાં પાણીના ઘટતા સ્તરને કારણે ખાસ કરીને દક્ષિણ અને ઉત્તર ભારતનાં કેટલાંક રાજ્યોમાં રવી પાક સામેની ચિંતામાં વધારો કર્યો છે. નબળા ચોમાસાની પાકનાં ઉત્પાદન અને ખેડૂતોની આવક પર થનારી સંભવિત માઠી અસર અંગે ઈક્રાએ સાવચેતીનું વલણ અપનાવતા ચેતવણી આપી હતી કે ખેડૂતોની ઓછી આવક નાણાકીય વર્ષનાં બીજા છમાસિકગાળાની ગ્રામીણ માગને ઘટાડી શકે છે અને ખાદ્ય ચીજોનાં ફુગાવામાં વધારો થવાનું જોખમ ઊભું કરી શકે છે.

આ વર્ષની ચોમાસાની મોસમ અલ નીનોની માઠી અસરથી પ્રભાવિત થતાં ગત જૂનથી સપ્ટેમ્બર દરમિયાન વરસાદ લાંબા સમયગાળાની સરેરાશનાં ૮૭ ટકા રહ્યો હતો. જેમાં લાંબા સમયગાળાની સરેરાશ સામે જૂન મહિનામાં વરસાદ ૯૦ ટકા, જુલાઈમાં ૧૦૩ ટકા, ઑગસ્ટમાં ૮૪ ટકા અને સપ્ટેમ્બરમાં ૯૩ ટકા વરસાદ થયો હતો.

વધુમાં આ મોસમમાં વરસાદનું વિતરણ પણ અસમાન રહ્યું હતું. પૂર્વ અને ઉત્તર પૂર્વ ક્ષેત્રમાં લાંબાગાળાની સરેરાશનો ૭૪ ટકા અને દક્ષિણ દ્વીપકલ્પમાં ૭૬ ટકા રહ્યો હતો, જે અછતની શ્રેણીમાં આવે છે. આ સિવાય ઉત્તર-પશ્ચિમ ભારતમાં ૯૪ ટકા અને મધ્ય ભારતમાં લાંબાગાળાની સરેરાશનો ૯૭ ટકા વરસાદ થયો છે.

પ્રાપ્ત આંકડાકીય માહિતી અનુસાર ગત સપ્ટેમ્બરના અંત સુધીમાં દેશમાં ખરીફ પાકનો વાવેતર વિસ્તાર ગત સાલના સમાનગાળાની તુલનામાં ૧.૨ ટકા ઘટીને ઐતિહાસિક સરેરાશ જેટલો ૧૧.૦૭ કરોડ હેક્ટર રહ્યો છે. જેમાં ડાંગરના વાવેતર વિસ્તારમાં ૩.૬ ટકાનો, કપાસના વાવેતરમાં એક ટકા જેટલો ઘટાડો થયો છે. જોકે, અમુક અંશે આ ઘટ કઠોળ અને જાડા ધાન્યનાં વાવેતર વિસ્તારમાં સરભર થઈ છે. તેમ છતાં દક્ષિણ અને મધ્ય ભારતનાં ઘણાં રાજ્યોમાં વાવેતર વિસ્તારમાં તીવ્ર ઘટાડો થયો છે. જેમાં આંધ્ર પ્રદેશમાં ૬.૧ ટકાનો, તેલંગણામાં ૪.૯ ટકાનો અને મહારાષ્ટ્રમાં વાવેતર વિસ્તારમાં ચાર ટકાનો ઘટાડો થયો હોવાનું ઈક્રાએ અહેવાલમાં જણાવતાં ઉમેર્યું હતું કે વરસાદના સમય અને વિતરણમાં જોવા મળેલી અસમાનતા પાકના ઉત્પાદન પર માઠી અસર કરી શકે છે. વાવેતર વિસ્તાર સામાન્ય સ્તરની નજીક હોવા છતાં પણ એકંદર ખરીફ ઉત્પાદન ઘટી શકે છે.

પાણીના સંગ્રહના નીચા સ્તરને કારણે ડાંગર અને ઘઉં જેવાં વધુ સિંચાઈની આવશ્યકતા ધરાવતા પાકોનાં રવી વાવેતર પર અસર પડી શકે છે. ભારતમાં રવી ડાંગરના કુલ વાવેતર વિસ્તારમાં દક્ષિણનાં રાજ્યોનો હિસ્સો લગભગ ૯૮ ટકા જેટલો અને જાડા ધાન્યના વાવેતર વિસ્તારમાં ૩૩ ટકા જેટલો હોય છે. જ્યારે પંજાબ અને રાજસ્થાન મળીને ઘઉંનાં વાવેતર વિસ્તારમાં અંદાજે ૩૧ ટકા હિસ્સો ધરાવે છે.

એજન્સીએ નાણાકીય વર્ષ ૨૦૨૭ માટેનાં કૃષિ, વનીકરણ અને મત્સ્ય ઉદ્યોગનાં ક્ષેત્રોમાં ગત વર્ષ ૨૦૨૬ની ૩.૩ ટકાની વૃદ્ધિની સરખામણીમાં ગ્રોસ વૅલ્યૂ ઍડેડ ધોરણે ૧.૩ ટકા વૃદ્ધિનો અંદાજ મૂક્યો હતો તે ઘટાડીને એક ટકા કર્યો છે.

# વિદેશી હૂંડિયામણની અનામત વધુ ૧૮.૩૪ અબજ ડૉલર ઘટી

મુંબઈઃ ગત ૨૫મી સપ્ટેમ્બરે પૂરા થયેલા સપ્તાહ દરમિયાન દેશની વિદેશી હૂંડિયામણની અનામત ૧૮.૩૪૩ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૪૭.૫૫૭ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાએ સાપ્તાહિક આંકડાકીય માહિતીમાં જણાવ્યું છે. નોંધનીય બાબત એ છે કે આ પૂર્વેના સપ્તાહે પણ અનામત ૧૪.૮૮૧ અબજ ડૉલરના ઘટાડા સાથે ૭૬૫.૯૦૧ અબજ ડૉલરની સપાટીએ રહી હતી.

નોંધનીય બાબત એ છે કે રિઝર્વ બૅન્ક ઑફ ઈન્ડિયાની સ્પેશિયલ કન્સેશનલ સ્વેપ સ્કીમ હેઠળ ૧૩૦ અબજ ડૉલર એકત્રિત થવાથી ગત ચોથી સપ્ટેમ્બરનાં રોજ પૂરા થયેલા સપ્તાહે દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામત વધીને ૭૮૫.૭૦૬ અબજ ડૉલરની ઐતિહાસિક ઊંચી સપાટીએ રહી હતી. જોકે, ત્યાર બાદ અમેરિકા અને ઈરાન વચ્ચેનો ભૂરાજકીય તણાવ વધવાથી ક્રૂડ તેલના ભાવમાં વધારો થવાથી સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં થતાં ધોવાણને ખાળવા માટે સમયાંતરે રિઝર્વ બૅન્કની ડૉલરમાં વેચવાલી રહેતાં અનામતમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

દરમિયાન સમીક્ષા હેઠળના સપ્તાહમાં દેશની કુલ વિદેશી હૂંડિયામણની અનામતમાં બહોળો હિસ્સો ધરાવતી વિદેશી ચલણી અસ્ક્યામતો ૧૫.૫૭ અબજ ડૉલરના ઘટાડા સાથે ૬૧૫.૪૧૧ અબજ ડૉલરના સ્તરે રહી હતી. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે વિદેશી ચલણી અસ્ક્યામતોમાં સપ્તાહ દરમિયાન ડૉલર ઉપરાંત યુરો, પાઉન્ડ અને યેન જેવાં અન્ય મહત્ત્વનાં ચલણો સામે રૂપિયામાં થયેલી વધઘટને પણ ધ્યાનમાં લેવામાં આવતી હોય છે.

વધુમાં સપ્તાહ દરમિયાન દેશની સોનાની અનામત ૨.૫૯૧ અબજ ડૉલર ઘટીને ૧૦૮.૭૦૧ અબજ ડૉલરનાં સ્તરે, ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેના સ્પેશિયલ ડ્રોઈંગ રાઈટ્સ ૯.૭ કરોડ ડૉલર ઘટીને ૧૮.૬૪૨ અબજ ડૉલર અને ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ સાથેની અનામતો પણ ૮.૬ કરોડ ડૉલર ઘટીને ૪.૮૦૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું રિઝર્વ બૅન્કે યાદીમાં ઉમેર્યું હતું.

# મથકો પાછળ મિડિયમ ગ્રેડમાં સુધારો

નવી મુંબઈઃ ઉત્તર પ્રદેશનાં મથકો પર ખાંડનાં ટેન્ડરોમાં મક્કમથી સુધારાતરફી વલણ અને મહારાષ્ટ્રનાં મથકો પર ભાવમાં સાંકડી વધઘટ જોવા મળી રહી હોવાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે હાજરમાં ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહેતાં ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારનો ઘટાડો અને ઉપલા મથાળેથી રૂ. ૧૦નો સુધારો આવતા મિશ્ર વલણ રહ્યું હતું, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૨૮થી ૪૦ વધી આવ્યા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, હાજરમાં આજે માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા સ્મોલ ગ્રેડની ખાંડમાં મિશ્ર વલણ રહ્યું હતું અને વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ચારના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૫૦૬થી ૪૫૯૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પાછળ ભાવમાં સુધારાતરફી વલણ રહેતાં વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૮ અને ઉપલા મથાળેથી રૂ. ૪૦ વધીને રૂ. ૪૬૨૦થી ૪૭૯૨માં થયાના અહેવાલ હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. પાંચના સુધારા સાથે રૂ. ૪૩૨૦થી ૪૩૭૦માં થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. પાંચના ઘટાડા અને ઉપલા મથાળેથી રૂ. ૨૫ના સુધારા સાથે રૂ. ૪૪૦૦થી ૪૪૮૦માં થયા હતા.

# ધાતુમાં પાંખાં કામકાજે મિશ્ર વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં આજે વૈશ્વિક અહેવાલોની ગેરહાજરી અને સપ્તાહના અંતને કારણે એકંદરે કામકાજો પાંખાં રહ્યા હતા અને ઔદ્યોગિક વપરાશકારો, સ્થાનિક ડીલરો અને સ્ટોકિસ્ટોની લે-વેચ અનુસાર ભાવમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું.

સૂત્રોના જણાવ્યાનુસાર આજે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૧૧ વધીને રૂ. ૫૩૩૪, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૦૫ અને બ્રાસ શીટ કટિંગ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને રૂ. ૯૯૫ના મથાળે રહ્યા હતા, જ્યારે વપરાશકાર ઉદ્યોગની છૂટીછવાઈ લેવાલીને ટેકે કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. એકના સાધારણ સુધારા સાથે રૂ. ૧૩૮૮ના મથાળે રહ્યાં હતાં.

જોકે, આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી ખપપૂરતી મર્યાદિત રહેતાં નિકલ અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ના ઘટાડા સાથે અનુક્રમે રૂ. ૧૫૭૨ અને રૂ. ૪૨૩ના મથાળે અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે

સંખ્યાઃ ડબ્લ્યુ/૬૨૩/૫/૧/એનઆઈટી
તારીખઃ ૦૧.૧૦.૨૦૨૬
ક્ર. સંખ્યાઃ ૧, ઈ-ટેન્ડરિંગઃ આરટીએમ-૨૦૨૬-૨૭-૯૯, કાર્યનું નામઃ નાગદા - ભોપાળ અને ઈન્દોર - દેવાસ - ઉજ્જૈન - ઈમ્પ્રુવમેન્ટ એન્ડ વાઈડનિંગ ઓફ સેશ વિથ અર્થ વર્ક - ૫૪.૦૪૫ ટી કિમી., અંદાજિત ખર્ચઃ રૂ. ૮,૯૮,૯૨,૫૭૪.૯૨, બાનાની રકમઃ રૂ. ૧૭,૯૭,૯૦૦.૦૦, ટેન્ડર ખૂલવાની તારીખઃ ૨૬.૧૦.૨૦૨૬. ટેન્ડરની સૂચના, શરત અને અન્ય વિગત વેબસાઈટઃ www.ireps.gov.in ઉપર ઉપલબ્ધ છે.
ADM/5/1/279
અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

# ખાદ્યતેલમાં સાંકડી વધઘટે ટકેલું વલણ

મુંબઈઃ શિકાગો ખાતે ગઈકાલે સોયાતેલના વાયદામાં ૧૩૦ સેન્ટનો સુધારો આવ્યો હોવાના ઓવરનાઈટ અહેવાલ છતાં આજે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં સપ્તાહના અંતને કારણે એકંદરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો નિરસ રહેતાં હાજરમાં ભાવ સાંકડી વધઘટે અથડાઈને ટકેલા રહ્યા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. આજે ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આરબીડી પામોલિનના રૂ. ૧૪૧૫, સોયા રિફાઈન્ડના નવેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૪૩૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૬૫૫, રિલાયન્સ રિટેલના નવેમ્બર અને ડિસેમ્બર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦ અને ઑક્ટોબર તથા નવેમ્બર ડિલિવરી શરતે સન રિફાઈન્ડના રૂ. ૧૬૨૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૪૨૧ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૧, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૪૦, મહેશ ઑઈલ રિફાઈનરીના સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૧૮, ગોલ્ડન એગ્રીના આરબીડી પામોલિના રૂ. ૧૪૫૦ અને ગોકુલ એગ્રોના આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૩૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ વેપાર છૂટાછવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૨૮,૦૦૦ ગૂણીની અને રાજકોટ મથકે ૧૨,૦૦૦ ગૂણી મગફળીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૨૫૦થી ૧૬૫૦માં થયા હતા. આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૪૫૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૪૫૦, સન રિફાઈન્ડના રૂ. ૧૭૦૦, સિંગતેલના રૂ. ૧૭૫૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૫૯૦ અને સરસવના રૂ. ૧૭૪૦ના મથાળે ટકેલા રહ્યા હતા.

# ચોમાસાના વિક્ષેપો વચ્ચે માગ વધુ છતાં કોલસાની કોઈ અછત નથીઃ રેડ્ડી

કોલકતાઃ દેશમાં ચોમાસાને કારણે કોલસાના ખનનમાં થતાં વિક્ષેપો અને હાઈડ્રોપાવરનું ઉત્પાદન પણ ઓછું થવાની સામે થર્મલ પાવર માટે માગ વધુ રહી હોવા છતાં દેશમાં કોલસાની કોઈ અછતની સ્થિતિ ન હોવાનું કેન્દ્રીય પ્રધાન જી કિશન રેડ્ડીએ તાજેતરમાં જણાવ્યું હતું.

અત્રે એસોચેમ દ્વારા આયોજિત એલ્યુમિનિયમ રોડ શૉ પશ્ચાત્ પત્રકાર વર્તુળોએ પાવર એકમોમાં કોલસાની અછત પ્રવર્તી રહી હોવાના અહેવાલો અંગે પૂછવામાં આવતા કેન્દ્રીય પ્રધાને જણાવ્યું હતું કે દેશમાં કોલસાની કોઈ અછત નથી અમે રેક અને રોડ માર્ગે પુરવઠો પૂરો પાડી રહ્યા છીએ.

વધુમાં તેમણે કહ્યું હતું કે હાઈડ્રોપાવર તરફથી ઉત્પાદનમાં ઘટાડો થવાથી થર્મલ પાવરની માગમાં ૧૨થી ૧૫ ટકાનો વધારો થયો છે અને ચોમાસાને કારણે ખનન પ્રવૃત્તિ વિક્ષેપિત થવા છતાં એકંદરે કોલસાની કોઈ અછત નથી સર્જાઈ, હા કામચલાઉ ધોરણે જો પુરવઠો વિક્ષેપિત થયો હોય તો તમે તેને અછત ન ગણી શકો.

એકંદરે પરિસ્થિતિ રાબેતા મુજબ જળવાયેલી છે અને ચિંતાનું કોઈ કારણ ન હોવાનું તેમણે ઉમેર્યું હતું.

પશ્ચિમ રેલવે - દાહોદ

ટેન્ડર નંબરઃ
M247GLRSITCAC262726
તારીખઃ ૦૧.૧૦.૨૦૨૬
કામનું નામઃ ઈલેક્ટ્રિક લોકોમોટિવમાં ઍરકન્ડિશનરની સ્થાપના, પરીક્ષણ અને કમીશનિંગ જેમાં ટ્રફ વ્યવસ્થા અને ડમી પ્લેટની આપૂર્તી અને ફિટમેન્ટ સામેલ છે. સ્થાનઃ મુ.કા.પ્ર. / દાહોદ પ. રેલવે કાર્યાલય. કાર્યનો અંદાજિત ખર્ચઃ રૂ. ૨,૦૨,૭૭,૯૨૦/-. અર્નેસ્ટ મનીઃ રૂ. ૪,૦૫,૬૦૦/-. ટેન્ડર જમા કરવાની અને ખોલવાની તારીખ અને સમયઃ ઈ-ટેન્ડર જમા કરવાની નિયત તારીખ અને સમય ૨૩.૧૦.૨૦૨૬ના ૧૪.૩૦ વાગ્યા સુધી. ઈ-ટેન્ડર એજ દિવસે ૧૫.૦૦ કલાકે ખોલવામાં આવશે. ટેન્ડર સૂચના અને પ્રપત્ર ઉપલબ્ધતાઃ www.ireps.gov.in / E-Tenders / Works / IR / Electrical. ADM/17/1/277
અમને ફોલો કરો : twitter.com/WesternRly

# તમારા ઘરે આવતું દૂધ તમારા પરિવાર માટે યોગ્ય છે?

krishndev DAIRY FARM

**એક સમય હતો જ્યારે દૂધ વિશે લોકો ગાયનું છે કે ભેંસનું એટલું જ પૂછતા, પરંતુ આજે દૂધ ખરીદતાં પહેલાં ગાયની જાતિથી લઈને પેકિંગ સુધી બધું જાણવા માગે છે અને આ બદલાવ લાવ્યું છે ગીરની ગાયનું શુદ્ધ A-2 દૂધ અને ૧૦૦% શુદ્ધ ઘી**






સવારે ઘરમાં સૌથી પહેલાં શું જાગે છે? ઘડિયાળ? ના, મોબાઇલ? ના, પણ રસોડું? હા.

ચા માટે દૂધ ગરમ થાય છે. બાળકોના નાસ્તા સાથે દૂધનો ગ્લાસ તૈયાર થાય છે. કોઇ કોફી બનાવે છે, કોઇ ઓટ્સમાં દૂધ ઉમેરે છે તો કોઇ પ્રોટીન શેકમાં દિવસની શરૂઆતથી લઇને રાતના હળદરવાળા દૂધ સુધી, એ આપણા જીવનનો એવો ભાગ છે કે જેના વિના દિવસ અધૂરો લાગે.

પરંતુ થોડાં વર્ષોથી એક રસપ્રદ પરિવર્તન જોવા મળી રહ્યું છે.

લોકો હવે માત્ર દૂધ ખરીદતા નથી. લોકો દૂધ વિશે પૂછવા લાગ્યા છે. આ દૂધ ક્યાંથી આવે છે? ગાય કઇ જાતિની છે? એને શું ખવડાવવામાં આવે છે? દૂધ કેવી રીતે પહોંચે છે?

અને સૌથી મહત્ત્વનો સવાલ...

- **શું આ દૂધ મારા પરિવાર માટે યોગ્ય છે?**

આ સવાલો પહેલાં બહુ ઓછા પુછાતા હતા, કારણ કે એક સમય એવો હતો જયારે દૂધ સાથે વિશ્વાસ પણ ઘેર આવતો હતો.

ગામડામાં કે શહેરના જૂના વિસ્તારોમાં દૂધવાળો ઓળખીતો માણસ હતો. ગાયો ક્યાં છે, કેવી રીતે રાખવામાં આવે છે. એ બધું લોકો જાણતા હતા. દૂધ માત્ર વસ્તુ નહોતું, એક સંબંધ હતો.

આજે દુનિયા બદલાઇ ગઇ છે. જીવન ઝડપભર્યું બન્યું છે અને બજારમાં વિકલ્પો વધ્યા છે.

અને કદાચ એટલા માટે જ લોકો ફરીથી મૂળ તરફ નજર કરી રહ્યા છે.

છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશી ગીર ગાય અને A-2 દૂધ વિશેની ચર્ચા વધી છે. સ્વાસ્થ્ય પ્રત્યે સજાગ પરિવારોમાં આ વિષય ઇન્ટરેસ્ટિંગ કેન્દ્ર બન્યો છે. ઘણા લોકો એવું માને છે કે દેશી ગીર ગાયનું A-2 દૂધ તેમના પરિવાર માટે વધુ કુદરતી વિકલ્પ બની શકે છે.

પરંતુ ખરેખર વાત માત્ર A-2 સુધી મર્યાદિત નથી, વાસ્તવિક પ્રશ્ન એ છે કે દૂધ પાછળની આખી પ્રક્રિયા કેટલી પારદર્શક છે?

એક ગ્લાસ દૂધ સુધી પહોંચવા પાછળ કેટલી કાળજી લેવામાં આવે છે? આજે જાગૃત ગ્રાહકો માત્ર દૂધ નથી જોતા તેઓ ગાયની સંભાળ જુએ છે. ખોરાક જુએ છે. દૂધ દોહનની પદ્ધતિ જુએ છે. સંગ્રહની વ્યવસ્થા જુએ છે.

ટૂંકમાં કહીએ તો તેઓ માત્ર ઉત્પાદન નથી ખરીદતા તેઓ વિશ્વાસ ખરીદે છે.

કદાચ આ જ કારણ છે કે છેલ્લા થોડા સમયથી કાચની બોટલમાં મળતું દૂધ ફરી ચર્ચામાં આવ્યું છે. કાચની બોટલનું આકર્ષણ માત્ર દેખાવ પૂરતું નથી. તે એક સંદેશ આપે છે એક એવી પ્રક્રિયાનો સંદેશ, જેમાં દૂધને માત્ર વસ્તુ નહીં, પરંતુ જવાબદારી તરીકે જોવામાં આવે છે.

અને અહીં જ મનોરમાં આવેલા ક્રિષ્ણદેવ ડેરી ફાર્મે A-2 દૂધ અને ઘી માટે પોતાની એક વિશ્વસનીય ઓળખ બનાવી છે. આ ડેરી ફાર્મે ગીર ગાયના A-2 દૂધ અને શુદ્ધ ઘીને કેન્દ્રમાં રાખીને એવી વ્યવસ્થા ઊભી કરી છે જેમાં ઉત્પાદન કરતાં વધુ ગુણવત્તા અને વિશ્વાસ પર વધુ ભાર મૂકવામાં આવ્યો છે.

ગાયોની સંભાળથી લઇને દૂધ ગ્રાહક સુધી પહોંચે ત્યાં સુધીની દરેક કડીને મહત્ત્વ આપવામાં આવે છે. અહીં ગાયોની માવજાત અને તંદુરસ્તીનું ખાસ ધ્યાન રાખવામાં આવે છે. દોહનની પ્રક્રિયા વખતે બાહ્ય ઇન્જેકશન નથી આપવામાં આવતાં. એ સંપૂર્ણપણે કુદરતી રીતે કરવામાં આવે છે અને ખાસ કરીને વાછરડાં પ્રેમથી ધરાઇને દૂધ પી લે પછી જ એમનું દોહન કરવામાં આવે છે. આ તમામ લાક્ષણિકતાઓને લીધે ગીર ગાયનાં દોહેલાં દૂધ અને એમાંથી બનેલાં દહીં, માખણ, છાશ અને ઘીમાં માનવીનાં તન અને મનને પુષ્ટ કરવાની શક્તિઓનો ભંડાર છે. અહીં ગાયો જેટલું જ ધ્યાન ઉત્પાદનનાં પેકિંગ પર આપવામાં આવે છે. પ્રિઝર્વેશન કે પાશ્ચરાઇઝેશન વિના કાચની બોટલ્સમાં એનું પેકિંગ કરવામાં આવે છે જેના લીધે સામાન્ય તાપમાનમાં પણ પાંચથી છ કલાક સુધી દૂધ બગડતું નથી. એ જ રીતે અહીંનું ઘી પણ કેમિકલના ઉપયોગ વગર ૧૦૦ ટકા શુદ્ધ રીતે તૈયાર થાય છે.

- **જાગૃત ગ્રાહકો**

રસપ્રદ વાત એ છે કે અહીં આવતા ઘણા ગ્રાહકો દૂધ ખરીદવા પહેલાં ભાવ વિશે પૂછતા નથી. તેઓ પૂછે છે... ગાયો ક્યાં રાખવામાં આવે છે? દૂધ કેટલી વાર મળે છે? ઘી કેવી રીતે બનાવવામાં આવે છે? અને કદાચ આજના સમયમાં આ જ સૌથી મોટો બદલાવ છે.

આપણે જે ખાઇએ છીએ અને પીએ છીએ એના વિશે જાણવાની ઇચ્છા, કેમ કે આખરે વાત માત્ર દૂધની નથી. વાત ઘરના સૌથી નાના બાળકની છે. વાત વૃદ્ધ માતા-પિતાની છે. વાત રસોડાની છે. વાત વિશ્વાસની છે અને જ્યારે વાત વિશ્વાસની હોય ત્યારે પસંદગી માત્ર ખરીદી નથી રહેતી એ જીવનશૈલી બની જાય છે.

- **A-2 દૂધને લઇને ચર્ચા શા માટે વધી રહી છે?**

છેલ્લાં કેટલાંક વર્ષોમાં A-2 દૂધ પ્રત્યે લોકોનો રસ વધ્યો છે. એનું મુખ્ય કારણ દૂધમાં રહેલા A-2 બીટા કેસીન પ્રોટીનને માનવામાં આવે છે. ગીરની ભારતીય દેશી ગાયોની પ્રજાતિમાં A-2 પ્રકારનું પ્રોટીન જોવા મળે છે.

ન્યુટ્રીશનિસ્ટોના મતે દૂધમાં રહેલું પ્રોટીન, કેલ્શિયમ, ફોસ્ફરસ, પોટેશિયમ અને વિવિધ વિટામિન્સ શરીરના વિકાસ અને તંદુરસ્તી માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ખાસ કરીને વધતી ઉંમરનાં બાળકો માટે હાડકાં અને દાંતના વિકાસમાં દૂધનું મહત્ત્વ રહેલું છે.

કેટલાક અભ્યાસો સૂચવે છે કે A-2 પ્રકારનું પ્રોટીન કેટલાક લોકોમાં વધુ સરળતાથી પચી શકે છે. આ કારણસર ઘણા પરિવારો A-2 દૂધને પોતાના રોજિંદા આહારમાં સામેલ કરી રહ્યા છે. સામાન્ય રીતે મળતું દૂધ A-2ની સરખામણીમાં પચવામાં થોડું ભારે હોય છે.

- **બાળકો માટે A-2 દૂધનું મહત્ત્વ**

ગર્ભવતી મહિલાઓમાં પૂરક આહાર અને માતાનાં દૂધ પછી દ્વિતીય સ્તરે સંપૂર્ણ સર્વાંગી વિકાસમાં મદદરૂપ A-2 દૂધ બાળકો માટે ઉત્તમ વિકલ્પ માનવામાં આવે છે. કારણકે એમાં માત્ર A-2 બીટા કેસિન પ્રોટીન હોય છે જે સામાન્ય દૂધની સરખામણીએ વધુ સરળતાથી પચી શકે છે. બાળકોની વિકસતી પાચનશક્તિ માટે આ પ્રોટીનનું બંધારણ વધુ અનુકૂળ હોવાથી પેટમાં દુખાવો, ગેસ અથવા પેટ ફૂલવાની સમસ્યા ઓછી અનુભવાઇ શકે છે. A-2 દૂધમાં રહેલું કેલ્શિયમ અને વિટામિન-ડી બાળકોના હાડકાં અને દાંતને મજબૂત બનાવવામાં મદદરૂપ બને છે. ઉપરાંત એમાં રહેલા ઓમેગા-૩ ફેટી એસિડસ મગજના વિકાસ, એકાગ્રતા અને યાદશક્તિને પ્રોત્સાહન આપે છે. વિટામિન્સ અને ખનિજ તત્ત્વોથી સમૃદ્ધ A-2 દૂધ શરીરની રોગપ્રતિકારકશક્તિને મજબૂત બનાવવામાં તેમ જ આંતરડાના સ્વાસ્થ્યને જાળવવામાં પણ મદદરૂપ બને છે. એથી બાળકોના સર્વાંગી વિકાસ માટે A-2 દૂધને પૌષ્ટિક અને ઉપયોગી આહારનો એક મહત્ત્વપૂર્ણ ભાગ માનવામાં આવે છે.

- **રોગપ્રતિકારકશક્તિ વધારે છે**

છેલ્લાં ૩૦ વર્ષમાં ભારતભરમાં દેશી ગાયનાં દૂધ અને ઘીનો વપરાશ અત્યંત ઓછો થઇ ગયો છે અને આ જ ૩૦ વર્ષના સમયગાળામાં કેન્સર અને હાર્ટ-ડિસીઝ જેવા રોગોનું પ્રમાણ વધી રહ્યું છે. આ બાબતો શું દર્શાવે છે? ઓમેગા-૩ ફેટી એસિડ્સ કેન્સર ક્યોર કરે છે અને આપણું ગીર ગાયનું A-2 દૂધ અને એમાંથી વિશિષ્ટ પ્રકારે બનતા ૧૦૦ ટકા શુદ્ધ ઘીમાં રોગ સામે લડવાની તાકાત છે. કીમોથેરપીથી થનારા અલ્સરમાં ટ્રીટમેન્ટ દરમ્યાન માથામાં કે પગનાં તળિયામાં આ ઘીની માલિશ કરવાથી શરીરની વધતી ગરમીમાં રાહત પહોંચે છે. નાભિમાં પણ આ ઘી મૂકીને દરદીને ઠંડક આપી શકાય છે.

A-2 દૂધ વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારે છે. આયુર્વેદની દૃષ્ટિએ પણ એ ઔષધી તરીકે એકસાથે અનેક સમસ્યાઓનો ઉકેલ છે.

- **માતાઓ આજે શું શોધી રહી છે?**

આજની માતાઓ માત્ર દૂધ ખરીદતી નથી, પરંતુ દૂધ પાછળની સમગ્ર પ્રક્રિયા જાણવા માગે છે. ગાયની જાતિ, એનો ખોરાક, દોહનની પદ્ધતિ, દૂધનું સંગ્રહ અને પેકિંગ જેવી બાબતો હવે ખરીદીના નિર્ણયનો ભાગ બની રહી છે અને માટે જ A-2 દૂધ અંગેની ચર્ચા માત્ર પોષણ સુધી મર્યાદિત નથી, એ ગુણવત્તા, વિશ્વાસ અને જાગૃત પસંદગીની ચર્ચા પણ છે.

## કિંમત અને ઉપલબ્ધતા

**A-2 ગીર ગાયનું દૂધ**

- ૧ લીટર કાચની બોટલ ₹ ૨૩૦
- શુદ્ધ ઘી ૧ કિલો : ₹ ૫૦૦૦
- ૫૦૦ ગ્રામ : ₹ ૨૫૦૦

## કૃષ્ણદેવ ડેરી ફાર્મ

મનોરસ્થિત અલખ ગીર ગૌશાળા, ક્રિષ્ણદેવ ડેરી ફાર્મ ગીર ગાયનાં A-2 દૂધ અને શુદ્ધ ઘી માટે જાણીતું નામ છે. કાચની સીલપેક બોટલમાં ઉપલબ્ધ દૂધ, ગુણવત્તા પ્રત્યેની પ્રતિબદ્ધતા અને ગાયોની સંભાળ કેન્દ્રિત અભિગમને કારણે એ અનેક પરિવારોમાં વિશ્વાસનું સ્થાન મેળવી રહ્યું છે.

## શા માટે વધી રહ્યો છે A-2 દૂધ અને ઘી તરફનો ઝુકાવ?

- પાચનશક્તિમાં સુધારો કરે છે.
- A-2 બીટા કેસિન પ્રોટીન ધરાવતી ગીર ગાયના દૂધમાંથી બનતું હોવાથી ઘણા લોકોને એ વધુ સરળતાથી પચી જાય છે.
- શરીરની રોગપ્રતિકારક શક્તિ મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે.
- ઓમેગા-૩ ફેટી એસિડ અને એન્ટિ ઓક્સિડન્ટ્સથી ભરપૂર હોવાથી હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક માનવામાં આવે છે.
- મગજની કાર્યક્ષમતા યાદશક્તિ અને એકાગ્રતા વધારવામાં સહાયક બને છે.
- હાડકાં અને દાંતને મજબૂત બનાવવા માટે જરૂરી ફેટ સોલ્યુબલ વિટામિન્સ A,D, E અને K પૂરાં પાડે છે.
- શરીરમાં સોજા (Inflammation) ઘટાડવામાં મદદરૂપ થઇ શકે છે.
- ત્વચાને કુદરતી તેજ આપે છે અને ત્વચાનું પોષણ જાળવે છે.
- ઊર્જાના ઉત્તમ સ્રોત હોવાથી થાક અને નબળાઇ દૂર કરવામાં મદદ કરે છે.
- આયુર્વેદ અનુસાર વાત અને પિત્ત દોષને સંતુલિત કરવામાં મદદરૂપ માનવામાં આવે છે.
- આંતરડાંના સ્વાસ્થ્ય માટે લાભદાયી બ્યુટિરિક એસિડ ધરાવે છે, જે ગટ હેલ્થને સપોર્ટ કરે છે.
- ગર્ભવતી મહિલાઓ, બાળકો અને વૃદ્ધો માટે પોષક તત્ત્વોથી ભરપૂર આહાર તરીકે ઉપયોગી ગણાય છે.

**વધુ વિગતો અને ઓર્ડર કરવા માટે સંપર્ક કરો : 8652500001 /8652500009. krishndevdairyfarm.com**


વાકોડે આત્મહત્યા કેસ

## પ્રદીપ પૂર્ણેકરની હત્યાના કેસની તપાસ સીબીઆઇને સોંપવાની પરિવારની માગણી

થાણેઃ થાણેમાં શિવસેના (યુબીટી)ના નેતા પ્રદીપ પૂર્ણેકરની થયેલી હત્યાના મામલામાં સ્થાનિક રાજકારણીઓની દખલગીરીના ભયને લઇ તેમના પરિવારજનોએ આ કેસની તપાસ સેન્ટ્રલ બ્યૂરો ઓફ ઇનવેસ્ટિગેશન (સીબીઆઇ)ને સોંપવાની માગણી કરી છે. પૂર્ણેકરનો પરિવાર શુક્રવારે વિધાનસભ્યો સંજય કેળકર અને વિધાન પરિષદના સભ્ય નિરંજન ડાવખરે સહિત ભાજપના નેતાઓને મળ્યો હતો અને આ કેસની તપાસમાં રાજકીય દબાણ નહીં આવે તેની ખાતરી રાખવા માટે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ સાથે તાત્કાલિક મુલાકાત કરાવી આપવાની વિનંતી કરી હતી.

પૂર્ણેકરની પત્ની અને પુત્રએ મીડિયા સાથે બોલતાં જણાવ્યું હતું કે હત્યારાઓને ફાંસીની સજા થવી જોઇએ અને જો તેઓ કોઇ રાજકીય અથવા વિધિસર હોદ્દો ધરાવતા હોય તો તુરંત તેમની પાસેથી તે કાઢી લેવું જોઇએ. આ કેસ સીબીઆઇએ હાથમાં લેવો જોઇએ અને હુમલા પાછળનું ઘેરું કાવતરું બહાર લાવવું જોઇએ.

પૂર્ણેકર ઠાકરે જૂથના થાણેના વિભાગ પ્રમુખ હતા. ૨૯ સપ્ટેમ્બરે કાપુરબાવડી પોલીસ સ્ટેશનની હદમાં પક્ષના કાર્યાલયની બહાર તેમના પર ગોળીબાર કરવામાં આવ્યો હતો અને શસ્ત્રના ઘા પણ ઝીંકાયા હતા. ગંભીર રીતે ઘવાયેલા પૂર્ણેકરને તાત્કાલિક હોસ્પિટલમાં લઇ જવાયા હતા, જ્યાં તેમનું સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. પોલીસે પૂર્ણેકરની હત્યાના કેસમાં ત્રણ આરોપીની ધરપકડ કરી હતી, જ્યારે બે ફરાર આરોપીની શોધ ચલાવવામાં આવી રહી છે. તપાસ દરમિયાન જાણવા મળ્યું હતું કે પૂર્ણેકરના નિવાસસ્થાનની નજીક ફૂડ સ્ટોલ ધરાવતા આરોપી નિખિલ યાદવે જ પૂર્ણેકરના કાર્યક્રમ, હિલચાલ અને તેમના અવરજવરના માર્ગો પર નજર રાખી હતી. પોલીસે આ કેસમાં પૂર્ણેકરના નજીકના પરિચિત પપ્પુ શિંદેની પણ ધરપકડ કરી હતી, જે હુમલા સમયે પૂર્ણેકરની ઓફિસમાં હાજર હતો. યાદવે શસ્ત્રો ચલાવવાની તાલીમ ક્યાં મેળવી, શસ્ત્રો કોણે પૂરાં પાડ્યાં અને શું હત્યા માટે નાણાં ચૂકવવામાં આવ્યાં હતાં, તેની ક્રાઇમ બ્રાન્ચ તપાસ કરી રહી છે, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)■

## પ્રોફેસર દુલ્લાની પોલીસ દ્વારા ૧૦ કલાક સુધી પૂછપરછ

મુંબઈઃ ૨૨ વર્ષના વિદ્યાર્થી સાહિલ વાકોડેની આત્મહત્યાના કેસમાં મુંબઈ પોલીસે ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી બોમ્બેના પ્રોફેસર સૂર્યનારાયણ દુલ્લાની ૧૦ કલાક સુધી પૂછપરછ કરી હતી. સાહિલ વાકોડેનાં માતા-પિતા દ્વારા હેરાનગતિ અને જાતિ આધારિત ભેદભાવના પ્રોફેસર દુલ્લા પર આરોપો કરાયા હતા, જેને દુલ્લાએ ગુરુવારે પૂછપરછ દરમિયાન નકારી કાઢ્યા હતા, એમ જણાવીને પોલીસ અધિકારીએ ઉમેર્યું હતું કે દુલ્લાનું નિવેદન સત્તાવાર રીતે નોંધાયું હતું. સાહિલ વાકોડે ૧૮ સપ્ટેમ્બરે સાંજે હોસ્ટેલની પોતાની રૂમમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. પરીક્ષામાં ચેટજીપીટીનો ઉપયોગ કરવા માટે મોબાઇલ સાથે પકડાયા બાદ સાહિલે અંતિમ પગલું ભર્યું હતું. સાહિલના પિતાએ નોંધાવેલી ફરિયાદને આધારે પવઇ પોલીસ સ્ટેશનમાં પ્રોફેસર દુલ્લા વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. દક્ષિણ મુંબઈમાં આઝાદ મેદાન ખાતે મૃત પુત્ર માટે ન્યાયની માગણી સાથે ભૂખ હડતાળ પર બેઠેલા સાહિલનાં માતા-પિતાએ પ્રતિષ્ઠિત ઇન્સ્ટિટ્યૂટ પર જાતિ આધારિત ભેદભાવનો આરોપ લગાવ્યો છે. તેમણે પ્રોફેસર

(જુઓ પાનું ૪) ▶▶

શિવાજી પાર્કમાં સીજેપીનું આંદોલન

## આયોજકો સહિત ૪૦૦-૫૦૦ અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ

મુંબઈ- કૉક્રૉચ જનતા પાર્ટી (સીજેપી)એ ૨ ઑક્ટોબરે ગાંધી જયંતીના અવસરે દાદરના શિવાજી પાર્કમાં કરેલા આંદોલન બદલ મુંબઈ પોલીસે શનિવારે આયોજકો તેમ જ ૪૦૦-૫૦૦ અજાણ્યા શખસો વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો.

શિવાજી પાર્ક પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે ભારતીય ન્યાય સંહિતા અને મહારાષ્ટ્ર પોલીસ એક્ટ હેઠળ ગેરકાયદેસર રીતે ટોળું જમા કરવું, પોલીસ દ્વારા જારી જમાવબંધીના આદેશનો અનાદર કરવો અને અન્ય કલમો હેઠળ એફઆઇઆર દાખલ કર્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

શિવાજી પાર્ક વિસ્તારના રહેવાસીએ આ પ્રકરણે નોંધાવેલી ફરિયાદને આધારે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. જોકે આ મામલે તપાસ ચાલી રહી હોવાથી હજી સુધી કોઇની પણ ધરપકડ કરવામાં આવી ન હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

કૉક્રૉચ જનતા પાર્ટીના સ્થાપક અભિજિત દીપકેની આગેવાની હેઠળ શુક્રવારે શિવાજી પાર્કમાં આંદોલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં લોકો એકઠા થયા હતા. મતદાન પત્રકમાં સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર)માં અનિયમિતતા માટે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારનું રાજીનામું માગતાં શુક્રવારે આંદોલન કરવામાં આવ્યું હતું. (પીટીઆઇ) ■

## પાલિકા ફિલ્મસિટીને જીએમએલઆર માટે જમીન વાપરવા કરોડો રૂપિયા ચૂકવશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ગોરેગાંવ-મુલુંડ લિંક રોડ (જીએમએલઆર) માટે ઉપયોગમાં લેવાતી જમીન માટે મુંબઈ મહાનગરપાલિકા ફિલ્મ સિટી કોર્પોરેશનને નાણાકીય રકમની ચૂકવણી કરવાની છે, તેની સામે નગરસેવકોએએ પાલિકાએ શા માટે વળતરનો આર્થિક બોજો સહન કરવું જોઈએ એવો સવાલ ઉપસ્થિત કર્યો હતો. જોકે પાલિકા પ્રશાસને જણાવ્યું હતું કે ફિલ્મ સિટી તેના પ્લોટ પર થનારા શૂટિંગની આવક પર નિર્ભર છે અને આ પ્રોજેક્ટે કારણે તે આવક ગુમાવશે. પ્રશાસનની

(જુઓ પાનું ૪) ▶▶

## ટેક્સટાઇલ કંપનીના ડિરેક્ટર સાથે ₹૨૦.૫૮ કરોડની છેતરપિંડી

થાણેઃ થાણે જિલ્લામાં સરકારી શાળાઓ માટે યુનિફોર્મનો પુરવઠો કરવાનો કોન્ટ્રાક્ટ અને ફેક્ટરીના વિસ્તરણ માટે લોનની વ્યવસ્થા કરી આપવાને બહાને ટેક્સટાઇલ કંપનીના ડિરેક્ટર સાથે ૨૦.૫૮ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી.

ચૂર ટેક્સટાઇલ્સ પ્રા. લિ.ના ડિરેક્ટર તુષાર પ્રેમચંદ ગોસારાનીની ફરિયાદને આધારે કોનગાવ પોલીસે છેતરપિંડી અને ફોજદારી કાવતરાનો ગુનો દાખલ કર્યો હતો. ૨૦૨૦થી ડિસેમ્બર, ૨૦૨૫ દરમિયાન આ છેતરપિંડી આચરવામાં આવી હતી.

(જુઓ પાનું ૪) ▶▶


વૈષ્ણવી ટુર્સ દાદર, મુંબઈ
9769318856 9769318872
વેઇટનામ ફુ ક્વોક સાથે 1 ડિસેમ્બર 10 દિ.
થાઈલેન્ડ ૧૫ ડિસેમ્બર 5 દિ.
શ્રીલંકા 5 જાન્યુઆરી 7 દિ.
હોંગકોંગ મકાઉ શેનઝેન 25 જાન્યુઆરી 6 દિ
સિંગાપોર,થાઈલેન્ડ મલેશિયા,બાલી ૧૦ ફેબ્રુઆરી.(૧૪ દિવસ)
ઓસ્ટ્રેલિયા ન્યુઝીલેન્ડ ૧૦ માર્ચ (૧૧ દિવસ)
Dynamic Tour Cost* | H B Meal Plan
www.vaishnavitoursglobal.com


## બાંદ્રામાં નંબર પ્લેટ વગરની કારમાં ફરતો નકલી પોલીસ ઝડપાયો

મુંબઈઃ બાંદ્રા વિસ્તારમાં પોલીસ અધિકારી હોવાનો ખોટો રોફ જમાવી લોકોને ધમકાવવાના આરોપસર પોલીસે એક નકલી પોલીસકર્મીની ધરપકડ કરી હતી. પોલીસે તેની પાસેથી નંબર પ્લેટ વિનાની સફેદ કાર અને વાદળી રંગની પોલીસ કેપ જપ્ત કરી હતી.

પોલીસના જણાવ્યા મુજબ, બાંદ્રા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા કોન્સ્ટેબલ નિખિલેશ હનુમંત સાબળે અને સાંગવે પેટ્રોલિંગ કરી રહ્યા હતા ત્યારે ડો. વી. રઘુનાથ માર્ગ પર વ્હાઇટ હાઉસ બિલ્ડિંગની સામે એક શંકાસ્પદ સફેદ કાર પાર્ક કરેલી નજરે પડી હતી. કાર પર કોઈ નંબર પ્લેટ નહોતી અને તેની તમામ બારીઓ બંધ હતી. પોલીસકર્મીઓએ કારની અંદર નજર કરતાં આગળના ડેશબોર્ડ પર વાદળી પોલીસ કેપ પડેલી જોવા મળી હતી.

કાર અંદરથી લોક હોવાથી કોન્સ્ટેબલ

(જુઓ પાનું ૪) ▶▶

## આઈઆઈટીએ બાવીસ કંપનીને બ્લેકલિસ્ટમાં ધકેલી

નવી દિલ્હીઃ વિદ્યાર્થીઓના હિતોના રક્ષણ માટે ઓલ આઈઆઈટી પ્લેસમેન્ટ કમિટી (એઆઈપીસી)એ મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. દેશભરની આઈઆઈટી સંસ્થાઓના કેમ્પસ પ્લેસમેન્ટમાં આગામી બે ઇન્ટર્નશિપ અને પ્લેસમેન્ટ સીઝન માટે ૨૨ કંપનીઓને પ્રતિબંધિત કરવામાં આવી છે. આ કંપનીઓએ ૨૦૨૫-૨૬ના ભરતી ચક્ર દરમિયાન અગાઉ નોકરીની ઓફર આપી ચૂકેલા આશરે ૧૫૦ વિદ્યાર્થીઓની ઓફર રદ કરી હતી. આ નિર્ણય આઈઆઈટીના પ્લેસમેન્ટ વડાઓ વચ્ચે સપ્ટેમ્બરની શરૂઆતમાં યોજાયેલી બેઠક બાદ લેવાયો છે. બેઠક પછી એઆઈપીસીએ સંબંધિત કંપનીઓનો

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈ એરપોર્ટનું ટર્મિનલ વન ઓક્ટોબરના અંતે બંધ થશે

### એક કરોડ મુસાફરોનો ટ્રાફિક નવી મુંબઈ ખસેડાશે

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટના લગભગ ૮૦ વર્ષ જૂના ટર્મિનલ-૧ (ટી૧)ને ઓક્ટોબરના અંત સુધીમાં બંધ કરવાની તૈયારી ચાલી રહી છે. ટી૧ના પુનર્વિકાસ માટેના આ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટના ભાગરૂપે તેના ઉત્તર વિભાગને ૧૫ જાન્યુઆરી, ૨૦૨૭થી તોડી પાડવાનું કામ શરૂ થવાનું છે. આ ફેરફારથી મુંબઈ મેટ્રોપોલિટન રિજનમાં હવાઈ ટ્રાફિકનું મોટું પુનર્વિતરણ થશે અને મોટી સંખ્યામાં ફ્લાઇટ્સ નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ

(જુઓ પાનું ૪) ▶▶


PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"


"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Weekly) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1689/1957.** ''મુંબઈ સમાચાર સાપ્તાહિક'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર) ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1689/1957.**